

શર્મિષ્ઠા કનૈયાલાલ
શાહ



કનૈયાલાલ ચંદુલાલ
શાહ



કલ્પેશ કનૈયાલાલ
શાહ



અલ્પા કલ્પેશ
શાહ



જીત કલ્પેશ
શાહ



અજય કનૈયાલાલ
શાહ



મનિષા અજય
શાહ



કુશ અજય
શાહ

પરિવારના દરેક સભ્યોના સર્વે વૈષ્ણવોને જે જે શ્રી ગોકુલેશ

|| શ્રી કૃષ્ણાય નમઃ ||
|| શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ||

મુકુન્દરતિવર્ધિની - શ્રી યમુનાજી

શ્રી યમુનાજીનો મહિમા જાણવા એમનાં નામ, પ્રાકટ્ય, સ્વરૂપ, લીલા, ગુણ જાણવા જરૂરી છે. એ જાણીને ગુણગાન કરીએ તો શ્રી યમુનાજીમાં આપણી પ્રેમરૂપા દ્રઢ બને. આથી શ્રી સૂરદાસજીએ ચેતવણી આપી છે કે :

" પ્રેમ કે સિંધુ કો મરમ જાન્યો નહીં,
'સૂર' કહે કહા ભયો દેહ બોરે !"

:: સંકલન કર્તા ::

રમેશચંદ્ર ચિમનલાલ શાહ
મોટીકાંટડી-જિ.પંચમહાલ (વરસડા-અમદાવાદ)
૨૪/૨૮૩ આકાશગંગા એપાર્ટમેન્ટ
સોલા રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૬૩
ફોન : ૦૭૯-૨૭૪૯૬૧૬૬

વિઠ્ઠલદાસ રમણલાલ શાહ
મલાવ-જિ.પંચમહાલ (અમદાવાદ)
ડી.૩૧,કર્મચારીનગર, ઘાટલોડીયા, અમદાવાદ-૩૮૦ ૦૬૧
ફોન : ૦૭૯-૨૭૪૧૧૫૦૧

પુસ્તકનું નામ : મુકુન્દરતિવર્ધિની - શ્રી યમુનાજી

પ્રકાશક : સંજય આર.શાહ,
સી.એ.
નિકેતા સંજય શાહ
૨૩, શીવાલીક વિલા બંગ્લોઝ,
સૌંદર્યવિલા સામે, રાજપથ ક્લબની પાછળ,
આંબલી-બોપલ રોડ, અમદાવાદ
(મો) ૯૯૨૫૦ ૪૧૨૧૦ (રમેશભાઈ)
(ઘર) ૦૭૯ - ૨૭૪૯૬૧૬૬
(મો) ૯૮૨૫૧ ૨૩૦૬૧ (નિકેતા)

વ્રજમોહન સી.શાહ
૯, વૃંદાવન બંગ્લોઝ,
આકાશ ફ્લેટની બાજુમાં, ગુલાબટાવર રોડ,
સતાધાર ચાર રસ્તા પાસે, થલતેજ, અમદાવાદ
(મો) ૯૮૨૫૦ ૧૦૯૫૯
(ઘર) ૨૭૪૮૦૩૪૬

વર્ષ : સંવત : ૨૦૭૦, ઈ.સ.૨૦૧૪

નકલ : ૧૦૦૦ પ્રત

ન્યોછાવર : "ભગવદ્ વાર્તામાં ભાવધરી શ્રવણ-શ્રાવણ કરવુ કરાવવુ"
જે જે શ્રી ગોકુલેશ

મુદ્રક : રિલાએબલ આર્ટ પ્રિન્ટરી (અમ.) પ્રા.લિ.
૩૦૧, પુનિત પ્લાઝા, નવગુજરાત કોલેજ પાછળ,
ઓફ આશ્રમરોડ, ઈન્કમટેક્ષ, અમદાવાદ
ફોન (ઓ) (૦૭૯) ૨૭૪૫૦૨૪૩, ૨૭૫૪૦૩૬૫

॥ શ્રી ગોકુલેશો વિજયતે ॥

નિવેદન, સ્મરણ, અર્પણ અને સમર્પણ

"-માણ્યુ તેનું સ્મરણ કરવું એય છે એક લ્હાવો - "

કૃપાનિધાન મુકુંદરતિવર્ધિની - શ્રી યમુના મહારાણીજીની પ્રેરણા અને અસીમકૃપાથી આ પુસ્તક "મુકુન્દરતિવર્ધિની - શ્રી યમુનાજી" મારા પ્રિય વૈષ્ણવો સમક્ષ મુકતાં હું અત્યંત આનંદની લાગણી અનુભવું છું.

આ પુસ્તકમાં શ્રી યમુનાજી વિષે જે કાંઈ લેવામાં આવ્યું છે,તે મારૂં પોતાનું મૌલિક નથી પરંતુ શ્રી યમુનાજી વિષે જેટલાં પણ પુસ્તકો અને સામયિકો મને ઉપલબ્ધ થયાં તેમાંથી જુદા જુદા લેખકોના લેખો તેમજ અન્ય સામગ્રી મળી તેમાંથી તારવણી કરી, તે વાંચી, વિચારી, ગોઠવણી કરી, વૈષ્ણવો સમક્ષ મૂકવા પ્રયત્ન કર્યા છે, તેમાં જે કાંઈ ભૂલચૂક છે તે મારી છે. આ તબક્કે જે કાંઈ લેખો લીધા છે, તે બધા જ લેખકોનો હું હૃદયપૂર્વક આભાર માની તેઓને મારા જે જે શ્રી ગોકુલેશ. આ પુસ્તક વાંચી વૈષ્ણવો કંઈક જાંણી શકે અને શ્રી યમુના મહારાણીજીની કૃપાનો આસ્વાદ માણી શકે તેવી ઉચ્ચ ભાવના સાથે શ્રી યમુનાજીના ચરણોમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કરૂં છું.

હાલ પણ આ સમયમાં (કળીયુગમાં) શ્રી યમુના મહારાણીમાના કૃપા પ્રસંગોનો પરમ ભગવદીય વૈષ્ણવોને સ્વાનુભવ જતાવતા હોય છે. જેથી હું દ્રઢ પણે માનું છું કે શ્રી યમુનાજીનું સ્વરૂપ શું છે ! અને કેવા કૃપાળુ છે તે આ પુસ્તકનો અભ્યાસ કર્યા બાદ શ્રી યમુના મહારાણીજીનો પરિચય થશે.

મારા ધર્મપત્ની ગો.વા.કોકીલાબેન રમેશચંદ્ર શાહની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે શ્રી યમુનાજી ઉપરનું આ પુસ્તક તૈયાર કરી તેમના ચરણોમાં સ્મરણાંજલી સ્વરૂપે અર્પણ કરૂં છું.

મારા પરમ ભગવદિય મિત્ર શ્રી વિઠ્ઠલભાઈના પૂ.માતુશ્રી ગો.વા.પ.ભ.કમળાબેન રમણલાલ શાહ (મલાવ-કાલોલ) ની શ્રધ્ધાંજલિ રૂપે તેઓએ આ પુસ્તક તૈયાર કરવામાં અથાગ પરિશ્રમ લઈને મને બહુજ સહાય કરી છે, જેના માટે હું તેમનો હૃદયપૂર્વક ખૂબખૂબ આભારી છું.

આ પુસ્તક તૈયાર કરવાની વારંવાર પ્રેરણા કરનારા મારા લઘુબંધુ શ્રી વ્રજમોહનભાઈ, રીલાયેબલ પ્રેસવાળા તથા મારા સુપુત્ર ચિરંજીવી સંજય

અને તેમના ધર્મપત્ની અ.સૌ.નિકેતા નો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું અને આશીર્વાદ પાઠવું છું.

નમામિ યમુનાં કૃષ્ણતુર્ય પ્રિયામહમ્ ।
નિજાચાર્યપદાંભોજદાસે ભાવં પ્રયચ્છતુ ॥

શ્રી કૃષ્ણના ચતુર્થપ્રિયતમા સ્વામિની, કૃષ્ણસ્વરૂપા, શ્રી યમુનાજી ! આપને હું નમન કરું છું.નિજાચાર્ય શ્રી મહાપ્રભુજીના ચરણકમળોના આ દાસને આપ ભગવદ્ભાવનું દાન કરવાની કૃપા કરો.

(શ્રી હરિરાયજી)

શ્રી યમુનામૈયા, હું તો આપનો અબુધ બાળક છું. આપના ગુણગાન ગાવાનું સામર્થ્ય મારામાં ક્યાંથી હોય ? આપે જ હૃદયમાં બિરાજી આપના ગુણગાન ગવડાવ્યાં છે, તે આપના ચરણારવિંદમાં સદૈન્ય સમર્પિત કરૂં છું.

આપનો દાસાનું દાસ
રમેશભાઈ સી.શાહના
ભગવદ્ સ્મરણ સહ જે જે શ્રી ગોકુલેશ

વિનંતી

હે નાથ ! હું આપનો શરણાગત જીવ છું. મારી જીવબુદ્ધિથી યથામતિ - યથાશક્ય સેવા, સ્મરણ, ગુણગાન દ્વારા આપની સન્મુખતા મેળવવા પ્રયત્ન કરું છું. પ્રભુ ! મારી આ સ્વરૂપ અને નામ સેવા પ્રસન્નતાથી અંગિકાર કરો છો કે હું આપને પરિશ્રમ જ આપી રહ્યો છું એ હું મારા જેવો અબુધ જીવ સમજવાને અસમર્થ છે.

વ્રજ જેવો વિશ્વાસ રાખીને બેઠો છું. છતાં પણ ડગી જવાય છે.આ બધામાં મારું શું ? હું તો બ્રમ્હસંબંધ લઈ સમર્પિત થયો છું (વાણીથી) ને આપની સેવામાં મારા હાથ પવિત્ર કરું છું. બાકી જીવે જેમ સહદોષ અંગિકાર કર્યો છે ને સર્વસમર્પણ સ્વીકાર્યું છે તો મારું રહ્યું શું ? હું તો એટલું જ ઈચ્છું કે મારા દ્વારા આપ ખૂબ સુખ પામો અને તત્સુખાત્મક સેવાના પ્રકારમાં જ હું સુખાનુભૂતિ કરું. માગવાની મારી યોગ્યતા તો નથી. કારણ કે પ્રત્યક્ષ કે પરોક્ષ, કાયિક કે વાચિક, જાણે કે અજાણે અસંખ્ય દોષો આ જીવથી થતાં હશે, છતાં આપ મારા દોષો જ જોશો તો આપ થાકી જશો. છતાંય માગું છું કે મારામાં આપ મૂળ યુગલ સ્વરૂપમાં સુખદ બનવાની જ ભાવના બની બનાઈ રહે. સદાય ગુણગાન દ્વારા આપની પ્રસન્નતા પ્રાપ્ત કરી આપ યુગલ સ્વરૂપને મૂળ પ્રમેય બળે સુખદ બનું એવું પાત્ર હું બની શકું એ જ કામના, એજ ચાહના.

-:: અનુક્રમણિકા ::-

॥શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી ગોપીજનવલ્લભાય નમઃ॥
॥ શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ॥
॥ શ્રી ગુંસાઈજી પરમ દયાલવે નમઃ ॥
॥ શ્રી હરિદાસ વર્ય ગિરિરાજગોવર્ધનાથ નમઃ ॥
॥ શ્રી યમુના ચતુર્થભ્યાં નમઃ ॥
॥ શ્રી ગુરવે નમઃ ॥

મંગલાચરણ

૧. ચિન્તાસન્તાનહન્તારો

(અનુષ્ટુપ છંદ)

ચિન્તા-સન્તાન-હન્તારો યત્-પાદામ્બુજ-રેણવઃ ।
સ્વીયાનાં તાન્ નિજાચાર્યન્[1], પ્રણમામિ મુહુર્મુહુઃ ॥ ૧ ॥

જેમના ચરણકમલની રજ પોતાના સેવકોની ચિંતાઓના સમૂહનો નાશ કરનારી છે, તેવા પોતાના આચાર્યચરણ શ્રી મહાપ્રભુજીને હું વારંવાર પ્રણામ કરું છું.

યદ્દનુગ્રહતો જન્તુઃ સર્વ દુઃખાતિગો ભવેત્ ।
તમહં સર્વદા વન્દે, શ્રીમદ્ - વલ્લભ - નન્દનમ્[2] ॥ ૨ ॥

જેમની કૃપાથી જીવ માત્ર સર્વ દુઃખોને ઓળંગી જવા સમર્થ બને છે, તેવા શ્રીમદ્ વલ્લભાચાર્યજીના કુમાર શ્રી ગુસાંઈજીને હું સદૈવ વંદન કરું છું.

અજ્ઞાન - તિમિરાન્ધસ્ય જ્ઞાનાંજન - શલાકયા ।
ચક્ષુર્ - ઉન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ[3] ॥ ૩ ॥

જેમણે જ્ઞાનરૂપી અંજનની સળી વડે અજ્ઞાનરૂપી અંધકારથી અંધ બનેલાનાં નેત્રો ઉઘાડેલાં છે, તે શ્રી ગુરૂદેવને નમન હો.

નમામિ હૃદયે શેષે, લીલા-ક્ષીરાબ્ધિ-શાયિનમ્ ।
લક્ષ્મી- સહસ્ર - લીલાભિઃ, સેવ્યમાનં કલાનિધિમ્ ॥ ૪ ॥

લીલારૂપી ક્ષીરસાગરમાં શ્રી મહાપ્રભુજીના હૃદયરૂપ શેષ ઉપર શયન કરતા, હજારો લક્ષ્મીઓ અને તેઓની લીલાઓથી સેવાતા કલાનિધિરૂપ શ્રીપૂર્ણપુરૂષોત્તમને હું નમન કરું છું.

ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ, ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।
ષડ્ભિર્ વિરાજતે યોડસૌ પઞ્ચધા હૃદયે મમ[૪] ॥ ૫ ॥

(૧) પ્રથમ ચાર અધ્યાયનું જન્મ પ્રકરણ, (૨) પછી સાત સાત અધ્યાયનાં પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલનાં ચાર પેટા પ્રકરણવાળું તામસ્ પ્રકરણ (૩) પછી સાત સાત અધ્યાયનાં પ્રમાણ, પ્રમેય સાધન અને ફલનાં ચાર પેટા પ્રકરણવાળું રાજસ્ પ્રકરણ (૪) પછી ચાર પેટા પ્રકરણવાળું તામસ પ્રકરણ; પ્રમેય, સાધન અને ફળનાં પેટા પ્રકરણવાળું સાત્વિક પ્રકરણ; પછી છેલ્લા ઐશ્વર્ય, વીર્ય, યશ શ્રી, જ્ઞાન અને વૈરાગ્યનું ગુણ પ્રકરણ - આમ પાંચ પ્રકરણ વડે ભગવાનની નિરોધલીલાનું જેમાં વર્ણન છે એવા દશમ સ્કંધમાં બિરાજતા ભગવાન મારા (શ્રી મહાપ્રભુજીના) હૃદયમાં બિરાજે છે.

૨. શ્રી ગોવર્ધનનાથ પાદયુગલં

(શ્રી શ્રીનાથજી, શ્રી નવનીતપ્રિયાજી તથા સાત સ્વરૂપોનું સ્મરણ)
(શાર્દુલ વિક્રિડિત છંદ)

શ્રી ગોવર્ધનનાથપાદયુગલં હૈયંગવીનપ્રિયમ્ ।
નિત્યં શ્રી મથુરાધિપં સુખકરં શ્રી વિઠ્ઠલેશં મુદા ।

શ્રીમદ્દ્વાર વતીશગોકુલપતી શ્રી ગોકુલેન્દું વિભુમ્ ।
શ્રી મન્મન્મથમોહનં નટવરં શ્રી બાલકૃષ્ણ ભજે ॥ ૧ ॥

અર્થ : શ્રી ગોવર્ધનનાથનાં બેઉ ચરણકમલને, ગઈ કાલે દોવાયેલ દૂધનું તાજું માખણ જેને પ્રિય છે એવા શ્રી નવનીતપ્રિયાજીને, હંમેશા સુખ કરવાવાળા શ્રી મથુરેશજીને, શ્રી વિઠ્ઠલેશજીને, શ્રી દ્વારકાધીશજી અને શ્રી

ગોકુલનાથજીને પ્રભુ શ્રી ગોકુલચંદ્રમાજીને, શ્રી મદનમોહનજીને, શ્રી નટવરલાલજીને અને શ્રી બાલકૃષ્ણજીને એ સર્વ સ્વરૂપોને હર્ષપૂર્વક ભજું છું.

શ્રીમદ્ વલ્લભવિઠ્ઠલૌ ગિરિધરં ગોવિંદરાયાભિધમ્ ।
શ્રી મદ્બાલકૃષ્ણગોકુલપતિ નાથં રઘૂણાંસ્તથા ॥

એવં શ્રીયદુનાયકં કિલ ઘનશ્યામં ચ તદ્વંશજાન ।
કાલિન્દી સ્વગુરૂં ગિરિ ગુરૂવિભૂન્સ્વીયપ્રભૂંશ્ચ સ્મરેત્ ॥૨॥

અર્થ : શ્રીમદ્ વલ્લભાચાર્યજી અને શ્રી વિઠ્ઠલનાથજી, શ્રી ગિરિધરજી, શ્રી ગોવિંદરાયજી, શ્રી બાલકૃષ્ણજી અને શ્રી ગોકુલનાથજી, તેવી જ રીતે શ્રી રઘુનાથજી, શ્રી યદુનાથજી, શ્રી ઘનશ્યામજી અને તેઓનાં વંશમાં પ્રકટેલા બાળકો, શ્રી યમુનાજી, પોતાના શ્રી ગુરૂદેવ, શ્રી ગિરિરાજજી, શ્રી દાઉજી અને પોતાના સેવ્ય શ્રી ઠાકોરજીએ સર્વનું સ્મરણ કરું છું.

૩. શ્રી યમુનાજી મંગલાચરણ

ભગવાન્ વિરહં દત્ત્વા ભાવવૃદ્ધિં કરોતિ હિ ।
તથૈવ યમુનાસ્વામિસ્મારણાત્ સ્વીયદર્શનાત્ ॥
અસ્મદાચાર્યવર્યાસ્તુ બ્રહ્મસંબન્ધકારણાત્ ॥
તાપક્લેશપ્રદાનેન નિજાનાં ભાવવર્ધકાઃ ॥૧॥

શ્રી યુમનામૈયા, શ્રી મહાપ્રભુજી તથા શ્રી ઠાકુરજી એ ત્રણે સ્વરૂપો સજાતીય ધર્મવાળાં છે. ભૂખ વધે તેમ ભોજનમાં આનંદ આવે તેમ પ્રભુ જીવને વિરહતાપનું દાન કરીને મિલનના આનંદ માટે એમનામાં તલસાટ વધારે છે. એ જ પ્રમાણે શ્યામલડી સુરત શ્રી યમુનામૈયાના દર્શનથી પણ પ્રાણનાથ પ્રભુ શ્યામસુંદરને મળવા માટે ભગવદીયોનાં અંતઃકરણમાં તલસાટ અને તરફડાટ ખૂબ વધી જાય છે.

આપના શ્રીમદાચાર્યચરણ શ્રી વલ્લભ પણ ભક્તના હૃદયરૂપી ખેતરમાં તાપ-ક્લેશરૂપી બીજની રોપણી કરી પ્રભુમિલનની આકાંક્ષાને આર્તિનું ઘટાદાર વૃક્ષ વિકસાવી દે છે.

યા ગોકુલ ગમન સંભ્રમ દત્તમાર્ગા,
કૃષ્ણાય શૌરિ મુદકે રવિ ભાવયન્તિ ।
સ્પ્રષ્ટું તદંધ્રિકમલેઽભવદુત્તરંગા,
સા મન્મનોરથશતં યમુના વિધત્તામ્ ॥ ૨ ॥

ભાવાર્થ : જે શ્રી યમુનાજી મથુરાથી શ્રી ગોકુલમાં શ્રી કૃષ્ણના પધારતી વખતે આનંદવિભોર બની શ્રીકૃષ્ણ માટે માર્ગ આપતા થયા અને શ્રી વાસુદેવજીનું પોતાના જલથી આદર કરતાં થયાં, ભગવાનના ચરણસ્પર્શ કરવા માટે જે અતિ ઊછળતા તરંગવાળા થયાં હતા, તે શ્રીયમુનાજી અમારા અનેક મનોરથોને પૂર્ણ કરો.

યયા તમીશવંશજઃ સમાપિતૌબૃહદ્વનં,
મરુચ્ચલજ્જ લપ્રભૂતવીચિવિપ્રુષાં મિષાત ।
તદંધ્રિકંજ ભક્તિયુક્તયા સુદત્ત માર્ગયા,
કલૌ કલિન્દનન્દિની કૃપાકુલં કરોતુ નઃ ॥૩॥

ભાવાર્થ : જે શ્રી યમુનાજીએ પવનથી ચાલતા જલમાં ઊઠેલા તરંગ બિંદુઓના મિષથી ભગવાનના ચરણકમલમાં ભક્તિવાળાં થઈ માર્ગ દઈને ભગવાન શ્રીકૃષ્ણને બૃહદ્વન (ગોકુલ) પધરાવ્યા એવા કલિન્દ પર્વતના પુત્રી યમુનાજી આ કલિયુગમાં અમારા ઉપર અધિક કૃપા કરો.

ભગવાનનું જ્ઞાન થવામાં ભગવાનના વિરોધી એવા છ જીવધર્મો બાધક થાય છે. 'શોક' ને કારણે ભગવાનના 'ઐશ્વર્ય' નું જ્ઞાન થતું નથી. 'હર્ષ' ના કારણે ભગવાનના 'વીર્ય' નું જ્ઞાન થતું નથી. 'ભય' ના કારણે ભગવાનના 'યશ' નું જ્ઞાન થતું નથી. 'દ્વેષ-લોભ' ના કારણે ભગવાનના 'શ્રી' ધર્મનું જ્ઞાન થતું નથી. મોહને લીધે ભગવાનના જ્ઞાન ધર્મનું તેમજ 'મદ' ના કારણે ભગવાનના 'વૈરાગ્ય' ધર્મનું જ્ઞાન થતું નથી. ગમે તેવા ઉપદેશ આપવામાં આવે તો પણ ભગવાનનું જ્ઞાન થતું નથી. તે તો ભગવાનની કૃપા (પુષ્ટિ)થી જ થાય છે.

પુષ્પ-૧ : સ્તોત્રમ્

૧. શ્રી યમુનાષ્ટકમ્

નમામિ યમુનામહં, સકલ સિદ્ધિ હેતું મુદા
મુરારિપદપંકજ - સ્ફુરદમંદરેણૂત્કટામ્ ।

તટસ્થનવકાનન - પ્રકટમોદપુષ્પામ્બુના
સુરાસુરસુપૂજિત - સ્મરપિતુઃ શ્રિયંબિભ્રતીમ્ ॥૧॥

કલિન્દગિરિમસ્તકે, પતદમન્દપૂરોજ્જવલા
વિલાસગમનોલ્લસત્ - પ્રકટગણ્ડશૈલોન્નતા ।

સઘોષગતિદંતુરા, સમધિરૂઢદોલોત્તમા
મુકુન્દરતિવર્ધિની, જયતિ પદ્મબન્ધોઃ સુતા ॥૨॥

ભુવંભુવનપાવની - મધિગતામનેકસ્વનૈઃ
પ્રિયાભિરિવ સેવિતાં, શુકમયૂરહંસાદિભિઃ ।

તરંગભુજકંકણ - પ્રકટમુક્તિકાવાલુકા
નિતમ્બતટસુન્દરી, નમત કૃષ્ણતુર્યપ્રિયામ્ ॥૩॥

અનન્તગુણભૂષિતે, શિવવિરંચિદેવસ્તુતે
ઘનાઘનનિભે સદા, ધ્રુવપરાશરાભીષ્ટદે ।

વિશુદ્ધમથુરાતટે સકલગોપગોપીવૃતે
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃસુખં ભાવય ॥૪॥

યયા ચરણપદ્મજા, મુરરિપોઃ પ્રિયંભાવુકા
સમાગમનતોભવત્ સકલસિદ્ધિદા સેવતામ્ ।

તયા સદશતામિયાત્, કમલજાસપત્નીવ યત્
હરિ પ્રિયકલિન્દયા, મનસિ મે સદા સ્થીયતામ્ ॥૫॥

નમોસ્તુ યમુને સદા, તવ ચરિત્રમત્યદ્ભુતમ્
ન જાતુ યમયાતના, ભવતિ તે પયઃ પાનતઃ ।

યમોઽપિ ભગિની સુતાન્ કથમુહન્તિ દુષ્ટાનપિ
પ્રિયો ભવતિ સેવનાત્, તવ હરેર્યથા ગોપિકાઃ ॥૬॥

મમાસ્તુ તવ સન્નિધૌ, તનુનવત્વમેતાવતા
ન દુર્લભતમા રતિ - ર્મુરરિપૌ મુકુન્દપ્રિયે

અતોઽસ્તુ તવ લાલના, સુરધુની પરંસંગમાત્
તવૈવ ભુવિ કીર્તિતા, ન તુ કદાપિ પુષ્ટિસ્થિતૈઃ ॥૭॥

સ્તુતિં તવ કરોતિ કઃ, કમલજાસપત્નિ પ્રિયે
હરેર્યદનુસેવયા, ભવતિ સૌખ્યમામોક્ષતઃ ।

ઈયં તવ કથાધિકા, સકલગોપિકાસંગમ -
સ્મરશ્રમજલાણુભિઃ, સકલગાત્રજૈઃ સંગમઃ ॥૮॥

તવાષ્ટકમિદં મુદા, પઠતિ સુરસૂતે સદા
સમસ્તદુરિતક્ષયો, ભવતિ વૈ મુકુન્દે રતિઃ ।

તયા સકલ સિદ્ધયો, મુરરિપુશ્ચ સંતુષ્યતિ
સ્વભાવવિજયો ભવેત્ વદતિ વલ્લભઃ શ્રી હરેઃ ॥૯॥

॥ ઇતિ શ્રી વલ્લભચાર્ય વિરચિતં યમુનાષ્ટકસ્તોત્રં સંપૂર્ણમ્ ॥



૨. શ્રી યમુનાષ્ટકમ્ ભાવાર્થ સાથે

રચયિતા : શ્રીમદ્ વલ્લભાચાર્યજી (વિ.સં. ૧૫૪૯)

ગુજરાતી અનુવાદ : રામપ્રસાદ દવે (વિ.સં. ૨૦૬૩) રાજકોટ

શ્રી યુમનાષ્ટકનો આશય

શ્રી યમુનાષ્ટકમાં શ્રીયમુનાજીનાં સ્વરૂપ અને માહાત્મયનું વર્ણન છે. શ્રીયમુનાજી વ્રજજનના ચોથા યુગની સ્વામિની છે. પ્રભુનું જે સ્વરૂપ છે અને એમાં જે ગુણ છે, તે સર્વ શ્રીયમુનાજીમાં છે. તે પ્રભુની પરમ પ્રિયા છે. એટલે શ્રીયમુનાષ્ટકનો પાઠ કરવાથી શરીરની શુદ્ધિ, સેવાનો અધિકાર, નવીન દિવ્ય દેહની પ્રાપ્તિ તથા પ્રભુની સ્નેહપ્રાપ્તિ થાય છે.

જયતિ વલ્લભાચાર્ય, નખચંદ્રમરીચયઃ ।
યાનન્તરા માદૃશાનાં, વિસ્પષ્ટાર્થ ન તદ્ગિરઃ ॥

શ્રી વલ્લભાચાર્ય કે નખરૂપી ચન્દ્રના કિરણોનો સદા જય હો (કારણ કે) તેના વિના મારા જેવાને માટે એમની વાણી સ્પષ્ટ અર્થવાળી બને નહિ.

શ્રી યમુનાષ્ટકનો અર્થ જ્ઞાનપૂર્વક પાઠ કરવાથી ભજનાનંદની સિદ્ધિ થશે એ આશયથી શ્રીવલ્લભાચાર્ય આઠ શ્લોકો દ્વારા શ્રીયમુનાજીના સ્વરૂપનું વર્ણન કરે છે.

નમામિ યમુનામહં, સકલસિદ્ધિહેતું મુદા ।
મુરારિપદપંકજ — સ્ફુરદમંદરેણૂત્કટામ્ ॥
તટસ્થ નવકાનન — પ્રકટ મોદપુષ્પાંબુના ।
સુરાસુરસુપૂજિત — સ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્ ॥૧॥

ભાવાર્થ : (૧) આઠ પ્રકારના ઐશ્વર્યને અને પુષ્ટિમાર્ગીય સમસ્ત સિદ્ધિને દેવાવાળા, જલના દોષરૂપી મુર નામના દૈત્યને મારવાવાળા શ્રીકૃષ્ણનામાં શોભાયમાન વિશેષ રેણુ (રેતી) જ જેનામાં અધિક છે અને બંને કિનારે ઊભેલા પ્રગટ સુગંધવાળા પુષ્પવનથી યુક્ત જલથી, દેવદાનવોથી અથવા દૈન્યભાવવાળા અને માનભાવવાળા ભક્તોથી પૂજિત પ્રદ્યુમનના પિતા શ્રીકૃષ્ણની સ્વરૂપ શોભાને ધારણ કરે છે. એવા શ્રીયમુનાજીને હું આનંદથી પ્રણામ કરું છું.

કલિન્દગિરિમસ્તકે પતદમંદપૂરોજ્જવલા ।
વિલાસગમનોલ્લસત્ - પ્રકટગંડશૈલોન્નતા ॥
સઘોષગતિદન્તુરા, સમધિરૂઢદોલોત્તમા ।
મુકુંદરતિવર્ધિની, જયતિ પદ્મબંધોઃ સુતા ॥૨॥

ભાવાર્થ (૨) : સૂર્યમંડળમાં સ્થિત પ્રભુના હૃદયમાં રસરૂપ પ્રગટ થઈને, ત્યારબાદ કલિન્દ નામના પર્વતના શિખર ઉપર પડતા અનેક પ્રવાહોમાં ઉજ્જવળ લાગતા, વિલાસપૂર્વક ગતિથી શોભાયમાન, સુંદર દેખાતી શિલાઓ ઉપર પડતા, ઊંચા દેખાતા, અવાજ વિના ચાલવાથી નતોન્નત (ઊંચા નીચા) થતા એટલે જાણે એવું લાગે કે હિંડોળા ઉપર બેઠા હોય એવા દેખાતા, શ્રીકૃષ્ણની પ્રીતિને વધારનાર સૂર્ય પુત્રી શ્રીયમુનાજી સર્વોત્કૃષ્ટતાથી બિરાજમાન છે.

ભુવં ભુવનપાવની — મધિગતામનેકસ્વનૈઃ ।
પ્રિયાભિરિવ સેવિતાંશુક-મયુર-હંસાદિભિઃ ॥
તરંગભુજકંકણ - પ્રકટ મુક્તિકાવાલુકા ।
નિતંબતટસુંદરી, નમત કૃષ્ણતુર્યપ્રિયામ્ ॥૩॥

ભાવાર્થ (૩) : ભક્તોને ભગવદ્‌ભાવનું દાન કરીને તથા તેમના શરીરને ભગવત્સેવોપયોગી બનવાને, સકલ લોકને પવિત્ર કરનાર અને એટલા માટે જ જેનું અવતરણ (આ) ભૂમિમાં થયેલ છે તેવા પ્રિય સખીઓ જેવા વિવિધ પ્રકારના કલરવ કરતા પોપટ, હંસ વગેરે પક્ષીઓથી સેવિત અને પોતાના તરંગોરૂપી જાણે કંકણ પહેર્યા હોય તેવા, ચમકતી રેતીરૂપી કટિપ્રદેશના પાછળના ભાગથી શોભાયમાન એવા શ્રીકૃષ્ણના ચોથા યુથાધિપતીરૂપી પટ્ટરાણીને સર્વે લોકો પ્રણામ કરો.

અનંતગુણભૂષિતે, શિવવિરંચિદેવસ્તુતે ।
ઘનાઘનનિભે સદા, ધ્રુવ-પરાશરાભીષ્ટદે ॥
વિશુદ્ધમથુરાતટે, સકલગોપગોપીવૃત્તે ।
કૃપાજલધિસંશ્રિતે, મમ મનઃ સુખં ભાવય ॥૪॥

આ શ્લોકમાં પ્રભુ અને શ્રીયમુનાજીમાં સમાનતા બતાવી છે. અનંત આદિ સાત પદ પ્રભુના અર્થમાં સાતમી વિભક્તિયુક્ત વિશેષણ સમજવા અને શ્રીયમુનાજીની સાથે લેતા તે અને તે તે વિશેષણો આઠમી વિભક્તિ (સંબોધન) એકવચન તરીકે સમજવા.

અનંત ગુણોથી વિભૂષિત, શિવ, બ્રહ્મા વગેરે દેવતાઓથી સ્તુતિ કરાયેલ, જળથી ભરપૂર વાદળ જેવા શ્યામ કાંતિવાળા, ધ્રુવ, પરાશર વગેરેના સકલ મનોરથ પૂરનાર, જેના તટ પર ભગવલ્લીલાધામ મથુરાજી જેના તટ પર છે અને સમસ્ત ગોપાંગનાઓથી સુશોભિત અને અનુગ્રહના સમુદ્ર શ્રીકૃષ્ણના આશ્રયમાં રહેવાવાળા શ્રીયમુનાજી મારા મનના આનંદનો વિચાર કરો એટલે કે જેવી રીતે મારા મનને સુખ થાય તેમ કરો. આ શ્લોક શ્રીયમુનાજી અને શ્રીકૃષ્ણ વચ્ચે સમાનતા બતાવવાવાળો છે. તેથી ઉપર કહેલા વિશેષણો શ્રીકૃષ્ણને પણ લાગુ પડે છે. એવી રીતે અર્થ કરતા હે શ્રીયમુનાજી આવા શ્રીકૃષ્ણ ભગવાનમાં મારા મનની પ્રીતિ કરાવો.

યયા ચરણપદ્મજા મુરરિપોઃ પ્રિયં ભાવુકા ।
સમાગમનતો ભવત્, સકલસિદ્ધિદા સેવતામ્ ॥
તયા સદૃશતામિયાત્કમલજા સપત્નીવ યત્ ।
હરિપ્રિયકલિન્દયા મનસિ મે સદા સ્થીયતામ્ ॥૫॥

જે શ્રીયમુનાજીના સંગથી ગંગાજી ભગવાનને પ્રિય કરવાવાળા થયા અને પોતાના સેવકોને સમગ્ર સિદ્ધિ આપવાવાળા થયા, એવા શ્રીયમુનાજીને શોક્ય સમાન ભાવવાળા કોણ પ્રાપ્ત થયા ? જો કોઈ હોય તો લક્ષ્મીજી જ પ્રાપ્ત થાય એવા ભગવાનના અતિ પ્રિય કલિયુગના દોષોને દૂર કરવાવાળા શ્રીયમુનાજી મારા હૃદયમાં નિવાસ કરો.

નમોસ્તુ યમુને સદા, તવ ચરિત્રમત્યદ્‌ભુતમ્ ।
ન જાતુ યમયાતના, ભવતિ તે પયઃ પાનતઃ ॥
યમોપિ ભગિનીસુતાન્કથમુ હન્તિ દુષ્ટાનપિ ।
પ્રિયો ભવતિ સેવનાત્, તવ હરેર્યથા ગોપિકાઃ ॥૬॥

હે શ્રી યમુનાજી ! આપને સદા નમસ્કાર હો. આપનું ચરિત્ર બધુ આશ્ચર્ય કરવાવાળુ છે. આપના જલનું પાન કરે તેને ક્યારેય યમસંબંધી પીડા થતી નથી. યમરાજા (જીવો) દુષ્ટ હોય તો પણ બહેનના પુત્રોને કેવી રીતે મારે ? આપની સેવા કરવાથી ગોપીજનની જેમ (જીવો) શ્રીહરિના પ્રિય થાય છે.

મમાસ્તુ તવ સન્નિધૌ, તનુનવત્વમેતાવતા ।
ન દુર્લભતમા રતિ - મુરરિપૌ મુકુંદપ્રિયે ॥

અતોઽસ્તુ તવ લાલના, સુરધુની પરં સંગમાત્ ।
તવૈવ ભુવિ કીર્તિતા, ન તુ કદાપિ પુષ્ટિસ્થિતૈઃ ॥૭॥

હે હરિપ્રિયા શ્રીયમુનાજી ! આપની સમીપ હોવાથી મારૂં શરીર દિવ્ય અને નવીન બની જશે. અથવા લીલામાં પ્રવેશ કરવા યોગ્ય અલૌકિક થઈ જશે. એટલાથી મુર દાનવને મારવાવાળા શ્રીકૃષ્ણમાં પ્રીતિ થવી અતિ દુર્લભ નથી એ કારણે આપની (સ્તુતિરૂપે) લાડભર્યા વચનો ભલે હો. શ્રીગંગાજીની આપના સમાગમથી પૃથ્વીમાં સ્તુતિ કરાય છે. કિંતુ પુષ્ટિ સ્થિત જીવ તો આ વિષયમાં આપના સિવાય એમની - શ્રીગંગાજીની - સ્તુતિ કરતા નથી, કારણ કે શ્રીગંગાજીથી મુક્તિ મળે છે પણ લીલોપયોગી દેહ મળતો નથી.

સ્તુતિં તવ કરોતિ કઃ, કમલજા, સપત્નિ પ્રિયે ।
હરેર્યદનુસેવયા, ભવતિ સૌખ્યમામોક્ષતઃ ॥
ઇયં તવ કથાધિકા, સકલગોપિકાસંગમ -
સ્મરશ્રમજલાણુભિઃ સકલ ગાત્રજૈઃ સંગમઃ ॥૮॥

હે લક્ષ્મણજીના શોક્ય અને હરિના પ્રિય શ્રીયમુનાજી ! આપની સ્તુતિ કોણ કરી શકે ? કારણ કે શ્રીહરિની સાથે સાથે લક્ષ્મીજીની સેવા કરે તો મોક્ષ પર્યંત સુખ મળે છે, પણ આપની સેવાએથી બહુ અધિક છે. સકલ ગોપીજનની સાથે પ્રભુની લીલા થતા સર્વ અંગોથી ઉત્પન્ન થયેલ પ્રસ્વેદ (પરસેવા)ના બિંદુઓ આપના જળમાં ભળેલા છે.

તવાષ્ટકમિદં મુદા, પઠતિ સૂરસુતે સદા ।
સમાસ્તદુરિતક્ષયો, ભવતિ વૈ મુકુંદે રતિઃ ॥
તથા સકલસિદ્ધયો, મુરરિપુશ્ચ સંતુષ્યતિ ।
સ્વભાવવિજયો ભવેત્ વદતિ વલ્લભઃ શ્રીહરેઃ ॥૯॥

હે સૂર્યપુત્રી યમુનાજી, શ્રીયમુનાષ્ટકનો કોઈ હંમેશા હર્ષથી પાઠ કરે, તેના સમગ્ર પાપોનો નાશ થાય, ખાતરીપૂર્વક કહી શકાય કે તે હરિનો પ્રિય હશે. હરિપ્રિય હોવાને લીધે પુષ્ટિમાર્ગીય (સકલ) સિદ્ધિ મળશે તથા હરિ પ્રસન્ન થશે. અને જો સ્વભાવમાં દુષ્ટતા હોય તો (આપની કૃપાથી) ભગવદ્ ભક્તિ કરવાને લાયક સ્વભાવ થશે. એ રીતે સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત થશે. એમ હરિના પ્રિયશ્રી વલ્લભાચાર્ય કહે છે.

॥ શ્રી યમુનાષ્ટક સંપૂર્ણમ્ ॥

૩. શ્રીયમુનાષ્ટપદી - શ્રીગુસાંઈજી કૃત

શ્રીગુસાંઈજીના સેવક મથુરાના એક સનાઢ્ય બ્રાહ્મણ હતા. તેણે શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે, મને શ્રીયમુનાજીનું સ્વરૂપ સમજાવો.

ત્યારે શ્રીગુસાંઈજીએ તેની દીનતા જોઈ તેને 'યમુનાષ્ટપદી' કરીને દીધી અને આ બ્રાહ્મણને આજ્ઞા કરી કે, તું આનો નિત્ય પાઠ કરજે.

ત્યારે આ બ્રાહ્મણે વિનંતી કરે કે, મહારાજ ! અમે તો અજ્ઞાની જીવ છીએ, તેથી કૃપા કરી ભાવ સમજાવો તો સારૂં.

ત્યારે શ્રીગુસાંઈજીએ તે બ્રાહ્મણને 'શ્રીયમુનાષ્ટપદી'નો ભાવ કહ્યો, તેથી આ બ્રાહ્મણ શ્રીયમુનાજીના સ્વરૂપમાં મગ્ન થઈ ગયા અને વિનંતી કરી કે, મહારાજ ! કૃપા કરીને મને શ્રીયમુનાજીની સેવા પધરાવી આપો, તો હું એની સેવા કરૂં.

ત્યારે શ્રીગુસાંઈજીએ તે બ્રાહ્મણને શ્રીયમુનાજીની રેણુકા એક થેલીમાં આપીને કહ્યું કે, જો તું આની સેવા સારી રીતે કરજે, તને શ્રીયમુનાજી કૃપા કરીને બધો અનુભવ જણાવશે.

પછી આ બ્રાહ્મણ શ્રીગુસાંઈજીને દંડવત્ કરી ઘેર આવ્યા અને તે દિવસથી આ બ્રાહ્મણ શ્રીયમુનાજીને સ્વરૂપાત્મક કરીને જાણવા લાગ્યા અને અપરસમાં જ શ્રીયમુનાજીનો પરસ કરે અને પાન કરે. શ્રીયમુનાજીમાં પગ ન મૂકે, બધું કાર્ય કુવાના જલથી કરે. પ્રભુની ઝારી અપરસમાં શ્રીયમુના જલ લઈ આવી ભરે.

॥ શ્રી યમુનાષ્ટપદી ॥

નમો દેવી યમુને! નમો દેવી યમુને ! હરકૃષ્ણમિલનાન્તરાયમ્ ।
નિજનાથ માર્ગદાયિની કુમારીકામપૂરિકે ! કુરુ ભક્તિરાયમ્ ॥ ધ્રુવપદ ॥

ભાવાર્થ : શ્રી મત્પ્રભુચરણ્ શ્રી ગુસાંઈજી કહે છે કે હે દેવી શ્રીયમુનાજી ! આપને વારંવાર નમન હો. શ્રીકૃષ્ણની પ્રાપ્તિમાં અંતરાયરૂપ અમારા દોષોને હરણ કરો. પ્રાણવલ્લભ શ્રીકૃષ્ણ મિલનના માર્ગને બતાવનારાં અને વ્રજકુમારિકાઓના મનોરથને પૂરણ કરનારાં હે શ્રીયમુનાજી ! અમોને ભક્તિરૂપી ધન આપો.

મધુપકુલ-કલિત-કમલાવલી, વ્યપદેશધારિત શ્રીકૃષ્ણયુત ભક્તહૃદયે ।
સતત - મતિ શયિત હરિ ભાવના, જાત તસ્તારૂપ્ય ગદિત હૃદયે ॥૧॥

ભાવાર્થ : ભ્રમરોના સમૂહ જેના ઉપર ગુંજી રહ્યા છે એવા કમલની પંક્તિના મિષથી શ્રીકૃષ્ણ સહિત ભક્તો પોતાના હૃદયમાં ધારણ કરનારાં (અર્થાત્ શ્રીયમુનાજીમાં જે કમળ ખિલેલાં છે તે ગોપીજનોનાં હૃદય છે અને તેના ઉપર ભ્રમર છે તે ભાવરૂપ પ્રભુ છે.) અને નિરંતર અતિ અધિક ભગવદ્ ભાવનાથી ભગવત્સારૂપ્ય દ્વારા સ્વહૃદયને પ્રકટ કરનાર હે શ્રીયમુનાજી ! આપને વારંવાર નમન હો. (૧)

નિજકૂલ ભવ વિવિધ તરુ કુસુમયુત નીરશોભયા વિલસ દલિ વૃન્દે ।
સ્મારયસિ ગોપીવૃન્દ પૂજિત સરસ મીશવપુરા નંદ કન્દે ॥૨॥

ભાવાર્થ : આપના કિનારા પર રહેલાં વિવિધ વૃક્ષોનાં ફૂલોથી મળેલા જલની શોભા દ્વારા તથા જેના ઉપર ભ્રમરોનો સમૂહ વિલાસ કરી રહ્યો છે, એવી શોભાથી ગોપીજનોના મધ્યમાં પૂજિત, રસિક વ્રજ કિશોરના શ્રી અંગનું આપ સ્મરણ કરાવો છો, એવા આનંદના સમૂહ હે શ્રીયમુનાજી ! આપને વારંવાર વંદના હો. (૨)

ઉપરિ ચલ દમલ કમલારુણ ધૃતિ - રેણુ પરિમલિત જલ ભરેણામુના ।
વ્રજ યુવતિ કુચ કુંભ કુંકુમારૂણ મુરઃ સ્મરયસિ મારપિતુ રધુના ॥૩॥

ભાવાર્થ : હે શ્રીયમુને ! શ્યામ જલ ઉપર પવનને લીધે હલી રહેલાં લાલ ઝાંયવાળાં, સફેદ કમલોનાં પરાગથી મળેલાં, આપનાં જલનાં દર્શનથી આપ વ્રજ તરૂણીઓના પીનઘન સ્તનો ઉપર લાગેલાં કુમકુમથી રંગાયેલા, કામપિતા ભગવાન શ્રીકૃષ્ણના વક્ષઃ સ્થલનું સ્મરણ કરાવો છો આપને પુનઃ પુનઃ વંદના હો. (૩)

અધિરજનિ હરિ વિહૃતિ મીક્ષિતું, કુવલયાભિધ સુભગનયનાન્યુ શતિ તનુષે ।
નયન યુગમલ્પમિતિ બહુતરાણિ ચ, તાનિ રસિકતા નિધિયતા કુરુષે ॥૪॥

ભાવાર્થ : આપના જલમાં પ્રભાત સમયે વિકસેલાં કમલોની શોભા એવી લાગે છે, માનો રાત્રિના સમયમાં ભગવદ્ રમણ જોવાની ઈચ્છાથી સુંદર નયનો વિહારને જોવામાં બે નેત્રો ઓછાં છે, માટે કમલરૂપી અનેક નેત્ર ધારણ કરો છો, એવા હે શ્રીયમુનાજી ! આપને વારંવાર વંદના થાય. (૪)

રજનિ-જાગર-જનિત રાગ રંજિત નયન, પંકજૈ રહનિ હરિ મીક્ષસે ।
મકરંદભર મિષેણાનંદ પૂરિતા, સતત મિહ હર્ષાશ્રુ મુંચસે ॥૫॥

ભાવાર્થ : રાત્રિના (રાસાદિ ક્રિડામાં) જાગરણથી ઉત્પન્ન અનુરાગરૂપી લાલ રંગથી રંગાયા (રસમસ્યા) નયન કમલોથી દિવસમાં પ્રભુને આપ નિહાળો છો, કમલના મકરંદની અધિકતાના મિષથી, આનંદરસ ભરેલાં આપ સર્વદા અહીં હર્ષાશ્રુ છોડી રહ્યાં છો, એવાં હે શ્રીયમુનાજી ! આપને વારંવાર વંદના હો. (૫)

તટગતાનેક શુક સારિકા મુનિગણ સ્તુત, વિવિધ ગુણ સીધુ સાગરે ।
સંગતા સતત મિહ ભક્ત જન, તાપ હૃતિ રાજસે રાસ રસ સાગરે ॥૬॥

ભાવાર્થ : આપના કિનારા પાસેની વૃક્ષાવલિ પર સ્થિત પોપટ, મેના, મોર, કપોત આદિ રૂપધારી મુનિજન આપની સ્તુતિ કરે છે. એવા વિવિધ ગુણોના અમૃત સાગર આપ છો. રાસ રસ સાગરમાં આપ સતત ભક્તજનોથી મળેલાં શોભી રહ્યાં છો. ભક્તજનોના તાપ હરણ કરનાર એવાં શ્રીયમુનાજી ! આપને વારંવાર વંદના હો. (૬)

રતિવર શ્રમજલોદિત કમલ પરિમલ, વ્રજ યુવતિજન વિહૃતિ મોદે ।
તાટંક ચલન સુનિરસ્ત સંગીતયુત, મદમુદિત મધુપકૃત વિનોદે ॥૭॥

ભાવાર્થ : રસિકવર શ્રીકૃષ્ણના સુસ્ત શ્રમ જલરૂપ, આપના જલમાં ખીલેલા કમળોના સૌરભ દ્વારા, વ્રજયુવતિઓને જલવિહાર સમયે, આપ આનંદ ઉત્પન્ન કરાવો છો, જલવિહાર સમયે કર્ણફૂલોના ચાલવાથી દૂર થઈ ગુંજારવ કરતા, પરાગમદથી હર્ષિત ભ્રમરો જ્યાં વિનોદ કરી રહ્યાં છે એવા શ્રીયમુનાજી ! આપને વંદન હો. (૭)

નિજ વ્રજજનાવનાત્તગોવર્દ્ધને, રાધિકા હૃદય ગત હૃદા કર કમલે ।
રતિ મતિ શયિત રસ વિઠ્ઠલસ્યાસુ, કુરુવેણુ નિનાદાહ્વાન સરલે ॥૮॥

ભાવાર્થ : પોતાના વ્રજવાસીઓની રક્ષા કરવા માટે, શ્રી ગિરિરાજ ધારણ કરી રહેલ અને બંસીના મધુર ધ્વનિથી સહેજ વ્રજની ગોપીઓને પાસે બોલાવી રહેલા, શ્રીકૃષ્ણમાં અતિ અધિક રસથી ભરેલાં, શ્રીવિઠ્ઠલ (શ્રીગુસાંઈજી)નો પ્રેમ સંપાદન કરવા શ્રીયમુનાજી શીઘ્ર કૃપા કરો. (૮)

: બે શ્લોકથી સમાપ્તિ સૂચક પ્રાર્થના કરે છે કે :

વ્રજપતિ પરિવૃઠ વલ્લભે કદાત્વચ્ચરણ, સરોરૂહ મીક્ષણાસ્પદં મે ।
તવ તટગત વાલુકા કદાહં સકલ નિજાંગગતા મુદા કરિષ્યે ॥૧॥

ભાવાર્થ : શ્રીવ્રજપતિ પ્રભુના પ્રાણ પ્યારાં હે શ્રીયમુનાજી ! મને આપના ચરણ કમલના દર્શનનું સૌભાગ્ય ક્યારે મળશે અને ક્યારે હું આપના તીર (તટ) થી વાલુકાને સંપૂર્ણ અંગમાં હર્ષથી લગાવીશ ? (અર્થાત્ આવું મહદ્ ભાગ્ય ક્યારે ઉદય પામશે, જ્યારે આપનાં દર્શન કરી આપના તટ ઉપર હર્ષિત થઈ લોટીશ)

વૃન્દાવને ચારૂ બૃહદ્વને મન્ મનોરથં પૂરય સૂર સૂતે ।
દંગ્ગોચરઃ કૃષ્ણ વિહાર એવ, સ્થિતિસ્તવદીયે તટ એવ ભૂયાત્ ॥૨॥

ભાવાર્થ : હે સૂર સુતા શ્રીયમુનાજી ! પરમ મનોહર બૃહદ્વન શ્રીવૃંદાવનમાં શ્રીકૃષ્ણચંદ્રની લીલાનાં દર્શન અને આપના તટ પર નિવાસ થાવ - આ મનોરથ કૃપા કરી પૂર્ણ કરો.

॥ શ્રી વિઠ્ઠલેશ્વર (શ્રીગુસાંઈજી) રચિત શ્રીયમુનાષ્ટપદી સમાપ્ત ॥

એક વખત મથુરાના વૈષ્ણવે શ્રીગુસાંઈજીના બાલકોને કહ્યું કે - આ બ્રાહ્મણની પરીક્ષા લ્યો. ત્યારે શ્રીગિરિધરજીએ ના કહી. વૈષ્ણવની પરીક્ષા લેવી નહિ, કેમ કે તે અપરાધ છે.

પછી બીજા બાલકો તે બ્રાહ્મણને નાવ પર બેસાડીને લઈ ગયા. વચમાં પુલિન હતો ત્યાં બિરાજ્યા અને નાવવાળાને કહ્યું કે, તું પાછો જા. તને બાલાવીએ ત્યારે આવજે. આમ કરતા પ્રહર દિન રહ્યો, ત્યારે તે બ્રાહ્મણે વિનંતી કરી કે - મહારાજ ! મારે ન્હાવાનો સમય થયો છે, નાવ મંગાવો.

ત્યારે નાવ મંગાવી અને બધા બાલક નાવ પર ચઢી ગયા અને બ્રાહ્મણને કહ્યું કે, તું પુલિનમાં બેસ, અમે કહીએ ત્યારે નાવ ઉપર ચઢજે.

તે પુલિનમાં બેઠો રહ્યો અને નાવ તો ચાલીને સામે પાર આવી. તેથી તેને બહુ જ ચિંતા થઈ અને વિરહ તાપ થયો, ત્યારે કમલ પ્રગટ થયા અને શ્રીયમુનાજીએ તેને દર્શન દઈને કહ્યું કે આની (કમલ) પર ચઢીને તું જા.

ત્યારે તે બ્રાહ્મણ કમલ પર ચઢીને સામે પાર આવ્યો. આ બધું બધા બાલકોએ કાંઠા ઉપરથી જોયું અને વખાણ કરવા લાગ્યા અને શ્રીગિરિધરજીને આ પ્રકાર કહ્યો. ત્યારે શ્રીગિરિધરજીએ કહ્યું કે-'યમુનાષ્ટપદી' તેને ફલિત થયું.

૪. શ્રી યમુના વિજ્ઞપ્તિઃ

શ્રી હરિરાયજી કૃત

કૃષ્ણાં કૃષ્ણસમાં કૃષ્ણરૂપાં કૃષ્ણરસાત્મિકામ્ ।
કૃષ્ણલીલામૃતજલાં કૃષ્ણસમ્બન્ધકારિણીમ્ ॥૧॥

ભાવાર્થ : સુંદર શ્યામ રંગવાળા, શ્રીકૃષ્ણના સમાન ગુણવાળાં, શ્રીકૃષ્ણના જેવા રૂપવાળાં, શ્રીકૃષ્ણના રસસ્વરૂપ, શ્રીકૃષ્ણની જલક્રીડા માટે અમૃત જળવાળાં, શ્રીકૃષ્ણનો સંબંધ કરાવનારાં એવાં શ્રીયમુનાજીને હું (હરિરાયજી) નમન કરૂં છું.

કૃષ્ણપ્રિયાં કૃષ્ણમુખ્યરસસંગમદાયિનીમ્ ।
કૃષ્ણક્રીડાશ્રયાં કૃષ્ણપદવીપ્રાપિકામપિ ॥૨॥

ભાવાર્થ : શ્રીકૃષ્ણને વહાલાં, શ્રીકૃષ્ણના મુખ્ય રસસંયોગને આપનારાં, શ્રીકૃષ્ણની ક્રીડાના આશ્રયરૂપ, શ્રીકૃષ્ણના માર્ગને પ્રાપ્ત કરાવનારાં શ્રીયમુનાજીને હું નમન કરૂં છું.

કૃષ્ણસ્થિતાં કૃષ્ણવાસહૃદયાં કૃષ્ણભાવુકામ્ ।
કૃષ્ણપ્રિયાપ્રિયાં કૃષ્ણસ્થાયિભાવસમુદ્ભવામ્ ॥૩॥

ભાવાર્થ : શ્રીકૃષ્ણમાં હૃદયવાળાં, શ્રીકૃષ્ણનો વાસ જેમના હૃદયમાં છે, શ્રીકૃષ્ણની ચાહના કરનારાં શ્રીગોપીજનોને અત્યંત વહાલાં, શ્રીકૃષ્ણના સ્થાયીભાવમાંથી ઉદ્ભવેલાં એવાં શ્રીયમુનાજીને હું નમન કરૂં છું.

કૃષ્ણૈકમિલનસ્થાનભૂતાં કૃષ્ણસુખાર્થિનીમ્ ।
કૃષ્ણગોપીસહચરીં કૃષ્ણસમ્માનવદ્ધિનીમ્ ॥૪॥

ભાવાર્થ : શ્રીકૃષ્ણને મળવાનાં મુખ્ય સ્થાનભૂત, શ્રીકૃષ્ણના સુખની ઈચ્છાવાળાં, શ્રીકૃષ્ણ અને ગોપીઓની સાથે રહેનારાં, શ્રીકૃષ્ણના સન્માનને વધારનારાં શ્રીયમુનાજીને નમન કરૂં છું.

કૃષ્ણકાર્યપરાં કૃષ્ણલીલાસ્થલવિશોધિકામ્ ।
કૃષ્ણક્રીડાકુંકુમાદિયુતાં કૃષ્ણરસાતુરામ્ ॥૫॥

ભાવાર્થ : પ્રભુના કાર્ય (લીલા) માં તત્પર, શ્રીકૃષ્ણનાં લીલાસ્થળો શ્રીવૃંદાવનાદિને શુદ્ધ કરનારાં, જલવિહારરત, શ્રીકૃષ્ણના પ્રસાદી કુમકુમચંદનાદિથી યુક્ત, શ્રીકૃષ્ણ સંબંધી રસ માટે આતુર એવાં શ્રીયમુનાજીને હું નમન કરૂં છું.

કૃષ્ણગોપીપૂજ્યદેવીં કૃષ્ણવ્રતફલપ્રદામ્ ।

કૃષ્ણલીલાર્થમાયાતાં કૃષ્ણનીરધિસંગતામ્ ॥૬॥

ભાવાર્થ : શ્રીકૃષ્ણ અમારા પતિ થાઓ આવી ઈચ્છાથી અગ્નિકુમારિકાઓએ જેમનું દેવીરૂપે પૂજન કરેલ છે. કૃષ્ણના માટે વ્રત કરનારાઓને ફલ આપનારાં, શ્રીકૃષ્ણની લીલા માટે જે ભૂતલ ઉપર પધાર્યા છે, કૃષ્ણરૂપી આનંદસાગરમાં મળેલાં શ્રીયમુનાજીને હું નમું છું.

કૃષ્ણપાદસ્પર્શકામાં કૃષ્ણમાનસસંશ્રિતામ્ ।

કૃષ્ણાસક્તાં કૃષ્ણભક્તાં કૃષ્ણપ્રીતિપ્રસાધિનીમ્ ॥૭॥

ભાવાર્થ : શ્રીકૃષ્ણના ચરણસ્પર્શની ઈચ્છાવાળાં, શ્રીકૃષ્ણના મનમાં વસનારાં, શ્રીકૃષ્ણમાં આસક્તિવાળાં, શ્રીકૃષ્ણના ભક્તજનોની શ્રીકૃષ્ણમાં પ્રીતિ સાધનારાં શ્રીયમુનાજીને હું નમન કરું છું.

કૃષ્ણાંઘ્રિરેણુબહુલાં કૃષ્ણસેવકસમ્મુખામ્ ।

કૃષ્ણભાવિરોધી સ્વદાસપ્રકૃતિનાશિનીમ્ ॥૮॥

ભાવાર્થ : શ્રીકૃષ્ણના ચરણકમલની રજ જેમાં અધિક છે, શ્રીકૃષ્ણના સેવકોની સન્મુખ બિરાજમાન, શ્રીકૃષ્ણના વિષયક ભાવથી વિરુદ્ધ એવી પોતાના સેવકોની પ્રકૃતિનો નાશ કરનારાં શ્રીયમુનાજીને હું નમન કરું છું.

નમામિ યમુનાં કૃષ્ણતુર્યપ્રિયતમામહમ્ ।

નિજાચાર્યપદામ્ભોજદાસે ભાવમ્પ્રયચ્છતુ ॥૯॥

ભાવાર્થ : શ્રીકૃષ્ણના ચતુર્થ સ્વામિનીજી કૃષ્ણસ્વરૂપા શ્રીમહારાણીજીને હું (હરિરાયજી) નમન કરું છું. વલ્લભાચાર્ય ચરણકમળના દાસ એવા મારા વિષે ભગવદ્ભાવનું દાન કરો.

॥ ઈતિ શ્રીહરિદાસોક્તા શ્રીયમુના વિજ્ઞપ્તિઃ સમાપ્ત ॥

॥ શ્રી દેવકીનન્દનજી વિરચિતમ્ ॥

૫. શ્રીયમુનાષ્ટકમ્

યા ગોકુલાગમન સમ્ભ્રમદત્તમાર્ગા કૃષ્ણાય શૌરિમુદકૈરવિભાવયત્ની ।

સ્પ્રષ્ટુતદંઘ્રિકમલેભવદુત્તરંગા સા મન્મનોરથશતં યમુના વિધત્તામ્ ॥૧॥

ભાવાર્થ : જે શ્રીયમુનાજી મથુરાથી ગોકુલમાં શ્રીકૃષ્ણના પધારતી વખતે આનંદવિભોગ બની શ્રીકૃષ્ણ માટે માર્ગ આપતા થયાં, અને શ્રીવાસુદેવજીનો પોતાના જલથી આદર કરતાં થયાં, ભગવાનના ચરણસ્પર્શ કરવા માટે જે અતિ ઉછળતાં તરંગવાળા થયાં હતાં, તે શ્રીયમુનાજી અમારા અનેક મનોરથોને પૂર્ણ કરો. (૧)

યા નન્દનસૂનુ મુરલીરવલીલયોદ્ઘદ્-ભાવપ્રભાવગલદ-શ્રુપરાગમંઘ્રિમ ।

ઉન્મીલિતાબ્જન યનાપૃશદૂર્મિદોર્ભિ : સા મન્મનોરથશતંયમુનાવિધત્તામ્ ॥૨॥

ભાવાર્થ : પ્રફુલ્લિત કમલ જેવા સુંદર નયનવાળાં જે શ્રીયમુનાજી પોતાના તરંગરૂપી ભુજાઓથી શ્રીનંદગોપકુમારની વેણુનાદ સંબંધી લીલાથી ઉત્પન્ન દિવ્ય ભાવોના પ્રભાવથી ગરતાં અશ્રુઓરૂપી પરાગથી યુક્ત એવા શ્રીકૃષ્ણપ્રભુજીના ચરણકમલને સ્પર્શ કરતા હતાં, તે શ્રીયમુનાજી અમારા અનેક મનોરથો પરિપૂર્ણ કરો. (૨)

યા ગોકુલેશમુષિતાંશુકલજ્જિતાન્તરાકંઠમગ્નનવનન્દકુમારિકાણામ્ ।

કમ્પોદગ્મંવિદધતી ન વિલમ્બમૈચ્છત્ સા મન્મનોરથશતંયમુનાવિધત્તામ્ ॥૩॥

ભાવાર્થ : જે શ્રી યમુનાજી શ્રીગોકુલપતિ શ્રીકૃષ્ણ દ્વારા ચીરહરણ થવાથી લજ્જાયુતં અંતઃકરણવાળો અને ગળા સુધી યમુનાજલમાં નિમગ્ન થયેલા એવા નૂતન પ્રેમવાળા વ્રજકુમારિકાઓના (શીતથી) કંપિત થવાથી ઉત્પન્ન થયેલા રોમાંચોને ધારણ કરતાં, (ફલપ્રાપ્તિના) વિલંબને ન ઈચ્છતાં હતાં, એવાં તે શ્રીયમુનાજી અમારા હૃદયની સેંકડો અભિલાષાઓ પૂર્ણ કરો. (૩)

યા રાધિકાડધરપયોધરકામુકાય તસ્મૈ નિકુંજનિલયં સ્વકરૈશ્ચકાર ।
સ્વચ્છોચિતાતિમૃદુવાલુકભૂવિતાનાં સા મન્મનોરથશતં યમુના વિધત્તામ્ ॥૪॥

ભાવાર્થ : જે શ્રીયમુનાજી, મુખ્યસ્વામિનીજી શ્રી રાધિકાજીના અધરરસ અને કુચકલશની ઈચ્છા રાખનારા (લોભી) એવી શ્રીકૃષ્ણપ્રભુને માટે પોતાના તરંગરૂપી શ્રીહસ્તથી અતિ નિર્મલ અને (પ્રભુને) લીલામાં અનુકુલ થાય તેવી રીતે સુકોમળ રેણુવાળી ભૂમિ જેવા બનાવેલી છે એવા નિકુંજગૃહને કરતાં હતાં, એવાં તે શ્રીયમુનાજી અમારા હૃદયની અનેક અભિલાષાઓ પૂર્ણ કરો.

યા રાસકેલિજનિતશ્રમહારિવારિ-ક્રીડાસુ ઘોષવનિતોચ્છલદમ્બુરાશિઃ ॥
નન્દાત્મજં સુખયતિ સ્મ કૃતાભિષેકં સા મન્મનોરથશતં યમુના વિધત્તામ ॥૫॥

ભાવાર્થ : રાસરસકેલિથી ઉત્પન્ન પરિશ્રમને હરણ કરનારી, જલવિહાર લીલાઓમાં વ્રજસ્ત્રીઓ દ્વારા ઉછાળાતાં શ્રીયમુનાજીના જલનો સમુદાય પ્રભુને અભિષેક કરી રહેલા હોય તેમ શ્રીનંદકુમારને અતિ સુખ ઉપજાવતા હતા, એવાં તે શ્રીયમુનાજી અમારા અનેક મનોરથોને પરિપૂર્ણ કરો. (૫)

યા ચંચદચલદંશ : સમયં વ્રજસ્ત્રી : પીનોન્તસ્તનતટી પરિરભ્યમંદમ્ ।
પારે નયન્તુ પલક્ષ્ય હરિ સમાસીત્ સા મન્મનોરથશતં યમુના વિધત્તામ્ ॥૬॥

ભાવાર્થ : અતિ ચંચલ કુટિલ કટાક્ષવાળાં તથા મોટા ઉચ્ચ કુચપ્રદેશને ધારણ કરતાં, અને લીલામાં ચકિત થતાં હોય એવાં વ્રજગોપીઓને ધીરે ધીરે આલિંગન કરીને શ્રીયમુનાજીને કાંઠે લઈ જતા શ્રીકૃષ્ણને નીરખીને અતિ પ્રસન્ન થયાં હતાં, તે શ્રીયમુનાજી અમારા હૃદયગત ભાવોને પરિપૂર્ણ કરો. (૬)



કાશીસ્થ ગો. શ્રીજીવનલાલજી વિરચિતમ્

૬. શ્રીયમુનાષ્ટકમ્

હા હા શ્રી યમુને પ્રાણ હા હા શ્રીપ્રાણવલ્લભે ।
હા હા ભાવરસાવિષ્ટે દેહિ મે નિજદર્શનમ્ ॥૧॥

ભાવાર્થ : (દીનભાવથી) હા હા ! વહાલાં શ્રીયમુનાજી ! હા ! હા ! પ્રાણથી પણ અતિ પ્યારા, શ્રીકૃષ્ણના રસભાવમાં તન્મય બનેલા એવાં શ્રીયમુનાજી ! આપના દર્શન મને આપો. (૧)

હા હાલકાવાલિમુખિ ! હાહાનંગનવાંકુરે ।
હા હા સ્વરૂપમાધુર્યે દેહિ મે નિજદર્શનમ્ ॥૨॥

ભાવાર્થ : હા હા ! કેશસમૂહથી સુશોભિત મુખવાળાં ! હા હા ! અલૌકિક કામના નૂતન અંકુરરૂપા ! હા હા ! મધુર સ્વરૂપવાળાં હે શ્રીયમુનાજી ! આપના દર્શનનું મને દાન કરો. (૨)

હા હાલસ્યાઢ્યનયને હાહાસ્વેદકણાવલિ ।
હા હા મુકુન્દદયે દેહિ મે નિજદર્શનમ્ ॥૩॥

ભાવાર્થ : હા હા ! આલસ્યથી ભરેલા નેત્રવાળા ! હા હા ! પ્રસ્વેદના બિંદુસમૂહવાળા ! હા હા ! મુકુંદ ભગવાનના હૃદયમાં વસનારાં શ્રીયમુનાજી ! મને આપના દર્શન આપો. (૩)

હા હા સ્મિતમુખામ્ભોજે હા હા સંગીતસાગરે ।
હા હા મનોવિભાવજ્ઞે દેહિ મે નિજદર્શનમ્ ॥૪॥

ભાવાર્થ : હા હા ! મંદ હાસ્યયુત વદનકમળવાળાં; હા હા ! સંગીતનાં સાગર ! હા હા ! ભક્તજનોના મનના ભાવોને જાણનારા શ્રીયમુનાજી ! મને આપનું દર્શન આપો. (૪)

હા હા સ્વભક્તનયને હા હા ભ્રૂકુટિચંચલે ।
હા હા વિયોગદુઃખઘ્નિ દેહિ મે નિજદર્શનમ્ ॥૫॥

ભાવાર્થ : હા હા ! સ્વામીભક્તોનાં નયનરૂપા ! હા હા ! ચંચલ ભ્રુકુટિવાળા ! હા હા ! ભગવદ્ - વિરવદ્:ખને મિટાવનારાં શ્રીયમુનાજી ! મને આપનું દર્શનસુખ આપો. (૫)

હા હા સ્વીયમનોહર્ષ, હા હા ભક્તિદયાકરે ।
હા હા ગોપીશ્રીમંજૂપે દેહિ મે નિજદર્શનમ્ ॥૬॥

ભાવાર્થ : હા હા ! પોતાના ભક્તોના મનને હર્ષિત કરનારાં ! હા હા ! ભક્તિરૂપ ધ્યાને કરનારાં ! હા હા ! ગોપીજનોની શોભાની પેટી (સ્થાન) રૂપા હે શ્રીયમુનાજી ! આપ મને દર્શન આપો. (૬)

હા હા પ્રાણપ્રિયપ્રાણે હા હા કંદર્પદર્પહન્ ।
હા હા પ્રસન્નવદને દેહિ મે નિજદર્શનમ્ ॥૭॥

ભાવાર્થ : હા હા ! પ્રાણનાથ શ્રીકૃષ્ણના પ્રાણસમ પ્રિયા ! હા હા ! કામદેવના ઘમંડને દૂર કરનારાં ! હા હા ! અતિ આનંદિત મુખકમલવાળાં, એવાં હે શ્રીયમુનાજી ! મને આપનું દર્શન આપો. (૭)

હા હા જીવનસર્વસ્વે હા હા રાજીવલોચને ।
હા હા દયાદ્રહ્દ્રેશે દેહિ મે નિજદર્શનમ્ ॥૮॥

ભાવાર્થ : હા હા ! જીવનના (ગ્રંથકર્તાના) સર્વસ્વરૂપ ! હા હા ! કમલ સરખા નેત્રોવાળો ! હા હા ! દયાથી આદ્ર હૃદયવાળાં કૃપા કરી આપના દર્શનનું સૌભગ્ય મને આપો. (૮)

(ગો.વા.પ.ભ. રમેશભાઈ પરીખના શ્રી યમુનાષ્ટકનુ રસપાન ગ્રંથમાંથી સાભાર)

> શ્રી વલ્લભ આધિદૈવિક અગ્નિસ્વરૂપ છે. તેઓ શ્રીકૃષ્ણના મુખારવિંદરૂપ અગ્નિસ્વરૂપ છે. તેઓ અત્યંત તેજોમય અને તાપાત્મક છે છતાં અતિશય શીતલ વચનામૃતની વૃષ્ટિ કરે છે. શ્રી વલ્લભના સંબંધ વડે પ્રાણપ્રિય વ્રજાધીપ શ્રીકૃષ્ણના દર્શનની વિરહ - આર્તિ સાંપડે છે.
>
> શ્રીકૃષ્ણ સર્વનું દુ:ખ હરનારા છે. ભક્તોને વૈકુંઠ સુધી જવાનો શ્રમ પડે તે એમને ન ગમ્યું તેથી તેઓ અહીં જ વૈકુંઠ લઈ આવ્યા. નિત્ય અને અમર્યાદ આનંદ એ જ ફલ છે, એ જ શ્રીકૃષ્ણ છે.

૭. શ્રી યમુના ચતુષ્પદી
શ્રી ગોકુલાત્સવાત્મજ જીવનેશજી વિરચિત

જયતિ તરણિતનયા સદા કૃષ્ણહૃદયઙ્ગમ-, સુરાસુરમનુઅપ્રથિતસ્વભૂમા ।
તરલ-લહરી-લાભ-લુલિતકલિકલિતમતિ - પતિતતતિનિરયસૂદ્ધરણકામા ॥૧॥

ભાવાર્થ : સર્વદા વ્રજકિશોર શ્રીકૃષ્ણ જેમના હૃદયકમલમાં બિરાજે છે એવા અથવા શ્રીકૃષ્ણના હૃદયમાં બિરાજનાર (પરસ્પર પ્રીતિવાળાં એવાં) અને **સુર**-સાત્ત્વિક ભાવવાળા, **અસુર** - તામસભાવવાળા, **મનુજ** - રાજસભાવવાળા જીવોમાં પોતાના સુમાહાત્મ્યનું જ્ઞાન કરાવનારાં અને પોતાના ચંચલ જલના તરંગોનો લાભ પ્રાપ્ત કરી તેમાં લોટતી, કલિયુગના પ્રભાવથી જેમની કલેશવાળી મતિ છે, એવી પતિતજનોની પંક્તિને (પતિતોના સમૂહને) નરકમાંથી સારી રીતે ઉદ્ધાર કરવાની ઈચ્છા રાખનારાં એવાં શ્રીસૂર્યસુતા શ્રીયમુનાજી ! સર્વદા સર્વોત્કૃષ્ટ રીતે બિરાજે છે. (૧)

કમલ-નિલયા-નિલય-કમલનયનાયન-, પૃથુ-સુખદ-શુચિ-સરણિ-નીલધામા ।
સૂર-ઋષભ-દૃષત્-સમ-ભુવન-નવ-કઞ્જ, મકરન્દ રસ-પાયિ-મધુપાભિધામા (રામા) ॥૨॥

ભાવાર્થ : શ્રીલક્ષ્મીજીનું નિવાસસ્થાન કમલ, તેવાં જેમનાં સકલ શોભાયુક્ત વિશાલ નેત્ર છે એવા પ્રભુના આયન-સ્થાન (નિત્યલીલાધામ)ની પૃથુ-વિશાલ, સુખકારી પવિત્ર કેડીરૂપ શ્યામકાંતિને ધારણ કરનારાં (શ્યામસુખધામ જહાઁ નામ ઈનકે) દેવતાઓમાં શ્રેષ્ઠ એવા ઈન્દ્ર તે સંબંધી પથ્થર (રત્ન) અર્થાત્ ઈન્દ્રનીલમણી જેવી શ્યામ પ્રભાયુક્ત સ્વચ્છ જલમાં ઉત્પન્ન નૂતન કમલોના મકરંદરસનું પાન કરનારા ભ્રમરોથી અતિ સુંદર દર્શન આપતાં (શ્રીયમુનાજી સર્વોકૃષ્ટ રીતે બિરાજે છે.) (૨)

કૃત-સલિલ-મજ્જન-મનજ્જન-મનોહૃત-, ભ્રમ-નિચય-ભવ-જલાવર્ત્ત-દામા ।
તટ-નિકટ-વિસ્ફાલનોચ્છલિત-વિમલ જલ, ફેન-ફુલ-સિતા-પિ-દ્વિધા-શ્યામા ॥૩॥

ભાવાર્થ : (શ્રીયમુનાજી) પોતાનાં જલમાં સ્નાન કરનાર અને નમન કરનાર ભક્તજનોના મનમાંથી ભ્રમોને હરનારાં અથવા સંસારભ્રમણને

હરનારાં તથા અત્યંત વમળરૂપ માલાથી સુશોભિત થતાં અને તીરની પાસે સ્વચ્છ જલના જોરથી ફીણ વડે શ્વેત જણાતાં છતાં પણ આપ બે પ્રકારે શ્યામ જ બિરાજે છે. (એક તો પ્રગટ જલરૂપે સર્વદા શ્યામારૂપા છે, બીજું નિત્યલીલામાં આધિદૈવિક સ્વરૂપે સર્વદા શ્યામસુંદરના ચતુર્થ યૂથાધિપતિ સ્વામિની શ્યામા ષોડવાર્ષિકી નાયિકારૂપે બિરાજે છે. શ્યામસંગશ્યામ છે રહી શ્રીયમુને. (૩)

કૃષ્ણજીવનવહા ત્વમસિ પ્રતિદિનમતઃ, પ્રપાબાશવર્તિની–ખલુ–સદામા ।

મમ મમેતિ વિચિન્ત્ય મનસિ ધનશર્મદા–, મામવતુ ભવભયાચ્છૌરિવામા ॥૪॥

ભાવાર્થ : હંમેશા શ્યામ જ જલ વહેવડાવનારાં અથવા શ્રીકૃષ્ણના જીવનરૂપા પ્રાણપ્રિયા આપ છો, માટે આપની અલૌકિક શોભાથી લક્ષ્મીજી સર્વદા લજ્જિત રહે છે, આપ અલૌકિક સુખ આપનારાં છો, ભગવાનનાં પ્રિયા છો, આપ કૃપા કરી પોતાના મનમાં આ મારો છે, આ મારો છે. એમ વિચાર કરીને સંસારભયથી મને બચાવો. (૪)

॥ ઈતિ શ્રીગોકુલોત્સવાત્મજ જીવનેશજી વિરચિત યમુના ચતુષ્પદી અર્થ સાથે સંપૂર્ણમ્ ॥

આ ભક્તિમાર્ગ સર્વથી ઉત્તમ છે, કેમ કે આ માર્ગમાં સાધનો સદા સફળ જ થાય છે. આત્મા પરમ પ્રેમનો વિષય છે. બીજે પ્રેમ દેખાય છે તે તેને લઈને જ દેખાય છે. ભગવાન સર્વાત્મા છે. સર્વ જગતના આત્મા છે અને સ્નેહના વિષય છે. સર્વના આધારરૂપ છે. તેથી તેમના પ્રત્યે જ સ્નેહ થવો યોગ્ય છે.

'સર્વભાવે' ભગવાનને ભજવા. 'સર્વભાવ' એટલે આ લોકના અને પરલોકના સાધનરૂપ, દેહથી આરંભીને ઈશ્વર સુધીના જેટલાં સ્વરૂપો ભજન પરલોકના સાધનરૂપ, દેહથી આરંભીને ઈશ્વર સુધીનાં જેટલાં સ્વરૂપો ભજન કરવા યોગ્ય છે અને જે જે ભાવોથી તેઓ ભજવા યોગ્ય છે તે સર્વ ભાવો ભગવાનમાં જ કરવા.

રાગન કો પતિ કાન્હરો, ધરતી કો પતિ ઈન્દ્ર,
નીરન કો પતી ચંદ્રમા, ગોપીપતિશ્રી ગોવિંદ
ચલો સખી વહાં જાઈએ, જહાં શ્રી યમુનાજીકો તીર,
નિરખીયે શ્રી નાથજી, વલતાં ભરીયે નીર.

ગો.શ્રી ઈન્દિરા બેટીજી રચિત
૮. શ્રીયમુનાષ્ટકમ્

અનંગરંગસાગરસ્ય માધવસ્ય વલ્લભે
નિજાન્તરંગભક્તસંગમાતિરિક્તદુર્લભે ।
સુધાનિકેતને શુભે પ્રભૂતરોચિષાં નિધે
કલિન્દજે કૃપાં કદા કરિષ્યસિ સ્વકીયકે ॥૧॥

હે મન્મથ સાગર શ્રી માધવનાં શ્રી વલ્લભા, પોતાના અંતરંગ ભક્ત સિવાય સર્વને દુર્લભ, અમૃતનિધિ શુભ સ્વરૂપ, પ્રગલ્ભ તેજના ભંડાર શ્રી કાલિન્દીજી ! આપ સ્વકીય જન ઉપર કૃપા ક્યારે કરશો ? (૧)

સ્વભક્ત મૌલિમણ્ડિતે મતિપ્રબોધપણ્ડિતે
મનીષિભિશ્ચરંજિતે (ऽ) તિમાનમોહખણ્ડિતે ।
તમાલપર્ણ શ્યામલે સુમંગલે યમાનુજે
કલિન્દજે કૃપાં કદા કરિષ્યસિ સ્વકીયકે ॥૨॥

પોતાના ભક્તના મસ્તકને મંડિત કરનાર, બુદ્ધિને જગાડવામાં પરમવિદુષી, બુદ્ધિશાળી લોકોને આનંદ આપનાર, એમના અતિ માન અને મોહનું ખંડન કરનાર, તમાલના પાંદડા જેવાં શ્યામ, સુમંગલસ્વરૂપા, યમના નાનાં બેનડી, હે કાલિન્દીજી ! આપ સ્વકીય જન ઉપર કૃપા ક્યારે કરશો ? (૨)

વિશાલભાલભાસિતે શુભાનને સુલક્ષણે
પ્રફુલ્લકંજ લોચને સ્મિતાસ્યહાસ્યશોભિતે ।
પ્રવાલરાગસં નિભાચ્છવર્ણ બિમ્બકાધરે
કલિન્દજે કૃપાં કદા કરિષ્યસિ સ્વકીયકે ॥૩॥

વિશાલ ભાલથી શોભતાં શુભ મુખવાળાં, સુલક્ષણવાળાં, વિકસેલા કમલ જેવાં નેત્રવાળાં, સ્મિતસભર મુખ ઉપર હાસ્યથી શોભતા પ્રવાલમણિ જેવા લાલ અને સ્વચ્છ અધરવાળાં હે શ્રીકાલિન્દીજી ! આપ સ્વકીય જન ઉપર ક્યારે કૃપા કરશો ? (૩)

સુકર્ણિકાવતંસકે મૃણાલનાલકંકણે
શિરીષપુષ્પમાલિકા—કલાપહારભૂષિતે ।
કદમ્બકુન્દયૂથિકાદિભૂષણૈરલંકૃતે
કલિન્દજે કૃપાં કદા કરિષ્યસિ સ્વકીયકે ॥૪॥

સુંદર કમલના ફૂલને ધારણ કરનાર, મૃણાલની પાતળી દાંડીને કંકણ તરીકે પહેરનાર, શિરીષના પુષ્પોની માળાથી વિભૂષિત (ઉષ્ણકાલમાં) કદમ્બ-મોગરા વગેરે પુષ્પાભરણોથી અલંકૃત હે શ્રીકાલિન્દીજી ! આપ સ્વકીય જન ઉપર ક્યારે કૃપા કરશો ?

કલિન્દમસ્તકે પતત્પ્રપાતપાતફેનિલે
સિતામ્બરાંગવિષ્ટિતેવ નિર્મલે સમુજ્જવલે ।
સુનીલલીનવાલુકા પદાંકરાગપંકિલે
કલિન્દજે કૃપાં કદા કરિષ્યસિ સ્વકીયકે ॥૫॥

કલિન્દ પર્વતના મસ્તક ઉપર પડવાને લીધે ફીણવાળી, જાણે શ્વેતવસ્ત્રો ધારણ કર્યા હોય તેવી નિર્મળ અને ઉજ્જવળ, પોતાનામાં સમાઈ જાય તેવી શ્યામ રંગની રેતીથી જેમના ચરણ ખરડાયા છે, તેવાં શ્રીકાલિન્દીજી ! આપ સ્વકીય જન ઉપર ક્યારે કૃપા કરશો ?

સુરાસરૈઃ સુપૂજિતે (ઽ)જિ તેજગજ્જનાર્ચિતે
સમસ્તશર્મમર્મરૂપ પુષ્ટિભક્તિ ભાવિતે ।
સ્વનામગાનનન્દિતે યશસ્તવેન વન્દિતે
કલિન્દજે કૃપાં કદા કરિષ્યસિ સ્વકીયકે ॥૬॥

સુર અને અસુરથી સારી રીતે પુજાયેલાં, (બીજા સર્વથી) નહીં જીતાઓ તેવાં, જગતના જનોથી પૂજાએલાં, સમસ્ત કલ્યાણના સાર સ્વરૂપ પુષ્ટિભક્તિથી ભાવિત, પોતાનાં નામ-ગાનથી આનંદિત બનનાર, યશસ્તવ દ્વારા વંદિત શ્રીકાલિન્દીજી ! આપ સ્વકીય જન ઉપર ક્યારે કૃપા કરશો ?

પ્રબુદ્ધવેણુગાનતાનનાદરાગમોહિતે
પ્રફુલ્લપદ્મમાલિકાકરામ્બિતે કૃપાયુતે ।
સ્મરશ્રમામ્બુસેવનાર્થમેવ ભૂસમાગતે
કલિન્દજે કૃપાં કદા કરિષ્યસિ સ્વકીયકે ॥૭॥

વેણુના ઊર્ધ્વ ગાન તથા તાનના રાગથી મોહિત, ખીલેલા કમળની માળા હસ્તમાં ધારણ કરનાર, કૃપાયુક્ત, સ્મરશ્રમ-જળના સેવન માટે ભૂતળમાં પધારેલાં હે શ્રીકાલિન્દીજી ! આપ સ્વકીય જન ઉપર ક્યારે કૃપા કરશો ?

નવીનદેહદાયિકે સ્વભાવદોષનાશિકે
મુકુન્દપાદપંકજે સુભક્તિશક્તિવર્ધિકે ।
તરંગભંગલીલયા નિકુંજભાવપોષિકે
કલિન્દજે કૃપાં કદા કરિષ્યસિ સ્વકીયકે ॥૮॥

નવીન દેહ આપનાર, સ્વભાવદોષનો નાશ કરનાર, મુકુંદ ભગવાનના ચરણકમલસ્વરૂપ, ભક્તિની શક્તિ વધારનાર, તરંગના આવાગમનથી નિકુંજના ભાવોનું પોષણ કરનાર હે શ્રીકાલિન્દીજી ! આપ સ્વકીયજન ઉપર ક્યારે કૃપા કરશો ?

સમસ્તતાપપાપપુંજવૈભવાન્તકારિકે
કૃપાલવેન લીલયા(ઽ)બલાબલપ્રસાધિકે ।
પદામ્બુજદ્વયે(ઽ) ર્પયામિ યમુનાષ્ટકં મુદા
તવાસ્મિ કિંકરી સદા પ્રસીદ સૂર્યસંભવે ॥૯॥

સમગ્ર તાપ અને પાપના પુંજનો નાશ કરનાર, પોતાની કૃપાના એક બિન્દુ દ્વારા અબળાના (ઈન્દિરાના) બળને વધારનાર હે શ્રીકાલિન્દીજી ! આપના ઉભય ચરણ કમલમાં આનંદથી આ યમુનાષ્ટક સમર્પિત કરૂં છું. હું આપની દાસી છું, હે સૂર્યપુત્રી ! (મારી ઉપર) પ્રસન્ન થાઓ.

૯. શ્રી યમુનાજીની અષ્ટોત્તર શત નામાવલી - શ્રહરિરાયજી કૃત

(નમ્ર નોંધ : દરેક નામાવલીના નામના "નમઃ" પછી અષ્ટાક્ષર મહામંત્ર "શ્રીકૃષ્ણઃ શરણં મમ" બોલવો.)

૧. **શ્રીયમુનાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રી યમુના મહારાણીને નમન.

૨. **તરણિતનયાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
સૂર્યના પુત્રીને નમન.

૩. **કલિન્દજાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
કલિન્દ પર્વતના પુત્રીને નમન.

૪. **ધર્માનુજાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
ધર્મ (યમ) રાજાનાં નાના બહેનને નમન.

૫. **સુરાસુરસુપૂજિતાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
સાત્ત્વિક-રાજસ-તામસ ભાવવાળા ભક્તો વડે સારી રીતે પૂજાયેલાંને નમન.

૬. **ધ્રુવ પરાશરાભીષ્ટદાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
ધ્રુવજી પરાશરાદિકોને ઈચ્છિત ફળ આપનારાંને નમન.

૭. **મુકુન્દરતિવર્ધિન્યૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
(મોક્ષ આપનાર) મુકુંદ ભગવાનમાં પ્રીતિ વધારનારાંને નમન.

૮. **ભુવં ભુવન પાવન્યૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
પૃથ્વી ઉપર પધારીને પૃથ્વીના આધિદૈવિક ભુવનરૂપ વ્રજભૂમિને પાવન કરનારાને નમન.

૯. **તવ ચરિત્રમત્યદ્‌ભુતાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
અદ્‌ભુત ચરિત્ર - લીલા કરનારાંને નમન.

૧૦. **વિશુદ્ધ મથુરાતટસ્થિતાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
વિશુદ્ધ મથુરાજી જેના કિનારે બિરાજે છે તેમને નમન.

૧૧. **નિજનાથ માર્ગદાયિન્યૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
પોતાના સ્વામી (શ્રીકૃષ્ણ)ને માર્ગ દેનારાને નમન.

૧૨. **કુમારિકા કામ પૂરિકાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
(વ્રજ) કુમારિકાઓની કામનાઓ પૂરી કરનારાંને નમન.

૧૩. **તટ ગતાનેક શુક સારિકા કુજિતાયૈ નમઃ**
॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
જેમના કિનારે અનેક પોપટ, મેના મધુર ગાન કરી રહ્યાં છે તેમને નમન.

૧૪. **મુનિગણ સ્તુતાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
જેમની મુનિગણો સ્તુતિ કરી રહ્યા છે તેમને નમન .

૧૫ **શ્રીગોકુલ સુખવાસિન્યૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રીમદ્ ગોકુલમાં સુખથી વાસ કરનારાંને નમન.

૧૬. **કેલિસલિલાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
ક્રીડા (શ્રમ) જલરૂપને નમન.

૧૭ **વ્રજયુવતી સંગ વિહારિણ્યૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
વ્રજ યુવતીઓના સંગમાં વિહાર કરનારાંને નમન.

૧૮. **મૃદુલાચ્છવાલુકાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
કોમળ રેણુવાળાંને નમન.

૧૯ **કૃષ્ણાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
"કૃષ્ણા" એ નામવાળાને નમન.

૨૦ **કૃષ્ણસમાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રીકૃષ્ણના જેવાંને નમન.

૨૧. કૃષ્ણરૂપાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

શ્રીકૃષ્ણના જેવા સ્વરૂપવાળાને નમન.

૨૨ અતિસુન્દર્યૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

અતિ સુન્દરરૂપવાળાને નમન.

૨૩. ઈન્દ્રનીલમણિ સ્વચ્છાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

ઈન્દ્રનીલમણિ જેવા સ્વચ્છ (ચમકતા)ને નમન.

૨૪. દલિતાંજનચિક્કણાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

ઘુંટેલા આંજણ જેવા ચીકણાંને નમન.

૨૫. ઈન્દીવર સુખ સ્પર્શાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

શ્યામકમલ સરખા સુખદ સ્પર્શવાળાંને નમન.

૨૬ આપીની હૃદયાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વિશાળ હૃદયવાળાને નમન.

૨૭ હસદ્વદનપંકજાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

હસતાં વદન કમળવાળાંને નમન.

૨૮. મદાલસ વિલોચનાય નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

મદ વડે આળસયુક્ત નેત્રવાળાંને નમન.

૨૯. નાસાપુટ સુન્દરાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

સુંદર નાસિકાવાળાંને નમન.

૩૦. બન્ધુકારૂણમધુરાધરાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

બન્ધૂક પુષ્પ જેવા લાલ અને મધુર અધર ઓષ્ઠને નમન.

૩૧. કેસરાદ્ર ચિત્રિત શોભિતાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

કેસરથી લેપન કરાતા અને તેથી શોભતાને નમન.

૩૨ કંકણાંગ્દકેયૂર મુદ્રિકાદિલસદ્ભુજાયૈ નમઃ

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

કંકણ, બાજુબંધ, પહોંચી, વીંટીથી સુશોભિત ભુજાવાળાંને નમન.

૩૩ મુક્તાહારોલ્લસદ્વક્ષાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

મોતીના હારોથી શોભિત હૃદયવાળાંને નમન

૩૪ અરવિન્દપદ્વિન્દકલિન્દકવણિતનૂપુરાયૈ નમઃ

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

કમળનું પાન કરનાર ભ્રમરના ગુંજારવને જેણે જીતી લીધો છે તેવા ઝાંઝરના અવાજવાળાને નમન.

૩૫ નખચન્દ્રજિતાશેષ દર્પણેન્દુમણિપ્રભાયૈ નમઃ

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

ચન્દ્ર જેવા નખથી જેણે અરીસામાં રહેલા ઈન્દુમણિના તેજને અશેષ જીતી લીધું છે તેવાને નમન.

૩૬ કર્પૂરાંગદકસ્તૂરીકુંકુમાક્તાંગધૂસરાયૈ નમઃ ।

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

કપૂર, કસ્તુરી, કંકુમના લેપથી સુશોભિતને નમન.

૩૭ આરક્ત વસ્ત્ર પરિધાનાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

આછા લાલ વસ્ત્ર ધારણ કરનારાને નમન.

૩૮ પરિહાસ રસાર્ણવ સ્વભાવવાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

મશ્કરીનો રસસાગર જેના સ્વભાવમાં છે તેવાને નમન.

૩૯. અતિ મધુરાભાષિણ્યૈનમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

અતિ મધુર બોલવાવાળાંને નમન.

૪૦ શ્રીકૃષ્ણ વલ્લભાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

શ્રીકૃષ્ણના વ્હાલાને નમન.

૪૧ મનોરંજનદાત્ર્યૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

મનને આનંદ આપવાવાળાંને નમન.

૪૨ કૃષ્ણસુખદાત્ર્યૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

શ્રીકૃષ્ણને સુખદાન આપવાવાળાંને નમન.

૪૩ **કૃષ્ણ રસાત્મિકાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રીકૃષ્ણના રસાત્મકરૂપને નમન.

૪૪. **કૃષ્ણ લીલામૃત જલાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રીકૃષ્ણ જલક્રીડા માટે અમૃત જલવાળાને નમન.

૪૫ **કૃષ્ણસંબંધકાંક્ષિણ્યૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રીકૃષ્ણના સંબંધની આકાંક્ષાવાળાને નમન.

૪૬ **કૃષ્ણપ્રાણપ્રિયાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રીકૃષ્ણના પ્રાણપ્રિયા (સ્વામિનીજી)ને નમન.

૪૭ **કૃષ્ણરસ દાયિન્યૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રીકૃષ્ણ સંબંધી રસ આપનારાંને નમન.

૪૮ **ગ્રીષ્મ ઋતુ સુખદાત્ર્યૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
ગ્રીષ્મ ઋતુમાં સુખદેવાવાળાંને નમન.

૪૯. **પરસ્પર પ્રીતિ કર્ત્ર્યૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
(શ્રીકૃષ્ણની સાથે) પરસ્પર પ્રેમ કરવાવાળાંને નમન.

૫૦. **રસજ્ઞ શિરોમણ્યૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
રસ જાણનારાઓમાં ઉત્તમ એવાને નમન.

૫૧. **કૃષ્ણ મુખ્યાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રીકૃષ્ણની મુખ્ય પટ્ટરાણીઓમાંનાં (એક) ને નમન.

૫૨. **કૃષ્ણક્રીડાશ્રયાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રીકૃષ્ણની લીલાના આશ્રયરૂપને નમન.

૫૩ **કૃષ્ણપદવી પ્રાપ્તિકાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રી કૃષ્ણના સ્થાનને પ્રાપ્ત કરાવનારાંને નમન.

૫૪ **કૃષ્ણસ્થિતાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રી કૃષ્ણમાં સ્થિતને નમન.

૫૫. **કૃષ્ણવાસ હૃદયાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રીકૃષ્ણનો વાસ જેમનાં હૃદયમાં છે તેમને નમન.

૫૬. **કૃષ્ણસ્થાયિભાવ સમુદ્ભાવાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રીકૃષ્ણનાં સ્થાયિભાવ (રતિ)માંથી ઉદ્ભવેલાને નમન.

૫૭. **કૃષ્ણમિલનૈકસ્થાન ભૂતાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રીકૃષ્ણને મળવાના મુખ્ય સ્થાન બનેલાંને નમન.

૫૮. **કૃષ્ણ સુખાર્થિન્યૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રીકૃષ્ણના સુખની ઈચ્છાવાળાને નમન.

૫૯. **કૃષ્ણકાર્ય પરાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
પ્રભુના કાર્ય (લીલા)માં તત્પરને નમન.

૬૦. **કૃષ્ણ ગોપી સહચર્યૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રીકૃષ્ણ અને ગોપીઓની સાથે રહેનારાંને નમન.

૬૧. **કૃષ્ણ સન્માન વર્ધિન્યૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રીકૃષ્ણના સન્માનને વધારનારાંને નમન.

૬૨. **કૃષ્ણ લીલાસ્થલ વિશોધકાય નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રીકૃષ્ણનાં લીલા સ્થળો શ્રીવૃંદાવનાદિને શુદ્ધ કરનારાંને નમન.

૬૩ **કૃષ્ણ ક્રીડા કંકુમાયુતાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
જલ વિહાર રત શ્રીકૃષ્ણના પ્રસાદી કુંકુમ ચંદન આદિથી યુક્તને નમન.

૬૪ **કૃષ્ણરસાતુરાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રીકૃષ્ણ સંબંધી રસ માટે આતુરતાવાળાંને નમન.

૬૫ **કૃષ્ણગોપીપૂજ્યદેવ્યૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**
શ્રીકૃષ્ણને પતિરૂપે પ્રાપ્ત કરવાની ઈચ્છાથી કુમારિકાઓએ જેમનું દેવીરૂપે પૂજન કરેલ છે તેમને નમન.

૬૬. **કૃષ્ણવ્રત ફલદાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

શ્રીકૃષ્ણના માટે વ્રત કરનારાઓને ફલ આપવાવાળાંને નમન.

૬૭. **કૃષ્ણલીલાર્થ માયાતાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

શ્રીકૃષ્ણની લીલા માટે જે ભૂતલ ઉપર પધાર્યાં તેમને નમન.

૬૮ **કૃષ્ણનીરધિસંગતાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

કૃષ્ણરૂપી આનંદસાગરમાં મળેલાંઓને નમન.

૬૯ **કૃષ્ણ પાદ સ્પર્શ કામાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

શ્રીકૃષ્ણના ચરણ સ્પર્શની કામનાવાળાંને નમન.

૭૦ **કૃષ્ણ માનસ સંશ્રિતાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

શ્રીકૃષ્ણના મનમાં વસનારાંને નમન.

૭૧ **કૃષ્ણ સક્તાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

શ્રીકૃષ્ણમાં આસક્તિવાળાંને નમન.

૭૨ **કૃષ્ણ ભક્તાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

શ્રીકૃષ્ણની ભક્તિવાળાને નમન.

૭૩. **કૃષ્ણ પ્રીત પ્રસાધિન્યૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

શ્રીકૃષ્ણમાં પ્રીતિ સાધનારાંને નમન.

૭૪. **કૃષ્ણાંઘ્રિરેણુ બહુલાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

શ્રીકૃષ્ણના ચરણકમળની રજ જેમાં અધિક છે તેમને નમન.

૭૫. **કૃષ્ણ સેવક સન્મુખાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

શ્રીકૃષ્ણના સેવકોની સન્મુખ બિરાજમાનને નમન.

૭૬. **કૃષ્ણભાવવિભાવ રોધસ્વદાસ પ્રકૃતિનાશિન્યૈ નમઃ**

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

શ્રીકૃષ્ણભાવ (ભગવદ્‌ભાવ)થી વિરુદ્ધ એવી પોતાના સેવકોની પ્રકૃતિનો નાશ કરનારાંને નમન.

મુકુન્દરતિવર્ધિની શ્રીયમુનાજી

૭૭. **શ્રીકૃષ્ણતુર્ય પ્રિયાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

શ્રીકૃષ્ણના ચોથા પ્રિયા (સ્વામિની)ને નમન.

૭૮. **આનંદ મૂર્તયે નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

આનંદની મૂર્તિને નમન.

૭૯ **કરુણા પૂરિતાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

દયા કરવાવાળાંને નમન.

૮૦. **સકલ સિદ્ધિહેતવે નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

સકલ સિદ્ધિને આપવાવાળાંને નમન.

૮૧. **ભક્તિ મુક્તિ દાત્ર્યૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

ભક્તિ મુક્તિ દેવાવાળાંને નમન.

૮૨. **સર્વ ફલદાયકાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

સર્વ ફલને દેવાવાળાંને નમન.

૮૩. **મનો મનોરથ પૂરિતાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

મનના મનોરથ પૂરવાવાળાંને નમન.

૮૪. **પરમકૃપાનિધયે નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

પરમ કૃપા નિધિવાળાને નમન.

૮૫. **અખિલ વિઘ્ન વિનાશન્યૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

બધા સંકટોનો નાશ કરવાવાળાંને નમન.

૮૬. **પતિત પાવન્યૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

પાપીને પાવન કરવાવાળાંને નમન.

૮૭. **શરણાગત પાલકાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

શરણે આવેલાનું પાલન કરવાવાળાંને નમન.

૮૮. **પતિત પક્ષ પાતાયૈ નમઃ** **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

પાપીનો પક્ષપાત કરવાવાળાંને નમન.

૮૯. ભ્રાતૃભવનશૂન્ય કરિણ્યૈ નમઃ **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

ભાઈના (યમના) ભવનને ખાલી કરવાવાળાંને નમન.

૯૦. સપ્તસાગર ભેદિન્યૈ નમઃ **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

સાત સમુદ્રને પાર કરવાવાળાંને નમન.

૯૧. ભવસિન્ધુતારણાયૈ નમઃ **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

ભવસાગરને તારવાવાળાંને નમન.

૯૨. દર્શનમાત્રાનન્દદાત્ર્યૈ નમઃ **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

ફક્ત દર્શન કરવાથી આનંદ દેવાવાળાંને નમન.

૯૩. નામ સ્મરણાઘનાશિન્યૈ નમઃ **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

નામ સ્મરણથી પાપનો નાશ કરવાવાળાંને નમન.

૯૪. અલૌકિક ફલદાત્ર્યૈ નમઃ **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

અલૌકિક ફળ દેવાવાળાંને નમન.

૯૫. સર્વદોષનાશિન્યૈ નમઃ **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

બધાં દોષોનો નાશ કરવાવાળાંને નમન.

૯૬. સર્વોદ્ધાર દક્ષાયૈ નમઃ **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

સર્વનો ઉદ્ધાર કરવામાં કુશળને નમન.

૯૭. બ્રહ્મસંબન્ધશ્રવણમાત્રાતિ હર્ષાય નમઃ

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

જીવને બ્રહ્મસંબંધ થયાનું સાંભળવા માત્રથી હરખાતાને નમન.

૯૮. લીલા દાન કર્ત્ર્યૈ નમઃ **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

લીલાનું દાન કરવાવાળાને નમન.

૯૯. બ્રહ્મદાયિન્યૈ નમઃ **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

પરબ્રહ્મ (એવા શ્રીકૃષ્ણને મેળવી) આપનારાને નમન.

૧૦૦. બ્રહ્માદિદુર્લભચરણ રેણવે નમઃ **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

બ્રહ્માદિને દુર્લભ એવા ચરણ રેણુંવાળાંને નમન.

૧૦૧. ત્રૈલોક્યાદ્ભુત સૌન્દાર્યાયૈ નમઃ **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

ત્રણે લોકના અદ્ભૂત સૌન્દર્યવાળાંને નમન.

૧૦૨ સાક્ષાત્ કેલિકલા મૂર્ત્યૈ નમઃ **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

સાક્ષાત્ ક્રીડા (લીલા) કળાના મૂર્તિરૂપને નમન.

૧૦૩. પરિહાસરસાર્ણવાયૈ નમઃ **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

વિનોદના રસસાગર એવાને નમન.

૧૦૪. કામશેખરાયૈ નમઃ **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

(શ્રીકૃષ્ણમાં) ઉત્તમ (અને ઉન્નત) પ્રેમ દર્શાવનારને નમન.

૧૦૫ કૃષ્ણવરૂંધનરતાયૈ નમઃ **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

શ્રીકૃષ્ણના સેવામાં હંમેશ રત એવાને નમન.

૧૦૬. જીવનાનંદ દરસિકાયૈ નમઃ **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

જીવનના આનંદમાં રસ લેનાર અને લેવડાવનારાને નમન.

૧૦૭. પૂર્ણાનંદકુતૂહલાયૈ નમઃ **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

પૂર્ણઆનંદ એવા શ્રીકૃષ્ણમાં (અત્યંત) કુતૂહલ ધરનારાને નમન.

૧૦૮. ક્રીડાતાંડવ પંડિતાયૈ નમઃ **॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥**

ક્રીડારૂપી તાંડવમાં અત્યંત કુશલને નમન.

॥ ઈતિ શ્રીહરિરાયજી કૃત શ્રીયમુનાજીની અષ્ટોત્તરશત નામાવલી સંપૂર્ણ ॥

ચલો સખી વહાં જાઈએ, જહાં વસે વ્રજરાજ
ગોરસ બેચન હરિ મિલે, એક પંથ દો કાજ
પંખજ હોય તો ઉડ મિલું, યહ ભકતનકી રીત,
જયોં જયોં સજ્જન સાંભરે, ત્યોં ત્યોં લાગત પ્રિત
શ્યામવરન ગિરિધર ધરન, ગોપીજન ચીતચોર,
શ્રી વ્રજરાજ કુંવર જાકે હિયમેં, વસે નાગર નંદ કિશોર.

૧૦. શ્રીયમુનાજી વિજ્ઞપ્તિ : નામાવલી-શ્રીહરિરાયજી કૃત

(નમ્ર નોંધ : દરેક નામાવલીના નામના "નમઃ" પછી અષ્ટાક્ષર મહામંત્ર "શ્રીકૃષ્ણઃ શરણં મમ" બોલવો.)

૧. કૃષ્ણાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
'કૃષ્ણા' એ નામવાળાંને નમન.

૨. કૃષ્ણસમાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
શ્રીકૃષ્ણના જેવાંને નમન.

૩. કૃષ્ણરૂપાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
શ્રીકૃષ્ણના જેવા સ્વરૂપવાળાંને નમન.

૪. કૃષ્ણરસાત્મિકાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
શ્રીકૃષ્ણના રસાત્મકરૂપને નમન.

૫. કૃષ્ણલીલામૃતજલાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
શ્રીકૃષ્ણ જલક્રીડા માટે અમૃતજલવાળાંને નમન.

૬. કૃષ્ણસંબંધકારિણ્યૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
શ્રીકૃષ્ણનો સંબંધ ધરાવનારાંને નમન.

૭. કૃષ્ણપ્રિયાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
શ્રીકૃષ્ણના પ્રિયા (સ્વામિનીજી) ને નમન.

૮. કૃષ્ણક્રીડાશ્રયાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
શ્રીકૃષ્ણની ક્રીડા (લીલા)ના રૂપને નમન.

૯. કૃષ્ણ મુખ્ય રસ સંગમદાયિન્યૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
શ્રીકૃષ્ણના મુખ્ય રસ - સંયોગસુખને આપનારાંને નમન.

૧૦. કૃષ્ણપદવીપ્રાપ્તિકાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
શ્રીકૃષ્ણના સ્થાનને પ્રાપ્ત કરાવનારાંને નમન.

૧૧. કૃષ્ણં સ્થિતાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
શ્રીકૃષ્ણમાં સ્થિતને નમન.

૧૨. કૃષ્ણવાસહૃદયાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
શ્રીકૃષ્ણનો નિવાસ જેમના હૃદયમાં છે તેમને નમન.

૧૩. કૃષ્ણકામુકાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
શ્રીકૃષ્ણની ચાહના કરનારાંને નમન.

૧૪. કૃષ્ણપ્રિયપ્રિયાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
શ્રીકૃષ્ણના પ્રિયા જે વ્રજભક્તો, તેમના અત્યંત વ્હાલાંને નમન.

૧૫. કૃષ્ણસ્થાયિભાવસમુદ્‌ભાવાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
શ્રીકૃષ્ણના સ્થાયિભાવ (રતિ)માંથી ઉદ્‌ભવેલાંને નમન.

૧૬. કૃષ્ણમિલનૈક સ્થાનભૂતાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
શ્રીકૃષ્ણને મળવાના મુખ્ય સ્થાન બનેલાંને નમન.

૧૭. કૃષ્ણસુખાર્થિન્યૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
શ્રીકૃષ્ણના સુખની ઈચ્છાવાળાંને નમન.

૧૮. કૃષ્ણ ગોપીસહચર્ય્યૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
શ્રીકૃષ્ણ અને ગોપીઓની સાથે રહેનારાને નમન.

૧૯. કૃષ્ણસન્માનવર્દ્ધિન્યૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
શ્રીકૃષ્ણના સન્માનને વધારનારાને નમન.

૨૦. કૃષ્ણકાર્યપરાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
પ્રભુના કાર્ય (લીલા)માં તત્પરને નમન.

૨૧. કૃષ્ણલીલાસ્થલવિશોધિકાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
શ્રીકૃષ્ણનાં લીલાસ્થળો શ્રીવૃંદાવનાદિને શુદ્ધ કરનારાંને નમન.

૨૨. કૃષ્ણક્રીડાકુંકુમાદિયુતાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
જલ વિહારરત શ્રીકૃષ્ણના પ્રસાદી કુંકમ ચંદનાદિથી યુક્તને નમન.

૨૩. કૃષ્ણરસાતુરાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
શ્રીકૃષ્ણ સંબંધી રસ માટે આતુરને નમન.

૨૪. કૃષ્ણગોપીપૂજ્યદેવ્યૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

શ્રીકૃષ્ણને પતિરૂપે પ્રાપ્ત કરવાની ઈચ્છાથી અગ્નિ કુમારિકાઓએ જેમનું દેવીરૂપે પૂજન કરેલ છે તેમને નમન.

૨૫. કૃષ્ણવ્રતફલપ્રદાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

શ્રીકૃષ્ણના માટે વ્રત કરનારાંઓને ફલ આપનારાંને નમન.

૨૬. કૃષ્ણલીલાર્થમાયાતાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

શ્રીકૃષ્ણની લીલા માટે જે ભૂતલ ઉપર પધાર્યા તેમને નમન.

૨૭. કૃષ્ણનીરધિસંગતાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

કૃષ્ણરૂપી આનંદસાગરમાં મળેલાં શ્રીયમુનાજીને નમન.

૨૮. કૃષ્ણપાદસ્પર્શકામાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

કૃષ્ણના ચરણસ્પર્શની ઈચ્છાવાળાને નમન.

૨૯. કૃષ્ણમાનસસંશ્રિતાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

શ્રીકૃષ્ણના મનમાં વસનારાંને નમન.

૩૦. કૃષ્ણાસક્તાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

શ્રીકૃષ્ણમાં આસક્તિવાળાંને નમન.

૩૧. કૃષ્ણપ્રીતિપ્રસાધિન્યૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

શ્રીકૃષ્ણના ભક્તજનોની શ્રીકૃષ્ણમાં પ્રીતિ સાધનારાંને નમન.

૩૨. કૃષ્ણાંઘ્રિરેણુબહુલાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

શ્રીકૃષ્ણના ચરણકલમની રજ જેમાં અધિક છે તેમને નમન.

૩૩. કૃષ્ણસેવક સન્મુખાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

શ્રીકૃષ્ણના સેવકોની સન્મુખ બિરાજમાનને નમન.

૩૪. કૃષ્ણભાવવિરોધિસ્વદાસપ્રકૃતિનાશિન્યૈ નમઃ

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

શ્રીકૃષ્ણ વિષયક ભાવથી વિરૂદ્ધ એવા પોતાના સેવકોની પ્રકૃતિનો નાશ કરનારાંને નમન.

૩૫. નમામિયમુનાકૃષ્ણતુર્યપ્રિયતમાયૈ નમઃ ॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

શ્રીકૃષ્ણના ચતુર્થ સ્વામિનીજી શ્રીમહારાણીજીને નમન.

॥ ઈતિ શ્રીહરિદાસોક્તા શ્રયમુના વિજ્ઞપ્તિઃ નામાવલી સમાપ્ત ॥

૧૧. લલિત સ્તોત્ર (શ્રીયમુના સ્તવન)

(છંદ : ભુજંગપ્રયાત)

નમો શ્રીયમુને મહારાણી દેવી;
સૂરા સૂર બ્રહ્માદિ શિવાદિક દેવી. ૧
ધ્રુવાદી થયા ધ્રુવ ધામે નિવાસી;
પ્રિયા ગોપિકા કૃષ્ણ, થૈ આપ દાસી. ૨
સરીતા સહુ સ્વામિની શ્રેષ્ઠ ગંગે;
મહાસિદ્ધિ પામી તમારે પ્રસંગે. ૩
અહો અત્ય અદ્ભુત મ્હૈમા શું ભાખું ?
સમુદ્રેથિ બિંદુ સમૂં જલ્પિ દાખું. ૪
થયૂં હોય જેણે પયઃ પાન માતા !
કહા તેહનેં યમ્મ ન્હૈ દુખ્ખ - દાતા. ૫
કદા દુષ્ટ તોહે સ્વસા-સૂત કહાવે;
વિચાર્યું યમેં, યાતનામાં ન આવે. ૬
કર્યે સ્નાન નિશ્ચે નવો દેહ થાયે;
તદા યોગ્યતા સેવવા કૃષ્ણ રાયે. ૭
જગત્પાવની જાહ્નવી વેદ વાણી;
શિવેશીશ રાખી પરાપૂત જાણી. ૮
ત્રિવિક્રમ્મ પાદોદકી એજ હેતુ;
સદાનંદ શ્રીકૃષ્ણ તે મૂલ કેતુ. ૯
સ્વીજા ! તમો તે તણાં પટ્ટરાણી;
શકુ ક્યેમ કીર્તી તમારી વખાણી ! ૧૦
પતિ નામ છે કૃષ્ણ, કૃષ્ણા ! તમારૂં;
રૂપે એક વસ્તુ, કશું છે ન ન્યારૂ. ૧૧

રંગે શામળા, સ્નાનથી શ્વેત પ્રાણી;
વડું એજ આશ્ચર્ય અદ્‌ભુત કહાણી. ૧૨
કૃપા સાગરી નાગરી જક્તમાતા;
હરી વલ્લભા ઈશ્વરી ભદ્ર - દાતા ! ૧૩
સદા સપ્ત સિંધૂ થકી નીર ન્યારૂં,
બણે કોણથી કર્મ અદ્‌ભુત તમારૂ ? ૧૪
નદી નવ્વેશેને નવાંણૂ ન્હવાયે;
સમૂ પુણ્ય ગંગાવરાં ! એક ન્હાયેં. ૧૫
વિધિ કલ્પ ગંગા ભજે મન્ન ગાત્રે;
ફળે યુક્ત તે યામુના-સ્મર્ણ માત્રે. ૧૬
મિનાદી રૂપેં કાલિંદ-કં-નિવાસી;
થિયા જીવ જે પૂર્વ મ્હા પુણ્ય રાશિ. ૧૭
ગિરા ગોમતી ગૌતમી નર્મદાજી;
ભિમા ગલ્લકી સર્યુ આદીક રાજી. ૧૮
કુરૂક્ષેત્ર કાશી ગયા પુષ્કરાદી;
વસે નૈમિષારણ્ય જથ્હાં બ્રહ્મવાદી. ૧૯
નદી તીર્થ ઈત્યાદી સંગે સમાજા;
તમોમાં કરે સ્નાન પ્રાયાગ રાજા. ૨૦
ઘણા જન્મનાં પાપ મ્હા ઓધ કાપે;
કદા વર્ણ કો નામ યામી અલાપે. ૨૧
ધરે પાય તે પૃથ્થવી પૂત માનુ;
કુળેં યુક્ત પાવન્ન ત્યાં ચિત્ર શાનું ? ૨૨
કરે સ્નાન સ્હૌ તીર્થમાં નિત્ય કોઈ
કુહ્રૂ પુણ્ય તે તીર્થ રાજે થિ હોઈ. ૨૩

રવિ પર્વ કોટીક સિંધુ ભજયેથી;
મળે તેટલુ પુણ્ય કૃષ્ણા - રજેથી. ૨૪
નદી ક્ષેત્ર સ્હૌ તીર્થ પ્રત્યેક સાધે;
અયૂતા શબ્દથી જેટલું પૂણ્ય લાધે. ૨૫
પરીક્રમ્મ પંચાશ કોટી ફરેથી;
ફળે પુણ્ય તે 'મથુરા' સાંભરેથી. ૨૬
મધુપુર ગોકુળ વૃંદાવને વા;
વસે પ્રાણિતે પ્રાણ પ્રાણેશ લ્હેવા. ૨૭
વડૂં મ્હાત્મ સ્નેજયેં વસી માત્ર રહેવું;
વસી, 'કૃષ્ણ-કૃષ્ણા' ભજે તો શું કહેવું. ૨૮
તટે રાસ ક્રીડા સદા કૃષ્ણ - ગોપી;
'લીલા લાડિલી-લાલ' એકાંત ઓપી. ૨૯
જયહાં વૃક્ષ-વૃક્ષે વસ્યા વેણું પાણી;
'પત્રે-પત્ર' ચો ભુજ વેદ વાણી. ૩૦
અલૌકિક આનંદ - દાતાર માજી !
'દયો દાસ મ્હેરો' મુખ કહોનિ ગાજી. ૩૧

ફળશ્રુતિ

ભણે વા સુણે 'સ્તોત્ર' આ પ્રેમ આણી;
કૃપા દ્રષ્ટિ ત્હેંને કરેં 'કૃષ્ણ—રાણી.' ૩૨

ઈતી શ્રીયમુનાજીનું લલિત સ્તોત્ર શ્રીમત્કૃષ્ણજન - કવિ દયારામ કૃત
સંપૂર્ણમ્
॥ શુભં ભવતુમ્ ॥

૧૨. શ્રી યમુનાષ્ટક સંપુટી પાઠ

કૃપાજલધિસંશ્રિતે મમ મનઃસુખં ભાવય ।
નમામિ યમુનામહં સકલ સિધ્ધ હેતું મુદા
મુરારિપદપંકજ સ્ફુરદમન્દરેણુત્કટામ્ ।
તટસ્થનવકાનન પ્રકટગંડપુષ્પામ્બુના
સુરાસુરપૂજિતસ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્ ॥
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃસુખં ભાવય ॥૧॥
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃસુખં ભાવય ।
કલિન્દગિરિમસ્તકે પતદમન્દપૂરોજ્જવલા
વિલાસગમતોલ્લસત્ - પ્રકટગંડશૈલોન્નતા ।
સઘોષગતિદન્તુરા સમધિરૂઢદોલોત્તમા ।
મુકુન્દરતિવર્ધિની, જયતિ પદ્મબંધોઃ સુતા ॥
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃસુખં ભાવય ॥૨॥
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃસુખં ભાવય ।
ભુવં ભુવનપાવની મધિગતામનૈકસ્વનૈઃ
પ્રિયાભિરિવ સેવિતાં, શુકમયુરહંસાદિભિ ।
તરંગભુજકંકણ - પ્રકટમુક્તિકાવાલુકા ॥
નિતમ્બતટસુન્દરી, નમત કૃષ્ણતુર્યપ્રિયામ્ ॥
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃસુખં ભાવય ॥૩॥
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃસુખં ભાવય ।
અન્નતગુણભૂષિતે, શિવ વિરંચિ દેવસ્તુ તે
ધનાધનનિભે સદા ધ્રુવપરાશરાભીષ્ટદે ।
વિશુદ્ધમથુરાતટે, સકલગોપગોપીવૃત્તે
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃસુખં ભાવય ॥
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃસુખં ભાવય ॥૪॥
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃસુખં ભાવય ।

યયા ચરણપદ્મજા, મુરરિપોઃ પ્રિયંભાવુકા
સમાગમનતોડભવત્, સકલસિદ્ધિદા સેવતામ્ ।
તયા સદશતામિયાત્, કમલજા સપત્નીય યત્
હરિપ્રિયકલિન્દયા, મનસિમે સદા સ્થીયતામ્ ॥
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃસુખં ભાવય ॥૫॥
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃસુખં ભાવય ।
નમોસ્તુ યમુને સદા, તવ ચરિત્રમત્યદ્‌ભુતં
ન જાતુ યમયાતના, ભવતિ તે પયઃપાનત ।
યમોપિ ભગિનીસુતાન્ કથમુહન્તિ દુષ્ટાનપિ
પ્રિયો ભવતિ સેવનાત્, તવ હરેર્યથા ગોપીકાઃ ॥
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃસુખં ભાવય ॥૬॥
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃસુખં ભાવય ।
મમાસ્તુ તવ સન્નિધૌ, તનુનવત્વમેતાવતા
ન દુર્લભતમા રતિમુરરિપૌ મુકુન્દપ્રિયે ।
અતોસ્તુ તવ લાલના, સુરધુની પરંસંગતમાત્
તવૈવ ભુવિ કીર્તિતા, નતુ કદાપિ પુષ્ટિસ્થિતૈ ।
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃસુખં ભાવય ॥૭॥
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃસુખં ભાવય ।
સ્તુતિં તવ કરોતિ કઃ કમલજાસપત્નિ પ્રિયે
હરેર્યદનુસેવયા, ભવતિ સૌખ્યમામોક્ષત ।
ઈયં તવ કથાધિકા, સકલગોપિકાસંગમ
સ્મરશ્રમજલાણુભિઃ સકલગાત્રજૈઃ સંગમ
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃસુખં ભાવય ॥૮॥
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃસુખં ભાવય ।
તવાષ્ટકમિદં મુદા પઠતિ સૂરસૂતે સદા
સમસ્તદુરિતક્ષયો ભવતિ વૈ મુન્કદે રતિઃ ।
તયા સકલસિધ્ધયો મુરરિપુશ્ચ, સંતુષ્યતિ
સ્વભાવવજિયો ભવેત્ વદતિ વલ્લભઃ શ્રીહરેઃ
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃસુખં ભાવય ॥૯॥

॥ શ્રી યમુનાષ્ટક સંપુઠી સ્તોત્રં સંપૂર્ણમ્ ॥

૧૩. શ્રીયમુના કવચ

(અધ્યાય - ૧૬)

માંધાતા ઉવાચ - માંધાતા રાજા બોલ્યા

યમુનાયાઃ કૃષ્ણરાજ્ઞાઃ કવચં સર્વતોમલમ્

દેહિમહ્યંમહાભાગ ધારયિષ્યામ્યંહ સદા ॥૧॥

હે મહાભાગ્યશાળી મુનિ, આપ મને શ્રીકૃષ્ણની પટરાણી શ્રીયમુનાનું સર્વથા નિર્મલ કવચનો ઉપદેશ કરો જે હું નિરંતર ધારણ કરીશ. (૧)

સૌભરિ ઉવાચ - સૌભરિ બોલ્યા

યમુનાશ્ચ કવચં સર્વરક્ષાકરં નૃણામ્ ।

ચતુષ્પદાર્થદં સાક્ષાચ્છૃણુ રાજન મહામતે ॥૨॥

હે મહાબુધ્ધિમાન રાજા, શ્રીયમુનાજીનું કવચ મનુષ્યોની સર્વ પ્રકારે રક્ષા કરનાર અને ચારે પદાર્થોને આપનાર છે. તે સાક્ષાત સાંભળો (૨)

કવચને ધારણ કરવાની રીતે

કૃષ્ણાં ચતુર્ભુજાં શ્યામાં પુંડરીકદલેક્ષણામ્ ।

રથસ્થાં સુંદરી ધ્યાત્વા ધારયેત્ કવચં તતઃ ॥૩॥

ચાર ભુજાઓવાળા, શ્યામવર્ણયુક્ત, કમલદલ સમાન સુંદર નેત્રોવાળા અને રથમાં બિરાજેલા એવા શ્રીયમુનાજીનું ધ્યાન ધરી કવચને ધારણ કરવું. (૩)

સ્નાતઃ પૂર્વમુખો મૌની કૃતસંધ્યઃ કુશાસને ।

કુશૈર્બધ્ધશિખો વિપ્રઃ પઠેદ્ વૈ સ્વસ્તિકાસન ॥૪॥

સૌ પ્રથમ સ્નાન કરી, પૂર્વદિશા તરફ મોં રાખી દર્ભાસન ઉપર બેસવું દર્ભોથી શિખાને બાંધી સંધ્યાવંદન કર્યા પછી બ્રાહ્મણે સ્વસ્તિકાસન પર બેસી શ્રીયમુના કવચનો પાઠ કરવો. (૪)

યમુના મે શિરઃ પાતુ કૃષ્ણા નેત્રદ્વયં સદા ।

શ્યામાભ્રૂભંગદેશં ચ નાસિકાં નાકવાસિની ॥૫॥

હે શ્રીયમુનાજી ! આપ મારા મસ્તકની રક્ષા કરો. હે કૃષ્ણા ! આપ સદા મારા બંને નેત્રો નીરક્ષા કરો હે શ્યાપ આપ મારી બે ભ્રુકટીઓની રક્ષા કરો. હે નાકવાસિની ! આપ મારી નાસિકાની રક્ષા કરો. (૫)

કપોલૌ પાતુ મે સાક્ષાત્ પરમાનંદરૂપિણી ।

કૃષ્ણવામાંસસંભૂતા પાતુ કર્ણદ્વયં મમ ॥૬॥

હે સાક્ષાત પરમાનંદરૂપા ! આપ મારા બંને કપોલની રક્ષા કરો. હે શ્રીકૃષ્ણના વામ (ડાબા) શ્રીઅંગમાંથી પ્રગટ થયેલા શ્રીયમુનાજી ! આપ મારા બંને કાનોની રક્ષા કરો. (૬)

અધરૌ પાતુ કાલિંદી ચિંબુકં સૂર્યકન્યકા ।

યમસ્વસા કંધરાં ચ હૃદયં મે મહાનદી ॥૭॥

હે કાલિન્દી ! આપ મારા બંને હોઠની રક્ષા કરો. હે સૂર્યકન્યા આપ મારા ચિબુક (હડપચી)ની રક્ષા કરો. હે યમની બહેન ! આપ મારી કંધરા (ગ્રીવા) ની રક્ષા કરી અને હે મહાનદી ! આપ મારા હૃદયની રક્ષા કરો. (૭)

કૃષ્ણપ્રિયા પાતુ પૃષ્ઠં તટિની મે ભુજવ્દયમ્ ।

શ્રોણીતટં ચ સુશ્રોણી કટિ મે ચારુદર્શના ॥૮॥

હે કૃષ્ણપ્રિયા ! આપ મારા પૃષ્ઠ ભાગની રક્ષા કરો. હે તટીની ! આપ મારી બે ભૂજાઓની રક્ષા કરો હે સુશ્રોણી ! આપ મારા શ્રોણીતટ (નિતંબ)ની રક્ષા કરો. ચારુદર્શના ! આપ મારા કટિપ્રદેશની રક્ષા કરો. (૮)

ઊરુદ્વયં તુ રંભોરૂર્જાનુની ત્વંધ્રિભેદિની ।

ગુલ્ફો રાસેશ્વરી પાતુ પાદૌ પાપાપહારિણી ॥૯॥

હે રંભોરૂ ! આપ મારા બે ઊરૂ (સાથળ) ની રક્ષા કરો. હે અંધ્રિભેદિના ! આપ મારા બે ગોઠણોની રક્ષા કરો. હે રાસેશ્વરી ! આપ મારી બે ઘૂંટીઓની રક્ષા કરો. હે પાપહારિણી ! આપ મારા બે ચરણોની રક્ષા કરો. (૯)

૧૪. અષ્ટસિદ્ધિઓનું નિરૂપણ

શ્રી યમુના કો નમન કરીએ, હરખી સકલ સિદ્ધિ અષ્ટ હી પૈયે,
લૌકિક દેહ યહી સેવા કો, એક અલૌકિક રૂપ હી પૈયે. ૧

લીલા દર્શન **દૂસરી** સિદ્ધિ, કાલિંદી રતિવર્ધિની કહીએ,
સો રસ અનુભવરૂપ **તીસરી**, ભુવન પાવની તાતેં કહીએ. ૨

સર્વાત્મભાવ સિદ્ધિ હેં **ચૌથી**, અનંત ગુણ ભૂષણ પૈયે,
સો સેવા આધીન પ્રાનપતિ, મનમેં સુખભાવન કરી લૈયે. ૩

આદિ પદતેં ચરણપદ્મજા, મુરરિપુ કી પ્રિય ભાવુક કહીએ,
વિપ્રયોગમેં અંતર પ્રાગટ્ય, કૃષ્ણભાવન સિદ્ધિ **પંચમી** કહીએ. ૪

સિદ્ધિ **છઠ્ઠી** હે લીલા દર્શન, અંતરદ્રષ્ટિ કરી પૈયે,
નમન કરત હી સદા યમુના, ગોપિકાવત પ્રિય હી પૈયે. ૫

સિદ્ધિ **સાતવી** ભાવરૂપ કરિ, રસ અનુભવ હી પૈયે,
સાન્નિધ્ય તિહારે સ્તુતિ કો ગાન કરી, ભાવ દ્રઢ કરી લૈયે. ૬

સિદ્ધિ **અષ્ટમી** પ્રાગટ્ય હરિ કો, અંતર અનુભવ કરિયે,
હરિ સેવા ફિર અનુભવ કરિ કેં, મોક્ષ લોં સર્વ સુખ પૈયે. ૭

યહી કથા શ્રી યમુનાજી કી, સકલ ગોપિકા સંગમ કહિયે,
મર્દન શ્રમજલકણ કરિ કે, સકલ અંગ રસ પૈયે. ૮

યહ અષ્ટક હરિરૂપ કથનમેં, સેવાફલ લોં પૈયે,
મુરરિપુ પ્રસન્ના હુવે હૈ, સ્વભાવ વિજય કર લૈયે. ૯

ભાવવૃદ્ધિ પ્રભુ વિરહ દે કે, કરે હેં યમુના સ્વામિ સ્મરણ તેં,
શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલ સુરતુર, બ્રહ્મસંબંધ કરાવન તેં. ૧૦

કહી કથા યહ શ્રી 'હરિરાય' હી, શ્રીમુખકમલ મકરંદ તેં,
સો હી જશ મકરંદ કોં લે, જીવેં મધુપરસ ગુનગાન તેં. ૧૧

પુષ્પ-૨ : સ્તુતિ/વિનંતી

૧. શ્રી યમુના મહારાણીજીને વિનંતી

મન મારું લલચાય, મહારાણીજીને નીરખવા મન મારું લલચાય
વ્રજ ભૂમિનાં સુખ શાં કહીએ
જન્મ મરણ ટળી જાય - મહારાણીજીને નીરખવા
ગોકુલિયાની ગલીએ રે ગલીએ
મોરના ટહુકા થાય - મહારાણીજીને નીરખવા
જશોદા ઘાટે આનંદ સાગર
ઈંચોને કીર્તન થાય - મહારાણીજીને નીરખવા
ઠકરાણી ઘાટે બેઠક સુંદર
પાન કરવાને સહુ જાય - મહારાણીજીને નીરખવા
જગમોહનમાં બેઠક સુંદર
ચરણ સ્પર્શ કરવાને સહુ જાય - મહારાણીજીને નીરખવા
ગોકુલનાથજીના મંદિર મોટા
દર્શન કરવાને સહુ જાય - મહારાણીજીને નીરખવા
વલ્લભઘાટની શોભા શી કહીએ
ત્યાં તો મહદ ભગવદીઓનો વાસ- મહારાણીજીને નીરખવા
વૃંદા તે વનની કુંજગલીમાં
સામા મળ્યા નંદલાલ - મહારાણીજીને નીરખવા
બંસી તે બટની શોભા શી કહીએ
નિત્ય નિત્ય રાસ ત્યાં થાય - મહારાણીજીને નીરખવા
ચંદ્ર સરોવરની અખંડ લીલા
અવિચળ આપોને ત્યાં વાસ - મહારાણીજીને નીરખવા
ગોવર્ધનનો મહિમા છે મોટો
ધ્યાન સદા ત્યાં રાખ - મહારાણીજીને નીરખવા
રમણ રેતીને ગોપકૂવો છે.
વ્હાલો મારો ધેનું ચરાવાને ત્યાં જાય-મહારાણીજીને નીરખવા
ગોપાલદાસને ગોકુલ બિહારી
કૃષ્ણદાસ હરિનાગુણ ગાય - મહારાણીજીને નીરખવા

૨. રસ સ્વરૂપ-શ્રી યમુનાજીને (સ્તુતિ)

હે, શ્રી યમુનાજી, નિજજન જાણી ક્યારે કૃપા કરશો ? કૃપા કરી શ્રીઠાકોરજી અને શ્રી સ્વામિનીજીનો સંબંધ ક્યારે કરાવશો ? આપના વિના સંબંધ કોણ કરાવી શકે ? આપની કૃપા થાય તો જ સંબંધ થાય. કૃપા કરી રસદાન ક્યારે કરાવશો ? અધરામૃતનો આસ્વાદ ક્યારે લેવરાવશો ? લીલાના દર્શન ક્યારે કરાવશો ? મારી સામે ક્યારે ભાળશો ?

હે શ્રી યમુનાજી ! તમે તો મારા 'મા' જ ... શુધ્ધ કરી પિતાને સોંપે માતા તો અશુધ્ધનેય સંઘરે અને શુધ્ધને યે સંભાળે ! માતાને તો બંન્ને સરખા. તેમાં અશુધ્ધ પર વધારે વહાલ ! અશુધ્ધને શુધ્ધ કરવાની જ ઈચ્છા. તનુતત્વ બનાવવાની જ ભાવના તો જ ભજનાનંદે મસ્ત બનાય.

હે, શ્રી યમુનાજી ! કૃપા કરીને એવો ક્યારે બનાવશો ? તમારી કૃપા હશે તો બધું થશે, સંબંધ થશે. નૂતન તનુ મળશે. અધરામૃત પીવાશે. રસાનંદ મળશે. ભજનાનંદે મસ્ત બનાશે. મા ! આપ કૃપા નહી કરો તો પછી કોણ કરશે ? આપ વહારે નહીં ધાવ તો પછી કોણ સંભાળશે ? મા ! બાળક સામું જુઓ. એટલું જ માંગું છું.

હે ! શ્રી યમુનાજી ભગવદ્ લીલાનાં આનંદનો અનુભવ ક્યારે કરાવશો ? ભાવાત્મક સ્વરૂપ અને ભાવાત્મક સ્વરૂપની ભાવાત્મક લીલાઓને ક્યારે હૃદયે પધરાવશો ? સર્વાત્મભાવનું દાન ક્યારે કરશો અને કરાવશો ? ભગવત વિહારી ક્યારે બનાવશો ? જ્યાં જ્યાં જાઉં ત્યાં ત્યાં તમારાં શ્રી ઠાકોરજીનાં, શ્રી સ્વામીજીના અને સમસ્ત લીલા પરિકરના જ દર્શન થયા કરે એવું દાન ક્યારે કરાવશો ? હૃદયે પધરાવી શકાય એવું હૃદય ક્યારે બનાવશો ? રાત-દિવસ તમારા બધાનું રટણ કર્યા જ કરૂં એવો ક્યારે બનાવશો ? ક્ષણે ક્ષણે તમારા બધાના દર્શનની તાલાવેલી જાગ્યા જ કરે એવું જીવન ક્યારે જીવાડશો ?

હે શ્રી યમુનાજી ! ભગવદ્ભાવવાળો ક્યારે બનાવશો ભગવત રસમાં મસ્ત ક્યારે બનાવશો. મારો અંગિકાર ક્યારે કરશો ને કરાવશો ? શ્રી ઠાકોરજી,

શ્રી સ્વામિનીજી અને બધાએ લીલા પરિકર મારો અંગિકાર કરે એવો ક્યારે બનાવશો ? તમારા બધાના સુખનો વિચાર કરતો ક્યારે કરશો ?

હે શ્રી યમુનાજી ! ચંચળ ચિત્તને તમારા બધામાં ક્યારે જોડશો ? તમારા બધાના સ્વરૂપાનંદનું દાન ક્યારે કરશો અને કરાવશો ? તમારા બધાનો દ્રઢાશ્રવીક્યારે બનાવશો ? હે મા ! દોષ, કોષ સામું ન જોશો. એ તો તમો ધારો તો એક જ પળમાં ખાખ કરી નાખો, એક જ પળમાં તનુનવત્વ બનાવી દો, એક જ ઘડીમાં નૂતન તનુ આપી દો. કૃપા કરી નિર્દોષ બનાવો તનુનવત્વ બનાવો. નૂતન તનુ આપો. કૃપા કરે તેવો બનાવો. સૌને સોંપો, સૌની સર્વાત્મભાવે સેવા કરૂં એવો બનાવો. સૌની લીલામાં પ્રવેશ કરાવો સૌની લીલાના દર્શન કરાવો સૌના ગુણ ગવડાવો. સૌના મહાત્મ્યનો પ્રશંસક બનાવો સૌની લીલાનો અનુભવી બનાવો સૌની લીલાનો ઉપયોગી થાઉં એવો બનાવો. સૌના રસનું પાન કરાવો સૌનો સંગ મેળવી આપો. સૌની પાસે રાખો.

હે ! શ્રી યમુનાજી ! હું સ્વાભાવિક દુષ્ટ છું. સ્વાભાવિક દુષ્ટ સ્વભાવને જીતી શકું એવું બળ આપો, સન્મતિ આપો. દુર્ગતી ટાળો તમને બધાને હું ઘણો વહાલો થાઉ અને તમે બધા મને ઘણા વહાલા થાઓ એવો બનાવો. તમારા બધાનું સાચું શરણ આપો. તમે બધાં તો કૃપા કરી શકો માટે દીનતાનું દાન કરો. તમારા બધાનો દ્રઢ નિશ્ચયી બનાવો. તમારા બધાનો ગુણગાની બનાવો તમારા બધાનું નામ મારે મોઢેથી એક ક્ષણ પણ ન ખસે એવો બનાવો. તમારા બધાનું રટણ રાતદિન ચાલ્યા જ કરે એવી કૃપા કરો.

હે, શ્રી યમુનાજી ! તમારા બધાના દર્શન અને મિલનમાં સંયોજન અને સ્મરણમાં, તમારી બધાની લીલાઓના દર્શન અને સંયોજનમાં રમણ એ અનુભવમાં જે જે અંતરાયો આવતા હોય તે દૂર કરો, જે તૃષ્ણા ઉઠતી હોય તે દાબી દો. જે જે કુંભાવ આવતા હોય તેનો નાશ કરો. જે જે કુવાસ્ના ઉત્પન્ન થતી હોય તેનો સમુળગો નાશ કરો. ખરાબ કરણીથી રંગાયેલાનો ઉધ્ધાર કરો. કામ-ક્રોધ વિગેરેથી બચાવો દુસંગથી ઉગારો.

હે યમુનાજી ! મારી સર્વે ચિંતાઓનો સમુળગો નાશ ક્યારે, કરશો, ચિંતા એક જાતની છે ? જીવ સ્વભાવે ચિંતા થાય તેનું શું ? બધા કરતા સ્વભાવ

જ ફેરવી નાંખો, ઝટ તમારી પાસે બોલાવો, પછી કશું કરવાનું નહીં રહે માયા મમતા ઝટપટ છોડાવો. નિજાનંદનું દાન આપો. હું તો છેક નિઃસાધની છું. તન, મન ધનથી અયોગ્ય કાર્ય થયા કરે છે. તમારી સેવાયે થતી નથી. તમારૂં સ્મરણે યે થતું નથી. તો પછી ચિંતનની વાત જ શી કરવી ?

હે મા ! જેવો તેવો તમારો પુત્ર છું. જેમ તેમ પામો સંતાપ હરો, દુઃખ ફેડો. સ્વભાવ પર વિજય મેળવી આપો. કૃપા કરી મનોરથ પૂર્ણ કરો હૃદયમાં વસો, એક વખત કહો કે તું મારો પુત્ર અને હું તારી મા.

હે શ્રી યમુનાજી સેવાનો રસિયો ક્યારે બનાવશો. સોળે શણગાર ધરતા ક્યારે શીખવશો ? જાતજાતની સામગ્રી સિધ્ધ કરી ભાવભર્યા ભાવથી ધરી, આરોગાવાનો એવો અવસર ક્યારે લાવશો. આનંદભેર ક્યારે આરોગશો ? તમારી આરતી ઉતારવાનો લાભ ક્યારે આપશો ? તમારા ઓવારણા લીધા જ કરૂં. એવો મસ્ત ક્યારે બનાવશો ? હે શ્રી યમુનાજી ! હું કશું યે માંગતો નથી. તમારૂં રટણ કરાવો, ત્રણે તાપને હરો. તમારા સ્વરૂપનું સ્મરણ કરાવો, તમારા ચરિતનું ચિંતન કરાવો, ગુણગાન સાંભળ્યા જ કરૂં. એવો અવસર મેળવી આપો. તમારા સ્વરૂપને નિરખ્યા જ કરૂં એવો અવસર મેળવી આપો. કૃપા કરી, શ્રીનાથજીનો મેળ કરાવો, શ્રી યમુનાજી પાસે વરણ કરાવો એટલું જ બહુ છે.

કૃપાની બાબતમાં શ્રી યમુનાજીની તોલે કોઈ ન આવે. તેથી જ તે કૃપા સાગર છે. માતા બાળક પર. અકારણ કૃપા વરસાવે તેમ શ્રી યમુનાજી જીવો પર સદા કૃપા વરસાવે આવા કૃપાનિધિ શ્રી યમુનાજી પાસે શ્રી હરિરાયચરણ માગે છે મને દીન રંક જાણીને તમારા ચરણમાં સદા શરણે રાખો જેથી જન્મ મરણથી આપત્તિ આવે જ નહીં. જેમ સમુદ્રથી તેની લહેર અલગ ન થાય તેમ હું પણ આપનાથી અલગ ન થાઉં.

ચૈત્ર સુદ છઠ એટલે શ્રી યમુનાજીનો પ્રાકટ્ય દિન આપણે પણ શ્રી યમુનાજી પાસે આ જ વિનંતી કરતા, તેમના ચરણકમળોમાં દીનભાવે દંડવત્ કરીને સદાયે ચિત્તમાં એમનું શરણ, સ્મરણ, રાખી-ચરણમાં રહીએ.

- શ્રી હરિરાયજીકૃત શિક્ષાપત્રના આધારે

૩. શ્રી યમુનાજીની સ્તુતિ

શ્રી કૃષ્ણના ચરણારવિંદની, રજ થકી શોભી રહ્યાં,
સિદ્ધિ અલૌકિક આપનારાં; વંદુ શ્રી યમુનાજીને.
સુપુષ્પની સુવાસથી જંગલ બધું મહેંકી રહ્યું,
ને મંદ શીતલ પવનથી જલ પણ સુગંધિત થઈ રહ્યું
પૂજે સુરાસુર સ્નેહથી વળી સેવતા દૈવી જીવો;
વંદન કરૂં શ્રી યમુનાજીને શ્રીકૃષ્ણ આશ્રય આપજો. ૧
મા ! સૂર્ય મંડળ છોડીને, બહુ વેગથી આવી રહ્યા,
ત્યાં કાલિન્દીના શિખર ઉપર શોભા અતિ સુંદર દીસે
એ વેગમાં પથ્થર ઘણાં, હરખાઈ ને ઉછળી રહ્યાં,
ને આપ પણ ઉલ્લાસપૂર્વક ઉછળતાં શોભી રહ્યાં,
હરિ હેતના ઝુલા ઉપર, જાણે બિરાજ્યાં આપ હો;
વંદન કરૂં શ્રી યમુનાજીને શ્રીકૃષ્ણ આશ્રય આપજો. ૨
શુક, મોર, સારસ, હંસ આદિ પક્ષીથી સેવાયેલાં,
ગોપીજનોએ સેવ્યાં ભુવન, સ્વજન પાવન રાખતાં
તરંગ રૂપશ્રી હસ્તમાં, રેતી રૂપી મોતી તણાં,
કંકણ સરસ શોભી રહ્યાં, શ્રી કૃષ્ણને બહુ પ્રિય જે
નિતમ્બ રૂપ શ્રી તટ તણું, અદ્દભૂત દર્શન થાય જો,
વંદન કરૂં શ્રી યમુનાજીને શ્રીકૃષ્ણ આશ્રય આપજો. ૩
અનંત ગુણથી શોભતાં, સ્તુતિ દેવ બ્રહ્મા શિવ કરે,
ઘનશ્યામ જેવું મેઘ સમ છે, સ્વરૂપ સુંદર આપનું.
વિશુદ્ધ મથુરા આપના સાનિધ્યમાં શોભી રહ્યું,
સહુ ગોપ ગોપી વૃંદને, ઈચ્છીત ફળ આપી રહ્યું.
મમ કોડ સૌ પૂરા કરો જયમ ધ્રુવ પરાશરના કર્યા,
વંદન કરૂં શ્રી યમુનાજીને શ્રીકૃષ્ણ આશ્રય આપજો. ૪
શ્રીકૃષ્ણના ચરણો થકી, શ્રી જાન્હવી ઉત્પન્ન થયાં
સત્સંગ પામ્યાં આપનો, ને સિદ્ધિ દાયક થઈ ગયાં

એવું મહાત્મય છે આપનું; સરખામણી કોઈ શું કરે,
સમકક્ષમાં આવી શકે; સાગર સુતા એક જ ખરે.
એવાં પ્રભુને પ્રિય મારા હૃદયમાં આવી વસો,
વંદન કરૂં શ્રી યમુનાજીને શ્રીકૃષ્ણ આશ્રય આપજો. ૫
અદ્ભુત ચરિત્ર છે આપનું, વંદન કરૂં હું પ્રેમથી,
યમ યાતના આવે નહિ મા ! આપના-પય પાનથી.
કદી દુષ્ટ હોઈએ તોય પણ, સંતાન છીએ અમે આપના
સ્પર્શે ન અમને કોઈ ભય; છાયા સદા છે આપની.
ગોપીજનોને પ્રભુ પ્રિય બન્યા, એવી કૃપા બસ રાખજો,
વંદન કરું શ્રી યમુનાજીને, શ્રીકૃષ્ણ આશ્રય આપજો. ૬
શ્રીકૃષ્ણને પ્રિય આપ છો, મમ દેહ સુંદર રાખજો,
ભગવદ્ લીલામાં થાય પ્રીતિ, સ્નેહ એવો આપજો.
જયમ અપના સંસર્ગથી, ગંગાજી પુષ્ટિમાં વહ્યાં,
મમ દેહ મન શ્રીકૃષ્ણને પ્રિય થાય એવા રાખજો.
વિરહાર્તિમાં હે ! માત મારા, હૃદયમાં બિરાજજો,
વંદન કરું શ્રી યમુનાજીને શ્રીકૃષ્ણ આશ્રય આપજો. ૭
હું આપની સ્તુતિ શું કરું, મહાત્મ્ય અપરંપાર છે,
શ્રી લક્ષ્મી વિષ્ણુ સેવવાથી, મોક્ષનો અધિકાર છે.
પણ આપની સેવા થકી, અદ્ભુત જલ ક્રીડા તણાં,
જલના અણુની પ્રાપ્તિ થાયે, ગોપીજનોના સ્નેહથી,
એ સ્નેહનું સુખ દિવ્ય છે, મન મારું એમાં સ્થાપજો,
વંદન કરું શ્રી યમુનાજીને, શ્રીકૃષ્ણ આશ્રય આપજો. ૮
કોઈ સ્નેહથી કરશે સદા આ પાઠ યમુનાષ્ટક તણો,
નિશ્ચે પ્રભુને પ્રિય થાશે, ને નાશ થાશે પાપનો;
સિદ્ધિ સકલ મળશે અને શ્રીકૃષ્ણમાં વધશે પ્રીતિ,
આનંદ સાગર ઉમટશે, ને સ્વભાવ પણ જાશે જીતી,
જગદીશને વ્હાલા અમારા, શ્રી વલ્લભાધીશ ઉચ્ચરે
વંદન કરું શ્રી યમુનાજીને શ્રીકૃષ્ણ આશ્રય આપજો. ૯

કમાણી માટે કલ્યાણને કચડે તે કૃષ્ણનો તો બને જ ક્યાંથી ?

૪. દુઃસ્વભાવથી જીતાડો દુર્મતિ ટાળો માજી

દુઃસ્વભાવથી જીતાડો, દુર્મતિ ટાળો માજી,
શ્રી ગોપીજન વલ્લભ અતિવલ્લભ, મને કરો શ્રીયમુનાજી... ટેક

અખંડ **અનપાયની** આપો મા ! સુદૃઢ પ્રેમ ભક્તિ,
પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ઘો મા ! શ્રીકૃષ્ણાસક્તિ,
માનસી સેવા મુખ્ય વ્યસન દો, શરણાગતિ સાચી,
શ્રીકૃષ્ણ **કૃપા હેતુ** દો દીનતા, નહિ કિંચિત કાચી,
દૃઢ **આશ્રય** શ્રી વલ્લભ વરનો, અચલિત ગુણ ગાઉં,
સતત રહે શ્રીકૃષ્ણ નામ મુખ, દુઃખી નવ થાઉં,
આપ સમાગમથી મા ! થાતાં, સકલ સિદ્ધિદા ગંગાજી... શ્રી ગોપીજન-૧

કામ ક્રોધ મદ લોભ મોહ, મત્સર કરો દૂરા,
શ્રીકૃષ્ણ મિલનમાં અંતરાય જે, તે કરિયે ચૂરા,
અસુર દુષ્ટ કલિ કાલ કર્મ પ્રતિબંધક ભય ટાળો,
કુતર્ક ને કુભાવ કુવાસના કુકૃતિ ઝટ બાળો,
દુઃસંગ દોષ મને જળપંકજ પ્રમાણ નવ લાગે,
બલિ, વિભીષણ, પ્રહ્લાદની પેરે ભય પામી ભાગે,
કરો કૃપા એવી, થઈ મુજ પર, બિરદ બળે રાજી... શ્રી ગોપીજન-૨

મારી ચૂર્ણ કરો સહુ ચિંતા, જન્મ મરણ ભય કાપી,
માયા મોહ થકી મૂકાવો, નિજાનંદ આપી,
સાધન ધર્મ ન કિંચિત, છે અનુચિત કૃતિ તન મનની,
સેવા સમરણ તમારું કરવા, અશક્ત છું જનની !
જેવો તેવો દાસ, ક્ષમા અપરાધ કરો મા
કુપુત્ર તો કદી હોય, કુમાતા કદાપિ નવ થાય,
શરણ પડ્યો સંતાપ હરો, શું વિનંતી કરું ઝાઝી... શ્રી ગોપીજન-૩

તુર્ય પ્રિયા શ્રીકૃષ્ણ વલ્લભા, યમુને જગ માતા,
નરક નિવારણી, યમ ભય હરણી, ભવ તારણી ખ્યાતા,
સ્વભાવ દુર્જય વિજય કરણી, નિજ દાસ દુઃખ હરણી,
સકળ પાપ સંતાપ નિવારણી, અતિ અદ્દ્ભુત કરણી,
શ્રી વલ્લભ શરણાગત લહિ, મારી પૂર્ણ કરો તૃષ્ણા,
જુગલ રૂપ મમ હૃદયે વસાવો, કૃપા કરી કૃષ્ણા,
દાસ 'દયો' મારો સુત, શ્રીમુખ સકૃત કહો ગાજી... શ્રી ગોપીજન-૪

શબ્દાર્થ : અતિ વલ્લભ = ઘણા વહાલા. **અનપાયની** = ઉપાધિ રહિત. **કૃપા હેતુ** = કૃપાના કારણરૂપ. **સિદ્ધિદા** = સિદ્ધિઓને આપનાર.
કુકૃતિ = ખરાબ કૃતિ. **તુર્ય પ્રિયા** = (શ્રીકૃષ્ણનાં) ચતુર્થ પટરાણી. **શ્રીકૃષ્ણ વલ્લભા** = શ્રીકૃષ્ણને વહાલાં. **દુર્જય** = જીતવો મુશ્કેલ. **કૃષ્ણા** = શ્રીયમુનાજી. **સકૃત** = એકવાર.

પાઘ શિર કટી કાછની, અંગ આભુષણ કટી હાથ,
યહ બાલક મેરે મન વસો, નામ શ્રી ગોકુલનાથ
અંગ અબીર તુલસી ગલે, સફેદ પુષ્પકી કી માલ
અધમ અધમ ભેટત સદા, શ્રી ગોકુલનાથ રસાલ
ધ્યાન શ્રી ગોકુલનાથ કો, સદા રહો મેરે ચિત્ત,
ઠાડે રાજત ઈંટપેં, ભેંટત અપને મિત્ત.

વિનંતી ઈતની મેં કરી, જબ હદે ભયો હુલાસ
સદા સર્વદા ચિત્તમેં, પ્રભુ રાખો ચરણ નિવાસ
અબતો જીવ અકુલાત હે, દર્શ દિયો પ્રિય મોય,
ખેંચો દોરી પ્રેમકી, તુમ હમ મિલનો હોય
પંડરપુર હરિરાજ હો, વચન શ્રી વલ્લભ હોય,
શ્રી ગોકુલમેં પ્રકટ ભયે, નામ શ્રી વિઠ્ઠલનાથ.

૫. શ્રી યમુનાજીની બાવની

કૃષ્ણ પ્રભુજી પૂરો આશ, યમુના ગુણ ગાવું ખાસ
આપ તણા એ પટરાણી, ગણાય યમુના મહારાણી
મહા પુણ્ય પામ્યા કીરતાર, જગમાં કીધા જય જયકાર
રૂડા રૂપને જલ છે શ્યામ, વંદે તેને દેવ તમામ
સૂર્ય પુત્રી એ ચતુર સુજાણ, વેદ પુરાણો કરે વખાણ
કૃષ્ણ પ્રભુના પ્રિય ચતુર્થ, ન જાણે એ જીવન વ્યર્થ
પ્રગટ્યા ચરણ કમલથી જેહ, સ્નાને પાપો બાળોતેહ
ભૂતળ પર છે સુવિખ્યાત, સર્વગુણ સંપન્ન એ માત
યમુના માયે ધરીયો રૂપ, થવાય નીરખતા તદરૂપ
પગમાં ઝાંઝરના ઝણકાર, ગળે શ્વેત મોતીની માળ
ગળે માળા રત્નજડિત, બાંહેબાજુ બંધ શોભે નીત
ચુંદડીનો વિધ વિધ રંગ, દર્શનથી ઉર વધે ઉમંગ
લાલ કમળનો કંઠહાર, શોભે મુગટ શીર અપાર
કમળ પુષ્કર શોભે અપાર, કમળ દડાનો કરમાં હાર
યમુનાજી શોભે શણગાર, ગુણવતા નહીં આવે પાર
તટ પર મથુરા વૃંદાવન, નીરખી જન થાતા પાવન
પવિત્ર તીર્થ વિશ્રામ ઘાટ, ને તટ પર ઠકરાણી ઘાટ
રામ ઘાટ સુંદર દેખાય, શ્યામ ઘાટ પણ દીશે ત્યાંય
યમુનામાની દયા અપાર, વ્રજ તણો કીધો વિસ્તાર
વિધિ વિધ વૃક્ષોને વળી વેલ, યમુના તટ પર કરતા ઘેલ
હંસ શુક મેના મયુર, બોલે મીઠું અતિ મધુર
મોહક લાગે શ્યામ તરંગ, ગાયે એ તો અતિ ઉમંગ
ભગીની યમરાજના થાય, ભાઈબીજ મહિમા લેખાય
ષોડશ ગ્રંથોમાં છે માન, વર્યા સહુમાં પ્રથમ સ્થાન
યમુનાજીનો કરે ખ્યાલ, વલ્લભકુળને કીધા ન્યાલ
શ્રી કૃષ્ણના યશોદામા, ભક્તોના શ્રી યમુનામા

ચીરહરણ યમુનામાં થાય, રાસ અનેકા ખૂબ રમાય
ગોપ ગોપીયો આનંદ કરે, નટખટ નંદકુંવરને વરે
કરે મોરારી મોરલીનો નાદ, દાડે ગોપી સુણી સાદ
રેતાળ પટ છે અતિ વિશાળ, એમાં ખેલે ગોપ ગોવાળ
કાત્યાયની માનીને મન, કુંવારીકા કરતી પૂજન
યમુનાજીને કરે નમન, મેળવવાને મન મોહન
યમુના તટ પર રમતા દડો, યમુના જળમાં જઈ પડ્યો
કૃષ્ણ પ્રભુ તે લેવા જાય, નાગદેવ ત્યાં જાગી જાય
નાગણીઓ સૌ કરે વિલાપ, આપ સિધાવો ત્યાં
શ્રી કૃષ્ણે સાધીને લાગ, નાથ્યો કાલિંદીમાં નાગ
યમુનાજીએ લીધો શ્રમ, ઠાકોરજીને કીધા વશ
શિવ બ્રહ્મા સઘળા દેવ, યમુનાજીની કરતા સેવા
સુરવર મુનિવર મૂકી માન, ગાતા મા યમુનાના ગાન
પુષ્ટીમાર્ગના ભક્ત અપાર, તેને ત્યાં યમુનાજી કરે સહાય
સ્તુતિ યમુનાજીની કરે, તે ભવસાગર સેજે તરે
યમુનાજીના નીરમાં ન્હાય, રહે ન તેના પાપ જરાય
કરે પ્રેમથી જે જળપાન, સ્વર્ગમાં એને મળશે માન
નિર્મળ જળમાં ન્હાવો નિત, ચરણોમાં ચોંટાડો ચિત્ત
શ્રી પ્રિયાજીને વારંવાર, ચરણે વંદન કરું હજાર,
મા યમુનાજીનો ઉપકાર, જેથી લખાયો અલ્પ જ સાર
યમુનાજીની લીલા અપાર, ગાવું હું છેક ગમાર
શુધ્ધ બની પ્રગટાવી ભાવ, લીલા યમુનાજીની થાય
નિત્ય નિયમ જે ગાશે ગીત, તેની થાશે જગમાં જીત
શ્રી યમુનાજી રાખે લાજ, કદી નહીં દંડે યમરાજ
સંકટ પણ એ કરશે માત, દર્શન પણ દેશે સાક્ષાત
વૈષ્ણવને પણ એક જ આશ, યમુનાજી મા જીવનમાં ખાસ
મા યમુનાની બાવની પ્રેમથી જે કોઈ ગાય,
તેને યમુનામાના પ્રગટ દર્શન થાય.

૬. વદતિ વલ્લભઃ શ્રી હરેઃ

શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે **'તવં અષ્ટકં ઈદં પઠતિ'** - હે શ્રીયમુને, તમારા અષ્ટક (સ્તોત્ર)નો પાઠ કરશે, તેને આ શ્લોકમાં કહેલાં સર્વ ફળ મળશે. અહીં 'ઈદમ્' ઉપર ભાર છે. આપણે આગળ જોઈ ગયા કે અનેક મહાનુભાવોએ શ્રીયમુના-સ્તોત્રો રચયાં છે. તે સ્તોત્રોના પાઠથી આ બધાં ફળો નહીં મળે. આ બધાં ફળ શ્રીમહાપ્રભુજી - રચિત શ્રીયમુનાષ્ટકના આ પાઠથી જ મળશે, માટે હે વૈષ્ણવો ! **'પઠતિ સદા'** - તમે હંમેશા આ સ્તોત્રનો જ પાઠ કરજો, બીજાં સ્તોત્રોની તમારે જરૂર નથી.

શ્રી પુરુષોત્તમજી **'સદા'** નો ભાવ સમજાવે છે - નિયમિત રીતે અને વિશ્વાસપૂર્વક આ સ્તોત્રનો પાઠ કરવો. શ્રી મહાપ્રભુજીની વાણીમાં અને શ્રી યમુનાજીના સામર્થ્યમાં પૂર્ણ શ્રધ્ધા રાખવી.

શ્રીમહાપ્રભુજીએ બીજી આજ્ઞા કરી : **'પઠતિ મુદા'** - પ્રસન્નતાપૂર્વક પાઠ કરવો. પોપટની જેમ માત્ર રટણ કરવાથી, પાઠ કરવામાં આનંદ આવતો નથી. તે પ્રક્રિયા કંટાળાજનક અને નીરસ બને છે, યંત્રવત થાય છે. પાઠ કરવામાં આનંદ બે બાબતોથી આવે. અર્થનું ચિંતન કરતાં કરતાં પાઠ કરીએ, તો તે સ્વરૂપના ધ્યાન-સ્મરણથી આનંદ આવે. શ્રી યમુનાજીના સામર્થ્યને વિચારતાં પાઠ કરવાનો અનંદ આવે. તે સાથે તે સ્તોત્ર તેના છંદને અનુસરીને સ્વસ્થતાથી, પૂરો સમય લઈને ગાવામાં આવે તો મન ભાવવિભોર બની આનંદનો અનુભવ કરે.

આમ, શ્રી મહાપ્રભુજી 'મુદા' પદથી ત્રણ વાત સમજાવે છે. : (૧) પ્રત્યેક પદ-પંક્તિ શ્લોકના અર્થને વિચારતા પાઠ કરવો. (૨) છંદોબદ્ધ ગાન દ્વારા પાઠ કરવો. (૩) પાઠની સંખ્યાને મહત્વ ન આપીને ભલે એક જ પાઠ થાય, પણ તે સ્નેહથી - ભાવથી - આનંદથી કરવો.

આ રીતે, આ 'શ્રીયમુનાષ્ટક'નો પાઠ કરવામાં આવે તો પંચામૃત જેવાં પાંચ દિવ્ય ફળ - લાભ - મળે.

૧. **સમસ્તદુરિતક્ષયો :** બધા દોષ - પાપ - અપરાધ - મલિનતા દૂર

થાય. શાસ્ત્રમાં દોષો દૂર કરવા માટે જ્ઞાન અને યોગના કઠોર માર્ગો બતાવ્યા છે. તેમાં આકરું દેહદમન કરવું પડે છે; અને છતાં પૂરી શુદ્ધતા - નિર્દોષતા થતી નથી. વળી આજના સમયમાં તે શક્ય પણ નથી. ત્યારે શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે દેહદમનની એ જટિલ પ્રક્રિયાઓને છોડીને, આનંદથી શ્રી યમુનાષ્ટકનો પાઠ કરો ને ! તમે જરૂર નિર્દોષ નિષ્પાપ બની જશો !

૨. **ભવતિ વૈ મુકુંદે રતિ :** જેનું મન મુંજાય, ઈન્દ્રિયો વિશુદ્ધ બને, તેને ભગવાનમાં અનાયાસ પ્રીતિ-રતિ થાય. જે પુષ્ટિભક્તિ અનેક જન્મો બાદ પણ નથી મળતી, તે આ સ્તોત્રના પાઠથી સહજમાં મળે છે. જીવને માટે શ્રી યમુનાજી ભગવાનનાં દ્વાર ખોલી દે છે. જીવને ભગવાનમાં સ્નેહ કરાવી દે છે.

૩. **તયા સકલસિદ્ધયો :** પ્રથમ શ્લોકમાં બતાવી તે આઠે અલૌકિક સિદ્ધિઓ શ્રી યમુનાજી આ સ્તોત્રનો પાઠ કરનારને કૃપા કરીને આપે છે. આ આઠ શ્લોકના પાઠથી શ્રી યમુનાજી પોતાનાં આઠ ઐશ્વર્યોનું દાન એ ભક્તને કરી દે છે.

૪. **મુરરિપુશ્ચ સંતુષ્યતિ :** આવા ભક્ત ઉપર મુરારિ શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય છે. તેને પોતાના બનાવે છે, રાસાદિ લીલાઓના પરમ ફળ - પરમાનંદનું દાન કરે છે. તેને સદા પોતાની પાસે રાખે છે અને તેને વશ થઈને રહે છે.

શ્રી મહાપ્રભુજી 'ચતુઃશ્લોકી'માં પૂછે છે, જો શ્રી ગોકુલપતિ તારા હૃદયમાં સદાને માટે બિરાજી ગયા, તો હવે તારે બીજું કંઈ જોઈએ ખરું ! આપણો જવાબ 'ના'માં જ હોય ને ?

૫. **સ્વભાવવિજયો ભવેત્ :** આ સ્તોત્રના પાઠથી જીવ તેના સ્વભાવ પર વિજય મેળવે છે. સ્વભાવ - વિજયના નીચે પ્રમાણે જુદા જુદા અર્થો છે.

(ક) મોક્ષ આપવાના સ્વભાવવાળા ભગવાનનો સ્વભાવ પણ બદલનારાં શ્રી યમુનાજી જીવના લૌકિક સ્વભાવને બદલી અલૌકિક બનાવે, ભોગમાંથી ભક્તિમાં રુચિ કરે છે.

(ખ) જીવ સ્વભાવે દુષ્ટ હોવાથી ભગવાનથી બહિર્મુખ છે. પંચ પર્વા અવિદ્યાને લઈને અભિમાની બન્યો છે. એવા જીવને શ્રી યમુનાજી દીનતાયુક્ત, નિઃસાધન ભાવવાળો બનાવે છે. તેની બહિર્મુખતા દૂર કરે છે.

(ગ) સ્વભાવ શબ્દ મનનો બોધક છે. લૌકિક વિષયોમાં પરતંત્ર બનેલા મનને, તેમાંથી છોડાવી સ્વતંત્ર કરી ભગવાનમાં જોડે છે.

(ઘ) સ્વ = જીવ. ભાવ = ભગવાનની સેવા. જીવની સેવામાં રુચિ કરાવી, તેનો પરમ ઉત્કર્ષ કરે છે.

(ચ) વિજયનો બીજો અર્થ છે પરાવૃત્તિઃ વારંવાર સેવન. તનુ - વિત્તજા સેવા કરાવતાં શ્રી યમુનાજી તેને ફલરૂપા માનસી સેવાનું દાન કરે છે.

(છ) લૌકિક વાસનાઓ મિટાવી, અલૌકિક મનોરથો જગાડે છે. લૌકિક તરફનો મનોવેગ સદૈવ પ્રભુમાં સ્થિર રહે તે સ્વભાવ-વિજય.

સૂરસુતા શ્રી યમુનાજી આ પાંચ અલૌકિક સર્વોત્તમ ફળ આપનારાં છે, એમ સમજાવવા શ્રી મહાપ્રભુજીએ **'સૂરસુતે'** સંબોધન કર્યું. શ્રી યમુનાજીને સૂર્યપુત્રી કહ્યાં, કારણકે શ્રી યમુનાજી અને સૂર્યમાં ઘણા સમાન ગુણો-શક્તિઓ છે.

(૧) સૂર્ય તડકો આપે. શ્રી યમુનાજી વિરહતાપ આપે.

(૨) સૂર્ય જીવન આપે. શ્રી યમુનાજી ભગવદીય જીવન આપે.

(૩) સૂર્ય પ્રકાશ આપે. શ્રી યમુનાજી ભગવદ્જ્ઞાન અને ભાવનો પ્રકાશ આપે.

(૪) સૂર્ય અંધકાર દૂર કરે. શ્રી યમુનાજી અજ્ઞાનનો નાશ કરે.

(૫) સૂર્ય અને કમળનો પ્રેમ નિર્દોષ છે. શ્રી યમુનાજીનો તેવો જ પ્રેમ ભગવાનમાં છે.

(૬) સૂર્ય જેમ કમળને ખિલાવે છે; તેમ શ્રી યમુનાજી ભક્તનાં હૃદય-કમળને ખિલાવે છે.

(૭) સૂર્ય સ્થિર હોવા છતાં ભ્રમણશીલ છે. શ્રી યમુનાજી સદા ભગવાનની પાસે બિરાજનારાં છે, છતાં ભક્તની પાસે દોડી જાય છે.

(૮) સૂર્યમંડળમાં કોઈ પહોંચી શકતું નથી. શ્રી યમુનાજીને ભક્ત સિવાય કોઈ પામી શકતું નથી.

(૯) સૂર્ય શક્તિદાયક છે. શ્રી યમુનાજી કૃપાશક્તિદાયક છે.

(૧૦) સૂર્ય સૌને સમાન રીતે તાપ અને પ્રકાશ આપે છે. શ્રી યમુનાજી સૌ શરણાગત જીવો પર સમાન રીતે કરુણા વરસાવે છે.

(૧૧) સૂર્ય રસાત્મક છે. શ્રી યમુનાજી પણ દિવ્ય રસનું સ્વરૂપ છે.

આવાં શ્રી યમુનાજી આ પાંચ ફળ આપે તેમાં આશ્ચર્ય શું ?

આપણને પ્રશ્ન થાય કે આવાં પાંચ ફળ શ્રી યમુનાજી આપે, તેવું અમારે કેવી રીતે માની લેવું ?

જવાબમાં શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે - **'વદતિ વલ્લભઃ શ્રીહરેઃ'** આ હું કહું છું - કોઈ સામાન્ય વલ્લભ નામની વ્યક્તિ નથી કહેતી. શ્રીહરિને જે અત્યંત પ્રિય છે, તે વલ્લભ કહે છે. આ પદાવલિથી શ્રી મહાપ્રભુએ પોતાનું નિત્યલીલામાંનું દિવ્ય સાક્ષી રૂપ તૃતીયાત્મક સ્વરૂપનું સૂચન કર્યું. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે મારામાં શ્રી ઠાકોરજીનું પું-ભાવાત્મક અને શ્રી સ્વામિનીજીનું સ્ત્રી - ભાવાત્મક સ્વરૂપ બિરાજે છે. તેથી હું બંનેને પ્રિય છું. બંનેને સારી રીતે જાણું છું. લીલામાં સર્વ લીલાપરિકરને પ્રિય છું. તેથી શ્રી યમુનાજીને પણ પ્રિય છું. તેથી શ્રી યમુનાજીના સ્વરૂપ અને સામર્થ્યને જેટલું હું જાણું છું, તેટલું પૃથ્વી ઉપર અન્ય કોઈ જાણતું નથી. માટે હું તમને આ વાત કહી રહ્યો છું. એ કહેવાનો મારો અધિકાર છે. માટે મારા શબ્દોમાં વિશ્વાસ રાખજો. હું ભગવાનનો મુખાવતાર છું. દુનિયાના માણસ મિથ્યા - અસત્ય બોલે. ભગવદ્દમુખ કદી મિથ્યા - અસત્ય ન કહે.

શ્રી મહાપ્રભુજીનાં આ વચનોની સત્યતાની ખાતરી, આ સ્તોત્રનો પાઠ કરનાર દરેકને થતી રહી છે અને થતી રહેશે.

સાભાર - ષોડશગ્રંથનું આચમન ભાગ-૧

પુષ્પ-૩ શ્રી યમુનાજીનાં પદો

શ્રી યમુનાજીનાં ૪૧ પદ અર્થ સાથે

શ્રી હરિરાયજી મહાપ્રભુજી

પ્રારંભના ૧ થી ૪ પદના સર્જક શ્રીહરિરાયજી છે. શિક્ષાપત્રના સર્જક શ્રીમહાપ્રભુજીની પાંચમી પેઢીએ પ્રાકટ્ય, પ્રાકટ્ય સ્થાન શ્રીમદ્ ગોકુલ, **શ્રીગુંસાઈજીના રસાત્મક અને ભાવાત્મક ચર્વિત તાંબુલનું સ્વરૂપ.** પ્રાકટ્ય સંવત (બે મત) ૧૬૪૫, ૧૬૪૭, નિત્ય લીલા પ્રવેશ સંવત (બે મત) ૧૭૭૨, ૧૭૭૫, પિતાશ્રી કલ્યાણ રાયજી, માતુશ્રી જમનાવહુજી, પત્નિ સુંદર વંતાવહુજી (એમનું રચેલ ચિંતનનું ધ્રોળ **"નંદ નંદન સખિ ! સુંદર વહાલો, ચિંતન તેનું કરીએજી"** શ્રી વલ્લભ સૃષ્ટિ હોંશે હોંશે ગાય છે.)

માલા તિલક રક્ષક શ્રીગોકુલનાથજી (પ્રા.સં. ૧૬૦૮) શ્રીમદ્ ગોકુલમાં શ્રીહરિરાયજીને બ્રહ્મસંબંધ આપનાર. શ્રીમહાપ્રભુજીનું રાજસ સ્વરૂપ સંયોગાત્મક ધર્મી સ્વરૂપ.

શ્રીહરિરાયજી મહાપ્રભુજી - શિક્ષાપત્રના સર્જક, શ્રીગોકુલનાથજી કથિત આચાર્ય શ્રીવલ્લભના ૮૪ નિર્ગુણ અને શ્રીવલ્લભનંદન શ્રીવિઠ્ઠલનાથજીના ૨૫૨ વલ્લભી વૈષ્ણવજનની ત્રણ જન્મની વાર્તાના ભાવ પ્રકાશનાર, શ્રી મહાપ્રભુજીના ષોડશ ગ્રંથાદિના શ્રીગુંસાઈજીના સંસ્કૃત ગ્રંથાદિના આલોચક વિવૃત્તિકાર-ટીકાકાર સાંપ્રદાયિક સેંકડો સંસ્કૃત ગ્રંથાદિના અને વ્રજભાષાદિના સર્જક પદોમાં 'રસિક' છાપવાળા.

પુષ્ટિમાર્ગ બીજાં વધારે પચાસ વરસ ભૂતલ પર બિરાજે એવો એમનો મનોરથ શ્રીગોકુલનાથજીની આજ્ઞાથી એમના જન્મ દિવસે શ્રીનાથજીને કુલ્હે અંગીકાર કરાવવા, કુલ્હે સિદ્ધ કરનાર સોની પરમાનંદ દ્વારા સિધ્ધ થયો હતો.

શ્રીહરિરાયજી મહાપ્રભુજી - મહાકારુણિક શ્રીમહાપ્રભુજીનું સાત્વિક સ્વરૂપ માલાતિલક રક્ષક શ્રીગોકુલનાથજીનું રાજસ સ્વરૂપ અને દશદિગંત

વિજયી શ્રીપુરૂષોત્તમજીનું તામસ સ્વરૂપ છે. ત્રણેય સ્વરૂપ સંયોગાત્મક અને વિપ્રયોગાત્મક ધર્મી સ્વરૂપ છે.

શ્રીહરિરાયજીના નામ પછી શ્રીમહાપ્રભુજી અને શ્રીયમુનાજીના નામ પછી મહારાણીજીએ નામ શ્રી વલ્લભી સૃષ્ટિમાં વપરાય છે. પ્રસિદ્ધ છે. પ્રચલિત છે. એ આ રીતે બોલાય છે. શ્રીહરિરાયજી મહાપ્રભુજી, શ્રીયમુનાજી મહારાણીજી.

શ્રીહરિરાયજી મહાપ્રભુજી પોતાના સ્વરૂપમાં, પોતાના મુખારવિંદમાં જમણી બાજુએ શ્રીચંદ્રાવલીજી શ્રીગુંસાઈજી સ્વરૂપે, ડાબી બાજુએ શ્રીસ્વામિનીજી શ્રીમહાપ્રભુજી સ્વરૂપે અને મધ્યમાં નિકુંજનાયક શ્રીનાથજી સ્વરૂપે નિજ્જનને દર્શન આપે છે. આપવા હોય ત્યારે કોઈકવાર મધ્યમાં, ડાબી જમણી બાજુ શ્રીયમુનાજી મહારાણીજી સ્વરૂપે શ્યામાપ્રિય સ્વરૂપે, ભગવત્સ્વરૂપે આપે છે.

નીચે મુજબ સાત બેઠકો ભૂતલ ઉપર બિરાજે છે.

(૧) શ્રીનાથદ્વારામાં શ્રીવિઠ્ઠલનાથજીના મંદિરમાં પૂર્વ દલ સંયોગાત્મક ધર્મી સ્વરૂપ.

(૨) શ્રીમદ્ ગોકુલમાં બાલ્યાવસ્થા, કુમારાવસ્થા, યુવાવસ્થા પૂર્વદલ સંયોગાત્મક ધર્મી સ્વરૂપ.

(૩) શ્રી ખીમનોરમાં વૃદ્ધાવસ્થામાં ઉત્તરદલ વિપ્રયોગાત્મક ધર્મી સ્વરૂપ.

(૪) જેસલમેરમાં શ્રીગિરિધારીજીના મંદિરમાં.

(૫) ડાકોરમાં શ્રીરણછોડરાયજીની સન્મુખ ગોમતી તટે. ત્યાં બિરાજી પોતાના નાના ભાઈ શ્રીગોપેશ્વરજી માટે શિક્ષાપત્ર લખવાનો પ્રારંભ કર્યો હતો અને જેમજેમ લખતા જાય તેમ તેમ વિશ્વાસપાત્ર વ્રજવાસી સાથે મોકલતા હતા.

(૬) સાવલી ગામની બહાર તળાવને કિનારે.

(૭) જંબુસર ગામમાં તળાવના કિનારા ઉપર.

પદ (૧) પહેલું - રાગ રામકલી

પિય સંગ, રંગ ભરિ કરિ કલોલેં,
સબનકો સુખ દેન, પિય સંગ કરત સેન;
ચિત્તમેં તબ પરત ચેન, જબહિ બોલે. ॥૧॥
અતિહિ વિખ્યાત, સબ બાત ઈનકે હાથ,
નામ લેત હી કૃપા કરિ અતોલે;
દરસકર પરસકર, ધ્યાન હિયમેં ધરે,
સદા બ્રજનાથ, ઈન સંગ ડોલેં. ॥૨॥
અતિહિ સુખ કરન, દુઃખ સબન કે હરન,
યે હી લીનો પરન, દે ઝકોલેં;
એસી શ્રીયમુને જાન, તુમ કરો ગુનગાન,
'રસિક' - પ્રીતમ પાયે, નંગ અમોલેં. ॥૩॥

અર્થ :

૧ શ્રી ગોપી જનવલ્લભ શ્રીકૃષ્ણ ચંદ્રના ચતુર્થ સ્વામીનીજી એવા શ્રી યમુનાજી પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણની સાથે પરમ પ્રસન્નતાથી આનંદ-કિલ્લોલક રે છે. પોતાના સર્વ ભક્તોને સુખ અપાવવા માટે જ આપ પ્રિયતમ શ્રીકૃષ્ણ સાથે લીલા-વિહાર કરે છે. શ્રીયમુનાજી આવી રીતે પ્રભુને સુખ આપી વશ કરી, પોતાના ભક્તોને લીલા-વિહારનું સુખ આપવા આપશ્રીને વિનંતી કરે છે. પ્રભુ જ્યારે હા કરી સંમતિ આપે છે. ત્યારે જ આપના ચિત્તને ચેન પડે છે.

૨ એ તો અતિ પ્રસિદ્ધ વાત છે કે જીવને પુષ્ટિ-ફળનું દાન કરવું એ શ્રી યમુનાજીના અધિકારમાં છે. જીવ શ્રી યમુનાજીનું નામ સ્મરણ કરે તો એટલાથી જ પોતે તેના પર અતુલિત કૃપા કરે છે. જો જીવ શ્રી યમુનાજીના દર્શન, ચરણ સ્પર્શ કરે અને પોતાના હૃદયમાં નિરંતર તેમનું ચિંતન કરે તો આ ભક્તની પાછળ શ્રી ઠાકોરજી ડોલતા આનંદપૂર્વક ફરે છે.

૩. શ્રીયમુનાજી એવાં તો કૃપાળુ છે કે બધા ભક્તોને ખૂબ સુખ આપે છે

અને તેમનાં દુઃખ દૂર કરે છે. આપશ્રીની આ પ્રતિજ્ઞા છે માટે શ્રી યમુનાજીના આ ગુણોને જાણીને હે વૈષ્ણવો તમે એમનું ગુણગાન કરો, તો ઠાકોરજી રૂપી અમૂલ્ય હીરો તમને અવશ્ય પ્રાપ્ત થશે એમ. 'રસિક પ્રીતમ' શ્રી હરિરાયજી આજ્ઞા કરે છે.

પદ (૨) બીજું - રાગ રામકલી

શ્યામ સુખ ધામ, જહાં નામ ઈનકે,
નિસદિના પ્રાણ પતિ, આય હિયમેં બસેં;
જોઈ ગાવે, સુજસ ભાગ્ય તિનકેં. ||૧||
યહી જગમેં સાર, કહત વારંવાર,
સબનકે આધાર, ધન નિર્ધનન કેં;
લેત શ્રી યમુને નામ, દેત અભય પદ દાન,
'રસિક' - પ્રીતમ - પિયા,બસ જુ ઈનકે. ||૨||

અર્થ :

૧. જ્યાં ભક્તો શ્રી યમુનાજીનું નામ-સ્મરણ કરે છે, ત્યાં સુખના ધામ રૂપ શ્રી શ્યામ સુંદર અવશ્ય પધારે છે. જે ભક્ત હર હંમેશ શ્રી યમુનાજીના સુયશનું ગુણ ગાન કરે છે, તેના હૃદયમાં પ્રભુ પધારી અહર્નિશ બિરાજે છે. તેવા ભક્ત પરમ ભાગ્યવાન છે. શ્રી યમુનાજી ભક્તને સર્વાત્મ ભાવનું દાન કરે છે.

૨. હું વારંવાર તેથી જ કહું છું કે, જગતમાં સર્વ સાર રૂપ તત્ત્વ શ્રી યમુનાજી છે. પોતે સર્વ જીવોના આધાર રૂપ છે અને નિર્ધનનું ધન છે. જેને બીજા કોઈ સાધનનું બળ નથી, તેવો ભક્ત શ્રી યમુનાજીની કેવળ કૃપાથી પ્રભુને પ્રાપ્ત કરી શકે છે, માટે આપ નિઃસાધન જીવોનું સર્વસ્વ છો. જે ભક્ત અહર્નિશ શ્રી યમુનાજીનું સ્મરણ કરે છે, તેને આપ યમયાતના અને જન્મ મરણ પર ભય જેવા આલોક અને પરલોક સંબંધી સર્વ પ્રકારના ભયમાંથી છોડાવી અભય પદનું દાન કરે છે અને શ્રી ઠાકોરજી પણ આવા ભક્તને વશ થઈ રહે છે. આપશ્રીના નામ સ્મરણ અને ગુણ ગાનનું ફળ આવું અતુલિત છે.

પદ (૩) ત્રીજું - રાગ રામકલી

કહત શ્રુતિ સાર, નિરધાર કરકેં,
ઈન બિના કોન, એસી કરે હિ સખી!
હરત દુઃખ-દ્વંદ્વ, સુખ કંદ બરખેં. ||૧||
'બ્રહ્મ સંબંધ' જબ, હોત યા જીવકો,
તબહીં ઈનકી, ભુજા વામ ફરકેં;
દોર કર સોર કર, જાય પિયસોં કહે,
અતિહી આનંદ, મનમેં જુ હરખેં. ||૨||
નામ નિરમોલ નગ, લે કોઉ ના સકે,
ભક્ત રાખત, હિયેં હાર કરકેં;
'રસિક'-પ્રીતમ જુકી, હોત જાપર કૃપા,
સોઈ શ્રી યમુનાજીકો, રૂપ પરખેં. ||૩||

અર્થ :

૧. શ્રી હરિરાય ચરણ ભાવા - વેશમાં મગ્ન બની, લીલા ધામમાંની પોતાની સખીને સંબોધીને જાણે આ પદ ગાઈ રહ્યા છે.

હે સખી ! વેદની બધી શ્રુતિઓ એક મત થઈને દ્રઢતા પૂર્વક સમગ્ર વેદનો સાર રૂપે કહે છે કે શ્રી યમુનાજી પોતાના ભક્તોનાં અહંતા - મમતા, માન-અપમાન, યશ-અપયશ જેવાં દુઃખ દ્વંદ્વોને દૂર કરી, પરમ આનંદની વૃષ્ટિ કરે છે. એમના વિના આવી અગાધ કૃપા કરવા બીજું કોણ સમર્થ છે ?

૨. જ્યારે જીવને શ્રી વલ્લભ કુળ દ્વાર બ્રહ્મ સંબંધ થાય છે, ત્યારે લીલા ધામમાં બિરાજતા શ્રી યમુનાજીની ડાબી ભુજા ફરકે છે. આ શુભ શુકન થવાથી, તરત જ પોતે આતુરતાથી દોડતાં જઈ, આનંદ ભર્યા હૃદયે પોતાના પ્રિયતમ શ્રી ઠાકોરજીને ઉંચા સાદે વધામણી આપે છે કે : "કૃપાનાથ ભૂતલ પર એક વધુ દૈવી જીવ આપને શરણે આવ્યો છે. કૃપા કરી તેનો અંગીકાર કરો - અલૌકિક સુખ આપો."

૩. આવા અમૂલ્ય રત્ન જેવાં શ્રી યમુનાજીનું નામ-સ્મરણ અ-ભક્ત કરી શકતો નથી. હૈયાના હાર જેવું આપશ્રીનું નામ-સ્મરણ કેવળ આપના ભક્તોને જ પ્રિય લાગે છે. માટે ભક્તો તેમના નામને પોતાના હૃદય

પરના હારની જેમ રાખે છે. જેના ઉપર પ્રભુ કૃપા કરે છે, તે જ જીવ શ્રી યમુનાજીના આધિ દૈવિક પુષ્ટિ-સ્વરૂપને સમજી શકે છે. આવાં શ્રી યમુનાજીની સેવા-સ્મરણ કૃપા વગર સરળ નથી.

પદ (૪) ચોથું - રાગ રામકલી

નેન ભર દેખ, અબ ભાનુ - તનયા,
કેલિ પિયસોં કરે, ભ્રમર તબહી પરે;
શ્રમ-જલ ભરત, આનંદ મનયા. ॥૧॥
ચલત ટેઢિ હોઈ, લેત પિયકો મોહિ,
ઈન બિના રહત નહીં એક છિનયા;
'રસિક'-પ્રીતમ રાસ કરત શ્રી યમુના પાસ,
માનો નિર્ધનનકી, હે જુ ધનયા. ॥૨॥

અર્થ :

૧. શ્રી હરિરાય ચરણ આ પદ પણ લીલા ધામમાંની પોતાની સખીને સંબોધીને ગાઈ રહ્યા છે. આ પદમાં આપશ્રી શ્રી યમુનાજીના જળ સ્વરૂપ અને સ્વામિનીજી સ્વરૂપનું સાથે સાથે નિરૂપણ કરે છે.

હે સખી ! તું આધિ દૈવિક સૂર્યનાં પુત્રી એવાં શ્રી યમુનાજીને એકી ટસે, તન્મયતાથી નીરખ્યા જ કરે.

જ્યારે આપશ્રી પોતાના પ્રિયતમ શ્રી ઠાકોરજી સાથે લીલા-વિહાર કરે છે ત્યારે શ્રી યમુના-જળમાં ભ્રમર (વમળ)નાં દર્શન થાય છે. શ્રી યમુના-જળ સામાન્ય જળ નથી, પરંતુ વ્રજ ભક્તો સાથેના વિહાર સમયે શ્રી અંગ ઉપર પ્રગટેલું પ્રસ્વેદનું શ્રમ-જળ છે. પ્રભુ સાથે સદા વિહાર કરતાં આવાં શ્રી યમુનાજીનાં એકી ટસે દર્શન કરવાથી, આપશ્રી પ્રભુના લીલા-વિહારના દિવ્ય આનંદની આપણા મનને ભરી દે છે.

૨. વ્રજ સુંદરીને ટેઢી ચાલની જેમ આપશ્રીનો જળ પ્રવાહ પણ ટેઢો ચાલતો વહી રહ્યો છે. આમ મલપતાં ટેઢી ચાલે ચાલતાં શ્રી યમુનાજી પોતાની અદ્ભુત ચાલથી, પ્રિયતમનું મન મોહી લે છે.

આથી પ્રભુ એવા તો મુગ્ધ થઈ જાય છે કે શ્રી યમુનાજી વિના એક ક્ષણ પણ અળગા રહી શકતા જ નથી. આવ રસિક પ્રિયતમ શ્રી યમુનાજીના તટ ઉપર કુંજ નિકુંજોમાં નિરંતર રાસ-વિલાસ કરે છે. પરમ ઉદાર શ્રી યમુનાજી પોતે નિર્ધનના ધન સમાન હોઈ, પોતાના નિઃસાધન ભક્તોને આ રાસ-વિલાસના અલૌકિક સુખનું દાન કરે છે.

હવેના ચાર પદ ૫ થી ૮ ભક્ત કવિ શ્રીગોવિંદસ્વામીની રચનાના છે.

શ્રીદામા સખા, ભામા સખી, નિકુંજનાયક શ્રીનાથજીની નેત્ર ઈન્દ્રિનું સ્વરૂપ, શ્રીગિરિરાજજી કદમખંડી (ગોવિંદસ્વામીની) દ્વારના અધિકારી, સ્વામી છાપ, સનોઢિયા બ્રાહ્મણ, આંતરી ગામના વાસી શ્રીદ્વારકાનાથજીના સ્વરૂપમાં- આંખ મિચૌનીના સ્વરૂપમાં અનહદ આસક્તિ, ટીપારાના શૃંગારના પ્રેમી ગ્વાલભોગ - રાજભોગ સમયના દર્શનમાં અભિરૂચિ.

જન્મ સંવત ૧૫૬૨ શ્રીગુંસાઈજીની શરણાગતિ સંવત : ૧૫૯૨, ગોલોકવાસ સંવત : ૧૬૪૨

ગોવિંદસ્વામી હિંડોરાની લીલાની વર્ણનમાં અજોડ પરમોચ્ચ શ્રેણીના ગાયક હતા. પોતે ગાયેલા રાગ : ભૈરવી - તાનસેન અકબર બાદશાહે સાંભળ્યો તેથી તેનું અદ્ભુત - અજીઠો ગણી જીવન પર્યંત ગાયો નહિ એવા જાજરમાન ટેકીલા અને નિસ્પૃહી હતા.

પદ (૫) પાંચમું - રાગ રામકલી

શ્યામ સંગ સ્યામ, વ્હે રહી શ્રી યમુને,
સુરત શ્રમ બિંદુતે, સિંધુસી બહી ચલી
માનો આતુર અલી, રહી ન ભવને ॥૧॥
કોટિ કામહિ વારોં, રૂપ નેનન તિહારોં,
લાલ ગિરિધરન, સંગ કરત રમને;
હરખિ 'ગોવિંદ' પ્રભુ, નિરખિ ઈનકી ઓર,
માનો નવ દુલહની, આઈ ગવને ॥૨॥

અર્થ :

૧. આ પદમાં ગોવિંદ સ્વામી શ્રી યમુનાજીના જળ સ્વરૂપ અને સ્વામિનીજી સ્વરૂપ વચ્ચેની સમાનતાનાં દર્શન કરાવે છે.

પોતાના પ્રિયમત શ્રી શ્યામ સુંદરના સમાગમના કારણે શ્રી યમુનાજી પણ શ્યામ સ્વરૂપા બની ગયાં છે. આપશ્રીનાં બંને સ્વરૂપ મેઘ શ્યામ છે. નદી તેના મળૂ પાસે નાનકડા ઝરણા જેવી હોય છે અને પછી વિશાળ બને છે. તેવી રીતે શ્રી યમુનાજી પણ વ્રજ ભક્તો સાથેના શ્રી ઠાકોરજીના રાસ-વિલાસનાં સુરત-સમાગમ સમયનાં શ્રમ-બિંદુઓમાંથી પ્રગટ થઈને સાગર જેવાં વિશાળ બની ધસ-મસતા સ્વરૂપે વહે છે. જેમ પોતાના પ્રિયતમને મળવા ઉત્સુક કોઈ અભિસારિકાને ઘરમાં રહેવું ન ગમે ત્યારે પ્રિયતમને મળવા અત્યંત ઉત્સુકતાથી જાય. તેમ શ્રી યમુનાજી પણ નિજ ધામમાંથી પોતાના પ્રિયતમ શ્રી ઠાકોરજીને ભેટવા અતિ-ઉત્સુકતાથી પધારી રહ્યાં છે.

૨. પોતાના પ્રિયતમ શ્રી ગિરિવરધર પાસે પધારી, જ્યારે આપશ્રી તેમની સાથે લીલાવિહાર કરે છે, ત્યારે આપશ્રીનું રૂપ સૌંદર્ય એવું તો અનુપમ છે કે આપણાં નેત્રોની નીરખ્યા જ કરીએ ! એ રૂપ લાવણ્ય પર તો કરોડો કામદેવને પણ ન્યોછાવર કરી દેવાનું મન થાય ! શ્રી ઠાકોરજી પોતે પણ શ્રીયમુનાજી સાથેના લીલા-વિહારથી પ્રસન્ન થઈ એમની સામે જ નીરખી રહ્યા છે. કોઈ નવ વધુ જાણે પ્રથમ આણે ન આવી હોય તેવો અલૌકિક આનંદ-ભાવ શ્રીજીના હૃદયમાં સ્ફૂરી રહ્યો છે.

પદ (૬) છઠ્ઠું - રાગ રામકલી

શ્રી યમુનાસી નાહીં કોઊ ઓર દાતા
જો ઈનકી સરન જાત હેં દોરકેં;
તાહિકોં તિહિ છિનુ કર સનાથા. ॥૧॥
યેહિ ગુન ગાન રસ ખાન રસના એક,
સહસ્ર રસના ક્યોં ન દઈ વિધાતા;
'ગોવિંદ' પ્રભુ તન, મન, ધન વારને,
સબહિંકો જીવન ઈનકે જુ હાથા. ॥૨॥

અર્થ :

૧. આટલું બધું ઉદારતાથી દાન આપનાર શ્રી યમુનાજી સમાન બીજો કોઈ દાતા નથી. જે જીવ આતુરતા પૂર્વક તેમના શરણે જાય છે, તે જીવને આપશ્રી તે ક્ષણે જ સનાથ કરે છે. તે જીવનો શ્રી ઠાકોરજીમાં પતિ ભાવ દ્રઢ કરી આપે છે.

૨. આપશ્રીનું ગુણ ગાન તો રસની ખાણ સમાન છે. એ ગુણ ગાન ગાવા માટે એક જીભ પૂરતી નથી. વિધાતાએ આ માટે મને હજાર જીભ કેમ ન આપી ? ગોવિંદ સ્વામી કહે છે કે હું આપશ્રી પર મારું તન-મન અને ધન ન્યોછાવર કરી દઉં છું. બધા જીવોના પુષ્ટિ-જીવનની સાચી ફલ સિદ્ધિ તો શ્રીયમુનાજીના હાથમાં છે.

પદ (૭) સાતમું - રાગ રામકલી

શ્રી યમુનાજી-જસ જગતમેં જોઈ ગાવે,
તાકે આધિન વ્હે રહત હેં પ્રાણ પતિ;
નેન અરુ બેનમેં રસ જુ છાવે. ॥૧॥
વેદ પુરાનતે બાત યહ અગમ હે,
પ્રેમકો ભેદ કોઊ ન પાવે;
કહત 'ગોવિંદ' શ્રી યમુનેકી જાપર કૃપા,
સોઈ 'શ્રી વલ્લભ કુલ' શરન આવે. ॥૨॥

અર્થ :

૧. આ જગતમાં જે જીવો શ્રીયમુનાજીનાં યશો ગાન ગાય છે તેમને વશ પ્રિયતમ એવા શ્રી ઠાકોરજી થઈને રહે છે. શ્રી ઠાકોરજી જેમને વશ થઈને રહે છે એવા ભક્તના નેત્રમાં અને વાણીમાં દિવ્ય રસ છવાઈ જાય છે. તેમની દ્રષ્ટિ પ્રફુલ્લતા - ભરી અને વાણી કોમળ બની જાય છે.

૨. શ્રી યમુનાજીની આવી કૃપાની વાત તો વેદ પુરાણ પણ સમજી શકતાં નથી, કારણકે પ્રેમ માર્ગનાં રહસ્યો કર્મ માર્ગી કે જ્ઞાન માર્ગી સમજી શકતા નથી. આ માર્ગમાં જે જીવ પર શ્રી યમુનાજીની કૃપા થાય છે

તે જીવશ્રી વલ્લભ કુળના શરણે આવે છે. આમ, શ્રીયમુનાજી તો પ્રેમ-માર્ગના રહસ્યનાં પણ રહસ્ય રૂપ છે.

પદ (૮) આઠમું - રાગ રામકલી

ચરણ-પંકજ - રેણુશ્રી યમુને જુ દેની
કલિયુગ જીવ ઉદ્ધારન કારન;
કાટત તાપ અબધાર પેની. ॥૧॥
પ્રાણ પતિ, પ્રાણ-સુત, આયે ભક્તન હિત.
સકલ સુખકી તુમ હો જુ શ્રેની;
'ગોવિંદ' પ્રભુ બિના રહત નહીં એક છિનુ,
અતિહી આતુર ચંચલ જુ નેની. ॥૨॥

અર્થ :

૧. હે શ્રી યમુને ! આપના તટ પરની રેણુ શ્રી કૃષ્ણના ચરણારવિંદનાં સમાગમથી - તેમની ચરણ-રજ બનવાથી અલૌકિક બની છે, તેનું દાન આપ જીવોને કરો છો. કલિયુગના પાપી જીવોનાં પાપ કાપવા માટેના ધારદાર શસ્ત્ર સમાન એ રેણું છે. આ રજ એવી અલૌકિક છે કે જીવોનાં પાપ દૂર કરી, તેમનો ઉદ્ધાર કરે છે.

૨. જેમ પ્રાણ પતિ એવા શ્રી કૃષ્ણ અને શ્રી વલ્લભ તથા પ્રાણ સુત એવા શ્રી વિઠ્ઠલેશ પ્રભુ ચરણ ભક્તોને સુખ આપવા ભૂતલ પર પધાર્યા છે. તેમ આપ પણ ભૂતલ પરના ભક્તોના ઉદ્ધાર માટે પધાર્યા છો. તેથી ભક્તોને સર્વ પ્રકારનાં સુખની પરંપરા આપનારાં છો. આપને પ્રભુમાં એવી લગની લાગે છે કે આપનાં ચંચલ નયનો પ્રભુને નીરખવા હર પળે આતુર રહે છે. પ્રભુના મિલન વિના આપ એક ક્ષણ પણ રહી શકતાં નથી.

હવે ચાર પદ ૯ થી ૧૨ ભક્ત કવિ શ્રીછીતસ્વામીજીની રચનાના છે.

જન્મ સંવત : ૧૫૭૩, શ્રીગુંસાઈની શરણાગતિ સંવત : ૧૫૯૨, ગોલોકવાસ સંવત : ૧૬૪૨

સુબલ સખા, પદ્માસખી, નિકુંજનાયક શ્રીનાથજીની બાહુ

(પાઠાતરા - કટી) ઈન્દ્રિનું સ્વરૂપ, શ્રીગિરિરાજજીના અપ્સરા કુંડના અધિકારી, સ્વામીની છાપ. ચતુર્વેદી માથુર બ્રાહ્મણ, મથુરાપુરીના વાસી, શ્રી વિઠ્ઠલનાથજીના સ્વરૂપમાં આસક્તિ, દુમાલાનાં શૃંગારનાં પ્રેમી, સંધ્યા આરતિ (પાઠાંતર-શૃંગાર) દર્શનની રૂચિ, વ્રજમાં નિવાસસ્થાન અપ્સરા કુંડ.

આ છીતસ્વામીજી (છીતુ ચોબે) ની મથુરામાં વ્રજમંડળમાં ધાક વાગતી-સોંપો પડતો. ખોટો રૂપિયો અને ખોટો શ્રીફળે એમનું જીવન પલટી નાંખ્યું. ભક્તિમય બનાવ્યું. જન્મલીલાનાં વર્ણનમાં અનુપમ, શ્રીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજીને એકજ સ્વરૂપે જોતાં - દર્શન થતા હતાં. તેથી 'છીત સ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ' એ છાપથી પદોની રચના કરીછે. એક નિષ્ઠ ભાવ અને નિસ્પૃહી જીવનવાળા હતા.

પદ (૯) નવમું - રાગ રામકલી

ધાયકે જાય જો શ્રી યમુના તીરે,
તાકી મહિમા અબ કહાં - લગ બરનિયે;
જાય પરસત અંગ પ્રેમ-નીરે. ॥૧॥
નિસ દિના કેલિ કરત મન મોહન,
પિયા સંગ ભક્તનકી હે જુ ભીરે;
'છીત સ્વામી' ગિરિધરન શ્રી વિઠ્ઠલ,
ઈન બિના નેક નહીં ધરત ધીરે. ॥૨॥

અર્થ :

૧. છીત સ્વામી આ પદમાં શ્રી યમુના જલનું વર્ણન કરતાં ગાય છે કે આ જલ સામાન્ય જલ નથી. પણ સાક્ષાત્ પ્રેમ-રસ છે. એમના સ્પર્શથી ભક્તના હૃદયમાં ભગવત્ પ્રેમ અને ભગવદ્ રસ પ્રકટ થાય છે.

જે ભક્ત ખૂબ આતુરતા પૂર્વક શ્રી યમુનાજીના કિનારે જાય છે અને ત્યાં આપનાં પ્રેમ-નીરનો પોતાના અંગોને સુખદ સ્પર્શ કરાવે છે તેના મહાભાગ્યનું તો શું વર્ણન કરવું ?

૨. આપનાં પ્રેમ-નીરના સ્પર્શના ફળ રૂપે એ ભક્તને શ્રીજીનાં લીલા સહિત દર્શન થાય છે, કારણકે મન મોહન પ્રભુ નિરંતર વ્રજ ભક્તોનાં યૂથો સહિત શ્રી યમુના - તટે લીલા-વિહાર કરે છે. છીત સ્વામી કહે છે કે સૌનાં મન મોહી લેનાર મન મોહનના મનને શ્રી યમુનાજી એવું તો મહિત કરે છે કે શ્રી યમુનાજી વિના લેશ પણ ધીરજ શ્રીજી રાખી શકતા નથી.

પદ (૧૦) દશમું - રાગ રામકલી

જા મુખતેં શ્રી યમુને યહ નામ આવે,
તાપર કૃપા કરે, શ્રીવલ્લભ પ્રભુ;
સોઈ શ્રી યમુનાજીકો, ભેદ પાવે. ॥૧॥
તન,મન,ધન સબ, લાલ ગિરિધરનકોં,
દેકેં ચરણ જબ ચિત્ત લાવે;
'છીતસ્વામી' ગિરિધરન શ્રી વિઠ્ઠલ,
નેનન પ્રગટ લીલા દિખાવે. ॥૨॥

અર્થ :

૧. જે ભક્ત પોતાના મુખથી સદૈવ શ્રી યમુનાજીના નામનું રટણ કર્યા કરે છે, તેના ઉપર શ્રી વલ્લભ પ્રભુ કૃપા કરે છે અને તેમની કૃપાથી શ્રી યમુનાજીના સ્વરૂપને તે જાણી શકે છે.

૨. તે ભક્ત, બ્રહ્મ સંબંધ દ્વારા લીધેલી પ્રતિજ્ઞા અનુસાર પોતાનું સર્વસ્વ તન, મન અને ધન સાચા અર્થમાં પ્રભુને સમર્પી, તેમના સેવા સ્મરણમાં પોતાના ચિત્તની વૃત્તિને જોડી દે છે. ત્યારે તેને શ્રીજી - શ્રી વિઠ્ઠલેશ તેનાં આ નેત્રથી જ ભગવતલીલાનાં સાક્ષાત્ દર્શન કરાવે છે.

પદ (૧૧) અગિયારમું - રાગ રામકલી

ધન્ય શ્રી યમુને નિધિ દેન હારી,
કરત ગુણ ગાન, અજ્ઞાન - અધ દૂર કરી;
જાય મિલવત પિય પ્રાણ પ્યારી. ॥૧॥

જિન કોઉ સંદેહ કરો, બાત ચિત્તમેં ધરો,
પુષ્ટિ પથ અનુસરો, સુખ જુ કારી;
પ્રેમકે પુંજમેં, રાસ-રસ કુંજમેં,
તાહી રાખત, રસ-રંગ ભારી. ॥૨॥

શ્રી યમુને અરુ પ્રાણ પતિ, પ્રાણ અરુ પ્રાણ સુત,
ચહું જન જીવ પર દયા વિચારી;
'છીત સ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ,
પ્રિતકે લિયે અબ સંગ ધારી. ॥૩॥

અર્થ :

૧. ભગવત્સ્વરૂપ રૂપી નિધિનું દાન ભક્તોને કરનાર શ્રી યમુનાજીને ધન્ય છે ! જે ભક્તો આપશ્રીનું ગુણ ગાન કરે છે તે જીવના અજ્ઞાન અને દોષોને આપ પોતે દૂર કરે છે અને પ્રિયા-પ્રિયતમ એવા શ્રી યુગલ-સ્વરૂપનો તે જીવને મેળાપ કરાવી આપે છે.

૨. છીત સ્વામી પોતાના અંગત અનુભવના બળે ભારપૂર્વક કહે છે કે આ બધી વાતોમાં તમે લેશ માત્ર પણ સંદેહ ન કરશો. શ્રી યમુનાજીને હૃદયમાં ધારણ કરી, સુખ આપનારા એવા પુષ્ટિ-માર્ગની રીતે તમારું જીવન ઘડો, શ્રી મહારાણીજી, જ્યાં રસેશ્વરનો રાસ-રસ સદૈવ પ્રાપ્ત થાય છે એવી દિવ્ય પ્રેમના પૂંજ સમી કુંજ-નિકુંજોમાં આવા ભક્તોને પ્રવેશ કરાવે છે. ત્યાં રાખે છે અને અલૌકિક અવર્ણનીય આનંદ-રસનો અનુભવ કરાવે છે.

૩. શ્રીયમુનાજી, શ્રી નાથજી, શ્રી મહાપ્રભુજી અને શ્રી ગુંસાઈજી આ ચારે સ્વરૂપો દૈવી જીવોને લીલાની પ્રાપ્તિ કરાવવા માટે જ કૃપા કરીને ભૂતલ પર પ્રગટ થયાં છે. શ્રી નાથજીએ ભૂતલ પર પધારતી વખતે, શ્રી યમુનાજી પોતાનાં અત્યંત પ્રીતિ પાત્ર હોવાથી તેમને પણ પોતાની સાથે જ ભૂતલ પર પધરાવ્યાં છે.

પદ (૧૨) બારમું - રાગ રામકલી

ગુણ અપાર, મુખ એક, કહાંલો કહિયે,
તજો સાધન ભજો, નામ શ્રી યમુનાજીકો;
લાલ ગિરિધરન વર તબહિં પૈયે. ।।૧।।
પરમ પુનિત પ્રીતકી, રીત સબ જાનકે,
દૃઢ કરિ ચરન-કમલ જુ ગ્રહિયે;
'છીત સ્વામી' ગિરિધરન શ્રી વિઠ્ઠલ,
એસી નિધિ છાંડિ અબ કહાં જુ જૈયે. ।।૨।।

અર્થ :

૧. શ્રી યમુનાજીના ગુણોનો તો પાર નથી, તેમનું વર્ણન કરવા માટે આ મુખ તો એક જ છે તેથી તેમના ગુણોનું કેટલું વર્ણન કરી શકું ? પરંતુ બધાનો સાર કહું તો એટલો જ છે કે બધાં સાધન છોડી દઈ શ્રી યમુનાજીનું નામ નિરંતર રટ્યા કરી તેમના આશ્રય કરો, તો જ શ્રીગિરિવરધર પ્રભુ તમને પ્રાપ્ત થશે.

૨. પરમ પવિત્ર એવા આ પ્રેમ-માર્ગની બધી રીત-રસમ જાણી લઈને દ્રઢતા પૂર્વક આપના ચરણ-કમળનો હંમેશ માટે આશ્રય કરો. શ્રી યમુનાજી અને શ્રીનાથજી જેવી નિધિ આપણને પ્રાપ્ત થઈ છે. એમને છોડી અન્યત્ર બીજા દેવ - દેવીઓના શરણે જવાનું હવે આપણને મન શું કરવા થાય ?

હવે ચાર પદ ૧૩ થી ૧૬ ભક્ત કવિ શ્રી ચતુર્ભુજદાસજીની રચના છે.

જન્મ સંવત : ૧૫૮૭ શ્રીગુંસાઈજીની શરણાગતિ સંવત : ૧૫૯૭ ગોલોકવાસ સંવત : ૧૬૪૨

સોરઠો

શ્રીજી દર્શન દીન્હી, રૂપ ચતુર્ભુજ કુંભનહિં ।
નામ ચતુર્ભુજ કીન્હ, તાહી દિન સુત જો ભયો ।।

ચતુર્ભુજદાસ - વિશાખ (સુબાહુ) સખા, વિમલા (સુશીલા-રંગદેવી) સખી, નિકુંજનાયક શ્રીનાથજીની ત્વચા (શ્રીહસ્ત) ઈન્દ્રનું સ્વરૂપ શ્રીગિરિરાજજી રૂદ્રકુંડ દ્વારના અધિકારી, દાસની છાપ, ગૌરવા રજપૂત જમનાવતા ગામના વાસી-વતની. કુંભનદાસજીના સૌથી નાના સુપુત્ર શ્રીગોકુલનાથજીના સ્વરૂપમાં આસક્તિ, 'દુમાલા' શૃંગારમાં અભિરૂપ ભોગના (પાઠાંતર = ઉત્થાપન) દર્શનમાં વિશેષ આસક્તિ. વ્રજમાં નિવાસસ્થાન રૂદ્રકુંડ.

ચતુર્ભુજદાસજી બાલલીલાના વર્ણનમાં વધારે રુચિ. તેમણે ભગવાન શ્રીકૃષ્ણના જન્મથી લઈ ગોપીવિરહ સુધીની વ્રજલીલાનું વર્ન પદોમાં સુંદર રીતે કરેલ છે.

પદ (૧૩) તેરમું - રાગ રામકલી

ચિત્તમેં શ્રી યમુના નિસ દિન જુ રાખો,
ભક્ત કે વસ કૃપા કરત હેં સર્વદા;
એસો શ્રી યમુનાજી કો હે જુ, સાખો. ।।૧।।
જા મુખતેં શ્રી યમુને યહ નામ આવે,
સંગ કીજે અબ જાય તાકો;
'ચતુર્ભુજ દાસ' અબ કહત હેં સબનસોં,
તાતેં શ્રી યમુ ને-યમુને જુ ભાખો. ।।૨।।

અર્થ :

૧. હે ભગવદીયો ! તમે તમારા ચિત્તમાં રાત-દિવસ શ્રી યમુનાજીના શ્યામ-મનોહર સ્વરૂપનું ચિંતન કર્યા કરો. શ્રી યમુનાજી ભક્તોને વશ છે, તેથી ભક્તોની આડીથી હંમેશા કૃપા કરે છે. એમની આવી શાખ અતિ પ્રસિદ્ધ છે.

૨. શ્રી યમુનાજીના નામ રટણમાં આશક્ત હોય એવા ભક્તોનો ચાહીને તમે સત્સંગ કરો. ચતુર્ભુજ દાસજી તો બધાને આ એક જ વાત કહે છે કે તમે નિરંતર શ્રી યમુનાજીનું નામ રટ્યા કરો.

પદ (૧૪) ચૌદમું - રાગ રામકલી

પ્રાણ પતિ વિહરત શ્રી યમુના કૂલેં,
લુબ્ધ મકરંદકે, ભ્રમર જ્યોં બસ ભયે;
દેખ રવિ ઉદય, માનો કમલ ફૂલેં. ॥૧॥
કરત ગુંજાર મુરલી જુ લે સંવારો,
સુનત વ્રજવધુ, તન સુધ જુ ભૂલેં;
'ચતુર્ભુજ દાસ' યમુને પ્રેમ-સિંધુમેં,
લાલ ગિરિધરનવર અબ હરખી ઝૂલેં. ॥૨॥

અર્થ :

૧. પ્રાણપતિ એવા શ્રીનાથજી શ્રી યમુનાજીના તટ ઉપર યમુનાજીની સાથે સદૈવ લીલા-વિહાર કરે છે. જેમ સૂર્યોદય જોઈને કમળો પ્રફુલ્લિત થાય અને તેની સુગંધથી લોભાઈ ભ્રમરો તેમાં તલ્લીન થઈ જાય તેવી રીતે શ્રી ઠાકોરજીનાં દર્શન થતાં શ્રી યમુનાજીનું હૃદય-કમળ પ્રફુલ્લિત બને છે. અને આવાં શ્રીયમુનાજીના પ્રેમ-પરાગમાં શ્રીઠાકોરજી તલ્લીન બને છે.

૨. પછી શ્રી ઠાકોરજી શ્રી યમુના-તટ પર ઠાડા રહીને વેણુ નાદ કરે છે ત્યારે સમસ્ત વ્રજ સુંદરીઓ એ સાંભળીને પોતાના શરીરનું ભાન પણ ભૂલી જાય છે. વ્રજ ભક્તો ત્યાં આવે છે, ત્યારે પ્રભુ એમની સાથે રાસ-વિલાસ કરે છે અને પછી એ શ્રમના નિવારણ માટે શ્રી ગિરિવરધર વ્રજ ભક્તો સહિત શ્રી યમુના જળ રૂપી પ્રેમ સાગરમાં જળ વિહાર કરવા માટે પધારે છે.

પદ (૧૫) પંદરમું - રાગ રામકલી

વારંવાર શ્રી યમુને ગુણગાન કીજેં,
યેહી રસનાતેં જો નામ-રસ અમૃત;
ભાગ્ય જાકે હેં સોઈ જુ પીજે. ॥૧॥
ભાનુ - તનયા દયા અતિહીં કરુણા મયા,
ઈનકી કર આસ, અબ સદાહી જિજે;

'ચતુર્ભુજદાસ' કહે, સોઈ પ્રિય પાસ કહે,
જોઈ શ્રી યમુનાજીકે, રસ જુ ભીજે. ॥૨॥

અર્થ :

૧. હે ભગવદીયો ! તમે નિરંતર શ્રી યમુનાજીનું ગુણ ગાન કરો. પ્રભુએ આપેલી જીભનો સાચો ઉપયોગ ત્યારે જ થયો કહેવાય કે જ્યારે તે જીભથી શ્રી યમુનાજીના નામ રૂપી અમૃત રસનું પાન થાય. જીભનાં બે કાર્યો છે : (૧) બોલવું (૨) રસાસ્વાદ કરવો. માટે તમે શ્રી યમુનાજીનું રટણ કરો અને એ નામના અમૃત રસનો આસ્વાદ લો. પરંતુ આવું નામ સ્મરણ તો ભાગ્યશાળી જીવ કરી શકે છે. જેને ભગવદિચ્છા અનુકૂળ થાય તે જ આ સુધા રસ પ્રાપ્ત કરી શકે છે.

૨. શ્રી યમુનાજી તો આત્યંતિક દયા અને કરુણાનું જ સાક્ષાત્ સ્વરૂપ છે. એમની જ આશા રાખીને તમે સદા જીવન ગાળજો. જે ભક્તો શ્રી યમુનાજીનાં પ્રેમ રસમાં ભીજાય છે તેમને શ્રી ઠાકોરજી પોતાની લીલામાં પોતાની પાસે રાખે છે.

પદ (૧૬) સોળમું - રાગ રામકલી

હેત કરિ દેત શ્રી યમુને વાસ કુંજે,
જહાં નિસ વાસર, રાસમેં રસિક વર;
કહાલોં બરનિયેં, પ્રેમ-પુંજે. ॥૧॥
થકિત સરિતા-નીર, થક્તિ વ્રજવધૂ ભીર,
કોઊ ન ધરત ધીર, મુરલી સુનિજે;
'ચતુર્ભજ દાસ' યમુને પંકજ જાનિ
મધુપકી નાંઈ ચિત્ત લાય ગુંજે. ॥૨॥

અર્થ :

૧. શ્રીયમુનાજી પોતના ભક્તો પર સ્નેહ પૂર્ણ કૃપા કરી તેમને પોતાની કુંજોમાં નિવાસ કરાવે છે. આ નિકુંજોમાં રાત-દિવસ શ્રી રસિક વર રાસ-વિહાર કરે છે. પ્રેમના પૂંજ સમી આ કુંજોનું, રસિક વરનું અને શ્રીયમુનાજીનું વર્ણન કેટલું કરી શકાય ?

૨. આ નિકુંજોમાં જ્યારે રાસેશ્વર પ્રભુ વેણું નાદ કરે છે ત્યારે તે સાંભળીને, શ્રી યમુનાજીનાં જળ થંભી જાય છે. વ્રજ વધુઓનાં વૃંદ પોતાનું કામ કરતાં અટકી જાય છે. કોઈને એક ક્ષણની પણ ધીરજ રહેતી નથી. આવી અદ્‌ભુત અને અનુપમ છે શ્રી યમુનાજીની નિકુંજો, વેણુ નાદ અને રાસ-વિલાસ ! ચતુર્ભુજદાસજી કહે છે કે જેમ કમળના રસમાં મસ્ત બનીને ભ્રમરો પણ તેના ઉપર ગુંજાવર કર્યા કરે છે, તેવી રીતે મારા મન રૂપી ભ્રમરો પણ શ્રી યમુનાજીના ચરણ રૂપી કમળમાં લુબ્ધ બની સદા તેમનું નામ રટ્યા કરે છે.

હવેના ચાર પદ ૧૭ થી ૨૦ ભક્ત કવિ શ્રીનંદદાસજીની રચનાના છે.

નંદદાસ - ઋષભ સખા (ભોજ સખાનું સ્વરૂપ) ચંદ્રરેખા (ઈન્દુ લેખા) સખી. નિકુંજનાયક શ્રીનાથજીના ઉદર (પાઠાંતર-ચરણ) ઈન્દ્રનું રૂપ. શ્રીગિરિરાજજી માનસી ગંગા દ્વારના અધિકારી. દાસ છાપ. સનોઢિયા બ્રાહ્મણ. રામપુરના વાસી-વતની. શ્રીગોકુલચંદ્રમાજીના સ્વરૂપમાં આસક્ત, ફેટાંના શૃંગારના પ્રેમી. શૃંગાર (પાઠાંતર-ગ્વાલ) ના દર્શનમાં અભિરૂચિ.

જન્મ સંવત : ૧૫૯૦, શ્રીગુંસાઈજીની શરણાગતિ સંવત : ૧૬૦૬, ગોલોકવાસ સંવત : ૧૬૪૦

નંદદાસજી કિશોર લીલામાં સવિશેષ અભિરુચિ સુરદાસ અને પરમાનંદદાસ પછી જ નંદદાસજી જ સર્વશ્રેષ્ઠ કવિ છે. નંદદાસજી તુલસીદાસજીના ગુરુભાઈ, કાકાના દીકરા પિતરાઈ ભાઈ, સગાભાઈ નહિ.

પદ ૧૭ (સત્તરમું - રાગ રામકલી)

ભક્ત પર કરિ કૃપા શ્રી યમુને જુ એસી,
છાંડિ નિજ ધામ વિશ્રામ ભૂતલ કિયો;
પ્રકટ લીલા દિખાઈ જુ તેસી. ॥૧॥

પરમ પરમારથ કરત હેં સબનકોં,
દેત અદ્‌ભુત રૂપ આપ જેસી;
'નંદદાસ' યોં જાની દૃઢ કરિ ચરણ ગહે,
એક રસના કહા કહોં વિસેસી. ॥૨॥

અર્થ :

૧. શ્રીયમુનાજીએ પોતાના ભક્તો પર એટલી બધુ કૃપા કરી છે કે તેમને ખાતર આપ ગોલોક જેવું ધામ છોડીને આ ભૂતલ ઉપર આવી બિરાજ્યાં છે અને પોતાના ભક્તોને ગો લોકની ભગવદ્ લીલાનાં ભૂતલ પર પ્રકટ દર્શન કરાવે છે.

૨. આ પદમાં નંદદાસજી ભક્તોને કહે છે કે અહીં પધારીને જે જે ભક્તના મનમાં પ્રિયતમ પ્રભુના મિલનની અને વિવિધ પ્રકારે વિલસવાની જે જે ઈચ્છાઓ હતી, તે બધી જ તેમણે પૂર્ણ કરાવી. જે ભક્તો શ્રી યમુનાજીનું યશો ગામ ગાય છે, તેમના ઉપર શ્રીજી સદા પ્રસન્ન રહે છે.

પદ (૧૮) અઢારમું - રામ રામકલી

નેહ કારન શ્રી યમુને પ્રથમ આઈ,
ભક્ત કે ચિત્તકી વૃતિ સબ જાનકે;
તહાંતે અતિહિ આતુર જુ ધાઈ. ॥૧॥
જાકે મન જેસી, ઈચ્છા હતી તાહી કી,
તેસીહી આય સાધ જુ પૂજાઈ;
'નંદદાસ' પ્રભુ તા પર રિઝિ રહે,
જોઈ શ્રી યમુનાજીકો જસ જુ ગાઈ. ॥૨॥

અર્થ :

૧. ભૂતલ પરના ભક્તોના ચિત્તમાં પ્રભુને મળવા માટેની જે તાલાવેલી હતી તે જાણીને, ભક્તો પરનાં પોતાના સ્નેહને લીધે, ભૂતલ પર પ્રભુ પ્રકટ થાય તે પહેલાં, ગો લોક ધામમાંથી આપ અતિ આતુરતા પૂર્વક ભૂતલ પર દોડી આવ્યાં છે.

૨. આ પદમાં નંદદાસજી ભક્તોને કહે છે કે અહીં પધારીને જે જે ભક્તના મનમાં પ્રિયતમ પ્રભુના મિલનની અને વિવિધ પ્રકારે વિલસવાની જે જે ઈચ્છાઓ હતી, તે બધી જ તેમણે પૂર્ણ કરાવી. જે ભક્તો શ્રી યમુનાજીનું યશો ગાન ગાય છે, તેમના ઉપર શ્રીજી સદા પ્રસન્ન રહે છે.

પદ (૧૯) ઓગણીસમું - રાગ રામકલી

તાતેં શ્રી યમુને-યમુને જુ ગાઓ,
શેષ સહસ્ર મુખ નિશદિન ગાવત;
પાર નહીં પાવત તાહી પાઓ. ॥૧॥

સકલ સુખ દેન હાર તાતેં કરો ઉચ્ચાર,
કહતહોં વારંવાર જિન ભૂલાઓ;
'નંદદાસ' કી આસ શ્રીયમુને પૂરણ કરી,
તાતેં ધરી ધરી ચિત્ત લાઓ. ॥૨॥

અર્થ :

૧. માટે હે ભગવદીયો ! તમે શ્રીયમુનાજીનું ગુણ ગાન સતત ગાયા જ કરો. શેષજી પોતાનાં હજાર મુખથી રાત-દિવસનું તેમનું ગુણ ગાન ગાય છે છતાં એમના ગુણ પુરા ગવાતા નથી. આવાં અનંત-ગુણ-પૂરિત શ્રી યમુનાજીનાં ગુણ ગાન કરીને તમે તેમને પ્રાપ્ત કરો.

૨. શ્રીયમુનાજી સકલ સુખોનું દાન કરનારાં છે. માટે તમે તેમનું નામ-રટણ કર્યા જ કરો. નંદદાસજી કહે છે હું વારંવાર તમને આ એક વાત કહું છું કે તમે આ વાત ભૂલશો નહિ. મારા બધા અલૌકિક મનોરથો શ્રી યમુનાજીએ પૂર્ણ કર્યા છે, માટે જો તમે પણ હર હંમેશ તમારા ચિત્તમાં શ્રી યમુનાજીનું ચિંતન કર્યા કરશો તો તમને પણ આવું અલૌકિક ફળ પ્રાપ્ત થશે.

પદ (૨૦) વીસમું - રાગ રામકલી

ભાગ્ય સૌભાગ્ય શ્રી યમુને જુ દેઈ,
બાત લૌકિક તજો, પુષ્ટિ યમુને ભજો;
લાલ ગિરિધરન વર તબ મિલેઈ. ॥૧॥

મુકુન્દરતિવર્ધિની શ્રીયમુનાજી

ભગવદીય સંગ કર બાત ઈનકી લહેં,
સદા સાનિધ્ય રહે કેલિ મેઈ;
'નંદદાસ' જા પર કૃપા શ્રી વલ્લભ કરે,
તાકે શ્રીયમુને સર્વસ્વ જુ દેઈ. ॥૨॥

અર્થ :

૧. શ્રી યમુનાજી જીવોને ભાગ્ય (લૌકિક સુખો) અને સૌભાગ્ય (અલૌકિક ભગવત્સસંબંધી સુખો) બંન્નેનું દાન કરવા સમર્થ છે. પરંતુ જો તમે તમારું સાચું હિત ઈચ્છતા હોય તો લૌકિક સુખોનો વિચાર છોડી દઈ, શ્રી યમુનાજીના પુષ્ટિ સ્વરૂપને જ ભજો. તો તમને શ્રી ગિરિવરધરલાલ અવશ્ય પ્રાપ્ત થશે.

૨. પુષ્ટિ ભક્તોના સત્સંગ દ્વારા જ શ્રી યમુનાજીનું આધિ દૈવિક પુષ્ટિ-સ્વરૂપ સમજી શકાય છે. ત્યારે જ જીવ પ્રભુના લીલા-વિહારમાં નિત્ય સ્થિતિ પ્રાપ્ત કરે છે. જે જીવ ઉપર શ્રી વલ્લભ પ્રભુ કૃપા કરે, તેને જ શ્રી યમુનાજી સર્વસ્વનું દાન કરે છે.

હવેના ચાર પદ ૨૧ થી ૨૪ ભક્ત કવિ શ્રીસૂરદાસજીની રચનાના છે.

જન્મ સંવત : ૧૫૩૫ શ્રીમહાપ્રભુજી શરણાગતિ સંવત : ૧૫૬૭ ગોલોકવાસ સંવત : ૧૬૪૦

દોહા : રટત રહે ગૌઘાટ, પર, સ્વામી જી ઈક સૂર ।
શિષ્ય બનાવત મંત્ર દે, ફૈલી કીર્તિ સુંદર ॥

સુરદાસજી : કૃષ્ણ સખા, ચંપકલતા સખી, નિકુંજ નાયક શ્રીનાથજીની વાણી (જીભ) ઈન્દ્રિનું સ્વરૂપ, શ્રીગિરિરાજજીના ચંદ્ર સરોવર દ્વારના અધિકારી, સ્વામીની છાપ, કનોજિયા બ્રાહ્મણ, દિલ્હી પાસે સીંહી ગામના વાસી, કોટાના શ્રીમથુરેશજીના ઉત્થાપન (પાઠાંતર - સંધ્યા - આરતિ)ના દર્શનમાં વિશેષ રુચિ. વ્રજમાં નિવાસસ્થાન પરાસોલી.

માનલીલાના વર્ણનમાં અજોડ. ભગવત્ લીલા ગુણાનુવાદના એક એકથી ચડિયાતાં હજારો પદોની રચના કરી હતી. જે સૂર, સૂરદાસ, સૂરજ, શૂરશ્યામની પ્રચલિત છાપમાં 'સૂરસાગર'માં સદાએ દર્શન આપે છે. હજારોને ભક્તિમય જીવન જીવતાં ભક્ત રસ પીતાં શિખવે છે.

કિધૌં સૂર કૌ સર લગ્યૌં, કીધૌં સૂર કી પીર,
કિધૌં સૂર કૌ પદ સૂન્યો, તન-મન-ધુનત શરીર.

સૂરદાસજી નજૂમી, સત્ય-સ્પષ્ટ વક્તા, નિઃસ્પૃહી, વૈરાગ્યમય જીવનવાળાં પુષ્ટિમાર્ગના 'જહાજ' હતા.

પદ (૨૧) એકવીસમું - રાગ રામકલી

નામ મહિમા એસી જુ જાનો,
મર્યાદાદિક કહે, લૌકિક સુખ લહે;
પુષ્ટિકો પુષ્ટિ-પથ, નિશ્ચે જુ માનો. ॥૧॥
સ્વાતિ જલ- બુંદ જબ પરત હે જાહિમેં,
તાહિમેં હોત તેસો જુ બાનો;
શ્રીયમુને કૃપાસિંધુ જાનિ સ્વાતિજલ બહુ માની,
'સૂર' ગુણ-પૂર, કહાંલો બખાનોં. ॥૨॥

અર્થ :

૧. શ્રીયમુનાજીના પુનિત નામનો મહિમા એવો છે કે જીવ જેવા ભાવથી તેમનું નામ-સ્મરણ કરે છે તેને આપશ્રી તે પ્રકારનું ફળ આપે છે. મર્યાદા અથવા પ્રવાહી જીવ લૌકિક ફળ સિદ્ધિ માટે નામ-સ્મરણ કરે તો તેમને એ પ્રકારનું ફળ આપે છે. પરંતુ પુષ્ટિ ભક્તને તો સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ સાથે વિલાસનું પુષ્ટિ માર્ગીય ઉત્તમોત્તમ સુખ આપે છે એમ ચોક્કસ માનજો.

૨. જેવી રીતે સ્વાતિ-નક્ષત્રમાં વરસતાં જળ-બિંદુઓ જ્યાં જ્યાં પડે, ત્યાં ત્યાં જુદાં જુદાં રૂપ ધારણ કરે છે. (દાખલા તરીકે : કેળમાં પડે તો કપૂર થાય, છીપમાં મોતી થાય અને સાપના મુખમાં વિષ થાય) તેવી રીતે કૃપા સાગર શ્રી યમુનાજી સ્વાતિ જળના સમૂહ રૂપ છે. આવાં કૃપા સાગર શ્રી યમુનાજીના ગુણના પૂરની સૂરદાસજી કહે છે, હું કેટલી પ્રશંસા કરી શકું ?

પદ (૨૨) બાવીસમું - રાગ રામકલી

ભક્ત કોં સુગમ, શ્રી યમુને અગમ ઓરેં,
પ્રાતહીં નહાત, અઘ જાત વાકે સકલ;
યમ હૂં રહત તાહિ હાથ જોરે. ॥૧॥

અનુભવી બિના અનુભવ કહા જાન હિ,
જાકો પિયા નહીં ચિત્ત ચોરે;
પ્રેમ કે સિંધુકો મરમ જાન્યો નહીં,
'સૂર ' કહે, કહા ભયો દેહ બોરે. ॥૨॥

અર્થ :

૧. આ પદમાં સૂરદાસજી શ્રી યમુનાજીના આધિ ભૌતિક જળ સ્વરૂપ અને આધિ દૈવિક શ્રી મહારાણીજી સ્વરૂપ એમ બે સ્વરૂપનું યશોગાન થાય છે.

શ્રીયમુનાજીનું આધિ દૈવિક સ્વરૂપ કેવળ પુષ્ટિ ભક્તોને જ સરળતાથી સમજાય છે.બીજાઓને તો તે અગમ્ય છે. મર્યાદા જીવો તેમના જળ સ્વરૂપને તથા તેમના માહાત્મ્યને જ જાણે છે. સવારના પહોરમાં જે જીવો યમુના-સ્નાન કરે છે તેમનાં બધાં પાપ દૂર થાય છે. યમરાજા પણ તે જીવને બે હાથ જોડે છે એટલેકે તે જીવની યમયાતના દૂર થાય છે.

૨. પરંતુ આ મર્યાદા-મહાત્મ્યી જીવોને શ્રી યમુનાજીના આધિ દૈવિક સ્વરૂપનો અનુભવ તો ક્યાંથી થાય ? આપના સ્વરૂપના અનુભવી પુષ્ટિ ભક્તોના સંગ સિવાય એ અનુભવ શક્ય નથી. આવો ઉત્તમ સંગ પ્રાપ્ત થાય ત્યારે પ્રિયા-પ્રિયતમ શ્રી યમુનાજી અને શ્રી ઠાકોરજી એ જીવને પોતાના સ્વરૂપાનંદનો અનુભવ કરાવી એનું મન હરી લે છે. સૂરદાસજી કહે છે કે પ્રેમ સાગર સ્વરૂપ શ્રી યમુનાજીના સ્વરૂપનું આવુ રહસ્ય જો ન સમજીએ તો ખાલી જળમાં દેહ બોળવાથી - આપણા લૌકિક શરીરથી સ્નાન કરવાથી શું વળવાનું છે ?

પદ (૨૩) ત્રેવીસમું - રાગ રામકલી

ફલ ફલિત હોય ફલ રૂપ જાને,
દેખીહું ના સુની, તાહીકી આપુની;
કાહુંકી બાત કહો કેસેં જુ માને. ॥૧॥
તાકે હાથ નિરમોલ નગ દીજિયે,
જોઈ નીકે કરિ પરખિ જાને;
'સૂર' કહે ક્રૂરતે દૂર બસિયે સદા,
શ્રી યમુનાજીકોં નામ લીજેં જુ છાને. ॥૨॥

અર્થ :

૧. જેને શ્રીયમુનાજીના ફલ રૂપનું જ્ઞાન થયું છે, તેને જ પુષ્ટિ ફલ ફલિત થાય છે. પરંતુ જેને શ્રી યમુનાજીના પુષ્ટિ સ્વરૂપની ઝાંખી થઈ નથી અથવા એમના સ્વરૂપના અનુભવી ભગવદીયનો સત્સંગ કર્યો નથી તેઓ કોઈની કહેલી વાત કેવી રીતે માની શકે ?

૨. શ્રીયમુનાજીના અલૌકિક સ્વરૂપનું વર્ણન, એના અધિકારી જણાય તેવા જીવોની જ આગળ કરવું. શ્રી યમુનાજી અમૂલ્ય હીરા જેવાં છે. જે હીરાને ઓળખી જાણે તેને જ તે આપવો જોઈએ. જેઓ ભક્તિ માર્ગના વિરોધી છે એવા ક્રૂર મનુષ્યોથી સદા દૂર રહેવું. આવા લોકોથી શ્રી યમુનાજીનું નામ અને સ્વરૂપ સદા ગુપ્ત જ રાખવું, એમ સૂરદાસજી કહે છે.

પદ (૨૪) ચોવીસમું - રાગ રામકલી

શ્રી યમુને-પતિ-દાસ કે ચિન્હ ન્યારે,
ભગવદીકોં ભગવત્સંગ મિલિ રહતહે;
જાકે હિયે બસત પ્રાણ પ્યારે. ।।૧।।
ગૂઢ શ્રી યમુને બા સોઈ અબ જાનહીં,
જાકે મનમોહન નેન તારે;
'સૂર' સુખ સાર નિરધાર વે પાવહીં,
જા પર હોય શ્રી વલ્લભ કૃપા રે. ।।૨।।

અર્થ :

૧. શ્રીયમુનાજીના પ્રિયમત શ્રી ઠાકોરજીના ભક્તોનાં સર્વાત્મ ભાવવાળા પુષ્ટિ માર્ગીય ભગવદીયોનાં લક્ષણો જુદાં જ છે. એમનું એક મુખ્ય લક્ષણ એ છે કે જેના હૃદયમાં પ્રાણપ્રિય વસી રહ્યાછે એવા ભગવદીયોના સંગમાં જ તેઓ રહે છે. ભગવદીયના સંગને ભગવાનના સંગ તુલ્ય માને છે.

૨. મન મોહનં જેમના નેત્રોના તારા છે એવાં શ્રી યમુનાજીની લીલાની અતિ ગૂઢ વાતો એ ભક્તને સ્ફુરિત થાય છે, જેમને શ્રી વલ્લભ પ્રભુની કૃપા પ્રાપ્ત થાય છે, તેમને અવશ્ય અલૌકિક સુખનું યે સાર તત્વ પ્રાપ્ત થાય છે. આ શ્રી યમુનાજીના સંબંધનો પ્રતાપ છે.

હવેના ચાર પદ ૨૫ થી ૨૮ ભક્ત કવિ શ્રીકુંભનદાસજીની રચનાના છે.

જન્મ સંવત : ૧૫૨૫ શ્રીમહાપ્રભુજીની શરણાગતિ સંવત : ૧૫૫૬

ગોલોકવાસ સંવત : ૧૬૪૦

સોરઠો

યમુનાવતા રહાહિં, કુંભનદાસ જુ ગોરવા ।
રચિ મૃદુ કીર્તન ગાહિં, સુનહિં સ્વયં શ્રીનાથ મુદ ।।

કુંભનદાસજી - અર્જુન સખા, વિશાખા સખી, નિકુંજ નાયક, શ્રીનાથજીની શ્રોત ઈન્દ્રિ (કર્ણિન્દ્રિ)નું રૂપ, (પાઠાંતર - હૃદય) શ્રીગિરિરાજજીના જમનાવતા દ્વારના અધિકારી, દાસની છાપ. ગૌરવા રજપૂત જમનાવતા ગામના વાસી. કૃષ્ણદાસ જેમણે ગાયને માટે પ્રાણ અર્પણ કર્યા તેમના અને ચતુર્ભુજદાસના પિતા શ્રીનાથજીના સ્વરૂપમાં અત્યંત આસક્ત. કુલ્હે શૃંગારના પ્રેમી. નિકુંજલીલાના વર્ણનમાં અજોડ. રાજભોગ સમયમાં દર્શનમાં સવિશેષ રુચિ.

કુંભનદાસજીની પદ રચનાનો કોઈ ખાસ ગ્રંથ પ્રસિધ્ધ નથી. કાકંરોલી વિદ્યા વિભાગમાં એમના લગભગ ૨૦૦ પદ સંગ્રહિત છે. કુંભનદાસજીની આસક્તિ નિકુંજલીલામાં હતી. તેથી તેમના પદોમાં માધુર્યભક્તિ સુચક દાન માન આદિના પદો અધિક સંખ્યામાં મળે છે.

તેઓનું સંતોષ, નિર્લોભતા અને અનાસક્ત ગૃહસ્થ જીવન હતું.

પદ (૨૫) પચ્ચીસમું - રાગ રામકલી

શ્રી યમુને રસ ખાનકોં, શિષ નાઊં,
એસી મહિમા જાન, ભક્તકો સુખ દાન;
જોઈ માંગો સોઈ જુ પાઊં. ।।૧।।
પતિત પાવન કરન, નામ લીનો તરન,
દઢ કર ગહિ ચરન, કહૂં ન જાઊં;
'કુંભનદાસ' લાલ ગિરિધરન મુખ નિરખત,
યહી ચાહત, નહીં પલક લાઊં. ।।૨।।

અર્થ :

૧. રસની ખાણ જેવાં શ્રી યમુનાજીને મારું મસ્તક નમાવી વંદન કરું છું, આપ ભક્તોને સુખ આપનારાં છે. હું જે કંઈ અલૌકિક મનોરથ કરું છું, તે આપ સિદ્ધ કરી આપે છે એવો આપનો મહિમા છે.

૨. આપ પતિત મનુષ્યોને પણ પાવન કરે છે, આપના નામ-સ્મરણ માત્રથી પતિત જનો સંસાર-સાગરને તરે છે. તેથી જ મેં તો આપનાં ચરણારવિંદ દ્રઢતાથી પકડી લીધાં છે. હવે એ છોડી હું બીજે ક્યાંય નહિ જાઉં. કુંભન દાસજી કહે છે કે, હે શ્રી યમુને ! હું આપની આટલી કૃપા ઈચ્છું છું કે શ્રી ગોવર્ધનધરનું મહોહર શ્રીમુખ નીરખતાં એ રસ-સ્વરૂપમાં એવો તલ્લીન થઈ જાઉં કે નેત્રની પલક પણ લાગે નહિ.

પદ (૨૬) છવીસમું - રાગ રામકલી

શ્રી યમુને અગણિત ગુન, ગિને નજાઈ,
યમુને તટ-રેણુતે, હોત હે નવીન તનુ;
ઈનકે સુખ દેનકી, કહા કરોં બડાઈ. ॥૧॥
ભક્ત માંગત જોઈ, દેત તિહીં છિનુ,
સો એસી કો, કરે પ્રણ નિભાઈ;
'કુંભનદાસ' લાલ ગિરિધરન મુખ નિરખત,
કહો કેસેં કરિ મન અઘાઈ. ॥૨॥

અર્થ :

૧. શ્રીયમુનાજીનાં અગણિત ગુણોને ગણતાં પાર આવે તેમ નથી. શ્રી યમુના-તટથી રમણ રેતીના સ્પર્શથી ભક્તને નૂતન-અલૌકિક સેવો-પયગોી દેહ પ્રાપ્ત થાય છે. સુખનું દાન કરવાની એમની ઉદારતાની તો કેટલી પ્રસંશા કરવી !

૨. જ્યારે જ્યારે ભક્ત જે જે સુખ માગે છે, તે તે સુખ તત્ક્ષણ આપ આપે છે. આ તો આપની પ્રતિજ્ઞા છે. આવી પ્રતિજ્ઞા આપના સિવાય બીજું કોણ નિભાવી શકે ? કુંભનદાસજી કહે છે કે આપની કૃપાથી શ્રીજીના શ્રી મુખના દર્શનનું જે સુખ મને પ્રાપ્ત થયું છે, તેનાથી મારું મન કદી પણ ધરાતું જ નથી.

પદ (૨૭) સત્તાવીસમું - રાગ રામકલી

શ્રી યમુને પર તન, મન, ધન, પ્રાણવારોં,
જા કી કિરતિ વિસદ, કોન અબ કહિ સકે;
તાહિ નેનનતેં ન નેક ટારોં. ॥૧॥
ચરન કમલ ઈનકે જુ ચિંતત રહોં,
નિસ દિના નામ મુખતેં ઉચ્ચારોં;
'કુંભનદાસ' કહે, લાલ ગિરિધરન મુખ,
ઈનકી કૃપા ભઈ તબ નિહારોં. ॥૨॥

અર્થ :

૧. 'હું' તો મારું તન, મન, ધન અને પ્રાણ શ્રી યમુનાજી ઉપર ન્યોછાવર કરી દઉ છું. આપની કીર્તિ એટલી તો ઉજ્જવલ અને વિશદ છે કે તેનું વર્ણન કોણ કરી શકે ? એવાં શ્રી યમુનાજીને હું મારાં નેત્રોથી જરાય દૂર નહિ થવા દઉં !

૨. હું સદાય એમના ચરણ-કમલનું ચિંતન કર્યા કરું અને રાત-દિવસ મારા મુખથી આપનું નામ રટ્યા કરું. કુંભનદાસજી કહે છે કે એમની કૃપાથી જ મને શ્રી ગોવર્ધનધરના મુખારવિંદ નીખવાનું સુખ મળ્યું છે.

પદ (૨૮) અઠાવીસમું - રાગ રામકલી

ભક્ત કી ઈચ્છા પૂરન શ્રીયમુને જુ કરતા,
બિના માંગેહુ દેત, કહાલોં કહોં હેત;
જેસેં કાહુકો કોઉ હોય ધરતા. ॥૧॥
શ્રી યમુનાપુલીન રાસ, બ્રજ-બધૂ લિયે પાસ,
મંદ-મંદ હાસ કર, મન જુ હરતા;
'કુંભનદાસ' લાલ ગિરિધરન મુખ નિરખત,
યહી જિય લેખત શ્રી યમુને જુ ભરતા. ॥૨॥

અર્થ :

૧. શ્રીયમુનાજી ભક્ત જનોની ઈચ્છાઓને પૂર્ણ કરે છે. પોતાના ભક્તોને વગર માગે સર્વ કંઈ આપે છે. એમના આવા હેતની તો શી વાત કરવી? જેમ કોઈ અબોલ બાળકના પાલન-પોષણનું કાર્ય કોઈ દયાળુ મનુષ્ય સ્વેચ્છાએ ઉપાડી લે, તેવાં આપ છે.

૨. આપના તટ ઉપર જ, વ્રજાંગનાઓ સાથે શ્રીજી રાસ ખેલે છે, ત્યારે પોતે મંદ મંદ સ્મિત કરતાં ભકતોનું મન હરી લે છે. આવા દર્શન અને રમણના સુખનું આપ ભક્તોને દાન કરે છે. કુંભનદાસજી કહે છે કે શ્રીજીના સુંદર મુખારવિંદને નીરખતાં મનમાં એ જ સ્મરણ થયા કરે છે કે શ્રીજી શ્રી યમુનાજીના ભર્તા (પ્રિયતમ) છે અને શ્રીયમુનાજી આપણા આવા ભાવોને હૃદયમાં ભરનાર - પોષનાર છે.

હવેના ચાર પદ ૨૯-૩૦-૩૧-૩૨ શ્રી ગંગાબાઈ વિચરિત છે.

જન્મ સંવત : ૧૬૨૮ શ્રીગુંસાઈજીની શરણાગતિ (સમય અપ્રાપ્ત)

ગોલોકવસા સંવત : ૧૭૩૬

ચોપાઈ

રહ ગુપાલપુર, ત્યાગ મહાવન।
નિત્ય જહાં તેહિ લીલા દર્શન ॥
ગોવર્ધન તા ઢિગ આવૈ।
ચોપડ ખેલેં હંસે હંસાવૈં ॥
'વિઠ્ઠલ ગિરિધર' છાપ લગાઈ।
લીલા પદ ગંગા બહુ ગાઈ ॥

શ્રી ગોવર્ધનનાથજી તેમની સાથે હસતા, ખેલતા વાતો કરતા અને સઘળી લીલાના દર્શન કરાવતાં. ગંગાબાઈ તે લીલાના પદ બનાવતાં અને શ્રીનાથજી આગળ ગાતાં. ગંગાબાઈએ 'શ્રીવિઠ્ઠલ ગિરિધરન' એવી છાપના કીર્તન, છંદ ઘણાં જ કર્યા છે.

જેમને શ્રીનાથજી સાક્ષાત હતા જેમની સાથે વ્રજમાંથી શ્રીનાથદ્વારા પધારતી વખતે પ્રસંગોપાત્ - સંજોગોવશાત્ વાતો કરતા હતા. જે જોઈએ તે માંગી લેતાં હતાં. (આ ગંગાબાઈ તે અષ્ટછાપ કૃષ્ણદાસ અધિકારીના ગંગાબાઈ નથી) તેઓ શ્રી "પરમકૃપાલ શ્રીવલ્લભનંદન" શ્રી વિઠ્ઠલનાથજીના અને નિકુંજનાયક શ્રીનાથજીના પરમ કૃપાપાત્ર અને અનન્ય અંતરંગ હોવાથી તેમણે પોતાના નામે પદની રચના કરેલી નથી. પરંતુ તે બંને ફલાત્મક - રસાત્મક - સ્વરૂપાત્મક - ભાવાત્મક - અનુભવાત્મક સ્વરૂપના કાયમના સંસ્મરણરૂપે 'શ્રીવિઠ્ઠલગિરિધરન' ની છાપથી પદની રચના કરેલી છે.

પદ (૨૯) ઓગણત્રીસમું - રાગ રામકલી

રાસ-રસ-સાગર શ્રી યમુને જુ જાની,
બહત ધારા તન પ્રતિ છિન નૌતન;
રાખત અપને ઉરમેં જુ ઠાની. ॥૧॥
ભક્તકો સહે ભાર, દેત જુ પ્રાણ-આધાર,
અતિહીં બોલત મધુર-મધુર બાની;
'શ્રી વિઠ્ઠલ' ગિરિધરન વર બસ કિયે,
કોનપેં જાત મહિમા બખાની. ॥૨॥

અર્થ :

૧. શ્રીયમુનાજી તો રાસ રસનો સાગર છે. જેમ સમુદ્રમાં નદીઓ ઠલવાય તેમ શ્રી યુગલ સ્વરૂપના શ્રી અંગમાંથી હર ક્ષણે નૂતન રસની ધારાઓ પ્રગટે છે. તેને શ્રી યમુનાજી પોતાના હૃદયમાં ધારણ કરી, સ્થિર કરીને સ્થાપ છે.

૨. શ્રી યમુનાજી પોતાના ભક્તોની ચિન્તા પોતે કરે છે. ભક્તોને સુખ આપવા પ્રાણનાથ શ્રી કૃષ્ણ સાથે તેનો મેળાપ કરાવી આપે છે. પછી તો પ્રભુ આવા ભક્તને સાનુભાવ જતાવી તેની સાથે મધુર વાર્તાલાપ પણ કરે છે. જેમણે પૂર્ણ પુરુષોત્તમને પણ આવી રીતે વશ કર્યા છે એવાં શ્રી યમુનાજીના મહિમાને કોણ વર્ણવી શકે ?

પદ (૩૦) ત્રીસમું - રાગ રામકલી

ભક્ત-પ્રતિ પાલ, જંજાલ ટારે,
અપને રસ-રંગમેં , સંગ રાખત સદા;
સર્વદા જોઈ શ્રી યમુને નામ ઉચ્ચારે. ॥૧॥
ઈનકી કૃપા અબ કહાં લગ બરનિયે,
જેસેં રાખત જનની પુત્ર બારેં;
'શ્રી વિઠ્ઠલ' ગિરિધરન સંગ વિહરત,
ભક્તકો એક છિનુ ના બિસારે. ॥૨॥

અર્થ :

૧. શ્રીયમુનાજી નિરંતર પોતાના ભક્તોનું પ્રતિપાલન કરે છે. આ ભકતોની લૌકિક-વૈદિક આસક્તિને દૂર કરેછે. જેઓ હંમેશા શ્રી યમુનાજીના નામનું રટણ કરે છે, તેવા ભક્તોને પ્રભુ સાથે લીલા-વિહાર કરતાં પોતાની સાથે રાખી, લીલા-વિહારનું જે સુખ પોતાને પ્રાપ્ત થાય છે, તે ભક્તોને પણ અપાવે છે.

૨. એમની કૃપાનું તો શું વર્ણન કરવું ? જેવી રીતે માતા પોતાના પુત્રને રાખે તેવી રીતે આપ પોતાના ભક્તોને રાખે છે. આપ શ્રીજી સાથે રાસ-વિલાસ કરતાં એક ક્ષણ પણ પોતાના ભક્તોને ભૂલી જતા નથી.

પદ (૩૧) એકત્રીસમું - રાગ રામકલી

કોનપેં જાત શ્રી યમુને જુ બરની,
સબહીકો મન મોહત મોહન;
સો પિયાકો મન હે જુ હરની. ॥૧॥
ઈનબિના એક છિન, રહત નહિ જીવન ધન,
બ્રજચંદ મન આનંદ કરની;
'શ્રી વિઠ્ઠલ' ગિરિધરન સંગ આય,
ભક્તકે હેત અવતાર ધરની. ॥૨॥

અર્થ :

૧. શ્રીયમુનાજીના સ્વરૂપનું વર્ણન કોણ કરી શકે ? સર્વના મનને શ્રીકૃષ્ણ મોહી લે છે અને એવા મનમોહનશ્રી કૃષ્ણના મનને શ્રી યમુનાજી મોહી લે છે.

૨. આવા પ્રાણ-જીવન શ્રી કૃષ્ણ એક ક્ષણ પણ શ્રીયમુનાજી વિના રહી શકતા નથી. વ્રજ ચંદ્રના મનને આનંદ આપનારાં શ્રી યમુનાજી છે. ગો લોક-ધામમાંથી શ્રીકૃષ્ણ ચંદ્ર ભૂતલ પર પધાર્યા ત્યારે, આપશ્રી પણ ભક્તોનું હિત કરવા માટે સાથે જ ભૂતલ પર પધાર્યા છે.

પદ (૩૨) બત્રીસમું - રાગ રામકલી

શ્રી યમુનાજીકો નામ લે સોઈ સુહાગી,
ઈનકે સ્વરૂપ કો સદા ચિંતન કરત;
કલ ન પરત, જાય લેહ લાગી. ॥૧॥
પુષ્ટિ-મારગ મરમ, અતિહી દુર્લભ,
કરમ છાંડ સગરે પરમ પ્રેમ પાગી;
'શ્રી વિઠ્ઠલ-ગિરિધરન' એસી નિધિ,
ભક્તકોં દેત હેં બિના માગી. ॥૨॥

અર્થ :

૧. જે ભક્ત શ્રી યમુનાજીનું નામ રટે છે, તે પરમ ભાગ્યવાન છે. એમના સ્વરૂપનું ચિંતન કરતાં કરતાં જે ભક્તને એમની લગની લાગે છે, તેને તો એમના વિના પછી કળ પડતી જ નથી.

૨. શ્રી ગોપી જનોની માફક સર્વ લૌકિક કાર્યો ત્યજી દઈ પરમ અલૌકિક પ્રેમમાં મસ્ત બની જવું એ પુષ્ટિ માર્ગનું અતિ દુર્લભ એવું રહસ્યછે. આવી વ્યસન અવસ્થાનું દાન શ્રી યમુનાજી પોતાના ભક્તોને વગર માગે, સ્વયં કૃપા કરીને આપે છે.

હવેના ચાર પદ ૩૩ થી ૩૬ ભક્ત કવિ શ્રી કૃષ્ણદાસજીની રચનાના છે.

જન્મ સંવત : ૧૫૫૩ શ્રી મહાપ્રભુજીની શરણાગતિ સંવત : ૧૫૬૭

ગોલોકવાસ સંવત : ૧૬૩૬

દોહા : ઋષભ સખા બન જાહિં બન, તીજો દમલા રૂપ ।
કૃષ્ણદાસ બન પ્રગટિયો, રૂપ ચતુર્થો ભૂપ ॥

કૃષ્ણદાસજી — અંસુ સખા (ઋષભ - રસભ સખા) લલિતા સખી (મધ્ય સ્વરૂપ — યુગલ સ્વરૂપના) નિકુંજ નાયક શ્રીનાથજીની નાસિકા (પાઠાંતર - ચરણ) ઈન્દ્રનું રૂપ, શ્રીગિરિરાજજીના બિલછુ દ્વારના અધિકારી, દાસની છાપ, કણબીની જ્ઞાતિ. ગુજરાત પ્રદેશમાંના ચરોતર પ્રદેશના ખેડા જિલ્લાના 'વસો' ગામના વતની વડોદરા રાજયમાં પુસ્તકાલય પ્રવૃત્તિના પ્રણેતા રાજરત્ન મોતીભાઈ અમીનના કથનાનુસાર એમના જાજરમાન પૂર્વજ, કૃષ્ણદાસના પિતા ગામના સરપંચ હતા. એમને ઘેર ઘી, દૂધની નદીઓ વહેતી. છાસ, સદાવ્રતનું ઠામ, એમને ત્યાં સોનું - ચાંદી ત્રાજવે તોળાતું. શ્રીમદનમોહનજીના સ્વરૂપમાં આસક્ત, મુકુટ શૃંગારના પ્રેમી, રાસલીલાના વર્ણનમાં અજોડ. શયનના દર્શનમાં વધારે રુચિ. વ્રજમાં બિલછુ કુંડના નિવાસી.

પદ (૩૩) તેત્રીસમું - રાગ રામકલી

શ્રી યમુનાકે નામ અઘ દૂર ભાજે,
જિનકે ગુન સુનનકોં, લાલ ગિરિધરન પિય;
આય સન્મુખ, તાકે બિરાજે. ॥૧॥
તિહિં છિનું કાજ, તાકે સગરે સરે,
જાયકે મિલત, બ્રજ બધૂ સમાજે;
'કૃષ્ણદાસનિ' કહે તાહિ અબ કોન ડર,
જાકે ઉપર શ્રી યમુનેસી ગાજે. ॥૨॥

અર્થ :

૧. શ્રી યમુનાજીના કેવળ નામ-સ્મરણથી જ જીવનાં બધાં પાપ નાશ પામે છે. એમનાં ગુણ ગાન સાંભળવાં તો શ્રીજીને એટલાં પ્રિય છે કે શ્રીજી, એ ભક્તની સામે આવી આપનાં ગુણ ગાન સાંભળવા બિરાજે છે.

૨. પ્રભુ ભક્તની સન્મુખ પધારતાં તેના બધાં કાર્ય તત્ક્ષણ સિદ્ધ થાય છે, વ્રજ સુંદરીઓના યુથોમાં પ્રભુની લીલામાં એ જીવનો પ્રવેશ

થાય છે. કૃષ્ણદાસજી કહે છે કે જેને માથે આવાં સમર્થ કૃપાળુ શ્રી યમુનાજી બિરાજે છે, તેને હવે શાનો ડર હોય ?

પદ (૩૪) ચોત્રીસમું - રાગ રામકલી

શ્રી યમુનાજીકો નામ તેઈ જુ લેહેં,
જાકી લગન લગી નંદલાલ સોં;
સર્વસ્વ દેકેં નિકટ રહે હેં. ॥૧॥
જિનહીં સુગમ જાનિ, બાત મનમેં જુ માનિ,
બિના પહેચાનિ કૈસે જુ પૈયે;
'કૃષ્ણદાસનિ' કહે શ્રી યમુને નામ નૌકા,
ભક્ત ભવ-સિંધુતેં યોંહિ તરિયે. ॥૨॥

અર્થ :

૧. જે ભક્તને શ્રી ઠાકોરજીના સ્વરૂપમાં લગની લાગી છે અને જેણે બ્રહ્મ સંબંધ દ્વારા પોતાનું સર્વસ્વ પ્રભુના ચરણાર-વિંદમાં સમર્પણ કર્યું છે, તેવો ભક્ત જ શ્રી યમુનાજીનું નામ-સ્મરણ કરી શકે છે.

૨. આ અવસ્થા પ્રાપ્ત થવી સહેલી વાત નથી. જ્યાં સુધી શ્રી ઠાકોરજી અને શ્રી યમુનાજીના સ્વરૂપને ઓળખી શક્યા નથી, ત્યાં સુધી આ યુગલ-સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. આપશ્રીનું આવું શુદ્ધ પુષ્ટિ-સ્વરૂપ કેવળ સત્સંગ દ્વારા ઓળખાય. શ્રી યમુનાજીની નામ રૂપી નૌકા દ્વારા ભક્તો વિકટ ભવ-સાગરને ખૂબ સરળતાથી તરી જાય છે.

પદ (૩૫) પાત્રાસમું - રાગ રામકલી

શ્રી યમુને તુમસી, એક હો જુ તુમહીં,
કરિ કૃપા દરસ, નિસ વાસર દિજિયે;
તિહારે ગુન ગાનકોં, રહે ઉદ્યમહીં. ॥૧॥
તિહારે પાયેતેં, સકલ નિધિ પાવહીં,
ચરણ કમલ ચિત્ત, ભ્રમર ભ્રમહીં;
'કૃષ્ણદાસનિ' કહેં, કોન યહ તપ કિયો,
તિહારે ઢિંગ રહત હૈ, લતા દ્રુમહીં. ॥૨॥

અર્થ :

૧. હે શ્રીયમુનાજી ! આપની સરખામણી કોને સાથે થાય ? આપ મારા ઉપર એવી કૃપા કરો કે મને રાત દિવસ આપનાં દર્શન થાય અને હું હંમેશા આપના ગુણ ગાન ગાવામાં જ તત્પર રહું.

૨. જો આપ મને પ્રાપ્ત થશો તો હું એમ માનીષ કે મને નવ નિધિ પ્રાપ્ત થઈ છે. મારું ચિત્ત આપના ચરણ કમલમાં ભ્રમરની જેમ લુબ્ધ બની ભમ્યા કરશે. આપનાં તટ ઉપર શોભતાં વૃક્ષ-વેલીઓએ પૂર્વ જીવનમાં એવાં તો કેટલાં અને કેવા તપ કર્યા હશે કે તેમને અહર્નિશ આપનું સુખદ સાન્નિધ્ય પ્રાપ્ત થયું છે ! અમારા ઉપર પણ એવી કૃપા કરો કે સદૈવ આપની નિકટ રહીએ.

પદ (૩૬) છત્રીસમું - રાગ રામકલી

એસી કૃપા કિજીયેં, લીજિયેં નામ,
શ્રી યમુને જગવંદની, ગુણ જાત કાહુ ગિની;
જિનકે એસે ધની, સુંદર સ્યામ. ॥૧॥
દેત સંયોગ રસ, એસે પિયુ હે જુ બસ,
સુનત તિહારો સુજસ, પૂરે સબ કામઃ
'કૃષ્ણદાસનિ' કહે ભક્ત હિત કારને,
શ્રી યમુને એક છિન, નહિ કરે વિશ્રામ. ॥૨॥

અર્થ :

૧. હે શ્રી યમુનાજી, આપ મારા ઉપર એવી કૃપા કરો કે હું આપનું અહર્નિશ નામ રટ્યા કરું. આપનામાં એટલા અગણિત ગુણો છે કે જેથી આપ સમગ્ર જગતમાં વંદનીય છો. સર્વ કરણ સમર્થ એવા શ્રી શ્યામ સુંદર આપના પ્રાણનાથ પ્રિયતમ છે.

૨. તેઓ પણ આપને એવા આધીન છે કે જે ભક્ત આપના ગુણગાન કરે છે, તે સાંભળીને શ્રીજી તેને સંયોગ - સુખનું દાન કરે છે અને તેની સર્વ મનો-કામનાઓ પૂર્ણ કરે છે, કૃષ્ણ દાસજી કહે છે કે શ્રી

યમુનાજી ભક્તોનું હિત કરવામાં એવા તત્પર છે કે ક્ષણ માત્ર વિશ્રામ લીધા સિવાય જળ સ્વરૂપં અખંડ વહે છે અને શ્રી મહારાણીજી સ્વરૂપે સતત ભક્તના હિતમાં તત્પર રહે છે.

હવેના ચાર પદ ૩૭ થી ૪૦ ભક્ત કવિ શ્રી પરમાનંદદાસજીની રચનાના છે.

જન્મ સંવત : ૧૫૫૦ શ્રીમહાપ્રભુજી શરણાગતિ સંવત : ૧૫૭૭ ગોલોકવાસ સંવત : ૧૬૪૧

શ્રી મહાપ્રભુજીના કૃપાપાત્ર જલધરીયા કપૂર ક્ષત્રિની ગોદમાં આખી રાત બિરાજી - શ્રીમહાપ્રભુજી દ્વારા બ્રહ્મસંબંધ નહિં પામેલા - શ્રીનિવનીતપ્રિયજીએ કૃપા કટાક્ષે અંગીકાર કરેલા પરમાનંદદાસજીના પદ - કીર્તન ત્રિવેણી સંગમે પ્રયાગમાં સાંભળ્યા હતા, એવાં ચંદ્રભાગા સ્વરૂપ પરમાનંદદાસજીના અહીં સંપાદિત કરેલા રસભરેલા ભાવ અને અનુભવ પ્રધાન ચાર પદના દર્શન કરીએ.

શ્રીપરમાનંદદાસજી - તોક સખા, ચંદ્રભગા સખી, નિકુંજનાયક, શ્રીનાથજીની જિહ્વા (પાઠાંતર-શ્રવણ) ઈન્દ્રિનું રૂપ, શ્રીગિરિરાજજીના સુરભિ કુંડના અધિકારી, સ્વામીની છાપ, કનોજિયાં બ્રાહ્મણ, નંદાલયના નાયક શ્રી નવનીતપ્રિયજીના સ્વરૂપમાં આસક્ત, ગ્વાલપગા (ટોપી), શૃંગારના પ્રેમી, મંગલાના દર્શનમાં વધારે અભિરુચિ, વ્રજમાં સુરભિકુંડ નિવાસી.

પદ (૩૭) સાડત્રીસમું - રામ રામકલી

શ્રી યમુનેકે સાથ, અબ ફિરત હેં નાથ,
ભક્તકે મનકે, મનોરથ પૂરન કરત;
કહાંલો કહિયે, ઈનકી જુ ગાથ. ॥૧॥
વિવિધ શૃંગાર, આભૂષણ પહેરેં,
અંગ-અંગ સોભા બરની ન જાત;
'દાસ પરમાનંદ' પાયે અબ બ્રજચંદ,
રાખે અપને શરણ, બહે જુ જાત. ॥૨॥

અર્થ :

૧. શ્રીયમુનાજીની સાથે પ્રાણનાથ સદાય વિહાર કરે છે અને શ્રી યમુનાજીની વિનંતીથી ભક્તોના મનોરથ પૂર્ણ કરે છે. શ્રી યમુનાજીના આવા પરમાર્થની વાત તો કેટલી કહેવી ?

૨. પ્રભુને રીઝવવા શ્રી યમુનાજી વિવિધ પ્રકારનાં વસ્ત્રા-ભૂષણ અને ષોડશ શૃંગાર ધારણ કરે છે, ત્યારે આપના પ્રત્યેક શ્રીઅંગની શોભાનું તો વર્ણન પણ થઈ શકે નહિ. પરમાનંદદાસજી કહે છે કે આપની કૃપાથી મને વ્રજ ચંદ્ર મળ્યા છે. સંસાર-સાગરમાં વહી જતા મારા જેવા અનેક જીવોને બચાવી, આપશ્રીએ પોતાના શરણમાં રાખ્યા છે.

પદ (૩૮) આડત્રીસમું - રાગ રામકલી

શ્રી યમુને કી આસ, અબ કરત હેં દાસ,
મન-કર્મ-વચન, કર જોરિકેં માંગત;
નિસદિના રાખીયે, અપને જુ પાસ. ॥૧॥
જહાં પ્રિય રસિકવર, રસિકનિ રાધિકા,
દોઉ જન, સંગ મિલ કરત હે રાસ;
'દાસ પરમાનંદ' પાયે અબ બ્રજચંદ,
દેખી સિરાને, નૈન મંદ હાસ. ॥૨॥

અર્થ :

૧. ભક્તો શ્રી યમુનાજીની આશાએ જ જીવન ટકાવી રહ્યા છે. તેઓ હાથ જોડીને દીનતા પૂર્વક એટલું માગે છે કે મન-કર્મ અને વચનથી રાત દિવસ મને આપની પાસે આપની નિકુંજમાં વાસ આપજો.

૨. જ્યાં રાસ રસેશ્વર શ્રીકૃષ્ણ અને રસિક શિરોમણિ શ્રી સ્વામિનીજી યુગલ સ્વરૂપે મળી નિરંતર રસ રૂપ રાસ-વિલાસ કરી રહ્યાં છે, ત્યાં મને વાસ આપજો. પરમાનંદદાસજી કહે છે કે શ્રીયમુનાજીની કૃપાથી આ દેહથી જ મને વ્રજ ચંદ્ર પ્રાપ્ત થાય છે. એમનું મંદ હાસ્ય યુક્ત મુખાર - વિંદ નીરખી, મારાં નેત્રો શીતળ થયાં છે.

પદ (૩૯) ઓગણચાલીસ - રાગ રામકલી

શ્રી યમુને પિયકોં, બસ તુમ જુ કીને,
પ્રેમકે ફંદતે, ગ્રહિ જુ રાખે નિકટ;
એસે નિરમોલ , નગ મોલ લીને. ॥૧॥
તુમ જુ પઠાવત, તહાં અબ ધાવત સદા,
તિહારે રસ-રંગમેં, રહત ભીને;
'દાસ પરમાનંદ' પાયે અબ બ્રજચંદ,
પરમ ઉદાર, શ્રીયમુને જુ દાન દીને. ॥૨॥

અર્થ :

૧. હે શ્રી યમુનાજી ! આપે તો પ્રાણનાથને વશ કરી લીધાં છે. આપે પ્રેમ રૂપી દોરી વડે પ્રિયતમને પકડીને આપની પાસે જ રાખ્યા છે. અમૂલ્ય હીરો ખરીદનાર તે હીરાને પોતાના કબજામાં રાખે તેમ આપે અમૂલ્ય હીરા સમાન શ્રીજીને તમારા વશ રાખ્યા છે ! પ્રેમના મૂલ્યમાં શ્રીજીને વેચાતા ન લીધા હોય !

૨. હવે આપ શ્રીજીને જ્યાં મોકલો છો ત્યાં અવશ્ય દોડ્યા જાય છે. બાકી તો આપના રસ-રંગમાં જ ભીંજાયેલા રહે છે. પરમાનંદદાસજી કહે છે કે પરમ ઉદાર એવાં શ્રી યમુનાજીએ આપેલા શ્રી વ્રજચંદ્ર હવે મને પણ પ્રાપ્ત થયા છે. તેમાં મારી યોગ્યતા કે શ્રીજીની ઈચ્છા જ કારણભૂત નથી, પણ શ્રી યમુનાજીની ઈચ્છા જ કારણભૂત છે.

પદ (૪૦) ચાલીસમું - રાગ રામકલી

શ્રી યમુને સુખ કારની-પ્રાણ પતિ કે,
જિન્હે ભૂલી જાત પિય, તિન્હે સુધિ કરિ દેત;
કહાંલો કહિયેં, ઈનકે જુ હિતકે. ॥૧॥
પિય સંગ ગાન કરે, ઉમંગિ જ્યોં રસ ભરે,
દેત તારી કર, લેત ઝટકે;
'દાસ પરમાનંદ' પાયે અબ બ્રજચંદ,
યે હી જાનત, સબ પ્રેમ ગતિકે. ॥૨॥

અર્થ :

૧. શ્રીયમુનાજી પોતાના પ્રાણનાથને સુખ આપનારાં છે, જે ભક્તને શ્રીજી ભૂલી જાય છે તેને શ્રીયમુનાજી સંભારી આપે છે અને શ્રીજીને અંગીકાર કરાવે છે. એમના હેતની તો શી વાત કરવી ?

૨. રાસ-વિલાસ સમયે પ્રિયતમની સાથે ઉમંગ પૂર્વક રસ સભર બની આપ તાલ બદ્ધ નૃત્ય-ગાન કરે છે ત્યારે, વચમાં જ ઝટ લઈને પ્રિયતમને તાળી આપે છે અને નૃત્યની ચપળતાથી તાલ તૂટે નહિ તેમ શ્રીજીની તાળી ઝીલી લે છે. પરમાનંદદાસજી કહે છે કે તેમની કૃપાથી મને હવે વ્રજચંદ પ્રાપ્ત થયા છે. મારા હૃદયનો જે પ્રેમ આપ તરફ વહી રહ્યો છે તે વાત આપ સારી રીતે જાણે છે.

પદ ૪૧મું

શરણ-પ્રતિ પાલ, ગોપાલ રતિ-વર્ધિની,
દેત પતિ-પંથ, પિય-કંથ સન્મુખ કરત;
અતુલ કરુણામયી, નાથ-અંગ અર્ધિની. ॥૧॥

દીન જન જાન, રસ-પુંજ કુંજેશ્વરી,
રમત રસ-રાસ, પિય-સંગ નિશ શરદની;
ભક્તિદાયક, સકલ ભવ સિંધુ-તારિણી,
કરત વિધ્વંસ, જમ અખિલ અઘ-મર્દિની. ॥૨॥

રહત નંદ સૂનુ, તટ નિકટ નિસ દિન સદા,
ગોપ-ગોપી રમત, મધ્ય રસ-કંદની;
કૃષ્ણ તન-વર્ણ, ગુણધર્મ-શ્રી કૃષ્ણ કે,
કૃષ્મ - લીલા મયી, કૃષ્ણ - સુખ કંદની. ॥૩॥

પદ્મજા પાય, તૂ - સંગ હી મુરરિપુ,
સકલ સામર્થ્ય મયી, પાપકી ખંડની;
કૃપા-રસ-પૂર, વૈકુંઠ - પદકી સિઢી,
જગત વિખ્યાત, શિવ - શેષ શિર મંડની. ॥૪॥

પર્યો પદ-કમલ-તર, ઔર સબ છાંડકે,
દેખ દગ કર દયા, હાસ્ય-મુખ-મંદની;
ઉભય કર જોર, 'કૃષ્ણદાસ' વિનંતિ કરે,
કરો અબ કૃપા, કલિંદ - ગિરિ - નંદિની. ॥૫॥

અર્થ :

૧. હે શ્રી યમુનાજી ! આપ શરણે આપેલા જીવોનું પ્રતિ પાલન કરો છો. તે જીવોની શ્રી ઠાકોરજીમાં રસ રૂપ પ્રીતિની વૃદ્ધિ કરો છો. તે જીવોને પ્રાણનાથના માર્ગે દોરો છો અને પ્રિયતમને સન્મુખ કરો છો. આવી અનુપમ કરુણા કરનારાં આપ પ્રાણનાથનાં અર્ધાંગના છો.

૨. હે રસ પૂંજ કુંજેશ્વરી ! આપ શરદની રાત્રિઓમાં પ્રિયતમની સાથે રાસ રમણ કરો છો. આપના દીન જન જેવા ભક્તોની નિઃસાધન સ્થિતિ જાણીને આપ કૃપા કરીને, સર્વ દોષો દૂર કરો છો. તેમને ભક્તિનું દાન કરો છો અને સંસાર-સાગરમાંથી પાર ઉતારી તેમને પ્રભુની પ્રાપ્તિ કરાવો છો.

૩. શ્રી નંદનંદન નિશ દિન આપના તટ ઉપર જ બિરાજે છે, ત્યાં આપ ગોપ-ગોપી સહિત ખેલે છે. તેમની મધ્યમાં હે શ્રી યમુનાજી ! રસકંદ એવા આપ પણ ખેલો છો. શ્રી કૃષ્ણમાં અને તેમની લીલાઓમાં આપ એવાં તો તન્મય થયાં છો કે આપના અંગનો વર્ણ પણ કૃષ્ણ સમાન શ્યામ છે. આપના ગુણો અને લક્ષણો પણ શ્રી કૃષ્ણ જેવા જ છે. આપ શ્રી કૃષ્ણને પરમ સુખ આપનારાં છો.

૪. આપના સંગથી જ ગંગાજી પણ ભગાવનને પ્રાપ્ત કરી શક્યાં છે અને તેઓ સર્વ સામર્થ્ય યુક્ત તથાપાપને દૂર કરવા શક્તિમાન થયાં છે. આપ કૃપા રસથી ભરપુર છો. જીવને પ્રભુના ધામમાં પહોંચવા માટેની નિસરણી રૂપ છો. આપ જગ વિખ્યાત અને શિવ તથા શેષ જેવાનાં પણ શિરોમણિ છો.

૫. કૃષ્ણદાસજી કહે છે કે હે શ્રી યમુને ! હું બે હાથ જોડીને આપને વિનંતી કરું છું કે, બીજાં બધાં સાધનો છોડીને હું તો આપના ચરણ કમળમાં આવીને પડ્યો છું. તો આપ હવે આપના મંદ-હાસ્ય યુક્ત મુખારવિંદથી, મારી સામે કરુણા ભરી દ્રષ્ટિ કરી, આપના કૃપા રસનું મને દાન કરો.

શ્રી યમુનાજીના ૪૧મા પદનો ભાવાર્થ

શરણ પ્રતિપાલ ગોપાલ રતિ-વર્ધિની.
દેવ પતિ પંથ પિય કંથ સન્મુખ કરત, અતુલ કરુણામયી નાથ અંગ અર્ધિની.
દીનજન જાન, રસપુંજ કુંજેશ્વરી, રમત રસ-રાત પ્રિય સંગ નિશ શરદની.
ભક્તિદાયક સકલ ભવસિંધુ - તારિણી, કરત વિર્ધ્વસ જન અખિલ અઘ-મર્દની.
રહત નંદ-સૂનુ તટ, નિકટ નિશદિન સદા, ગોપ-ગોપી રમત, મધ્ય રસ-કંદની.
કૃષ્ણ-તન વર્ણ, ગુણધર્મ શ્રીકૃષ્ણ કે, કૃષ્ણ લીલામયી કૃષ્ણ સુખ-કંદની.
પદ્મજા પાય તુવ સંગ હી મુરરિપુ, સકલ સામર્થ્ય ભયી, પાપકી ખડની.
કૃપા રસ પૂર વૈકુંઠ પદકી સીડી, જગત વિખ્યાત, શિવ શેષ શિર - મંડની.
પર્યો પદ કમલ-તર, ઓર સબ છાંડકે, દેખ દ્રગ કર દયા, હાસ્ય સુખ મંદની
ઉભય કર જોર, કૃષ્ણદાસ વિનંતિ કરે, કરો અબ કૃપા, કલિંદ-ગિરિ-નંદની.

પ્રતિપાલન કરવું એ મહાન દયાળુતાનું કાર્ય છે. અહીં શ્રી મહારાણીજી શરણસ્થ ભક્તોનું કેવી રીતે પ્રતિપાલન કરે છે તે જણાવે છે. કોઈ પણ પ્રકારની યોગ્યતા ન હોવા છતાં કેવળ અનુગ્રહથી જ નિજજનને સર્વ લીલોપયોગી નૂતન દેહ ધારણ કરાવી રસેશ પ્રભુની દિવ્ય લીલામાં પ્રવેશ કરાવે છે. એથી વિશેષ પ્રતિપાલન શું હોઈ શકે ? ઉપરાંત ગોપાલ (ગાય અને ગોકુલના પાલક) કોટિકંદર્પ લાવણ્ય શ્રીકૃષ્ણમાં એ ભક્તની રતિ વધારવાવાળાં અર્થાત એ પ્રિતમની રતિ ભક્ત તરફ વધારવાવાળાં શ્રી યમુનાજી છે. આથી શ્રી કૃષ્ણ એ ભાગ્યવાન ભક્ત સાથે અનેક પ્રકારે રમણ કરી ઈચ્છિત સુખ આપે છે.

પતિપંથ એટલે પ્રભુને પ્રાપ્ત કરવાનો ભક્તિમાર્ગ, જે અતિ દુર્ઘટ છે તે આપે નિજભક્તોને સુગમ કરાવી દીધો. અને વિશેષમાં 'પિયકંથ' જે અતિ પ્રિય પ્રાણપ્રભુ શ્રી ઠાકોરજી, તેમના સન્મુખ કરીને આ પરમ કાષ્ટાપન્ન ફલાત્મક રસનું દાન કર્યું છે, એવાં મહાન કૃપાળુ નાથ શ્રીજીનાં અધાંગના અથવા ચતુર્થપ્રિયા શ્રી યમુનાજી છે.

દીન જન જે કેવળ નિઃસાધન ભક્તજન છે તેના ઉપર પણ આપ કૃપા કરો છો, તે અતિ પ્રસંશનીય છે. કારણ સંસારાસક્ત જીવ અનેક પાપોથી દુષિત હોઈ તે જીવોને આ ફલાત્મક વસ્તુ પ્રાપ્ત થવી મુશ્કેલ છે. છતાં કૃપા

કરી, દીન આશ્રિત જનોને મહાન અનુગ્રહ કરી ભગવદ્ પ્રાપ્તિમાં અંતરાય રૂપ સર્વ પાપનો ધ્વંશ (નાશ) કરી શુદ્ધ બનાવી શ્રીજીના રમણની યોગ્યતા શ્રીયમુનાજી સિદ્ધ કરાવે છે. કારણકે પાપનો નાશ ન થાય ત્યાં સુધી ભક્તિમાર્ગમાં પ્રવેશ જ નથી. જેથી પ્રથમ પાપ નાશ કરી શુદ્ધ બનાવી શ્રીકૃષ્ણની ભક્તિના લાયક બનાવે છે. કારણકે, આપ નિકુંજના અધિષ્ઠાતા છે. અર્થાત નિકુંજાદિની સર્વ લીલા આપના હાથમાં છે અને તેથી જ શ્રીઠાકોરજી આપના તટ ઉપર સદૈવ શરદની રાત્રીઓમાં રસરાસ ખેલે છે અને એ રીતે આપના કૃપાપાત્ર ભક્તો સાથે અનેક પ્રકારની રસ લીલા કરે છે. આપ નિકુંજેશ્વરી હોવા છતાં સર્વેના ઉપર વાત્સલ્ય ધરાવે છે. એનું કારણ આપ સ્નેહાળ હૃદયના છે.

ગોપ અને ગોપીઓથી વીંટળાઈને "નંદસૂનુ" શ્રી નંદરાયજીના પુત્ર નંદકિશોર જે કેવળ ધર્મી સ્વરૂપ છે તે રાત્રિ-દિવસ આપના તટ ઉપર જ નિવાસ કરી રહ્યા છે અને નિજ ભક્તો સાથે અનેક પ્રકારની રસ-લીલા કરી રહ્યાછે. મધ્યમાં રસકંદ શ્રીસ્વામિનીજી અને આપ બિરાજે છે. અને વિવિધ પ્રકારે રસ-રમણ સિદ્ધ કરી આહલાદ ઉત્પન્ન કરો છો. અને અનેક ભક્તો સાથેના રમણના અંતે શ્રમ જલોત્પત્તિ થાય છે, તે રસનાંપાત્ર શ્રી મહારાણી જ છે એમ જાણીને આપની મધ્યમાં અનેક વ્રજવધુઓ સહિત યુગલ સ્વરૂપ શ્રમનિવારણાર્થ બહુ પ્રકારે જળક્રીડા કરી અનંત સુખો વિલસાવે છે. (ભક્તના હૃદયનો મહાન રસભાવનો સમૂહ તે રાસ.)

અન્ય સ્થાને રમણ ન કરતાં કેવળ શ્રી મહારાણીજીના તટ ઉપર રમણ કરવાનું એક માત્ર કારણ એ છે કે આપ શ્રીકૃષ્ણની સઘળી લીલાઓને ધારણ કરનારાં છો. શ્રીઠાકોરજીની સર્વ લીલારૂપ શ્રીમહારાણીજી હોવાથી શ્રી ઠાકોરજી આપનું સાનિધ્ય છોડી શકતા જ નથી. વળી શ્રીયમુનાજીમાં શ્રીઠાકોરજી જેવાં જ વર્ણ, ગુણ, ધર્મ. આદિ છે. તેથી તેઓશ્રીમાં શ્રીકૃષ્ણ સમાન ગુણધર્મો પણ સિદ્ધ છે. અર્થાત પ્રભુ જેટલું દાન કરવા સમર્થ છે. તેટલું અથવા તેથી પણ અધિક દાન કરવાની શક્તિવાળાં શ્રીયમુનાજી છે. ઐશ્વર્યાદિ ગુણોથી આપ સભર છો, અને અધમ ઉદ્ધારક, નિજજન પાલક, આદિ અનેક ગુણધર્મોયુક્ત, કેવળ ભગવદ્રૂપ મહાન સામર્થ્યવાળાં શ્રીમહારાણીજી છે. શ્રી અંગનો પણ વર્ણ શ્યામ છે. કારણ શ્રી ગોવર્ધનધરમમાં સ્નેહની પરાકાષ્ટાથી

આપ તદ્ રૂપ બની ગાયં છો. શ્રી મહારાણીજી શ્રીકૃષ્ણના પ્રેમ સાગરમાં નિમગ્ન બની ગયાના કારણે શ્રીકૃષ્ણ જેવા મેઘશ્યામ સ્વરૂપ છો. એ રીતે આપ ગુણધર્મ વર્ણાદિથી શ્રીકૃષ્ણ સદશ છો. પ્રભુને અનેક રીતે સુખ આપવાવાળાં છો. કારણકે આપ સ્વસુખની ઈચ્છા રાખતાં નથી અને અંગીકૃતના જ સુખમાં સુખી હોવાથી આપશ્રીને "સુખના કંદ' વર્ણવ્યાં છે.

પદ્મજા એટલે શ્રી ગંગાજી પણ આપના સંગમે કરી મુરરિપુ (શ્રીકૃષ્ણ)ને પ્રિય થયાં છે. આપના સમાગમથી શ્રી ગંગાજી પ્રભુની પ્રસન્નતા મેળવી શક્યા. અને પાપીજનોનાં પાપોને દહન કરવાનું તથા મોક્ષાદિ આપવાનું સામર્થ્ય પણ ગંગાજીમાં આપના સંગમના પ્રતાપે જ આપ્યું છે. શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાષ્ટકમાં "યયા ચરણ પદ્મજા" એ શ્લોકમાં આ રીતની સ્પષ્ટ આજ્ઞા કરે છે કે. "વૈકુંઠ પદ" જે પરમધામ છે ત્યાં પહોંચવા અસમર્થ જીવને આપ નીસરણી રૂપ બન્યાં છો. અર્થાત પરમ ધામની પ્રાપ્તિ જે અતિ દુર્ઘટ છે તે આપની કૃપાથી અનેક જીવ સહેલાઈથી પ્રાપ્ત કરી શકે છે. એવાં કૃપાળુ આપ છો. તેથી જગતમાં અતિ ખ્યાતિને પામ્યાં છો અને શિવજી, શેષજી આદિ દેવોનાં ભૂષણરૂપ બીરાજો છો.

અહીં શ્રી કૃષ્ણદાસજી વિનંતી કરે છે કે, હે શ્રી યમુનાજી ! હું સર્વ કામનાઓ છોડીને આપને શરણે આવ્યો છું. આપ આપના મંદ હાસ્યથી પ્રિયતમને રીઝવો છો તેથી હે મંદહાસ્યની ! અમારા તરફ મંદ હાસ્યભરી દ્રષ્ટિથી જુઓ. મંદ હાસ્ય રતિવર્ધક હોવાથી ભક્તનું મન અન્ય વસ્તુઓથી આપઓપ નિવૃત્ત થાય છે. આ રીતે આપ ભક્તના સર્વ મનોરથ પૂર્ણ કરો છો.

અંતમાં બે હાથ જોડી શ્રી કૃષ્ણદાસજી વિનંતી કરે છે : હે કલિંદનંદિની શ્રીયમુનાજી ! હું આપનો શરણસ્થ છું. કૃપા કરી આપ મારૂ પ્રતિપાલન કરશો એ જ પ્રાર્થના છે. કારણકે આપ આ માર્ગના અધિષ્ઠાતા હોઈ નિજ ભક્તને ઈચ્છિત ફલ આપવામાં ચતુર છો.

સાભાર : સત્સંગ વર્ષ : ૩૮, અંક ૧

પ.ભ. શેઠશ્રી કંચનલાલ સી. (લીમડી-મુંબઈ)

●

શ્રી યમુનાજીના પદ ૪૨ થી ૧૦૮

(શ્રી ઠાકોરજી જગાવતા પહેલાં અને મંગળામાં ૪૨ થી ૬૪ પદ ગાઈ શકાય)

પદ (૪૨) બેતાલીશમું - રાગ બિભાસ

દીન જાન મોહે દીજેં શ્રીયમુનાજી,
નંદકુમાર સદા વર માંગે;
ગોપિનકી દાસી મોહે કીજેં. ૧
તુમતો પરમ ઉદાર કૃપા નિધિ,
ચરણ શરણ સુખકારી;
તિહારે વશ સદા લાડિલી વર,
તટવટ ક્રીડત ગિરિધારી. ૨
સબ બ્રજજન વિહરત સંગ મિલ;
અદભૂત રાસ વિલાસી,
તુમારે પુલિન નિકટ કુંજન,
દ્રુમ કોમલ શશી સુવાસી. ૩
જયોં મંડલમેં ચંદ બિરાજત,
ભરભર છિરકત નારી,
શ્રમજલ હસત ન્હાત અતિ રસભર,
જલ ક્રીડા સુખકારી. ૪
રાનીજીકે મંદિરમેં નિત્ય ઉઠ,
પાય લાગ ભુવન કાજ સબ કીજેં,
પરમાનંદ દાસ દાસી વ્હે,
નંદનંદન સુખ દીજે. ૫

પદ (૪૩) તેતાલીસમું - રાગ બિભાસ

દોઉ કૂલ ખંભ તરંગ સીઢી,
શ્રીયમુના જગત વૈકુંઠ નિશ્રેની,
અતિ અનુકૂલ કલોલન કે ભરલિયેં,
જાત હરિકેં ચરણન સુખ દેની. ૧
જન્મ જન્મ કે પાપ દૂર કરે,
કાટત કર્મ ધર્મ ધાર પેની,
છીત સ્વામી ગિરિધર - જાૂકી પ્યારી,
સાંવરે અંગ કમલ દલ નેની. ૨

પદ (૪૪) ચુમાલીસમું - રાગ બિભાસ

મેરે કુલ કલુમષ સબહીં નાશે,
દેખ પ્રાત પ્રભાકર કન્યા,
વે દેખો પાપજાત જિત તિતતેં,
જયોં મૃગરાજ દેખમૃગસન્યા. ૧
પોષત દેપય પાન પુત્રલોં
હે જગજનની ધન્ય સુધન્યા,
દિયો ચાહે ગદાધર હુંકો,
ચરણ કમલ નિજ ભક્તિ અનન્યા. ૨

પદ (૪૫) પીસતાલીસમું - રાગ રામકલી

અતિ મંજુલ જલપ્રવાહ મનોહર સુખઅવગાહત,
વિદિત રાજત અતી તરણી નંદનિ;
શ્યામ વરણ ઝલકરૂપ લોલ લહર વર અનૂપ,
સેવિત સંતતિ મનોજ વાયુ મંદિની. ૧

કુમુદ કંજ વન વિકાસ મંડિત દિશ સુવાસ,
કૂંજત અલિહંસ કોક મધુર છંદિની
પ્રફૂલ્લિત અર્વિન્દપુંજ કોકિલ કલસાર ગુંજ,
ગાવત અલી મંજુ પુંજ વિવિધ વંદિની. ૨
નારદ શીવ સનક વ્યાસ ધ્યાવત મુનીધરત આસ,
ચાહત પુલિનવાસ, સકલદુઃખ નિકંદિની;
નામ લેત કટત પાય મુની કિન્નર ઋષી કલાપ,
કરત જાપ પરમાનંદ, મહા આનંદિની. ૩

પદ (૪૬) છેતાલીસમું - રાગ રામકલી

પ્રફુલ્લીત વનવિવિધ રંગ ઝલકત યમુના તરંગ,
સૌરભ ધન આમોદિત અતિ સોહાવનો;
ચિંતામણી કનક ભૂમિ છબિ અદ્‌ભુત લતા, ઝૂમિ,
શીતલમંદ અતિસુગંધ મરુત આવનો. ૧
સારસ હંસ શુક ચકોર ચિત્રિત નૃત્યતસુમોર,
કલ કપોત કોકિલા કલમધુર ગાવનો,
યુગલ રસિક વર વિહાર પરમાનંદ છબી અપાર,
જયતિ ચારુ વૃંદાવન પરમ ભાવનો. ૨

પદ (૪૭) સુડતાલીસમું - રાગ રામકલી

અધમ ઉદ્ધારની મેં જાની, શ્રીયમુનાજી
ગોધન સંગ શ્યામ ઘનસુંદર, લલીત ત્રિભંગીદાની. ૧
ગંગા ચરણ પરસતે પાવન હરિશિર ચિકુર સમાની,
સાત સમુદ્ર ભેદ યમ ભાગિની, હરિનખ શિખ લપટાની. ૨
રાસ રસિક મણિનૃત્ય પરાયણ, પ્રેમપુંજ ઠકરાની,
આલિંગન ચુંબન રસ વિલસત, કૃષ્ણ પુલિન રજધાની. ૩

ગ્રીષ્મ ઋતુ સુખ દેત નાથકું, સંગ રાધિકા રાણી,
ગોવિંદ પ્રભુ રવિતનયા પ્યારી, ભક્તિ મુક્તિકી ખાણી. ૪

પદ (૪૮) અડતાલીસમું - રાગ રામકલી

શ્રી યમુનાજી યહ પ્રસાદ હો પાઉં,
તુમારે નિકટ રહોં નિશવાસર, રામકૃષ્ણ ગુણ ગાઉં. ૧

મજ્જન કરો વિમલ જલ પાવન, ચિંતા કલેશ બહાઉં,
તિહારી કૃપાતે ભાનુકી તનયા, હરિપદ પ્રીત બઢાઉં. ૨

વીનતી કરો યહી વર માંગો, અધમન સંગ વિસરાઉં,
પરમાનંદ પ્રભુ સબસુખ દાતા, મદન ગોપલ લડાઉં. ૩

પદ (૪૯) ઓગણપચાસમું - રાગ રામકલી

યમુના યમુના ગોપાલહીં ભાવે,
યમુના યમુનાકો નામ ઉચ્ચારત,
ધર્મરાજ તાકી ન ચલાવે. ૧

જે યમુનાકો જાન મહાત્મય
વારંવાર પ્રાણામ કરે,
તો યમુના અવગાહન મજ્જન,
ચિંતિત તાપ તનકે જાુહરે. ૨

પદ્‌મ પુરાણ કથા યહ પાવન,
ધરણી પ્રતિ વારાહ કહી,
તીર્થ મહાત્મય જાન જગત,
ગુરુસો પરમાનંદદાસ લહી. ૩

પદ (૫૦) પચાસમું - રાગ રામકલી

શ્રીયમુનાજી પતિત પાવન કરે,
પ્રથમહી જબ દીયો દર્શન, સકલ પાતક હરે. ૧
જલ તરંગન પરસ કર, પય પાનસો મુખ ભરે,
નામ સ્મરત, ગઈ દુર્મતિ, કૃષ્ણ યશ વિસ્તરે. ૨
ગોપ કન્યા કિયો મજ્જન, લાલ ગિરિધર વરે,
સૂર શ્રીગોપાલ સ્મરત, સકલ કાર્ય સરે. ૩

પદ (૫૧) એકાવનમું - રાગ રામકલી

તિહારો દરસ મોહિ ભાવે, શ્રીયમુનાજી,
શ્રી ગોકુલ કે નિકટ બહતહેં,
લહરનકી છબી આવે. ૧
સુખ દેની દુઃખ હરની શ્રીયમુનાજી,
જે જન પ્રાતઃ ઉઠ ન્હાવે,
મદનમોહન જુ કી ખરી હૈ પ્યારી,
પટરાણી જુ કહાવે. ૨
વૃંદાવનમેં રાસ રચ્યો હે મોહન મુરલી બજાવે,
સૂરદાસ પ્રભુ તિહારે મિલનકું,
વેદ વિમલ યશ ગાવે. ૩

પદ (૫૨) બાવનમું - રાગ રામકલી

તિહારો દરસ હો પાઉં શ્રીયમુનાજી
શ્રી ગોવર્ધન શ્રી વૃંદાવન વ્રજરજ અંગ લગાઉં. ૧
દિન દશ પાંચ રહો શ્રીગોકુલ શ્રી ઠકરાણી ઘાટકો ન્હાઉં,
દાસનકે ઉપર કરો કૃપા સંતનકે સંગ આઉં. ૨

પદ (૫૩) ત્રેપનમું - રાગ રામકલી

શ્રી યમુનાજીકી મહિમા મોપેં વરની ન જાઈ,
સૂર સૂતા ઘનશ્યામ વરન પ્રફુલિત રૂપ નિકાઈ. ૧
શ્રીહરિ ગોપવધૂ દ્વિજસબ, શ્રીગોકુલકે લરકાઈ;
વ્રજાધીશ પ્રભુ આદિ ભક્તનકો, સકલ સિદ્ધિ સુખદાઈ. ૨

પદ (૫૪) ચોપનમું - રાગ રામકલી

શ્રી યમુનાજી તુમ સમ ઓર નકોઈ,
કરો કૃપા મોહિ દીન જાનકે, નિજ વ્રજવાસો હોઈ; ૧
રાખો ચરણ શરણ તરણિ તનયા, જન્મ આપદા ખોઈ,
યહ સંસાર સ્વારથકો સબ વિધ, સુત બંધુ સગો ન કોઈ. ૨
પ્રેમ ભજનમેં કરત વિઘ્નતા, સંતસંતાપે સોઈ,
તાકો સંગ મોહિ સપને નદીજે, માંગત નયન ભર રોઈ. ૩
ગરલ પાન ડારત અમૃતમેં, વિષયા, રસસોં મોહી;
રસિક કહે દિન હોય માંગૂ લહેર સમુદ્ર સમોહી. ૪

પદ (૫૫) પંચાવનમું - રાગ રામકલી

શ્રીયમુના યમુના નામ ભજો,
હરખત કરો આરાધન ઈનકો, ઓરકો પંથતજો. ૧
દેહે સકલ પદારથ તુમકોં ઈનકો નામ ભજો,
શ્રીવ્રજ પતિકી અતિહી પ્યારી તાતે સકલ શૃંગાર સજો. ૨

પદ (૫૬) છપનમું - રાગ રામકલી

નિરખત હી મન અતિ આનંદભયો,
દેખ પ્રભાત પ્રભાકર કન્યા,
જલ પરસતહીં સકલ અઘ ભાજે,
જ્યોં હરિદેખ હરણકી શૈન્યા. ૧
ઓર જીવનકો ઓરનકી ગતી,
મેરી ગતિ હો તુમહીં અનન્યા
વૃજપતિકી તુમ અતીહીં પ્યારી,
તુમ સંગમતેં જાન્હવી ધન્યા. ૨

પદ (૫૭) સતાવનમું - રાગ રામકલી

શ્રીયમુનાજીસી નહીં કોઈ દુઃખ હરની,
જા કે સ્નાનતેં મિટત હે પાપ, હોત હે આનંદ સુખકી જુકરની. ૧
મહિમા અગાધ અપાર, ઈનકે ગુણવેદ પુરાણ ન વરણી,
કહત વ્રજપતિ તુમ સબનકોં સમજાય,
છુટે યમડર જો આવે ઈનકી શરણી. ૨

પદ (૫૮) અઠાવનમું - રાગ રામકલી

શ્રી યમુનાજી તિહારો પુલિન મોહિભાવે,
સુર બ્રહ્માદિક ધ્યાન ધરત હૈ, સો સુપને નહિ પાવે, ૧
બિચ બિચ કુંજસદન અતિસુંદર, શ્યામા શ્યામા સુહાવે,
ચહું દીશ સકલ ફૂલ અતિ ફૂલે, ગુહીગુહી કંઠ ધરાવે. ૨
કુસુમનકે વિંજનાજો સંવારે, સખિયન બાંહઢુરાવે,
સૂરદાસ પ્રભુ સબસુખ સાગર, દિન દિન શોભા પાવે. ૩

પદ (૫૯) ઓગણસાઠમું - રાગ રામકલી

જયતિ ભાનુ તનયા ચરણયુગલ વંદે,
જયતિ વ્રજરાજ નંદ પ્રિયે સર્વદા
દેત આનંદ જયોં શરદ ચંદે. ૧
જયતિ સકલ સુખ કારિણી કૃષ્ણમન હારિની,
શ્રીગોકુલ નિકટ વહત મંદે,
જાકે તટ નિકટ હરિરાસ મંડલ રચ્યો,
તહાં નૃત્યત તાતા થેઈ થંદે. ૨
જયતિ કલિંદગિરીનંદીની દેત આનંદિની
ભક્ત કે હરત સબ દુઃખ દ્વંદે,
ચિતમેં ધ્યાન ધર મુદિત વ્રજપતિ કહેં
જયતિ યમુને જયતિ નંદ નંદે. ૩

પદ (૬૦) સાઈઠમું - રાગ રામકલી

જગત મેં શ્રીયમુનાજી પરમ કૃપાલ,
વિનંતી કરત તુરત સુનલીની ભયે મોપેં દયાલ. ૧
જો કોઉ મજ્જન કરત નિરંતર તાતે ડરપત હેં યમકાલ,
વૃજ પતિકી અતિ પ્યારી, કાલિંદી સ્મરત હોત નિહાલ. ૨

પદ (૬૧) એકસઠમું - રાગ રામકલી

શ્રીયમુનાજી યહ વિનતી ચિત્ત ધરીયેં,
શ્રીગિરિધરલાલ મુખારવિંદ રતિ, જન્મ જન્મ નિત કરિયેં. ૧
વિષ સાગર સંસાર વિષમ સંગતે, મોહી ઉદ્ધરિયેં,
કામ ક્રોધ અજ્ઞાન તિમિર અતિ ઉરઅંતરતે હરિયે; ૨
તુમારે સંગ બસો નિજ્જન સંગરૂપ દેખ મન ઠરિયેં,
ગાઉં ગુણ ગોપાલ લાલકે, અષ્ટ વ્યાધિતેં ડરિયેં. ૩

ત્રિવિધ દોષ હરકેં કાલિંદી એક કૃપા કર ઢરિયેં,
ગોવિંદદાસ યહ વર માંગે તુમારે ચરણ અનુસરિયે. ૪

પદ (૬૨) બાસઠમું - રાગ રામકલી

નમોતરણી તનયા પરમપુનીત જગ પાવની,
કૃષ્ણમન ભાવની રુચિર નામા,
અખિલ સુખદાયિની સબસિદ્ધિ હેતુ,
શ્રીરાધિકા રમણ રતિ કરણ શ્યામા. ૧
વિમલ જલ સુમન કાનન મોદ યુત,
પુલિન અતિરમ્ય પ્રિય વ્રજકિશોરા,
ગોપગોપી નવલ પ્રેમ રતિ વંદિતા,
તટ મુદિત રહેત જૈસેં ચકોરા. ૨
લહરિ ભાવ લાલિત વાલુકા સુભગ,
વૃજ બાલ વૃત પૂરણ રાસ ફલદા,
લલિત ગિરિવરધરણ, પ્રિય કલિંદનંદીનિ,
નિકટ કૃષ્ણદાસ વિહરત પ્રબલદા. ૩

પદ (૬૩) ત્રેસઠમું - રાગ રામકલી

પ્રિય સંગ રંગ ભર કર વિલાસે,
સુરત રસ સિંધુમેં અતિહી હરખિત ભઈ,
કમલ જયોં ફૂલતે રવી પ્રકાશે. ૧
તનતેં મનતેં પ્રાણ તેં સર્વદા કરતહેં હરિસંગ મૃદૂલ હાસેં,
કહત વૃજપતિ તુમ સબનકો સમજાય.
મિટે યમત્રાસ ઈનહી ઉપાસે. ૨

પદ (૬૪) ચોસઠમું - રાગ રામકલી

જયતિ શ્રીયમુને પ્રકટ કલ્પ લતિકે,
અષ્ટ વિધ સિદ્ધિ અદ્‌ભુત વૈભવ સકલ,
સ્વજન વિખ્યાત સ્વાધીન પતિકે. ૧
કેલી શ્રમ સુરત પય રૂપ વ્રજ ભૂપકો,
પુત્ર પયપાનદે વિશ્વમાતા,
અંગ નૂતન કરત પુષ્ટિ તબ અનુસરત
ત્રિદલ રસ કેલિકી અમિત દાતા. ૨
રહત યમ દ્વારતેં મુક્ત સુખ ચારતેં,
નામ ત્રય અક્ષર ઉચ્ચાર કીનેં,
ઉભયલીલાવિષ્ટ વૃજપ્રિય કુમારિકા
તુર્ય પ્રિયા વદત રસ રંગ ભીનેં. ૩
અનાવૃત બ્રહ્મ તેં સદાવૃત હોય રહી
કનક શાખા વિટપ શ્યામ વલ્લી,
સદા પ્રફુલ્લિત દ્વારિકેશ અવલોકકે
નિત્ય આનંદ આ ભીરપલ્લી. ૪

પદ (૬૫) પાંસઠમું - રાગ આશા ગોરી

હમ લઈ શ્યામશરણ યમુનાકી,
તિહારે ચરણમૈયા લાગોરી ધ્યાન;
માતા તિહારી સંજયા તારન, પિતા તિહારે સૂરજ ભાનુ,
ધર્મરાયસે બંધુ તિહારે, પતિ તિહારે શ્રીભગવાન. ૧
ઉંચે નીચે પર્વત કહિયેં પર્વતરાયે પાષાણ,
સાત સમુદ્ર ભેંદકે નીકસી એસી હેં,
શ્રીયમુનાજી બલવાન. ૨

બ્રહ્મા જાકો ધ્યાન ધરત હેં, પંડિત વાંચત વેદ પુરાણ,
જોગી જતીસતી સંન્યાસી મગ્નભયે
તિહારે ગુણગાન. ૩
જેંસે તુરંગ ચલત ધરણી પર તેંસે
ભંવરા કરત ગુંજાર.
સુર શ્યામ આધીન તિહારે જયજનની,
મૈયા કરની કલ્યાણ. ૪

પદ (૬૬) છાસઠમું - રાગ બિલાવલ

જય જય શ્રીસુરજા કલિંદ નંદની,
ગુલ્મ લતા તરુ સુવાસ, કુંજ કુસુમ મોદમત્ત,
ગુંજત અલિ સુભગ પુલિન વાયુ મંદિની. ૧
હરિ સમાંનધર્મ શીલ કાંતિ, મંજુલ જલદ નીલ,
કટિ નિતંબ ભેદત નિત ગતિ ઉતંગની. ૨
સિકતા જનુ મુકતા ફલ, કંકણ યુત ભુજ તરંગ,
કમલ ઉપહાર લેત, પિયા ચરણ વંદિની. ૩
શ્રીગોપેન્દ્ર ગોપી સંગમ, શ્રમ જલકણ સિકત અંગ,
અતિ તરંગ નિરખ, રસ સુફંદિની. ૪
છીત સ્વામી શ્રીગિરિવરધર નંદનંદન આનંદ કંદ,
શ્રીયમુને જન દુરિત હરણ દુઃખ નિકંદિની. ૫

પદ (૬૭) સડસઠમું - રાગ બિલાવલ

જય જય શ્રીયમુના આનંદ કદની,
દરશ સ્પરશ ત્રિવિધ તાપ જાત દુઃખ નિકંદની. ૧

અંગઅંગ છબી તરંગ શોભા સિધુની,
તાહિકે અધકુઠાર જાકે વંદિની. ૨

અક્ષય આનંદ ગોવિંદ અગમ ગામિની,
હરિદાસ તટ નિવાસ જન્મ જન્મની. ૩

પદ (૬૮) અડસઠમું - રાગ બિલાવલ

બલ વામન હો જગ પાવન કરણ;
કહિન પરત શોભા નિલ મણિનકી શી,
ગોભા ગગન ભયો જબ સુંદર ચરણ. ૧

બન્યો હેં ભેદ અતિ ઉતતે, ગંગાકી ધાર ધસી,
હેં ધરણી ઉજ્જવલ વરણ,
ઇતતેં પદકી જ્યોતિ માનોં કાલિંદિકી ધાર,
ચઢી હેં અમરપુર પાપ હરણ. ૨

રહે હેં ચકિતચાહિ સુરનર મુનિવર,
દુહુ દિશનેહ આન કિયે વરણ;
નંદદાસ જાકેચરિત્ર દુરિતદવન,
રંચક શ્રવણ મિટે જન્મમરણ. ૩

પદ (૬૯) ઓગણસિતેરમું - રાગ બિલાવલ

શ્રીયમુને કરૂણામયિ વિનતી સુન લીજેં,
દર્શનતે પાવન સદા સ્મરત અધ છીજેં. ૧

મજ્જન તુવ જલપાવની, મનસુધ કર લીજેં,
શ્રીવિઠ્ઠલ ગિરિધરનકે, ગાઉં ગુન રસ ભીંજે. ૨

પદ (૭૦) સિત્તેરમું - રાગ બિલાવલ

તપત મિટે દેખે ભાનુ સુતાતે,
સ્નાન કિયેં તેં કલિમલ નાસે, ગાન કિયેં તેં જ્ઞાન હોય તાતેં. ૧

પાન કિયેં તેં પ્રેમ પ્રકાશે, ધ્યાન ધરેં તે દંપતિ દેતાતેં,
તીર બસે બલવીર હીયે આવે, વૃંદાવન વૈભવ લહેતાતેં. ૨

વ્રજ ભૂષણસે પ્રભુ જાનકે, દુ:ખ ન કોઈ છીનતાતેં
પ્રસન્ન હોય યમુના જગતરાણી, નંદદાસ જાચત હેં તાતેં. ૩

પદ (૭૧) ઈકોતેરમું - રાગ બિલાવલ

અધ સંહારિણી શ્રીયમુનાજી, પુરમ પુરુષોત્તમજીકી પ્યારી,
જે જન તકી ચરણન ચિત લાવત, તાપર કૃપા અનુગ્રહ ભારી. ૧

સોલે સહસ્ત્ર રાજકન્યાકે, પ્રતિબંધક મુર દૈત્ય મહારી,
તાહિ નિહાર કિયે અંગીકૃત પાણિગહે સબકે જું મુરારી. ૨

એસે પ્રભુસો કેલિ નિરંતર, ચરણ રેણું ફરકત સુખકારી,
સેવા યોગ્ય દેહકે કારણ, કરત દયા નિજ પ્રાણ આધારી. ૩

ચમકત રેણુ સંબંધ કરત જો, સિદ્ધ અલૌકિક દેહ સુખારી,
હરિદાસ શ્રીયમુનાજીકી શોભા, નિરખતહી તનમન ધનવારી. ૪

પદ (૭૨) બોતેરમું - રાગ બિલાવલ

સોહત યમુના ફલ ફૂલન,
રાસ રમણ કીનો વ્રજનાયક યહ વન યમના ફૂલન. ૧

મોહન કિયો રૂપ મોહનીકો, અસુર રહે મતિ ભૂલન,
હરિદાસ પ્રભુ શોભા નિરખત, યહિ યમુના ભૂજમૂલન. ૨

પદ (૭૩) તોતેરમું - રાગ બિલાવલ

સબ હિનતેં યમુના અધકીરી,
કિહી કારણ ભૂતલ પાઉધારી,
ચિત્ત દે સુનિ સબ યા વિધકીરી. ૧
વ્યાપિ વૈકુંઠતે આઈ વ્રજમેં
કો જાને સખી યા નિધિકીરી,
હરિદાસ પ્રભુ નિરખત રંક
મિલી ગઠિયાં નિધિકીરી. ૨

પદ (૭૪) ચુંવોતેરમું - રાગ રામકલી

નમો દેવી યમુને નમો દેવી યમુને,
મન વચન કર્મ કર શરણ તેરી,
સકલ સુખકારિની ભવ સિંધુતારિની,
દરસતેં કટત હેં પાપ વેરી. ૧
ભક્ત-વરદાયિની, ભક્ત-મનભાવિની,
દીજીયે ભક્તિ અબ લાલ ગિરિધરનકી,
કાટિયેં વિષય કૃષ્ણદાસ કેરી. ૨

પદ (૭૫) પંચોતેરમું - રાગ રામકલી

નમો નમો જયતિ શ્રીયમુને,
જય કાલિંદી પુલિન મનોહર,
શ્યામા શ્યામ કરતહેં રવને. ૧
જલ ક્રીડા કરત તેરે તટ.
તુમ સમ કોઉ નહિ તીનોં ભવને,
સુર નર મુનિકે ધ્યાન ન આવે,
ાસો પ્રભુ તિહારે ગ્રહ ગવને. ૨

તુમતો પરમ કૃપાલ જગ જનની,
પતિતનકો પાવન ભવ તરણી,
શાખા નિગમ પુરાણનવરણી,
સૂર પ્રભુકે મનકો હરની. ૩

પદ (૭૬) છોતેરમું - રાગ ભૈરવ

જય જય શ્રીયમુને માતા જગત વંદીની,
ત્રિવિધ તાપ દૂર કરત પાપ ખંડની. ૧

સકલ વ્રજભૂમિ વિહાર કલિદ નંદીની,
ચતુર્ભુજ પ્રભુ ગિરિધરનલાલ કામ કંદની. ૨

પદ (૭૭) સીત્તોતેરમું - રાગ ભૈરવ

જય યમુને જનની મહારાણી,
શેષ સનકાદિ નારદ ગુન ગાવત;
ચતુરાનન મુખ વેદ વખાની. ૧

શુક મુનિ આદિ પરાસર કે સુત,
ધ્રુવકો દઈ અટલ રજધાની,
ચતુર્ભુજ પ્રભુ ગિરિધર ઈનકે વશી,
કેલિ કલા રસ રૂપકી ખાણી. ૨

પદ (૭૮) ઈઠ્ઠોતેરમું - રાગ બિભાસ

પ્રાત સમે રસના જુ રટિયેં કલિંદ સુતા હરિ કે સુખ દેની,
સાંવરે અંગ તરંગ અનંગન, મોતિન માંગભરી મૃગ નયની. ૧

હાવ ભાવ વિલોકનમેં, મનમોહન કે મનકો હર લેની,
પ્રેમ કહે જગ પાવની, ભૂતલમાં જ વૈકુંઠ નિશ્રેનિ. ૨

પદ (૭૯) ઈગણાસીમું - રાગ બિલાવલ

કાલિંદી તૂ કૃષ્ણ જાુકી પ્યારી,
જેસી કૃપા કરત હરિ હમ ઉપર,
તેસી તુમ જો રાખતહી ન્યારી. ૧
જમુના જલ વિલાસ ચહું દિશ,
જેમ બેઠી સબહિતકી મહતારી,
સૂરદાસ હિલગન મનકી કહા કહું
કુલ પ્રકૃતિ તિહારી. ૨

પદ (૮૦) એંસીમું - રાગ રામકલી

જગમેં એસી સાર ભજ તું વારંવાર
શ્રીયમુનાજીકો નામ જપત
નિશદિન તાતેં ઉતર ભવસાગર પાર. ૧
જેસે હરિ ભજે તેં હરિ હિયમેં બસે,
કરે કૃપા સર્વદા અપને પતિમાર;
કહત વ્રજપતિ તુમ સબનકોં સમજાય,
પર્યો ઈનકી શરણ ઓર નહિ આધાર. ૨

પદ (૮૧) એકાસીમું - રાગ બિલાવલ

કાલિંદી કલિ કલ્મષ હરણી,
યમ અનુજા શ્યામા મહા સુંદરી ગોવિંદ ધરણી. ૧
જય યમુના જય કૃષ્ણ વલ્લભા, પતિતનકોં પાવન ભવતરણી,
શરણા ગતકો દેત અભય પદ,
જનની કરત જેંસે સુતકી કરણી. ૨

શીતલ મેદ સુગંધ સુધા નિધિ ધારા ધરી વપુ ઉતરીધરણી,
પરમાનંદદાસ કહે પરમ પાવની,
જાુગ જાુગ સાખ નિગમ નિતવરણી. ૩

પદ (૮૨) બાશીમું - રાગ બિભાગ

શ્રીયમુનાજી નિરખ સુખ ઉપજત
સન્મુખ વૃન્દાવિપિન સુહાયે,
શ્રીવિશ્રાંત શ્રીવલ્લભ જાુકી બેઠક.
નિર્મલ જલ યમુનાકે નહાયે. ૧
ભુજ તરંગ સોહત અતિ નીકે ભવર કંકણ સિરાયે
વૃજપતિ કેલિ કહા કવિ વરણે,
શેષ સહસ્ત્ર સુખ પાર ન પાયે, ૨
શ્રમ જલ સહિત અગાધ મહારસ,
લીલા સિંધુ તરંગન છાયે,
સકલ સિદ્ધિ અલૌકિક દાતા,
જે જન તાકિ ચરણનન ચિત્ત લાયે. ૩
રવીમંડલદ્વારા હોય પ્રકટી,
ગિરિ કલિંદ શિરતેં વૃજ ધાયે,
હરિદાસ પ્રભુ શોભા નિરખત,
મન કર્મ વચન ઈનકે ગુણ પાયે. ૪

પદ (૮૩) ત્યાંસીમું - રાગ ગૂજરી

કેલિ કલ્લોલન દેખ યમુને,
નંદ નંદન કુંવરકે કેલિ રસમત્તાહી,
સુંદરી સંગ લે સુભગ ભવને. ૧

અધર મધુપાન કર સુરત રસદાનકર.
પ્રિય પ્યારી નિતકરત રવને,
તાહિ સમે રસભરી ભાનુતનયા ખરી,
પ્રેમ આનંદમેં કરત ગવને. ૨
પુણ્ય ફલે, સકલ જનકે સરે,
તાહિ હિત ભૂતલ યમુને અવને
જુગલ જોડી શોભા હરિદાસ નિરખ,
દુહું કર જોર કરત નમનેં. ૩

પદ (૮૪) ચોર્યાસીમું - રાગ ગૂજરી

આજ આનંદમેં સૂરતનયા સુભગ,
શ્યામસુંદર સંગ કેલિઠાની,
મધુર મુસકાન અરસાન રસમગ્ન મન,
કરત કોકિલ શબ્દ મધુરી વાની. ૧
વહત ગોકુલ પાસ કરત પૂરણ આસ,
સકલ સામર્થ્ય જન અભય દાની;
નંદ નંદન કુંવર નવલ જોરી,
હરિદાસ પ્રભુ નિરખ શોભા વખાની. ૨

પદ (૮૫) પંચાસીમું - રાગ રામકલી

નિરખોં શ્રીયમુના સુખદાયક,
સબતજ આસ ગહું ઈનકી મન, કર્મ અરૂ ભજ વાચક. ૧
લહેર તરંગ બઢત જ્યોં ઈનકી, ત્યોં હરિ સ્નેહ બઢાયક,
અતિ ઉદાર કલિંદ નંદની, નિજ રસ સર સહાયક. ૨
શેષ સહસ્ત્ર મુખ પાર ન પાવે, કો કવિ વરણન લાયક,
હરિદાસ પ્રભુ શોભા નિરખત, પ્રિય પદપ્રિતિ સહાયક. ૩

પદ (૮૬) છયાસીમું - રાગ રામકલી

શ્રીયમુના મોહન કો મનમોહે,
જ્યોં પ્રભુ ધર્યો સ્વરૂપ મોહિની ત્યોં શ્રમ સલિલ સોહે. ૧
હોત સહાય સબનકોંનિશદિન,
કેલિ કરત પ્રભુ જોંહે,
હરિદાસ પ્રભુ શોભા નિરખત,
વર્ણન કરે કવિ કોં હેં. ૨

પદ (૮૭) સત્યાસીમું - રાગ બિભાગ

ભાનુસુતા ગુણ ગાવે પ્રેમ ભરી,
સોઈ અલૌકિક સિદ્ધિ જો પાવે;
યમુના તટ કિત હરિ લીલા,
પરમકૃપા કરી દર સો પાવે. ।।૧।।
અનુભવ હોત લીલા રસકો,
તબ અરૂ સર્વાત્મક ભાવ હિયેં આવે.
હરિદાસ પ્રભુ શોભા શ્રમસરિતા,
નિરખ નયન ચિત્ત જિન વિસરાવે. ।।૨।।

પદ (૮૮) અઠયાસીમું - રાગ બિભાગ

શ્રીયમુનાજી કી રેણું એસી, સકલ જીવન કે દોષ નિવારે,
તેહું રેણુ બહુત હૈ ભીતર, જા પરસે સબ પાપ નિવારે. ૧
હરિસોં વિહાર કરતર વ્રજસુંદરી,
તિન ચરણકી રેણું સુ-તારે,
હરિદાસ યહ શોભા નિરખત,
શ્રીયમુના ચિત્ત રહો હમારે. ૨

પદ (૮૯) નવ્યાસીમું - રાગ બિભાસ

શ્રીયમુનાજી રેણું બહુત તુવ માઈ
તાકી મહિમા કહાં લગબરનો
રસના કોટિક નાહિ. ૧

વૃંદાવન સ્થિત દોઉ કરારે,
ફૂલ સુમનન જલ નાંઈ,
હરિદાસ પ્રભુ શોભા નિરખત,
ચિત્ત અરુઝયોં તેહી ઠાઈ. ૨

પદ (૯૦) નેવમું - રાગ રામકલી

શ્રીયમુનાજી સોહત મન મોહની,
સુર અસુર મિલ પૂજા કીની, તેસી લાગત સોહની. ૧

યાતે યહ દૃષ્ટાંત જાુદીનો, ભાવ અનેક દિખોહની,
હરિદાસ શોભા ચિત્ત ઉરઝયોં લાગી ચરણન ગોહની. ૨

પદ (૯૧) એકાણુંમું - રાગ દેવંગધાર

કરિ પ્રણામ જમના જલ લહિયે,
શ્રીવલ્લભ પદ રજ પ્રતાપતેં શ્રીયમુના મુખ કહિયે. ૧

પૂરણ પુરુષોત્તમ વ્રજ પ્રકટે, ઈન હું પ્રકટ્યો ચહિયેં
જોજન લક્ષ ધરાતેં ઉચો, રવી મંડલતે બહિયે. ૨

નંદ સુવન અરુ કલિંદ નંદની, દર્શન રિપુ તનદહિયેં
હરિદાસ પ્રભુ યહ સુખ શોભા, નેમ નહી મેં રહિયે. ૩

પદ (૯૨) બાણુંમું - રાગ બિભાસ

ગિરિ કલિંદ પર જલજાુ પરે
તાતે ઉક્ત પ્રવાહ ફેનમેં ઉજ્જવલતા જાુભરે. ૧
સહજ સ્વરૂપ પ્રાણ પ્યારી કો, ઉજ્જવલ ક્યોં જાું કરે,
હરિદાસ શોભા પિય કારણ સહજ શૃંગાર ધરે. ૨

પદ (૯૩) તાણુંમું - રાગ રામકલી

શ્રી યમુનાજી પિયકે પાસ ચલી,
યહ વિલાસગિરિ ચઢી પુનિ ઉતરત, યહ ગતિ અતિજાુ ભલી. ૧
ઉછલત હેં પ્રવાહ વેગતેં ઉચે યહજાુ અલી,
હરિદાસ શોભા નિત નિરખત આતુર ઉમગરલિ. ૨

પદ (૯૪) ચોરાણુંમું - રાગ પંચમ

ચલત ન્યારી નવલ યમુને,
ગાય વ્રજભક્તકે ભાવકો દેખિકેં,
ભાવ સહિત તહાં ગવને. ૧
આઈ વ્રજભુપ પ્રિય ભાવ ઉપજાવહી,
જલ સ્થલ સિદ્ધ દોહ કરત રવને,
નિરખ શોભા હરિદાસ નિશ દિન યહ,
મન, કર્મ, વચન, કરી શીશ નમને. ૨

પદ (૯૫) પંચાણુંમું - રાગ પંચમ

યહ રસ રૂપ હેં ભાનકી નંદની,
કંજ રસ રૂપકે મિત્રકી યહ સૂતા,
દેતરસદાન કરિ દૂર દુઃખ દ્વંદની. ૧

ગૂઢરસ રીતકે ભાવ કેસેં કહો.
નંદનદન વિરહ તાપ નિકંદની,
નિરખ શોભા હરિદાસ નયન સદા,
રાખિયેં નિકટ મોહિ જગતકી વંદની. ૨

પદ (૯૬) છણુંમું - રાગ આશાની

શ્યામ વરણ શ્રીયમુનાજીકી શ્યામ વરણ સમતૂલરી,
તવ પણ મેઘઘટા જયો ઉમગી,
સબહિનકી સુખ મૂલરી. ૧
ધ્રુવ વ્હેંકો મધુવન યમુના તટ, ગઈ દુઃખનકી સૂલરી,
હરિદાસ પ્રભુ શોભા નિરખત, ગઈ ભવ વેદન ભૂલરી. ૨

પદ (૯૭) સતાણુંમું - રાગ આશાવરી

શ્રમ સરિતા તુંજે જન નિત્ય
પ્રતિ કરત સુતુવ ગુન ગાનરી
કૃપાસિંધુ સોં તહી મિલાવો, યહી તુમારી હેં બાનરી ૧
કૃપા જલધિ પૂરણ પુરુષોત્તમ, પૂરણ પ્રકટ પ્રમાણરી,
નિશદિન મિલિ રહેત તિન સૌહી,
તુમહીં રસકી ખાનરી ૨
એસે પ્રભુસોં હમ હી મિલાવો, વિનતી સુન ધર કાનરી,
સસહિનતે મુખ્ય શ્રીગંગા તિનહૂં તે,
અધિક કહાનરી. ૩
તુમારે મિલ મહિમાં અતિ બાઢી,
સોસબ સુનકો સુજાનરી,
હરિદાસ પ્રભુ શોભા નિરખત, હિયેં વસો યહ ધ્યાનરી. ૪

પદ (૯૮) અઠાણુંમું - રાગ ખટ

યમુના તીર પર તરંગ ફેલત જબે
માનહું કર કમલપર ભરરિહેં કંકણ
પ્રભુ કટિ રૂપ તટ નિરખ ઠાડે પ્રિયા,
થાંમકે યમુને તહાં ભરત હેં અંકન. ૧

અતિહીં શોભિત ખરી વિવિધ ભૂષણ ભરી,
શ્યામતન ચિતવત યમુને દ્રગ બંકન
રેણુમુક્તા પરે પોઈ કંકણ કરે હરિદાસ
શોભા નિરખ પાઈ નિધિ રંકન. ૨

પદ (૯૯) નવાણુંમું - રાગ ઘટ

અનંત ગુણ ભુવિતે પ્રભાકર નંદની
સકલ ગુણ વાંદિત હેં પ્રભુ સમાને,
ધ્રુવકો અચલ રાજ ઓર વાંદિત,
સોઈ સબ દેનેકો અદેય દાને. ૧

શિવ વિરંચાદિ સબદેવ સ્તુતિ કરે,
અરૂ નારદાદિ મુનિ કરત ગાને
યમુને મોચે પ્રાણપતિ બેગ મિલવો,
હરિદાસ પ્રભુ નિરખત શોભા બખાને. ૨

પદ (૧૦૦) સોમું - રાગ ખટ

વિશુદ્ધ મથુરા તટે કૃષ્ણ મમ વાસ હેં,
દિવસમેં ગોપલીલા સહિત નિશામેં નાથ,
વ્રજભક્ત સબ પાસ હેં. ૧

આઈ નિજધામતેં કામ પૂરે સખે ઓર,
વૃંદાવિપિન કિયો પ્રભુ રાસહેં,
તિનહીસો બેગ હમહી મિલવો પ્રિય,
નિરખ હરિદાસ શોભા કહો આસ હેં. ૨

પદ (૧૦૧) એકસોએકમું - રાગ રામકલી

શ્રીયમુને મો મન મિલાવોં નાથસોં,
તુમહી નિજ સંગ શોભિત સદા ભામિની,
ઓર વૃજભામિની લીયેં સબ સાથસોં. ૧

અનંતગુણ ભૂષિત પૂરણ પુરષોત્તમ,
મોંહી સોંપ્યો પ્યારી તાહી ગ્રહી હાથસોં. ૨

શિવ વિરંચાદિ સ્તુતિ કરત તુમારી,
હરિદાસ પ્રભુ નિરખ શોભા ગહિ બાથસોં. ૩

પદ (૧૦૨) એકસો બેમું - રાગ રામકલી

શ્રીયમુનાજી તુમ હો પરમ ઉદાર,
તુમારીકૃપા ભય જાન કૃષ્ણજુ કરત તાહિ અધિકાર. ૧

શ્યામલ વરન સમાનશીલગુણ દ્વય લીલા અધિકાર,
ક્રીડા રાસ વિલાસ રસ ભરે પ્રિય પરિશ્રમ પરિહાર. ૨

લીલા ગૂઢ ઘોર કલિયુગમેં રૂપ પ્રકટ વિસ્તાર,
અતુલ પ્રતાપ પુન્ય પુરણ જલ અખિલ વિશ્વ ઉદ્ધાર. ૩

યદ્યપિ પતિત નાહી જલ બરસત, દરસપરસ પિઓવાર,
હરિદાસકો ત્રાસ નિવારો જિન ડારો સંસાર. ૪

પદ (૧૦૩) એકસો ત્રીજું

શ્રીયમુનાજી કરત કૃપાકો દાન,
જો કોઉ આવત દરશ તિહારે, સબકો રાખત માન. ૧

કલિકે જીવદોષ ભંડારી, કરત તિહારો પાન,
ભયે અનન્ય સબહી ઓરતે, સુન મુનિ કરત બખાન. ૨

જે જન હરિ - લીલા - અધિકારી, કરત તિહારો ગાન,
મેં મતિ મંદ કહાંલો બરનોં, રસિકદાસ જનજાન. ૩

પદ (૧૦૪) એકસો ચારમું

શ્રીયમુના પરમ કૃપાલ કહાવે,
દર્શન તે અધ દૂર જાત હેં, હરિલીલા સુધી આવે. ૧
જે જન તેરે નિકટ બસત હેં, નંદ-નંદ-રસ પાવે,
જીલ કૃત દેખત નહીં કબહું, અપનો પક્ષ બઢાવે. ૨
કર્ત અકર્તુ અન્યાથા કર્તુ, યહ સુન મન લલચાવે,
રસિકદાસકો દાસ જાનિયો, તાતે યહ યશ ગાવે. ૩

પદ (૧૦૫) એકસો પાંચમું

શ્રીયમુના જગત પાવન કરન,
પ્રથમ જાકો નામ સ્મરત, કોટિ કલિ મલ હરન. ૧

પેઠિકેં જલ પરસ કરી રહે, મિટત જિયકીજરન,
નામ સ્મરત ગઈ દુર્મતિ, વિવિધ પોષણ ભરણ. ૨

ઉપજત ઉગ્ર વૈરાગ્ય જાતેં, લે ચલે વાહિ શરણ,
સૂર હરિકી ભક્તિ દાતા, વિશ્વતારન તરન. ૩

પદ (૧૦૬) એકસો છઠું

એક રસના ગુણ અપાર ક્યોં કરિ વરનો,
સાધન સર્વે તજો-ભજો ઈનકો નામ,
જાકે સ્મરણતે હોયગો - તરનો. ૧

એક મનમેં નિરધાર કરકેં,
કરો રાસ ઈનકે તટ નિકટ રહનો,
કહત વ્રજપતિ તુમ સબનકો સમજાય,
જપો હરિનામ ઔર કછુ ન કરનો. ૨

પદ (૧૦૭) એકસો સાતમું

શ્રીયમુનાજી હમસે પતિત ઉદ્ધારો,
પતિતપાવન સુનકે આયો, બાંધ પાપકો ભારો. ૧

પતિતપાવન શ્રીકૃષ્ણજીકી ઘરની, દોઉ મિલ બાત બિચારો,
સુરદાસ હૃદય વસો, નિરંતર, શ્રીયમુનાજી નંદ દુલારો. ૨

પદ (૧૦૮) એકસો આઠમું

શ્રીયમુને જગ વંદની, યશ વેદ હી ગાયો,
જે જન તટ સેવન કરે, સો પરિષદ પાયો. ૧

સ્નાન દાનકી કહા કહું, મહિમા નિર્ધારી,
નામ લેત શીઘ્રહીં પાવે, યદ્યપિ કર્મચારી. ૨

સુખ કરની દુ:ખ હરની, પતિતન પદ-દાની,
વહે જાત કૃષ્ણદાસ, સુમુનિ ઓરજ્ઞાની. ૩

પુષ્પ-૪ : "અવતરણો"

શ્રીયમુનાજી વિષે જાણવા જેવા અને જીવનમાં ઉતારવા જેવાં વિવિધ પુસ્તકોમાંથી લીધેલ "અવતરણો"

(૧) શ્રી યમુનાષ્ટકની રચના મહાપ્રભુજીએ કરી છે.

(૨) શ્રી યમુનાષ્ટક સં.૧૫૪૯ ને શ્રાવણ સુદ-૩ ઠકરાણી ત્રીજે લખાયું.

(૩) શ્રી યમુનાજીનું પ્રાગટ્ય ચૈત્રસુદ-૬ ને ગુરૂવાર.

(૪) સ્વામીનીજીનું માન મનાવવાના પ્રસંગથી મુકુટ-કાછનીનો શૃંગાર ધર્યો છે.

(૫) યમુનાજીની માતાનું નામ સંજ્ઞા છે.

(૬) યમુનાજીના પિતાનું નામ આધિદૈવિક આદિસૂર્યનારાયણ છે.

(૭) યમુનાજીના ભાઈનું નામ યમરાજ છે.

(૮) યમુનાજીના પિતરાઈ બહેનનું નામ તાપી છે.

(૯) યમુનાજીના પિતરાઈ ભાઈનું નામ શનિ છે.

(૧૦) શ્રી યમુનાજીનો અર્થ ભક્તિની મહારાણી છે.

(૧૧) શ્રી યમુનાજી ભગવાનના પ્રિયતમા છે.

(૧૨) શ્રી યમુનાજી ભક્તોના અંત:કરણના મનોરથ પૂર્ણ કરવા માટેનું કાર્ય કરે છે.

(૧૩) શ્રી યમુનાજી મુકુન્દ ભગવાનમાં રતિ, પ્રીતિ, ભગવદ્ભાવ વધારે છે.

(૧૪) શ્રી યમુનાજીનું દ્રવીભૂત સ્વરૂપ શ્રી ઝારિજીમાં છે.

(૧૫) શ્રી ઠાકોરજીને રીઝવવા શ્રી યમુનાજીનાં ગુણગાન કરવાં.

(૧૬) શ્રી યમુનાજીનો પાઠ કરવાથી શરીરની શુધ્ધિ, સેવાનો અધિકાર અને નવીન દિવ્ય દેહની પ્રાપ્તિ તથા પ્રભુ સ્નેહ પ્રાપ્તિ થાય છે.

(૧૭) પુષ્ટિલીલામાં શ્રી યમુનાજી શ્રી ઠાકોરજીનાં ચતુર્થ સ્વામિની છે.

(૧૮) શ્રી યમુનાજીનું જળ ભૌતિક જળ નથી. શ્રી ઠાકોરજીનાં ચતુર્થ સ્વામિની છે.

(૨૦) શ્રી યમુનાજીનું નામ શ્રી ઠાકોરજીને પ્રસન્ન કરવાના અને પામવાના હેતુથી જ રટવું અન્ય કોઈ હેતુંથી ન રટવું.

(૨૧) શ્રી યમુનાજીમાં પણ ભગવાનના છ દિવ્ય ગુણો છે. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય.

(૨૨) શ્રી યમુનાજીનો મહિમા જાણવા એમનાં નામ, પ્રાકટ્ય, સ્વરૂપ, લીલા ગુણ જાણવા જરૂરી છે.

(૨૩) શ્રી યમુનાજીનાં ગુણગાન ગાય છે તેમને શ્રી ઠાકોરજી વશ થાય છે.

(૨૪) શ્રી યમુના મા વિના પુષ્ટિજીવન અસંભવ.

(૨૫) શ્રી યમુનાજીનાં ૪૧ પદોનું રહસ્ય, નિષ્કામ ભાવે વિશુધ્ધ બુધ્ધિ અને દ્રઢ શ્રધ્ધાથી પાઠ-ગાન કરીએ તો ઉત્તરોત્તર ભગવદ્ભાવનું દાન પ્રાપ્ત થાય છે.

(૨૬) શ્રી ઠાકોરજીએ પુષ્ટિજીવોનો અંગિકાર કરવા અને ભક્તિનું દાન કરવા પોતાનું અત્યધિક સ્વરૂપ પ્રગટ કર્યું તે જ શ્રી યમુના મહારાણીજી છે.

(૨૭) શ્રી ઠાકોરજી શ્રી યમુનાજીને વશ છે.

(૨૮) શ્રી યમુનાજી આપનું જીવન છે, આપનું ધન છે, આપણા પ્રાણ છે, આપણું સર્વસ્વ છે.

(૨૯) શ્રી યમુનાના નામનું સ્મરણ અને હૃદથી તેમનું સેવન કરવું જરૂરી છે.

(૩૦) જમુના જળ એ જળ નથી, પણ રસ છે.

(૩૧) શ્રી યમુના એવાં છે કે જેઓ આપણો હાથ પકડી આપણને પ્રભુ પાસે લઈ જાય છે.

(૩૨) જે જીવ ઉપર મા શ્રી યમુના કૃપા કરે છે તે જ જીવ પ્રભુને શરણે જાય છે.

(૩૩) શ્રી યમુનાશક્તિ એ આપણી જીવન શક્તિ છે.

(૩૪) શ્રી યમુના તીર્થ સ્વરૂપા છે. પાપનાશિની છે, પાવન કારિણી છે, આવાં શ્રી યમુના આધ્યાત્મિક રીતે અનંત શક્તિઓવાળાં છે.

(૩૫) શ્રી યમુનાજળમાં જાગતી લહેરો શ્રી યમુનાજીનાં આભૂષણો છે.

(૩૬) શ્રી ગંગાજીમાં સ્નાન કરવાનું મહત્વ છે, જ્યારે શ્રી યમુનાજીનાં પાન કરવાનું મહત્વ છે.

(૩૭) શ્રી ગોકુલનાથજીના ઘરમાં તિલક તરીકે બે ઉભી લીટી કરવાનો પ્રકાર છે. આ બંને ઉભી લીટી શ્રી યમુનાજીના બે કિનારાનો ભાગ છે. વચ્ચેનો ખાલી ભાગ તે યમુનાજીની ધારા છે.

(૩૮) શ્રી યમુના નામ આપણી બુધ્ધિ અને વાણીને સુધારે છે.

(૩૯) શ્રી યમુનાજીનો સ્વભાવ છે જીવોના દોષો દૂર કરવાનો અને ભગવાનમાં પ્રેમ વધારવાનો. શ્રી યમુનાષ્ટકના પાઠથી આ ફળ મળે છે.

(૪૦) શ્રી યમુનાજી પુષ્ટિ-સૃષ્ટિનાં કર્તા અને પોષક છે.

(૪૧) આપણું તન જળથી શુધ્ધ થાય અને મનથી શ્રી યમુનાજીની કૃપાથી શુધ્ધ થાય.

(૪૨) સેવામાં આપણું મન લગાડનાર શ્રી યમુનાજી છે.

(૪૩) શ્રી યમુનાજીના પાઠ કરીએ, પદ બોલીએ, પૂજન કરીએ, એ બધું કાત્યાયની વ્રત છે. તે આપણા માટે ગૌરીરૂપા છે, કૃષ્ણવરદાયિની છે.

(૪૪) સાચો પ્રેમ આપનારાં પ્રેમદેવી શ્રી યમુનાજીના ગુણગાનનું અષ્ટક એટલે શ્રી યમુનાષ્ટક.

(૪૫) શ્રી યમુનાષ્ટક એ શ્રી મહાપ્રભુજીને શ્રી યમુનાજીનું થયેલું અલૌકિક દર્શન છે.

(૪૬) શ્રી યમુનાજીએ જલપાન દ્વારા જીવોનો ભગવદ્ ચરણારવિંદમાં લાવી ઉધ્ધાર કર્યો.

(૪૭) શ્રી યમુનાષ્ટક સ્તોત્રનો પાઠ કરવાથી પાંચ ફળ પ્રાપ્ત થાય છે.

- આપણાં સર્વ પાપોનો નાશ થાય.
- મોક્ષ આપવાવાળા ભગવાનમાં ભક્તિ પ્રકટ થાય.
- એ ભગવદ્ભક્તિથી આપણને ઈષ્ટ પ્રાપ્ત થાય.

- આપણા દોષોનું નિવારણ કરનાર પ્રભુ આપણા ઉપર પ્રસન્ન થાય.
- આપણા સ્વભાવનો વિજય થાય. દુષ્ટ સ્વભાવ મટીને ભક્તિને લાયક ઉત્તમ સ્વભાવ થાય. પરિણામે આપણી સંસારની આસક્તિ છુટી જાય અને પ્રભુના ચરણકમળમાં આપણી પ્રીતિ થાય.

(૪૮) શ્રી યમુનાજી રસસાગર છે. પુષ્ટિ જીવ ઉપર અનન્ય કૃપા કરનારાં છે.

(૪૯) જનક પિતા શ્રીનાથજીબાવા (શ્રી ગોવર્ધનનાથજી) અને જનની, મા શ્રી યમુના આ બંને આપણું જીવનછે, ધન છે, આપણા પ્રાણ છે.

(૫૦) યમુના તીર્થ સ્વરૂપા છે, પાપનાશિની છે, પાવનકારી છે.

(૫૧) ષોડશગ્રંથોમાં 'શ્રી યમુનાષ્ટક' ને પ્રથમ સ્થાન આપવાનું ખાસ કારણ છે. યમુનાજીનો સ્વભાવ છે જીવોના દોષો દુર કરવાનો અને ભગવાનમાં પ્રેમ વધારોવાનો.

(૫૨) શ્રી યમુનાજીના ગુણગાનનું અષ્ટક એટલે શ્રી યમુનાષ્ટક.

(૫૩) શ્રી યમુનાષ્ટક એક મંત્ર છે. મંત્રમાં છ વસ્તુ જોઈએ (૧) ઋષિ (૨) છંદ (૩) દેવતા (૪) બીજ (૫) વિનિયોગ અને (૬) સિધ્ધિ.

(૫૪) યમુના નદી યમુનોત્રીના હિમપ્રવાહમાંથી નીકળી પ્રયાગમાં ગંગા નદીને મળે ત્યાં સુધી એની લંબાઈ ૧૩૭૬ કિલોમીટર છે.

(૫૫) શ્રીયમુનાજીને શ્રી મહાપ્રભુજી ચતુર્થપ્રિયા કહે છે. શ્રી સ્વામિનીજી પ્રથમ પ્રિયા છે; દ્વિતીય પ્રિયા શ્રુતિરૂપા ગોપવધુ; તૃતિય પ્રિયા શ્રી કુમારિકા; અને ચતુર્થ પ્રિયા શ્રી યમુનાજી છે.

(૫૬) શ્રી મહાપ્રભુજીએ શ્રી યમુનાષ્ટકમાં શ્રી યમુનાજીના સ્વરૂપ, ગુણ અને લીલાઓનું અદ્ભૂત દર્શન કરાવ્યું છે.

(૫૭) શ્રી કૃષ્ણ, ગોપીજનો સાથે વ્રજમાં, શ્રી લક્ષ્મીજી સાથે વૈકુંઠમાં લીલારત છે, પરંતુ શ્રી યમુને સાથે નિરંતર (સર્વત્ર) લીલારત છે.

(૫૮) શ્રી પ્રભુ પાસે લઈ જાય અને શ્રી પ્રભુને સોંપે તે શ્રી યમુનાજી.

(૫૯) શ્રી યમુનાજીની સ્તુતિથી શ્રી પ્રભુ મળે છે માટે શ્રી મહાપ્રભુજીએ સૌ પ્રથમ શ્રી યમુનાષ્ટક ગાયું. સાત જ દિવસમાં તમને શ્રાવણ સુદ અગિયારસની મધરાતે શ્રી ઠાકોરજી સાક્ષાત મળ્યા.

(૬૦) શ્રી ઠાકોરજી : ભગવાને લીલાઓ દ્વારા વ્રજજનો ઉધ્ધાર કર્યો.

શ્રીમહાપ્રભુજી : બ્રહ્મસંબંધ દ્વારા વર્તમાનકાલના જીવોનો ઉધ્ધાર કર્યો.

શ્રીયમુનાજી : જલપાન દ્વારા જીવોનો ભગવદ્ ચરણારવિંદમાં લાવી ઉધ્ધાર કર્યો.

ત્રણે સરખા સ્વભાવવાળાં ને ધર્મવાળા છે.

(૬૧) શ્રી યમુનાજીના છ ગુણો :

	ગુણો		પુષ્ટિ-સ્વરૂપમાં
૧.	ઐશ્વર્ય	–	અલૌકિક સામર્થ્ય
૨.	વીર્ય	–	લીલા માટે દિવ્ય બળ
૩.	યશ	–	ભક્તોનો યશ વિસ્તાર
૪.	શ્રી	–	અલૌકિક સંપત્તિ
૫.	જ્ઞાન	–	લીલાપટક દિવ્ય જ્ઞાન
૬.	વૈરાગ્ય	–	ભક્તો માટે સ્વસુખનો ત્યાગ

(૬૪) શ્રી યમુનાજીના સંગથી મથુરા શુધ્ધ નહિ, વિશુધ્ધ બન્યું અને ભક્તિદાયી બન્યું છે.

(૬૫) પુષ્ટિમાર્ગમાં ધર્મ છે. પ્રભુનું દાસત્વ, અર્થ છે પ્રભુ, કામ છે પ્રભુના દર્શનની લાલસા અને મોકઅષ છે ભગવદીયત્વ.

(૬૬) જ્યાં શ્રી યમુનાજી પધારે ત્યાં શ્રી ઠાકોરજી અવશ્ય પધારે.

(૬૭) શ્રધ્ધાનું મૂળ શ્રી યમુનાજી છે. જે શ્રી યમુનાજીની સ્તુતિ કરે છે, શ્રી યમુનાજીમાં પ્રેમ રાખે તેની પ્રભુ પર શ્રધ્ધા વખતી જ જાય છે, શ્રી યમુનાજીની કૃપાહોય તો પ્રેમ અને શ્રધ્ધા પ્રકટે.

(૬૮) શ્રી યમુનાષ્ટકનો પાઠ હંમેશા શુધ્ધ ભાવથી કરવો જોઈએ.

(૬૯) શ્રી યમુનાજી રાસેશ્વરી છે, સર્વ પ્રકારની વ્રજલીલાનાં શ્રી યમુનાજી

ખાસ અધિષ્ઠાતા છે.

(૭૦) પ્રભુનું શ્યામરંગી સ્વરૂપ શ્રી યમુનાજી જ છે.

(૭૧) વ્રજભક્તોના દિવ્ય સંબંધ તદ્દન ગુપ્ત હોવાથી આ માર્ગમાં પણ બ્રહ્મસંબંધના મંત્રની ગુપ્તતા જાળવવામાં આવે છે. આ મંત્ર જે લીલાત્મક દૈવીજીવ હશેતેને જ પ્રાપ્ત થશે.

(૭૨) ભક્ત અને ભગવાનના મિલનનું કાર્ય શ્રી યમુનાજીનું હોવાથી શ્રી યમુનાજી બન્ને તરફ પ્રિય છે. શ્રી ભગવાનનો સંતોષ ભક્તના મેળાપમાં અને ભક્તનો આનંદ પ્રભુના મેળાપમાં છે. આ આનંદનું મૂળ શ્રી યમુનાજી જ છે.

(૭૩) તાદશી ભગવદીય એટલે સર્વાત્મકભાવી સદા જ લીલાના અનુસંધાનવાળો ભગવદીય તે તાદશી કહેવાય છે.

(૭૪) સકળ સિધ્ધદાતા શ્રી યમુનાજી પ્રેમી ભક્તને જરૂર તેના આત્માના પોષક માટે અને અનુભવ માટે સત્સંગ આપે આપે ને આપે જ.

(૭૫) શ્રી પ્રભુનું પ્રાકટ્ય જેમ નિજજનોનો ઉધ્ધાર કરવા થયેલું છે, તેમ શ્રી યમુનાજીનો પ્રાદુર્ભાવ પણ નિઃસાધન જીવોને ભગવત્સંબંધ કરાવવા સારૂ જ છે.

(૭૬) ભક્તિ માર્ગમાં પ્રવેશ થવા સારૂ શ્રી યમુનાજીનો આશ્રય કરવો જરૂરી છે. તેમની કૃપાથી જીવના દોષો નિવૃત્ત થાય છે.

(૭૭) શ્રી યમુનાજી અને શ્રી ઠાકોરજી રૂપ અને ગુણમાં એક જ છે. શ્રી યમુનાજી શ્રી ઠાકોરજીનું કૃપાશક્તિની સ્વરૂપ છે. તેથી તેઓ શ્રી ઠાકોરજીનાં ચતુર્થ સ્વામિની અને પ્રિયતમા છે.

(૭૮) શ્રી યમુનાજીના સાનિધ્યમાં વાસ કરી તેમનું સેવા-સ્મરણ કરવાથી અષ્ટવિધ ઐશ્વર્ય અને સિધ્ધિઓનું શ્રી યમુનાજી દાન કરે.

(૭૯) જીવ શ્રી ઠાકોરજી અને શ્રી યમુનાજીને પ્રસન્નતાથી નમન કરવા સિવાય અધિક કંઈ કરી શકતો નથી. માટે શ્રી યમુનાજીને મન, વાણી, શરીરથી પ્રેમપૂર્વક નિત્ય નમન કરવું.

(૮૦) શ્રી યમુનાજીના પાન અજાણતામાં કરનારની યે યમયાતનામાંથી

મુક્તિ થાય છે.

(૮૧) શ્રી યમુનાજીના સંગથી ગંગાજી પ્રભુને પ્રિય બન્યા, પુષ્ટિભક્તિ આપનારાં થયાં. શ્રી યમુનાજી ભક્તોનો સદા ઉત્કર્ષ કરે છે.

(૮૨) લક્ષ્મીજી કરતાંય શ્રી યમુનાજી મહાન છે. લક્ષ્મીજી વધુમાં વધુ મોક્ષ આપે છે. શ્રી યમુનાજી તનુનવત્વ આપી પ્રભુની પ્રાપ્તિ કરાવે છે.

(૮૩) શ્રી યમુનાષ્ટકનો નિત્ય આનંદ અને શ્રધ્ધાપૂર્વક પાઠ કરનારના સર્વ દોષો દૂર થાય છે, ભગવાન શ્રી કૃષ્ણમાં પ્રેમ થાય છે, સકલ સિધ્ધિઓ મળે છે, ભગવાન શ્રી કૃષ્ણ તેના પર પ્રસન્ન રહે છે અને તેનો લૌકિક સ્વભાવ બદલાઈ અલૌકિક બને છે.

(૮૪) શ્રી યમુનાજી પુષ્ટિભક્તિનું દાન કરે છે.

(૮૫) જે જીવોને - મનુષ્યોને શુધ્ધ અને લાયક બનાવી શ્રીપ્રભુ પાસે લઈ જાય અને શ્રી પ્રભુને સોંપે તે શ્રી યમુનાજી. માણસ ગમે તેવો દુષ્ટ, પાપી, અપરાધી હોય, તે લાચાર હોય છતાં જો સચ્ચાઈથી શ્રી યમુનાજીને પોકારે, એમની સ્તુતિ કરે, એમના જળનું પાન કરે તો શ્રીયમુનાજી એટલાં દયાળું છે કે તેનો ચોક્કસ ઉધ્ધાર કરે છે. શ્રીપ્રભુ સાથે મેળવી આપે છે. શ્રી યમુનાજીની સ્તુતિથી શ્રીપ્રભુ મળે છે.

આવાં રાસરસ સાગર, સુખ સાગર, શ્રીયમુનાજીના, ચરણકમલોમાં આપણે દીનતાપૂર્વક, ભાવપૂર્વક અને પ્રેમપૂર્વક દંડવત પ્રણામ કરીએ.

આપનો દાસાનુંદાસ
રમેશભાઈ સી. શાહ

સુમરે તાકી સુધ લેત હે, ભીડ પરે કે કાજ,
જાકો જુગમેં કોઈ નહીં, તાકો હે શ્રી ગોકુલનાથ
શ્રી વલ્લભ રસ રૂપ હે, શ્રી વલ્લભ ગુનપૂર,
જીન વલ્લભ જાન્યો નહીં, વાકે મુખમેં ધુર
લુટના હોય તો લુટલે, વલ્લભ રસ હી લૂંટ,
ફિર પીછે પછતાયગો, પ્રાણ જાયગો છૂટ.

પુષ્પ-૫
શ્રી યમુનાજીનું પ્રાકટ્ય, મહત્ત્વ અને જુદા જુદા પ્રસંગો

૧. વિશ્રામઘાટ

વ્રજમંડલના મુખ્ય શહેર મથુરામાં ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય થયું હતું. અહી શ્રી યમુનાજી નદી સ્વરૂપે વહે છે, જે વૈષ્ણવો માટે અતિ મહત્ત્વપૂર્ણ છે. શ્રી યમુનાજીમાં વારંવાર સ્નાન કરવાનો મહિમા નથી. ફક્ત એકવાર સ્નાન અને પછી યમુનાજીનું પાન કરવું જોઈએ. ગંગાજીમાં સ્નાનનું મહત્ત્વ છે. ભાઈબીજના દિવસે શ્રી યમુનાજીમાં ભાઈ-બેન મળીને સ્નાન કરે છે તેને યમદુતનો ત્રાસ થતો નથી. યમુનાજીએ પોતાના ભાઈ યમરાજા પાસેથી વચન માગ્યું હતું. શ્રી યમુના મહારાણી ઘણા કૃપાળુ છે. આ યમુના નદીમાં ૨૪ ઘાટ છે. એમાં મુખ્ય છે - વિશ્રામઘાટ.

વિશ્રામઘાટ નામના ઘણા કારણ છે જેથી એનું નામકરણ વિશ્રામઘાટ થયું છે.

જ્યારે શ્રી યમુનાજી ગોલોકથી ભૂતલ ઉપર પધાર્યા ત્યારે આપ અહીં બિરાજીને વિશ્રામ કર્યો હતો.

ભગવાનશ્રી કૃષ્ણે દુષ્ટ કંસ મામાને માર્યા પછી બલરામજી સહિત અહીં વિશ્રામ કર્યો હતો.

આચાર્યચરણ શ્રી વલ્લભાચાર્યજીએ પણ વિશ્રામઘાટ ઉપર વિશ્રામ કર્યો હતો. અહી બિરાજી આપશ્રીએ શ્રી યમુનાજીને શ્રીમદ્ ભાગવત સપ્તાહ સંભળાવી હતી. એટલે જ વિશ્રામઘાટ ઉપર શ્રીમહાપ્રભુજીની બેઠક બિરાજે છે.

અહીં કાશી વિશ્વનાથ અને અન્નપૂર્ણાના મંદિરો છે. બાલકૃષ્ણના દર્શન કરી મહાદેવજીએ પણ અહીં વિશ્રામ કર્યો હતો.

વિશ્રામઘાટ ઉપર મોટા મોટા ઘંટ છે. શ્રી યમુનાજીની આરતીના સમયે તેને વગાડવામાં આવે છે. આરતી કરવાનો ચબુતરો છે અને ચારેકોર

તિબારી છે. જ્યારે શ્રી યમુનાજીની આરતી થાય છે ત્યારે શ્રદ્ધાળુ ભક્તજન ઉભા રહે છે. આરતી સવાર-સાંજ બે સમય થાય છે.

જ્યારે ૮૪ કોસની વ્રજ પરિક્રમા ચાલુ થાય છે ત્યારે વ્રજયાત્રાનું પ્રથમ દ્વાર વિશ્રામઘાટ છે. અહીં શ્રી સ્વામિનીજીની નિકુંજ છે. વિશ્રામઘાટ ઉપર શ્રી યમુનાજીનું મંદિર છે.

પરિક્રમા વખતે નિયમ લેવાનો અને છોડવાનો ક્રમ અહીથી જ પ્રારંભ થાય છે. બધા ઘાટમાં શ્રીયમુનાજીનો વિશ્રામઘાટ મુખ્ય છે.

સાભાર : કમલાબેન આશર - સત્સંગ ૬૪

૨. શ્રીયમુનાજી, પુષ્ટિમાર્ગીય માહાત્મ્ય

શ્રીઠાકોરજીના ચતુર્થ પ્રિયા, કૃપાશક્તિ સ્વરૂપા અને રસની ખાણ સમાન યમુનાજીનો મહિમા ગાવા વાણીનું સામર્થ્ય ક્યાંથી હોય ? શ્રીનાથજીની કૃપાથી અષ્ટછાપ કવિઓએ યમુનાજીના સુંદર ગુણગાન ગાયા છે. આવા ગુણ ગાતા ગોવિંદસ્વામીએ કહ્યું છે : "એહી ગુણગાન રસખાન રસના એક, સહસ્ર રસના ક્યોં નહિ દઈ વિધાતા." ગોવિંદસ્વામી સહસ્ર જીભથી યમુનાજીના ગુણ ગાવાની ઝંખના સેવે છે. તો ગંગાસતી કહે છે, "કૌન પૈં જાત શ્રીયમુને જુ બરની."

ષોડશ ગ્રંથમાં શ્રીવલ્લભાચાર્યજીએ સૌપ્રથમ યમુનાષ્ટકની જ રચના કરી છે. ગ્રંથસંગતિ પ્રમાણે શ્રીયમુનાષ્ટકને શ્રીમદ્ ભાગવતજીના દ્વિતીય સ્કંધ સમાન ગણવામાં આવે છે. આપણે બધાને લગભગ યમુનાષ્ટક કંઠસ્થ હોય છે. શ્રીવલ્લભાચાર્યજીથી લઈ શ્રીશંકરાચાર્યજી ઉપરાંત ગર્ગ તથા સૌભરી જેવા અનેક ઋષિ - મુનિઓએ યમુનાજીની સ્તુતિ ખૂબ જ ભાવપૂર્ણ કરી છે. કારણકે પ્રત્યેક જીવાત્માને શ્રીયમુનાજી પ્રભુ સાથે મિલન કરાવે છે. એટલું જ નહિ, ભક્તિ, શક્તિ અને મુક્તિના દાન પણ આપણને શ્રીયમુનાજી કરે છે. **'મુકુન્દ રતિવર્ધિની'** શ્રીઠાકોરજી પ્રત્યેના પ્રેમમાં વૃદ્ધિ કરાવે છે. જો એકવાર શ્રીયમુનાજીનું સ્વરૂપ સમજાય તો ભક્તિ સહજ ભાવે આપોઆપ થશે.

શ્રીયમુનાજીના નામનો અર્થ :

પ્રાચીન સમયમાં વ્યક્તિ પોતાના કુળ-પરિવારથી ઓળખાતા. જેમ કે વૃષભાનદુલારી, જનકનંદિની, યમુનામાં પણ બે શબ્દો છે - યમ અને ઉના. યમ એટલે મૃત્યુના દેવ યમ રાજા અને ઉના એટલે તેમની નાની બહેન. શ્રીયમુનાજીની કૃપા જેના પર હોય તેને યમરાજાનો ભય રહેતો નથી.

યમનો બીજો અર્થ - સંયમ નિયમમાં રહેવું. યમ-નિયમમાં અને નીતિમત્તાથી રહેનારને યમયાતનાનો ભય રહેતો નથી. યમ શબ્દ સંસ્કૃત છે. - એનો અર્થ મેળવી આપવું તેવો થાય છે. શ્રીયમુનાજી શ્રીજીના ચરણારવિંદ મેળવી અપાવીને તેમાં સ્નેહની વૃદ્ધિ કરાવે છે. "યમયતિ રમયતિ ઉપરે મે ઇતિ યમુના." લૌકિક માતા રમકડાથી રમતાં બાળકને પિતા પાસે લઈ જાય તેમ યમુનાજી આપણને પરમ સમીપે લઈ જાય છે. જીવાત્મા જલ અને અગ્નિ દ્વારા શુદ્ધ થાય. જલરૂપ શ્રીયમુનાજી અને અગ્નિરૂપ શ્રીવલ્લભ દ્વારા પુષ્ટિ જીવો શુદ્ધ અને પવિત્ર થાય છે. પુષ્ટિ માર્ગમાં બે મુખ્ય માતા - એક શ્રીયમુનામૈયા જેણે પ્રિયતમ પ્રભુને માધુર્ય ભાવથી બાંધ્યા એટલું જ નહિ દરેક પુષ્ટિ જીવનું મિલન શ્રીઠાકોરજી સાથે કરાવે છે. બીજી મમતાની મૂર્તિ જશોદામાતાએ વાત્સલ્યભાવથી બાલકૃષ્ણને બાંધ્યા હતા.

શ્રીયમુનાજીનું અધિભૌતિક પ્રાગટ્ય :

"કલિન્દ ગિરિ મસ્તકે પતદમંદપૂરોજ્જવલા." હિમાલયના કલિન્દ પર્વત પરથી તીવ્ર વેગે યમુનાની ધારા યમુનોત્રી સુધી આવે છે. આજે પણ ઘણા શ્રદ્ધાળુ ભક્તો ગંગોત્રી - યમુનોત્રીની પાવન યાત્રા કરી જીવનને ધન્ય બનાવે છે. એ યમુનાનો પ્રવાહ વ્રજમંડળમાં આવે છે તેને જ આપણે મહારાણી યમુનાજી કહીએ છીએ. કારણકે ત્યાં યમુનાજી વાલુકાને શ્રીઠાકોરજીના ચરણારવિંદનો સતત સ્પર્શ થાય છે. આપણે ઝારીજી માટેનું જળ વ્રજમંડળના ઠકુરાણીઘાટથી ભરીએ છીએ. એમ કહેવાય છે કે **વ્રજમંડળમાં યમુનાજીના સોળ ઘાટ છે. તેથી ગોવિંદસ્વામી પાઘની સોળ ટૂક રાખતા.** ગોવિંદસ્વામીને શ્રીયમુનાજી પર અપાર અનન્યતા હતી.

પદ્મપુરાણ પ્રમાણે સાત દ્વિપ અને સાત સમુદ્રને ભેદીને પૂર્વાભિમુખ વહેતા યમુનાજી માર્ગમાં આવનારને પાવન કરીને ક્રિડા-વિહાર કરતા આગળ

વહે છે. અલૌકિક ગોલોકધામના શ્રીયમુનાજીનું સ્વરૂપ સમજાય તો જીવાત્મા કૃતકૃત્ય થઈ જાય. અન્ય રીતે સમજીએ તો વેદોમાં સૂચવેલા ધર્મમાંથી ધર્મરાજ પ્રગટ્યા અને કર્મ કરવાથી બ્રહ્મરસ પ્રગટ્યો તે યમુના. શ્રુતિમાં પરમાત્માને 'રસો વૈ સઃ' એટલે કે રસરૂપ કહે છે. શ્રીઠાકોરજીનું દ્રવીભુત સ્વરૂપ એટલે શ્રીયમુનાજી અને શ્રીઠાકોરજીનું ઘનિભુત સ્વરૂપ એટલે ગિરિરાજજી મનાયછે.

શ્રીયમુનાજીનું અલૌકિક પ્રાગટ્ય :

શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીના મન સ્વરૂપ શ્રીયમુનાજીના પ્રાગટ્ય વિશે ગર્ગસંહિતામાં સુંદર વર્ણન છે. શ્રીહરિરાયજીયએ પણ એટલા માટે જ કહ્યું કે, **"વ્યાપિ વૈકુંઠ તે આઈ યમુને."** પૂર્ણપુરુષોત્તમ પ્રભુએ ગોલોકધામમાંથી જીવોનો ઉદ્ધાર કરવા અને લીલા કરવા ભૂતલ પર પ્રગટ થવાનો વિચાર કર્યો અને સ્વામિનીજીને ભૂતલ પર પધારવવાની વિનંતી કરી. શ્રીસ્વામિનીજીને આપના પરિકર વિના ભૂતલ પર ન ગમે તેથી શ્રીજીએ શ્રીગિરિરાજજી, વૃન્દાવન વગેરે પરિકર ભૂતલ પર પ્રગટ કર્યા. ત્યારપછી આપના હૃદયકમળમાં જે પ્રેમરસ ભરેલો હતો તે પ્રેમનો પ્રવાહ પ્રગટ કર્યો અને તેમાંથી સોળ વર્ષની સુંદરી રૂપે શ્રીયમુનાજી પ્રગટ થયા.

"પ્રગટી સુરસુતા અધમ ઉદ્ધારનકો કહે મહિમા યાકી,
છઠી ઉજિયારી ચૈત્ર માસકી ઉપજી વેલી સુધા કી."

શ્રીયમુનાજીએ વર્ણ પણ શ્રીજી જેવો જ ધારણ કર્યો અને મનમાં નિરંતર વિચારતા કે "યુગલ સ્વરૂપ કો કૈસે સુખ ઉપજાયે." પ્રિયતમ પ્રભુના દર્શન કરવા આપને બે નેત્ર ઓછા પડ્યા તેથી શ્રીયમુનાજીમાં દિવસે ગુલાબી અને રાત્રે સફેદ કમળ ખીલતાં. આમ કમળરૂપી નેત્ર વડે પ્રભુને અપલક નિહાળતા. સામાન્ય રીતે બંધિયાર જળમાં કમળ ખીલે. વહેતા જળમાં કદી ન ખીલે. પરંતુ આ તો સારસ્વત કલ્પમાં પ્રગટેલા આધિદૈવિક યમુનાજી સર્વસામર્થ્યવાન હતાં.

શ્રીયમુનાજી નિર્ગુણ યુથના સ્વામિનીજી :

ચાર યુથના ચાર સ્વામિનીજી છે. શ્રીરાધિકાજીના યુથની તામસ ભક્તિ, શ્રીચન્દ્રાવલીજીના યુથની રાજસભક્તિ, શ્રીકુમારિકાજીના યુથની

સાત્વિક ભક્તિ, જ્યારે યમુનાજીના યુથની શ્રીજી પ્રત્યે નિર્ગુણ ભક્તિ છે. સુખસાગર શ્રીયમુનાજી તો સહજ વિનંતી કરતા સર્વ આપે છે. પરંતુ જીવને માંગતા આવડતું નથી. માંગ્યું તો ગોપીજનોએ, હેમંત ઋતુમાં કાત્યાયની વ્રત કરીને શ્રીયમુનાજીને વિનંતી કરી : "કાત્યાયની મહામાયે મહાયોગિન્યધીશ્વરિ નંદગોપ સુતં દેવી, પતિં મેં કુરુતે નમઃ" (શ્રીમદ્ ભાગવત ૧૦-૨૨-૪)

નંદનંદન અમારા પતિ થાઓ એવું વરદાન માંગતા શ્રીયમુનાજીએ પ્રિયતમ પ્રભુને સ્વહસ્ત ગોપીઓને સોંપ્યા છે. આખું વ્રજમંડળ શ્રીકૃષ્ણચંદ્રને વશ છે. પણ કૃષ્ણ તો રાધાજીના વશમાં છે. તેથી વ્રજવાસીઓએ રાધાજીને પૂછ્યું : "કૌન ગોર તે પૂજી રાધા કૌન ગોર તે પૂજી" શ્રીરાધાજી જવાબમાં કહે છે, "યમુના ગોર તે પૂજી મેંને યમુના ગોર તે પૂજી."

કલિકાલમાં શ્રીયમુનાજીનું પ્રાગટ્ય :

કળિયુગના દોષ દૂર કરે તે જ કાલિન્દી. શ્રીવલ્લભ જ્યારે ભૂતલ પર બિરાજતા હતા ત્યારે યમુનાજીનું પ્રાગટ્ય શ્રાવણ સુદ ત્રીજના દિવસે ખૂબ જ અદ્‌ભૂત રીતે થયેલું. શ્રીમહાપ્રભુજી આપની વ્રજ પરિક્રમા દરમ્યાન મહાવન એટલે અત્યારના શ્રીમદ્ ગોકુલમાં યમુનાજીના કિનારે નિજ સેવકો સાથે ઉભા રહી વિચારતા હતા કે ક્યો ગોવિંદઘાટ અને ક્યો ઠકુરાણીઘાટ ? એ જ સમયે યમુનાજીની મધ્ય ધારામાંથી સોળ વર્ષની સુંદરી સોળ શણગાર સજી શ્રી વલ્લભ તરફ પધારતા દેખાયા અને બોલ્યા : **"શ્રી વલ્લભ ! આપ જહાં ઠાડે હો યહ છોંકર કા વૃક્ષ સ્વયં બ્રહ્મ સ્વરૂપ હૈ. ઉનકી બાંઈ ઓર ગોવિંદઘાટ ઔર દાયીની ઓર ઠકુરાણીઘાટ હૈ."** શ્રીવલ્લભ અત્યંત પ્રસન્ન થઈ રોમાંચિત થઈ ગયા અને મુખારવિંદમાંથી યમુનાજી સ્તુતિ રૂપે યમુનાષ્ટકની રચના કરી. તે સમયે શ્રીયમુનાજીનું સ્વરૂપ અતિ લાવણ્યમય અને અલૌકિક હતું. તે સમયનું વર્ણન પ.ભ. શ્રીકૃષ્ણજીવન ગાંધીએ ખૂબ જ રોચક કરીતે કર્યું છે. "સોળ વર્ષની સુંદર અવસ્થા, લાવણ્યમય લલાટ ઉપર કસ્તુરી બિંદી, દાડમ જેવી દંત પંક્તિ, અરૂણ અધર ઓષ્ટ, દ્વાદશ અંગમાં સોળ શણગાર સજી ચટકાળી ચુંદડી પહેરી મલકતી ચાલે ચાલતા યમુનાજીનું વર્ણન કોણ કરીશકે ? "કૌન પે જાત યમુને જુ બરની" શ્રી ઠાકરોજી, શ્રીયમુનાજી અને

શ્રીમહાપ્રભુજી એક સરખા સ્વભાવવાળા છે, ધર્મવાળા છે. શ્રીઠાકોરજી લીલાઓ દ્વારા, શ્રીયમુનાજી કૃપા દ્વારા અને શ્રીમહાપ્રભુજી બ્રહ્મસંબંધ દ્વારા પુષ્ટિ જીવોને શરણે લે છે."

શ્રીયમુનાપુલિન રાસ વ્રજવધુ લિયે પાસ :

નિત્યલીલામાંથી વિખૂટા પડેલા જીવોને શ્રીઠાકોરજી સન્મુખ પહોંચાડવા માટે તો યમુનાજી ભૂતલ પર બિરાજ્યા છે. એકવાર શ્રીયમુનાજીની દિવ્ય અલૌકિક લીલાના પ્રસંગમાં વ્રજભક્તોએ આવી યમુનાજીને વિનંતી કરી, આજ આપ રાસની મુખ્ય અધિષ્ટાત્રી બનો અને શ્રીઠાકોરજી સાથે રાસ રમો એવો અમારો મનોરથ છે. આપ તે સિદ્ધ કરો. શ્રીયમુનાજી વ્રજભક્તોના મનોરથ પૂર્ણ કરવા માટે તત્પર બન્યા અને રાસના મુખ્ય સ્વામિનીજી યમુનાજી અને શ્રીઠાકોરજી સાથે અધિકારી વ્રજભક્તોએ અલૌકિક રાસની અનુભૂતિ કરી. ત્યારે શ્રીસ્વામિનીજીને આપની નિકુંજમાં રાસના મધુર સ્વર, નૂપુર, વાદ્યના સ્વર સંભળાયા. શ્રીઠાકોરજીને શોધતા મીઠા રોષ સાથે સ્વામિનીજી ત્યાં પધાર્યા. શ્રીયમુનાજી દ્રવીભૂત થઈ જલ સ્વરૂપ બની ગયા તેથી આપનું વિરજા નામ પડયું. વ્રજભક્તો ત્વરીત ગતિએ શ્રીઠાકોરજીના ગળામાં વનમાળા - પુષ્પની માળાના રૂપમાં બિરાજી ગયા. શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીને પૂછયું, "આ વ્રજરજ ચોપાસ ઉડે છે અને નૂપુર - વાદ્યના પડઘા સંભળાય છે તેથી એવું લાગે છે કે આપ રાસ રમ્યા છો ! મારા વિના આપ કોની સાથે રાસ રમ્યા ?" અને સ્વામિનીજીની નજર શ્રીઠાકોરજીના ગળામાં તાજા પુષ્પની વનમાળા પહેરી હતી તેના પર ગઈ. સહજ આવેશમાં સ્વામિનીજીએ વનમાળાનો સ્પર્શ કરતાં બધા જ પુષ્પોરૂપી વ્રજ ભક્તો - દૈવીજીવો ભૂતલ પર આવ્યા. આ જોઈ યમુનાજીનું હૃદય દ્રવી ઉઠયું અને મનમાં વિચાર્યું, હું ભૂતલ પર બિરાજીશ અને આ દૈવીજીવોને શ્રીઠાકોરજીની સન્મુખ કરીશ. આજે પણ કોઈ દૈવીજીવ બ્રહ્મસંબંધ લે તો આપની વામ ભૂજા ફરકે છે અને શ્રીઠાકોરજીની પાસે જઈને વધાઈ આપે છે કે દૈવીજીવ આપને શરણે આવે છે. તેથી તો શ્રીહરિરાયજીયએ ગાયું છે કે,

"બ્રહ્મસંબંધ જબ હોત યા જીવ કો,

તબહી ઈનકી ભૂજા વામ ફરકે

દોરકર સોરકર જાય પિયસોં કહે,
અતિહી આનંદ મનમેં જુ હરખે.''

શ્રીયમુનાજીની વાલુકાનું મહત્ત્વ :

શ્રીયમુનાજીની વાલુકાનું સ્વરૂપ પણ અલૌકિક છે. યમુનાષ્ટકમાં શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે, ''સ્ફૂરદમન્દ રેણુત્કાટામ્'' જળ કરતાં યમુનાજીમાં વાલુકા વિશેષ છે. શ્રીયમુનાજીની વાલુકામાં શ્રીઠાકોરજી નિત્ય વિહાર કરતા હોવાથી વાલુકાનું સવિશેષ મહત્વ છે. શ્રીકૃષ્ણ ભગવાને સ્થળની રાસલીલા પછી રાસપરિકર સાથે યમુનાજીના જળામાં રાસક્રિડા કરી. શ્રીઠાકોરજીના શ્રમજળનો એટલે કે ભગવદરસનો યમુનાજળ સાથે સંગમ થયો અને એ અમૃત રસનો પ્રવાહ આગળ વધતા 'સૂરત શ્રમબિંદુ સે બિંદુ સી બહી ચલી...' ગોવિંદસ્વામીએ આ પદમાં ગાગરમાં સાગર સમાન લીલાભાવના સમજાવી છે. શ્રીહરિરાયજી પણ યમુનાજીની વાલુકાનું મહત્ત્વ સમજાવતા કહે છે -

યમુનાવાલુકો દેહ સંબંધ વષં જલં સ્પૃશિ શિક્ષાપત્ર ૪૦ : શ્લોક -૧૯

શ્રીગુંસાઈજીએ પણ શ્રીયમુના અષ્ટપદીમાં કહ્યું છે,

તપ તટ ગત વાલુકાઃ કદાહં સકલ નિજાંગગતા મુદ કરિષ્યે ।

હે યમુના ! આપના તટની વાલુકાનો મને ક્યારે સ્પર્શ થશે. આમ, વ્રજની રમણરેતીનો મહિમા અપરંપાર છે.

શ્રીયમુનાસી નાહિ કોઉ ઓર દાતા :

જગતમાં કોઈ ન આપી શકે તે યમુનાજી આપે છે. તેનું તાદશ ઉદાહરણ કિશોરીબાઈ છે. કિશોરીબાઈને યમુનાજીએ તનુનવત્વ દેહનું દાન કર્યું હતું. શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાષ્ટક ગ્રંથની રચના પણ કિશોરીબાઈને નિમિત્ત બનાવી કરી છે. ગુજરાતમાં શ્રીગુંસાઈજીના સેવક એવા બ્રાહ્મણને બે દિકરીઓ હતી. એમાં કિશોરીબાઈ નાના હતા. બાળપણમાં પિતાજીએ યમુનાષ્ટકનો પાઠ શીખવેલો. સમયાંતરે માતા-પિતા હરિશરણ થયાં. કિશોરીબાઈને શિતળાનો વ્યાધિ થતાં આંખો ગુમાવી અને લૌકિક સગાઓએ સાથ પણ તેમનો છોડ્યો. પિતાએ શીખવેલ યમુનાષ્ટકમાંથી ''વિશુધ્ધ મથુરા તટે સકલ ગોપ ગોપી વૃતે, કૃપા જલધિસંશ્રિતે મમ મનઃ સુખં ભાવય' આ

અડધા શ્લોકનું નિરંતર રટણ કિશોરીબાઈ ખૂબજ શ્રધ્ધાપૂર્વક કરતા. તેથી શ્રીયમુનાજીએ કિશોરીબાઈ પાસે પધારી માની મમતાથી તેમના ઉપર કૃપા વર્ષા કરી તેથી તેઓ સ્વરૂપવાન બન્યા અને દ્રષ્ટિ પણ મળી. શ્રીગુંસાઈજીની કૃપાથી યમુનાજીની વાલુકા (રમણ રેતી) ની તેઓ સેવા કરતા. એકવાર કિશોરીબાઈ શ્રીનાથજીના દર્શન કરતાં હતાં ત્યારે શ્રીનાથજી કિશોરીબાઈ સામે મંદ મુસ્કાન કરતા હોય તેમ લાગ્યું. કિશોરીબાઈએ શ્રીગુંસાઈજીને આવીને કહ્યું : શ્રીગુંસાઈજીએ સમજાવ્યું કે ''શ્રીનાથજી તમને એમ જતાવતા હતા કે મારી બાળલીલા તો તમે અનુભવી પણ મારી કિશોરલીલાથી તમે અજ્ઞાત છો.'' ત્યારે કિશોરીબાઈએ શ્રીગુંસાઈજીને ક્હયું જે - રાજ, આપની કૃપા વિના તો શ્રીજીની કિશોરલીલા ક્યાંથી સમજી શકાય ? ત્યારબાદ શ્રીગુંસાઈજી કિશોરીબાઈને વૃંદાવનમાં લાવ્યા અને શ્રીગુંસાઈજીના શ્રીમુખે રાસલીલાનાં કીર્તનનાં પદો ગવાતાં ગયાં તેમ તેમ તેવું અદ્ભૂત અલૌકિક દર્શન કિશોરીબાઈને થવા લાગ્યું. સારસ્વત કલ્પની રાસલીલાનાં દર્શન કિશોરીબાઈને થયા. અપલક નેત્રે નિહાળતા તેમને પોતાના જેવું જ એક સ્વરૂપ દેખાયું. કિશોરીબાઈએ શ્રીગુંસાઈજીને પૂછયું, જે - રાજ, આ મારા જેવું જ સ્વરૂપ કોનું છે ? ત્યારે શ્રીગુંસાઈજીએ કહ્યું, તમે નિશ-દિન યમુનાજીની શ્રધ્ધાપૂર્વક આરાધના કરતા હતા. તમારું જ અલૌકિક સ્વરૂપ રાસલીલામાં છે. આવું દાન યમુનાજી સિવાય કોણ કરી શકે ? તેથી તો ગોવિંદસ્વામીએ ગાયું છેઃ

''યમુના સી નાહી કોઉ ઓર દાતા''

કૃષ્ણ તન વરન, ગુણ ધર્મ શ્રીકૃષ્ણ કે :

શ્રીયમુનાજીના ચિત્રજીમાં પ્રાચ :

શ્રીયમુનાજીનો વર્ણ, શૃંગાર, આભરણ અને વસ્ત્ર આપણે શ્રીઠાકોરજી જેવા જ જોઈએ છીએ. તેમાં તૂર્ય પ્રિયા અતિ લાવણ્યમય લાગે છે. આમાં શ્રીઠાકોરજીની ગહરવનની સુંદર માનલીલાનો ભાવ સમાયેલો છે. એકવાર સહજ ભાવે સ્વામિનીજીએ શ્રીઠાકોરજીને કહ્યું, હું તો અવારનવાર માન કરું છું અને આપ મનાઓ છો. મારો મનોરથ છે કે એકવાર આપ માન કરો અને

હું મનાવું. શ્રીઠાકોરજીએ થોડી આનાકાની કરી પણ સ્વામિનીજી ન માન્યા અને પછી તો પ્રિયતમ પ્રભુએ પ્રગાઢ માન કર્યું. રાધાજીના અનેક પ્રયત્ન છતાં પ્રભુ ન માન્યા. અંતે સ્વામિનીજીએ હરિપ્રિયા શ્રીયમુનાજીને કહ્યું : "રુઠે પિયા મનાયે કૈસે" સ્વામિનાથનું માન આપના સિવાય કોઈ છોડાવી શકે તેમ નથી. હવે આપ કંઈક યુક્તિ વિચારો. સુખસાગર શ્રીયમુનાજી એ યુક્તિપૂર્વક શ્રીઠાકોરજીના જેવા જ શૃંગાર ઉપરાંત મુકુટ-કાછની અને પટકો ધારણ કર્યા અને હાથમાં કમળની માળા લઈ લજ્જાભરી ચાલે ચાલતા પ્રાણવલ્લભની સન્મુખ પધાર્યા. શ્રીયમુનાજીને નૂતન પરિવેષમાં જોતા જ શ્રીઠાકોરજી મુક્તમનેહસી પડ્યા અને બોલ્યા : મારે આપની સાથે ક્યાં માન હતું ? પરંતુ મારા માનને છોડાવવા આપે જે શૃંગાર ધારણ કર્યો છે તેમાં આપ ખૂબ જ સુંદર લાગો છો. હવે હંમેશા આ જ શૃંગાર ધરજો. ત્યારથી શ્રીયમુનાજી યુગલ સ્વરૂપની પ્રસન્નતા માટે મુકુટ-કાછની અને પટકાનો પરિવેશ તથા શ્રીઠાકોરજી જેવા જ શૃંગાર ધારણ કરે છે. પોતાની નિકુંજમા ચુંદડી, સાડી વગેરે ધારણ કરે છે. એવા ચિત્રજીના દર્શન પણ અતિમનમોહક લાગે છે.

"પ્રિય સંગ રંગ ભરી કરી કલોલે."

અખંડ સૌભાગ્યશાળી પ્રિયા શ્રીયમુનાજી આપના પ્રાણ વલ્લભ શ્રીઠાકોરજી સાથે નિરંતર આનંદમય રસક્રીડા કરે છે અને પુષ્ટિજીવો પર કૃપા પણ વરસાવતા રહે છે. સ્કંદપુરાણ મહાત્મ્યમાં શ્રીયમુનાજી અને શ્રીકૃષ્ણની અષ્ટ પટરાણીઓ સહિત અન્ય રાણીઓનો સુંદર સંવાદ આલેખ્યો છે. પ્રભુ સ્વધામમાં પધાર્યા પછી શ્રીકૃષ્ણની રાણીઓ પ્રભુના વિરહમાં દુઃખનો અનુભવ કરતી અને શ્રીયમુનાજી તો નિત્ય સ્વાનંદમાં મગ્ન રહેતાં તેથી રાણીઓએ પૂછયું અમે તો પ્રાણેશ્વર શ્રીકૃષ્ણના વિરહમાં આર્ત છીએ અને આપને તો નિત્ય પ્રભુનું સાનિધ્ય હોય તેમ પ્રસન્નતામાં જણાઓ છો ! પ્રત્યુત્તરમાં શ્રીયમુનાજીએ જણાવ્યું : શ્રીકૃષ્ણ તો આત્મારામ છે અને રાધાજી તેમનો આત્મા છે. અને હું સ્વામિનીજીની સેવામાં હંમેશા તત્પર રહું છું. તેથી મને પ્રભુનો વિરહ થતો નથી. આપ સર્વે પણ સ્વામિનીજી સેવામાં અને ધ્યાનમાં મગ્ન રહેવા પ્રયત્ન કરો. જેનું નિરંતર ધ્યાન ધરીએ તેના જેવા જ થવાય. શ્રીકૃષ્ણની બધી જ રાણીઓમાં રાધાજીનો અંશ છે તેવું સ્કંદ પુરાણમાં વર્ણન છે.

"આત્મારામસ્ય કૃષ્ણસ્ય ધ્રુવમ્ આત્માસ્તિ રાધિકા
તસ્યાદાસ્ય પ્રભાવેણ વિરહોસ્માન્ ન સંસ્પૃશેત"
સ્કંદ પુરાણ મહાત્મ્ય અધ્યાય-૨ શ્લોક-૧
"શ્રી યમુના જસ જગત મેં જો ગાવે તાકે આધિન વ્હે રહત હે પ્રાણપતિ"

જે કોઈ શ્રધ્ધાળુ ભક્ત ભૂમંડલમાં શ્રીયમુનાજીના ગુણગાન ગાય છે તેમના પર પ્રાણપતિ એટલે શ્રીકૃષ્ણ અનહદ કૃપા વરસાવે છે. આ પદ ગાનાર ગોવિંદસ્વામી (ગોવિંદદાસજી)જેવા ભક્ત કવિના નયનમાં શ્રીયમુના ભક્તિ રસનાં દર્શન થાય છે. ગોવિંદસ્વામી શ્રીયમુનાજીને કૃષ્ણપ્રિયા, સ્વામિની સ્વરૂપ એવા અલૌકિક ભાવથી નિહાળતા તેથી તેઓ ક્યારેય પણ શ્રીયમુનાજીમાં સ્નાન કરતા નહિ, પરંતુ શ્રીયમુનાજીના કૃપારૂપી જલથી સ્નાન કરતા અને જલપાન કરતા. શ્રીયમુનાજીની સ્મણરેતીને મસ્તકે ધરતા.

એક વખત શ્રીગોકુલનાથજી, શ્રીબાલકૃષ્ણલાલજી અને ગોવિંદસ્વામી શ્રીયમુનાજીના સુરમ્ય કિનારે ઉભા હતા. બંન્ને ભાઈઓએ વિચાર્યું આજે આપણે ગોવિંદદાસજીને યમુનાજીમાં સ્નાન કરાવીએ. ગોવિંદદાસજીએ આ વિચાર જાણ્યો એટલે વિનંતી કરતાપૂજ્યપાદ મહારાજશ્રીને કહ્યું, "મને યમુનાજીમાં સ્નાન કરાવવાનો આગ્રહ રાખશો નહિ કારણકે શ્રીયમુનાજી તો શ્રીઠાકોરજીના લીલા રસાત્મક સ્વરૂપ તુર્ય પ્રિયા છે . તેથી આપણે અહીં ઉત્તમમાં ઉત્તમ સામગ્રી ધરવી જોઈએ." આવું કહી પોતે દીનતા વ્યક્ત કરી અને તરત જ બંને ભાઈઓને તથા ગોવિંદસ્વામીને ત્યાં શ્રીયમુનાજીના સ્વરૂપાત્મક દર્શન થયાં.

શ્રીગોવિંદસ્વામી સારસ્વત કલ્પમાં શ્રીકૃષ્ણના શ્રીદામા સખા સ્વરૂપે હતા. તેમને દ્વારકાનાથજી પર સ્વરૂપાશક્તિ હતી. તદ્ઉપરાંત નિકુંજ લીલામાં ગોવિંદસ્વામી શ્રીસ્વામિનીજી, શ્રી ચંદ્રાવલીજી તથા શ્રીયમુનાજી વગેરે યુથના મધ્યારૂપે ભામા સખી સ્વરૂપે હતા. એટલે ગોવિંદસ્વામીને શ્રીયમુનાજીમાં સ્વરૂપાશક્તિ હોય તે સ્વાભાવિક છે. આવા શ્રીનાથજીના પરમ સખા એવા ગોવિંદસ્વામીને સાથે લઈને શ્રીગુંસાઈજીએ નિત્યલીલામાં પ્રવેશ કર્યો હતો. આ રીતે ગોવિંદસ્વામી શ્રીયમુનાજીની કૃપાથી સદેહે નિત્ય લીલામાં પ્રવેશ પામ્યા.

"કૌન પે જાત યમુને જુ બરની"

શ્રી યમુના સ્તવનમાં વર્ણન છે કે :

"ભવન્તિ જીવ્હાસ્તનુ રોમતુલ્યા
ગિરોયદામૂ સિકતા ઈવાશુ
તદાયલં યાતિ ન તે ગુણાન્તં સન્તૌ
મહાન્ત કિલ શેષ તુલ્યા"

હે યમુને ! શરીરની રોમ-રોમ જેટલી જીવ્હા બને અને ભૂમિની સૂક્ષ્મ રેતી સમાન વાણી થાય તો પણ શેષજી જેવા તમારા ગુણોનો પાર પામી શકતા નથી.

શ્રીમહાપ્રભુજીના સાત્વિક સ્વરૂપ શ્રીહરિરાયજીને પણ શ્રીયમુનાજી પર અપાર અનન્યતા હતી. શિક્ષાપત્રના સર્જક એવા શ્રીહરિરાયજીનું પ્રાગટ્ય શ્રીમહાપ્રભુજીની પાંચમી પેઢીએ થયું હતું. આપશ્રી દીનતા સાગર હતા એટલે તો 'શ્રીહરિરાયજી મહાપ્રભુ' તરીકે પુષ્ટિ સૃષ્ટિમાં ઓળખાય છે. શ્રીહરિરાયજીને પણ યમુનાજી પર અપાર અનન્યતા હતી. આપશ્રીએ માનસીમાં શ્રીયમુનાજીની જે લીલા અનુભવી તેને આધારે સુંદર પદોની રચના કરી છે. તદ્‌ઉપરાંત અષ્ટછાપ સખા તથા ગંગાબાઈએ પણ શ્રીયમુનાજીનાં ભાવપૂર્ણ પદો રચ્યાં છે. પ્રત્યેકમાંથી અનુક્રમે ચાર-ચાર પદ લઈ કુલ ચાલીસ પદ અને એકતાલિસમાં પદમાં શ્રીકૃષ્ણદાસે શ્રીયમુનાજીના ગુણધર્મના, વિવિધ સ્વરૂપના અને રાસલીલાનાં દર્શનની અનુભૂતિ કરાવી છે. આ એકતાલિસ પદો ભગવદ ભક્તોમાં અતિ પ્રિય અને ભાવપૂર્ણ છે. આ પદોના પાઠથી આધિદૈવિક યજ્ઞનો મનોરથ પૂર્ણ થાય છે. પુષ્ટિમાર્ગમાં શ્રીયમુનાજી પ્રમેયબળ દ્વારા સર્વ સિધ્ધિનું દાન કરે છે.

શ્રીઠાકોરજી સાથે રમણ કરતા શ્રીયમુનાજી પર કરોડો કામદેવ વારી જાય એવા પ્રભુના પ્રાણપ્રિયાને અહોનિશ નેત્રભરીને દર્શન કરવાની આપણી સૌની મનોકામના કૃષ્ણપ્રિયા પૂર્ણ કરે એ જ મનોરથ સેવું છું. તથા શ્યામસુંદરના સુખધામ હરિપ્રિયા શ્રીયમુનાજીના યુગલ ચરણકમળમાં કોટી-કોટી દંડવત પ્રણામ સાથે વિરમું છું. નમોસ્તુ યમુને સદા...

સાભાર : મીનાબેન એચ. પંડ્યા : સત્સંગ ૬૪

૩. તુમ સમ ઔર ન કોઈ શ્રીયમુનાજી

પુષ્ટિ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણના ચતુર્થ પ્રિયા શ્રીયમુનાજી પ્રત્યેક પુષ્ટિ જીવોના આરાધ્યા અને ભાગ્ય વિધાત્રી છે. શ્રીયમુનાજીની કૃપાથી જ જીવોનો પુષ્ટિમાર્ગમાં ઉત્કર્ષ થાય છે. શ્રીયમુનાજીની કૃપાથી શ્રીકૃષ્ણની પ્રાપ્તિ સહજ બને છે. પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણે પોતાનું સંપૂર્ણ મહાત્મ્ય શ્રીયમુનાજીમાં પ્રસ્થાપિત કર્યું છે. પુષ્ટિમાર્ગમાં શ્રીનાથજી, શ્રીયમુનાજી અને શ્રીમહાપ્રભુજી ત્રણે સ્વરૂપો એક જ માનવામાં આવ્યા છે. જ્યારે કોઈ જીવ બ્રહ્મ સંબંધ લે છે, ત્યારે સર્વથી વિશેષ આનંદ શ્રીયમુનાજીને થાય છે અને શ્રીયમુનાજીની કૃપાથી તે જીવ નિકુંજનાયક શ્રીનાથજી પ્રભુને લાયક થાય છે.

શ્રીયમુનાજી પુષ્ટિભક્તિદાતા છે. જે ભક્ત શ્રીયમુનાજીનું અહર્નિશ સ્મરણ, ધ્યાન, કીર્તન કે પાઠ કરે છે, તેને શ્રીયમુનાજી સમસ્ત અલૌકિક સમાર્થ્ય પ્રદાન કરે છે. શ્રીયમુનાજી સંયોગિની શક્તિ છે. શ્રીયમુનાજીની કૃપા દ્વારા જ દુર્લભ પ્રભુ સહજમાં સુલભ થાય છે. શ્રીયમુનાજી જીવના લૌકિક દુ:ખો દૂર કરવા 'મા' બનીને કૃપા કરે છે અને અલૌકિક સુખોનું દાન કરવા 'સખી' બનીને સહાયક થાય છે. કલિકાલના દોષોનું ખંડન શ્રીયમુનાજીના નામ માત્રથી થાય છે. માટે કલિકાલમાં શ્રીયમુનાજીનો આશ્રય કરવો અનિવાર્ય છે.

આચાર્યચરણ નિબંધમાં આજ્ઞા કરે છે.

તીર્થાયાદપિ મા મુક્તિઃ કદાચિત્ કસ્યચિત્ ભવેત્ ।
કૃષ્ણપ્રસાદયુક્તસ્ય નાન્યસ્યેતિ વિનિશ્ચયઃ ॥

જીવની અંતઃશુદ્ધિ કેવલ ભગવદ્ સ્વરૂપિણી શ્રીયમુનાજીના રસસુધાયુક્ત પયપાનથી થાય છે. માટે કહ્યું છે : ગંગા-સ્નાને, યમુના-પાને, રેવા-દર્શને, તાપી-સ્મરણે. અર્થાત ગંગામાં સ્નાન કરવાથી, યમુનાનું પાન કરવાથી, નર્મદાનું દર્શન કરવાથી અને તાપીનું સ્મરણ કરવા માત્રથી ઈન્દ્રિયો મન-બુધ્ધિ, ચિત્ત, અહંકાર, સર્વની શુદ્ધિ થાય છે.

શ્રીયમુનાજી માત્ર તીર્થરૂપ નદી જ નથી, નદી તો માત્ર આધિભૌતિક

સ્વરૂપ છે. આધિભૌતિક સ્વરૂપમાં શ્રીયમુનાજીનું આધિદૈવિક સ્વરૂપ વિદ્યમાન છે. તીર્થ મહાત્મય અનુસાર શ્રીયમુનાજી સ્નાન-પાનનું જે ફળ શાસ્ત્રોમાં વર્ણિત છે તે આપવાવાળું શ્રીયમુનાજીનું સ્વરૂપ આધ્યાત્મિક છે. પરંતુ શ્રીયમુનાજીના આધિદૈવિક સ્વરૂપનો અનુભવ શ્રીવલ્લભની કૃપાથી પુષ્ટિમાર્ગમાં ભગવદીયોને થાય છે.

શ્રીગુંસાઈજીના એક પરમ કૃપાપાત્ર સેવક થઈ ગયા ગંગાબાઈ ક્ષત્રાણી. એમણે એક પદમાં ગાયું છે.

કૌન પે જાત શ્રીયમુને જુ બરની

ગંગાબાઈ કહે છે કે, શ્રીઠાકોરજીનું વર્ણન તો થઈ શકે. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનું વર્ણન પણ થઈ શકે પણ શ્રીયમુનાજીનું વર્ણન કોણ કરી શકે ? ગંગાબાઈ કહે છે કે જેના ઉપર શ્રીવલ્લભ કૃપા કરે તેને જ શ્રીયમુનાજીના આધિદૈવિક સ્વરૂપનો અનુભવ થાય અને તે ભગવદીય જ શ્રીયમુનાજીનું વર્ણન કરી શકે.

પુષ્ટિ માર્ગમાં કૃપાના બે સ્રોત છે. (૧) શ્રીયમુનાજી અને (૨) શ્રીમહાપ્રભુજી. બંનેનું પ્રાગટ્ય મધુમાસ એટલે ચૈત્ર માસમાં થયું અને ષોડશ ગ્રંથનું મંગલાચરણ પણ આચાર્ય ચરણે શ્રીયમુનાષ્ટકમ્‌થી કર્યું.

શ્રીમહાપ્રભુજીએ બહુ સુંદર વાત કરી. ભક્તિ એટલે પ્રેમ. દુન્યવી પ્રેમ અને પ્રભુ પ્રત્યેનો પ્રેમ બંને જુદા છે. પ્રભુ પ્રત્યેના આત્યંતિક પ્રેમને જ ભક્તિ કહેવાય. આ ભક્તિ કેવી રીતે વધે ?

શ્રીઠાકોરજી, શ્રીયમુનાજીના ગુણ ગાવાથી, કીર્તન કરવાથી, એમની કથાઓનું શ્રવણ કરવાથી, એમનું સ્મરણ કરવાથી, એમનો મહિમા જાણવાથી શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજીમાં પ્રેમ થાય. માટે શ્રીયમુનાષ્ટકમ્‌માં કહ્યું -

'મુકુંદરતિવર્ધિની'

આપણે શ્રીયમુનાજીની ભક્તિ કરવી છે, તો શ્રીયમુનાજીનાં નામ, રૂપ, ગુણ, લીલા જાણવાં પડે. પ્રથમ નામ વિશે વિચારીએ તો 'યમુના' શબ્દના બે અર્થ થાય છે. યમુનામાં એક શબ્દ છે. 'યમ' અને બીજોછે. 'ઉના', યમ એટલે યમરાજ અને ઉના એટલે નાની બહેન. યમરાજની નાની બહેન એમ

નામ કેમ પડ્યું ? યમુનાજી ભક્તિ પ્રદાતા છે, જેને ભક્તિ કરવી હોય, પ્રભુની સન્મુખ જવું હોય, તેનો ભય દૂર થવો જોઈએ. યમરાજથી બધા જ ડરે તેથી યમનો ભય દૂર કરવા યમુના નામ આપ્યું.

ન જાતુ યમ યાતના ભવતિ તે પયઃ પાનતઃ

યમોડપિ ભગિની સુતાન્ કથમુહન્તિ દુષ્ટાનપિ

ગીતાજીમાં કહ્યું -

અભયં સત્વ સંશુદ્ધિઃ

દૈવી સંપત્તિવાળાઓનો પહેલો ગુણ અભય છે. અને આ અભય ક્યાંથી આવે ? યમુનાજીના નામ માત્રના રટણથી. ભક્તનો ભય દૂર કરવા માટે યમુનાજીનું સ્મરણ.

યમુના નામ પડવાનું બીજું કારણ શ્રીહરિરાયજી શ્રીયમુનાષ્ટકમ્‌ની ટીકામાં બતાવે છે - 'યમયતિ રમયતિ ઉપરેમે ઇતિ યમુના' જે નાના બાળકને ઉંચકીને પિતાની ગોદમાં મુકી દે એનું નામ માતા. શ્રીયમુનાજી શું કરે છે ? તો જેના ઉપર કૃપા કરે તેનો હાથ પકડીને શ્રીઠાકોરજીના ચરણારવિંદ સુધી લઈ જાય છે. પ્રભુને સોંપી દે છે અને કહે છે. પ્રભુ ! આ જીવ આપનો છે આપ એને સાચવો. એના પર કૃપા કરો.

બ્રહ્મ સંબંધ હોત યા જીવકો

તબહિ ઈનકી ભૂજા વામ ફરકે,

દોર કર, સોર કર, જાય પિય સૌં કહે,

અતિહી આનંદ તનમેં જૂ હરખે.

સંસ્કૃતમાં યમ ધાતુનો અર્થ થાય છે : મેળવી આપવું, નજીક લઈ જવું. શ્રીયમુનાજી આપણા જેવા દુષ્ટ સ્વભાવવાળા જીવોને શ્રીઠાકોરજીના ચરણારવિંદ પાસે લઈ જાય છે.

શ્રીયમુનાસી નાંહી કોઉ ઔર દાતા,

જો ઈનકી શરણ જાત હૈ દૌર કે,

તાહિકો તિહિ છિનુ કર સનાથા

શ્રીયમુનાજી ભૂતલ પર બે સ્વરૂપે પધાર્યા (૧) જલ સ્વરૂપે અને (૨) સ્વામિની સ્વરૂપે.

યમુનાજી ભાનુતનયા અને કલિંદતનયા કહેવાય છે. શ્રીયમુનાજી ભાનુ તનયા એટલે કહેવાયાં કે તેમના પહેલા પિતા સૂર્ય, આ સૂર્ય નભોમંડળમાં દેખાય છે તે આધિભૌતિક નહિ પણ વેદમાં ભગવાન નારાયણ રૂપે બિરાજે છે તે રસાત્મક, દિવ્ય પ્રકાશમય પ્રભુ વેદનારાયણ. ભાનુતનયા સ્વરૂપે શ્રીયમુનાજીનું પ્રાગટ્ય ચૈત્ર સુદ ૬ ના દિવસે થયું.

તે રીતે ગોલોકધામમાં બિરાજતું દ્રવીભૂત જલ સ્વરૂપ પ્રભુની આજ્ઞા થતાં કલિંદ પર્વતના મસ્તકે જલધોધ રૂપે પધાર્યું તેથી કલિંદ પર્વત યમુનાજીના પિતા થયા. આમ શ્રીયમુનાજી ભગવાન નારાણય (અલૌકિક સૂર્ય) તથા આધિદૈવિક દેવી સ્વરૂપ સંજ્ઞા (નારાયણના પત્ની)નું સંતાન છે. નારાયણ અને સંજ્ઞા દેવીથી પ્રથમ અલૌકિક ધર્મરાજા પ્રગટ થયા તે યમરાજા, તેથી શ્રીયમુનાજી ભાનુતનયા અને યમુના કહેવાયા.

શ્રીયમુનાજીના સ્વરૂપનું ચિંતન કરીએ તો

શ્રીઠાકોરજીનું દ્રવિભૂત સ્વરૂપ શ્રીયમુનાજી.

શ્રીઠાકોરજીનું ધનીભૂત સ્વરૂ શ્રીગિરીરાજજી.

શ્રીસ્વામિનીજી સાથે વિહાર-રમણ કરવા માટે શ્રીઠાકોરજીએ ગોલોકમાં કુંજ, નિંકુજ, વનો, ઉપવનો, પર્વત, નદી, વૃક્ષો, બધું સિધ્ધ કરવાનું નક્કી કર્યું. ત્યારે સૌથી પ્રમથ પોતાના હૃદયમાં જે પ્રેમરસ ભરેલો હતો તે પ્રેમરસનો પ્રવાહ ધોધમાર વહેવડાવ્યો તે શ્રીયમુનાજી. શ્રીઠાકોરજીના હૃદયમાંથી બહાર પધારેલો અલૌકિક પ્રેમ રસનો ધોધ તે શ્રીયમુનાજી છે. આ શ્રીયમુનાજીનું એક સ્વરૂપ થયું જેને આપણે સરિતા રૂપે જાણીએ છીએ.

શ્રીયમુનાજી શ્રીઠાકોરજીના હૃદયમાંથી સોળ વર્ષનાં સ્વામિનીરૂપે પ્રગટ થયાં. જ્યારે પ્રગટ થયા, ત્યારે તો શ્રીરાધિકાજી જેવા જ અતિ સુંદર, પરંતુ હૃદયમાં એવો ભાવ લઈને પ્રગટ થયા કે હું શ્રીશ્યામસુંદરની છું. મારું તન, મન મેં શ્યામસુંદરને અર્પણ કરી દીધાં છે અને હું શ્યામ સુંદરની સેવા માટે પ્રગટ થઈ છું. એમના હૃદયમાં, નેત્રોમાં, સંપૂર્ણ શ્રીઅંગમાં શ્રીશ્યામસુંદર

બિરાજી ગયા. આપણે લૌકિકમાં જેમ કાજલને અડીએ અને હાથ કાળા થઈ જાય એમ તેમના શ્રીઅંગમાં શ્યામસુંદર બિરાજી ગયાં. એટલે શ્રીયમુનાજી શ્યામ વર્ણના થઈ ગયાં. શ્રીઠાકોરજીના જેવું જ શ્રીઅંગ ધારણ કરી લીધું.

'શ્યામ સંગ શ્યામ વ્હે રહી શ્રીયમુને'

સોળ વર્ષનું વય, સુંદર સાડીનો શૃંગાર ધારણ કર્યો છે. હીરાના આભૂષણથી શોભાયમાન, કમળ જેવાં વિશાળ નેત્રો અને સદાયે શ્રીઠાકોરજીની પ્રસન્નતા માટે એમની પાસે બિરાજમાન એવાં શ્રીયમુનાજી સ્વામિની સ્વરૂપે ગોલોકધામમાં બિરાજે છે.

શ્રીયમુનાજીનું એક ત્રીજું સ્વરૂપ પણ છે. જે પુરાણોમાં, વેદોમાં જોવા મળે છે. એ શ્રીયમુનાજીનું તીર્થદેવી સ્વરૂપ છે. સૌથી વધારે દોષ કલિયુગમાં થાય છે. તે કલિયુગના દોષોનો ચુરો કરી કરીને નાશ કરે તે કાલિંદી. **'કલિંદ્યતિ ખંડયતિ ઈતિ કાલિંદી'** શ્રીયમુનાજીમાં સામર્થ્ય છે કે એમનું પાન કરવાથી, સ્નાન કરવાથી, પૂજન કરવાથી, આપણામાં રહેલા કલિયુગના સર્વ દોષો નાશ પામે છે. એ તીર્થદેવી સ્વરૂપ શ્રીયમુનાજી છે. ઘણા વૈષ્ણવો શ્રીયમુના સહસ્રનામ, શ્રીયમુનાકવચ અને શ્રીયમુનાપટલના પાઠ કરે છે. તે બધા શ્રીદેવી યમુનાના સ્તોત્રો છે. **સ્વામિની શ્રીયમુનાજીના સ્તોત્ર તો ત્રણ છે.**

(૧) **શ્રીમહાપ્રભુજીએ રચેલુ શ્રીયમુનાષ્ટકમ્**

(૨) **શ્રીગુસાંઈજીની અષ્ટપદી**

(૩) **શ્રીહરિરાયજીની યમુના વિજ્ઞપ્તિ**

પુષ્ટિમાર્ગમાં ભાવાત્મક સ્વરૂપે શ્રીયમુનાજી શ્રીમદ્ ગોકુળમાં શ્રીઠકુરાણી ઘાટ પર બિરાજે છે, તેથી જ ઝારીજીનું જળ શ્રીઠાકુરાણી ઘાટ પરથી ભરવામાં આવે છે. શ્રીયમુનાજીનું ઉદ્ગમ સ્થાન યમનોત્રી છે. ત્યાંથી યમુનાજી પ્રગટ થયા. દેવી યમુના ત્યાંથી પ્રગટ થયાં, એ યમુનાજીનું જળ જ્યારે દેવી યમુનારૂપે વહેતું વહેતું મથુરા વિશ્રામ ઘાટ પર આવ્યું, ત્યારે એમાં મહારાણી શ્રીયમુના બિરાજ્યાં છે એટલે વ્રજમાં જ્યાં જ્યાં શ્રીયમુનાજી બિરાજ્યાં છે. ત્યાં ત્યાં મહારાણી શ્રીયમુનાજી છે. પ્રયાગમાં જાઓ તો ત્યાં મહારાણી યમુના નથી, દેવી યમુના છે.

વ્રજલીલામાં શ્રીકૃષ્ણના ચતુર્થ પ્રિયા શ્રીયમુનાજી ધનીભૂત ધર્મી સ્વરૂપે બિરાજે છે, જ્યારે દ્વારિકા લીલામાં પ્રભુના ચોથા પટરાણી કાલિંદી શ્રીયમુનાજી ધનીભૂત ધર્મ સ્વરૂપે છે.

ઘણાંને એમ થાય કે શ્રીયમુનાજી સ્વામિની છે તો શ્રીઠાકોરજીનો મુગટ, કાછનીનો શ્રૃંગાર કેમ ધર્યો ? જે સ્વરૂપનાં આપણે નિત્ય દર્શન કરીએ છીએ. ગોલોકધામમાં શ્રીરાધિકાજી અને શ્રીઠાકોરજી વચ્ચેના માનના પ્રસંગમાં બંને વચ્ચેનું માન દૂરક રવા શ્રીયમુનાજીએ મુગટ -કાછનીનો શૃંગાર ધારણ કર્યો અને આ શૃંગારથી શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી અતિ પ્રસન્ન થયાં અને યુગલ સ્વરૂપે આજ્ઞા કરી કે, હે યમુને ! આપ આ શૃંગારમાં ખૂબ જ સુંદર લાગો છો, માટે અમારી ઈચ્છા છે કે આપ હવે આ જ શૃંગાર ધારણ કરો. ત્યારથી શ્રીયમુનાજી યુગલ સ્વરૂપની પ્રસન્નતા માટે મુગટ-કાછનીનો શૃંગાર ધારણ કરે છે.

શ્રીયમુનાજીના સ્વરૂપની એક બીજી વિશેષતા છે. કમળ હંમેશા તળાવ કે સરોવરમાં ખીલે, કમળને ખીલવા માટે બંધીયાર પાણી જોઈએ. ક્યારેય વહેતા પાણીમાં કમળ ન ખીલે. પણ વ્રજલીલામાં દિવસે શ્રીયમુનાજીમાં ગુલાબી કમળ ખીલે છે અને રાત્રે સફેદ કમળ ખીલે છે. એનું કારણ શું ?

શ્રીયમુનાષ્ટપદીમાં શ્રીગુંસાઈજીએ એમનું ભાવાત્મક સ્વરૂપ સમજાવ્યું છે.

શ્રીયમુનાજીને સદાયે શ્રીઠાકોરજીનાં દર્શન કરવાની લાલસા રહે છે. તેમને આ બે નેત્ર ઓછાં પડે છે. એમ થાય છે કે હજારો નેત્રો હોય, રોમ રોમ નેત્રો હોય તો નિરંતર પ્રભુનું શ્રીમુખ નીરખ્યાં કરું. તો દિવસે દર્શન કરવા માટે લાલ કમળરૂપ નેત્રો દ્વારા શ્રીયમુનાજી શ્રીઠાકોરજીના સ્વરૂપને નિરખે છે. આ કમળ શ્રીયમુનાજીના વિપ્રયોગાત્મક નેત્રો છે. રાત્રે સફેદ કમળએ સંયોગાત્મક નેત્રો છે. જેનાથી શ્રીયમુનાજી રાત દિવસ સદૈવ શ્રીઠાકોરજીનાં દર્શન કર્યા કરે છે.

શ્રીયમુનાજીના ગુણોનો વિચાર કરીએ તો શ્રીયમુનાજી નિર્ગુણ છે.

નિર્ગુણ ભક્તિ કોને કહેવાય ? નિર્ગુણ ભક્તિ એટલે એક જ ભાવ, એક જ વિચાર.

કહો કૈસે સુખ ઉપજાયે ?

મારા પ્રાણ વલ્લભને હું કેવી રીતે સુખ આપું ? આવો ભાવ સતત મનમાં રમતો રહે એનું નામ નિર્ગુણ, નિર્ગુણ ભક્તો તો ઘણા છે. પણ સર્વમાં મુખ્ય શ્રીયમુનાજી શા માટે છે ? કારણ શ્રીયમુનાજી શ્રીઠાકોરજીના સુખની

સાથે ભક્તોના સુખનો પણ વિચાર કરે છે. તેથી શ્રીયમુનાજી નિર્ગુણોના મુખિયા છે.

શ્રીયમુનાજીનો મોટામાં મોટો ગુણ એટલે 'સ્વભાવ વિજયો ભવેત' જીવના સ્વભાવને બદલવાનું સામર્થ્ય શ્રીયમુનાજીમાં છે. તેનું પ્રગટ ઉદાહરણ એટલે અષ્ટસખામાં જેની ગણના થાય છે તે નંદદાસજી. ક્ષત્રાણી પાછળ પાગલ નંદદાસજીએ હજુ તો શ્રીયમુનાજીનાં દર્શન કર્યાં અને એમની લૌકિક વાસના જતી રહી.

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે - જે વૈષ્ણવો યમુના કિનારે રહે છે. શ્રીયમુનાજીનાં નિત્ય દર્શન કરે છે. શ્રીયમુનાજીનું નિત્ય સેવન કરે છે. નિત્ય યમુનાપાન કરે છે અને શ્રીયમુનાજીના નિત્ય ગુણગાન કરે છે, એમને શ્રીયમુનાજી તનુનવત્વનું દાન કરે છે. તનુનવત્વ એટલે શરીરની અંદરની લૌકિકતા ચાલી જાય અને અંદરની અલૌકિકતા પ્રગટ થાય ત્યારે આ જ દેહથી, આ જ આંખોથી શ્રીઠાકોરજીની લીલાઓનાં દર્શન થાય, આ કાનથી સાક્ષાત્ શ્રીઠાકોરજીના વચનો સંભળાય, આ મુખથી ઠાકોરજી સાથે વાતો થાય, આ હાથથી જ સાક્ષાત્ શ્રીઠાકોરજીને આરોગાવાય, આવું સામર્થ્ય શ્રીયમુનાજી આપે છે. જીવના સ્વભાવમાં બદલાવ તો શ્રીયમુનાજી લાવે છે, પણ શ્રીઠાકોરજીના સ્વભાવમાં પણ બદલાવ શ્રીયમુનાજી લાવે છે.

શ્રીઠાકોરજીનો સ્વભાવ મોક્ષ આપવાનો છે. 'મુકુંદ' 'મુકું મોક્ષ દદાતિ' શ્રીઠાકોરજી કોઈને વધુમાં વધુ દાન કરે તો મુક્તિ આપે. શ્રીયમુનાજીએ શ્રીઠાકરોજીને વિનંતી કરીને એમનો સ્વભાવ બદલી નાખ્યો. મુક્તિ આપનારા પ્રભુ ભક્તિ આપનાર બની ગયા. વલ્લભ પ્રભુએ તો કહી દીધું કે શ્રીયમુનાજીના એક બે ગુણો હોય તો વર્ણવી શકાય પણ શ્રીયમુનાજી તો 'અનંતગુણભૂષિતે' છે. ટૂંકમાં શ્યામસુંદર નંદનંદન તેમજ શ્યામ સુંદરી રવિનંદના શ્રીયમુનાજી બંને તત્વતઃ એક જ છે. જે ભેદ છે તે લીલાની દૃષ્ટિએ જ છે.

ઘનીભૂત રસાત્માઁ હિ જાતો નંદગૃહે હરિઃ

ઉપનિષદ જેને રસો વૈ સઃ કહે છે તે રસ આનંદનું ઘનીભૂત પ્રાગટ્ય નંદગૃહે શ્રીકૃષ્ણરૂપે થયું તેમ રસતત્ત્વનું પ્રાગટ્ય 'દ્રવીભૂત રસાત્મૈષા સર્વાંગીણ શ્રમામ્બુમિઃ' તાપાત્મક રસમંડળમાં રહેતા નારાયણના હૃદયમાંથી થયું. એ

દ્રવીભૂત રસરૂપે પ્રગટ થયેલું સ્વરૂપ તે શ્રીયમુનાજી.

શ્રી રાધા 'રાણી' પણ શ્રીયમુનાજી 'મહારાણી' પોતાના સર્વસ્વ એવા શ્રીઠાકોરજી સર્વને આપી દેનારાં શ્રીયમુનાજી તેથી જ મહારાણી યમુના છે.

આપણે સૌ મા યમુનાને વિજ્ઞપ્તિ કરીએ કે આપ અમારા હૃદયરૂપ પાત્રમાં બિરાજો. આપની કૃપાથી આ હૃદયરૂપ પાત્ર અલૌકિક બને અને કંઈક ભગવત લીલાનો અનુભવ થાય.

બોલીએ શ્રીશ્યામસુંદર શ્રીયમુને મહારાણી કી જય.

(ગો. આચાર્યોના વચનામૃતના આધારે.)

સાભાર : શ્રી નલિનભાઈ શંભુપ્રસાદ શાસ્ત્રી, દાહોદ

વૈષ્ણવ પરિવાર, જૂન-૨૦૧૪

અવની રવની શિર મધુપુરી, શ્રી યમુને જાપર કેશ,
શ્રીગોવર્ધન જાકે ભાવ હૈ, તાકો તિલક શ્રી ગોકુલેશ
કહાકહુ રસના એક હે, નભઈ લક્ષ કરોડ
કેસેં કરકે વરણિયે, દાસ સદા કરજોડ

પ્રીતિ કાહુસો મતિ કરો, બિના શ્રી વલ્લભ એક,
બાહ્ય ગ્રહે છાંડે નહીં, વાકી એસી ટેક
ચિદ્રુપ દ્રોહી પ્રગટિયો, તેસે મિલે સહાય,
તાકોમુખ ભંજન કીયો, શ્રી ગોકુલેશ મહારાજ.

ધન્ય ધન્ય દેવાભાઈજી, ધન્ય તમારો ટેક,
ધન્ય તમારા ધર્મને, ધન્ય પતિ વ્રજ એક
શ્રી ગોકુલેશ કો હોય કે, ઓર નમાવે માથ,
ધિક્કાર વાકો જન્મકો ધિકધિક વાકો સાથ
સજ્જન એસા કીજીયે, જૈસા રેશમ રંગ,
ફાટફૂટ ટુકડા ભયે, તોયે છાંડે રંગ.

૪. મુકુંદરતિવર્ધિની
શ્રી યમુનાજી પ્રભુનો પણ સ્વભાવ બદલે તો પછી ?

એક વખત શ્રીગુસાંઈજી શ્રી યમુનાષ્ટકની ટીકાનો વિચાર કરવા લાગ્યા. થોડો વિચાર કર્યો પછી શ્રી ગોકુલેશને કહ્યું કે, "મુકુંદરતિ વર્ધિની..." આ શ્લોક તમે વિચારો - આથી એ શ્લોકનો ભાવ શ્રી ગોકુલેશે પ્રગટ કર્યો. આ જોઈને શ્રીગુંસાઈજી બહુ જ પ્રસન્ન થયા. શ્રી ગોકુલેશે એવો ભાવ લખ્યો કે, શ્રીયમુનાજીના સંબંધથી પ્રભનો સ્વભાવ બદલે તો જીવનું શું ગજું ? 'મુકુન્દરતિવર્ધિની' એનો અર્થ એ કે મુકુન્દ એટલે મોક્ષદાતા ભગવાન. તેમની રતિમા વર્ધન કરે, આ તો શ્રી યમુનાજીના શરણે જે જીવ આવે એનો સ્વભાવ બદલ્યો એમ લખ્યું છે. પરંતુ તેમ નહીં. આ મર્યાદાની રીત થઈ !

શ્રી યમુનાષ્ટકમાં 'મુકુરદરતિવર્ધિની' એવું શ્રી યમુનાજી માટે વિશેષણ છે. 'મુકુન્દ' એટલે મોક્ષ આપનારા ભગવાન. હવે જે ભગાવન મોક્ષ આપે છે, તે પુષ્ટિ પુરુષોતમ નહીં, પરંતુ મર્યાદા પુરુષોત્તમ છે. એટલે 'મુકુન્દ ભગવાન' મર્યાદા પ્રભુ છે. તેમના પર અનુગ્રહ કરીને શ્રી યમુનાજીએ તેમનો સ્વભાવ જે મર્યાદા ભાવવાળો હતો તે ફેરવ્યો. મતલબ કે તેમને પુષ્ટિ પુરુષોત્તમ સ્વરૂપ કર્યા. આ પ્રમાણે મર્યાદા પુરુષોત્તમને શ્રીયમુનાજીએ પુષ્ટિ પુરુષોત્તમ સ્વરૂપ કર્યા. આ પ્રમાણે મર્યાદા પુરુષોત્તમને શ્રીયમુનાજીએ પુષ્ટિ પુરુષોત્તમ એટલે રતિરસના દાની બનાવ્યા. તો પછી જીવનો સ્વભાવ બદલે એમાં નવાઈ જ શી ! મુકુંદ ભગાવન સમર્થ છે, એ સમર્થનો સ્વભાવ બદલાય તો જીવનો સ્વભાવ બદલતાં કેટલી વાર ? આમ, શ્રી યમુનાજી જીવનો સ્વભાવ બદલે છે. માટે શ્રીયમુનાષ્ટકમાં છેવટે 'સ્વભાવ વિજયો ભવેત' એમ કહ્યું છે. સ્વભાવનો વિજય થાય એટલે જીવ જે સ્વભાવથી દુષ્ટ છે એટલે કે પ્રભુથી વિમુખ રહેનારો છે તેને શ્રીયમુનાજી પ્રભુમાં પ્રીતિવાળો કરે છે. સન્મુખતા પ્રાપ્ત કરાવે છે. આવો ભાવ શ્રી ગોકુલેશે બતાવ્યો, તેથી શ્રી ગુંસાઈજી પ્રસન્ન થયા. શ્રીગોકુલેશ કેવલ રસ સ્વરૂપ છે, તેથી ટીકા પણ પ્રમેયની રીતે કરી છે.

"શ્રી યમુનાજી ભક્તિના હેતુ સ્વરૂપ છે. શ્રી યમુનાજીના પયપાન, જલપાન કરવાથી હૃદયમાં ભક્તિભાવ ઉત્પન્ન થવો એ સહજ અને સ્વાભાવિક છે. (શ્રીસુબોધિનીજી)"

૫. પરમકૃપાળુ શ્રીયમુનાજી

શ્રીયમુનાજી કૃપાનિધિ કહેવાય છે તે જ રીતે પરમકૃપાળુ પણ કહેવાય છે. બ્રહ્મવૈવર્તક પુરાણમાં એક કથા છે. શ્રીયમુનાજી વારંવાર પોતાના ભાઈ યમદેવને મળવા માટે જાય. ભાઈના ઘરે જતાં તેમની નજર યમપુરી ઉપર પડતી. યમપુરીમાંથી આવતા દુઃખી જીવોના ચિત્કારો અને આર્તનાદ શ્રીયમુનાજીના કોમળ મનને ઘાવ આપી જતાં. તેમનું મન અને હૃદય અતિ દ્રવિત થઈ જતું.

તેથી શ્રીયમુનાજી પોતાના મોટાભાઈને આ જીવોને યમપુરીમાંથી મુક્ત કરવા વિનંતી કરતાં. યમરાજા હસીને વાત ઉડાવી દેતા. શ્રીયમુનાજી હંમેશા વિચારતાં કે યમપુરીમાં રહેલા આ જીવોને કેવી રીતે બચાવવા ? કેવી રીતે તેમને મુક્ત કરી ભયમાં અભય અને નિર્ભય કરવા ? પરંતુ કોઈ ઉપાય મળતો નહિ.

શ્રીયમુનાજી પોતના આ વડીલ વીરાને પોતાને ત્યાં ભોજન માટે પધારવા વારંવાર વિનંતી કરતાં; પરંતુ યમરાજ તો આખા વર્ષ દરમ્યાન કામમગ્ન રહેતા હોઈ પોતાની પ્રિય ભગિનીના ઘરે જઈ ન શકતા. એકવાર શ્રીયમુનાજીએ કારતક સુદ એકમના દિવસે ભાઈને ઘરે જઈ વિનંતી કરી : 'ભાઈ, આપ પરિવાર સાથે આવતી કાલે મારે ત્યાં ભોજન કરવા માટે પધારો. ઘણા સમયથી હું આપને વિનંતી કરી રહી છું. પરંતુ આપ આવી શકતા નથી. આ વખતે તો આપ જરૂર પધારો.' આમ કહેતા કહેતાં શ્રીયમુનાજીની આંખો ભરાઈ આવી.

પોતાની નાની બહેનની આંખો છલકાઈ આવેલી જોઈ યમરાજાએ બહેનને ઘેર જવાનું વચન આપ્યું. કહ્યું કે આવતીકાલે તેઓ ચોક્કસ જમવા માટે આવશે.

બીજા દિવસે યમરાજા પોતાનું વચન પાળવા સપરિવાર બહેનને ત્યાં આવી પહોંચ્યા. બહેને પણ પોતાના આંગણિયે આવેલા ભાઈને અતિ પ્રસન્નતાથી આવકાર્યા. આનંદથી સ્વાગત કર્યું. ભાઈના લલાટે કુમકુમ તિલક કરી, અક્ષત લગાવી, પુષ્પથી વધાવી, આરતી ઉતારી ભાઈનાં ઓવરણાં લીધાં. બહેનને પ્રસન્ન થયેલી જોઈ યમરાજા પણ આનંદિત થઈ ગયા. બહેને

મુકુન્દરતિવર્ધિની શ્રીયમુનાજી

ભાઈને ચાંદીના પાત્રોમાં પ્રેમપૂર્વક ભોજન કરાવ્યું.

ભોજન બાદ યમરાજાએ વીરપસલીમાં બહેનને રંગબેરંગી સુંદર વસ્ત્રો અને આભુષણો આપ્યાં. કહે છે : 'બહેન, આ બધું તો મેં મારી ઈચ્છા મુજબ આપ્યું છે, પરંતુ તું તારી ઈચ્છા પ્રમાણે કંઈક માગ.'

પ્રથમ તો શ્રીયમુનાજીએ ના કહી, પરંતુ વડીલ બંધુના વારંવારના આગ્રહથી, તેમનું માન રાખવા માંગ્યું. 'ભાઈ, આપ મને કંઈક આપવા જ માંગતા હો તો હું ફક્ત એક જ વરદાન માંગું છું. આપ કૃપા કરીને આપની યમપુરીમાં પીડાઈ રહેલા જીવોને મુક્ત કરો.'

યમરાજા કહે છે : બહેન, દરેક જીવને તેમનાં કર્મ મુજબ દંડ આપવાનું મારું કાર્ય છે. તે મુજબ જ હું દંડ આપું છું; પણ આજના દિવસે તે મારી પાસેથી માંગ્યું છે તો હું તને વચન આપું છું કે આપણા ભાઈ બહેનના પ્રેમના પ્રતિક રૂપે આજનો ભાઈબીજનો દિવસ ઉજવીને જે તારા જળમાં સ્નાન કરશે અને તારા જલરૂપી અમૃતનું પાન કરશે તેને યમપુરીનો ભય નહિ રહે. ઉપરાંત આ ફક્ત આજના દિવસની જ વાત નથી. જે કોઈ જીવ તારા શરણે આવીને નીત્ય તારું સ્મરણ કરશે, તેને હું સૂર્યપુત્ર યમ કદીયે હાથ લગાડીશ નહિ.

વૈષ્ણવો, શ્રીયમુનાજી આપણાં મૈયા છે. આપણે બધાં શ્રીયમુનાજીનાં બાળ છીએ. યમરાજાએ યમુનાજીને શરણે આવનાર દરેક જીવને અભય આપ્યું છે તો આપણને પોતાની બહેનના બાળકોને દંડ કેવી રીતે આપે ? આ રીતે શ્રીયમુનાજીએ જીવોને યમ, યમપુરી, યમપાશ અને યમદંડના ભયમાંથી મુક્ત કરી ભાઈના ભવનને શૂન્ય કર્યું છે. આવા અતિ કોમલ સ્વભાવનાં પરમ કૃપાળુ શ્રીયમુનાજીને આપણે સહું વંદન કરીએ.

ન જાતુ યમયાતના ભવતિ તે પયઃ પાનતઃ

યમોऽપિ ભગિનીસુતાન્ કથમુહન્તિ દુષ્ટાનપિ ॥

શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાષ્ટક ગ્રંથમાં આજ્ઞા કરે છે કે હે શ્રીયમુનાજી, આપના જલના પાનથી યમયાતના કદી ભોગવવી પડતી નથી; કારણકે પોતાના ભાણેજો દુષ્ટ હોય છતાં યમરાજા તેને કેવી રીતે મારે ? આવા અદ્ભુત ચરિત્રવાળાં શ્રીયમુનાજીને સદા નમન હો.

સાભાર : શ્રીમતી પૂર્વી મોદી : વૈષ્ણવ પરિવાર

૬. શ્યામ સલોનાં શ્રીયમુનાજી

શ્રી ઠાકોરજીની જેમ શ્રીયમુનાજી પણ શ્યામ સલોનાં મેઘશ્યામ સ્વરૂપ છે. એક દિવસ શ્રી સ્વામિનીજીએ શ્રી ઠાકોરજીને કહ્યું : 'પ્રભુ, શ્રી યમુનાજી તો મારા પ્રિય સખી છે, પણ તેમનો વર્ણ આપે આપના જેવો મેઘશ્યામ કરીને તેમને આપના દલમાં ખેંચી લીધાં છે, હવે તેમના વગર હું શું કરીશ ?'

'પ્રિયાજી, અહીં ગોલોકધામમાં ભલે શ્રીયમુનાજીને મારો વર્ણ હોય પણ તેઓ જ્યારે વ્રજમાં બિરાજશે ત્યારે તમારાં દલમાં રહેશે.' આ સાંભળતાં શ્રી સ્વામિનીજીને અત્યંત પ્રસન્નતા થઈ.

વ્રજમાં જ્યારે શ્રીસ્વામિનીજી શ્રીયમુનાજીને મળ્યાં ત્યારે તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેમણે પ્રભુને ફરિયાદ કરી કે શ્રીયમુનાજી વ્રજમાં પધાર્યા છે તો પણ તેઓ આપના દલમાં જ રહ્યાં છે. એમણે પોતાનો વર્ણ આપના જેવો જ ધારણ કરી રાખ્યો છે.

આ સાંભળતાં શ્રીઠાકોરજીને આશ્ચર્ય થયું. તેમણે કહ્યું : 'ચાલો પ્રિયે, આપણે શ્રીયમુનાજીને જ પૂછીએ કે શા માટે વ્રજમાં આવીને પણ તેમણે મારો જ વર્ણ ધારણ કર્યો છે !'

શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી બંને શ્રીયમુનાજીની પાસે આવ્યાં. શ્રીસ્વામિનીજીએ પૂછ્યું : 'સૂર્યસુતા, વ્રજમાં બિરાજમાન થઈને પણ આપે શા માટે શ્યામ વર્ણ ધારણ કર્યો છે ? ગોકોલધામમાં તો નક્કી થયું હતું કે વ્રજમાં પધારીને આપ શ્રીઠાકોરજીના દલમાં નહિ પણ મારા દલમાં બિરાજશો, પરંતુ એમ શા માટે નથી થયું ?'

આ સાંભળી ભાનુસુતાએ કહ્યું : 'રાધેરાણી, હું શું કરું ? આ શામળિયાની સંગે રહીને હું પણ શામળી થઈ ગઈ. જો મને તમારા બરસાનામાં સ્થાન મળ્યું હોત તો તમારી સંગે રહીને હું પણ ગોરી યમુના થાત.પણ મને સ્થાન મળ્યું બરસાનાને બદલે શ્રી ગોકુલમાં, જે આપણા શ્યામસુંદર નું ગામ છે. હું વ્રજમાં આવી હતી ગોરી થઈને, આપના દલમાં સામેલ થવા માટે, પણ આપણા શામળિયાજીનાં તો એટલાં તોફાનો ! વારંવાર વ્રજરજમાં રમીને

રજભર્યા આવે, મૈયા એમને મારા જલપ્રવાહમાં નવડાવે. એમના વારંવારના સ્નાનથી મારા જલમાં એમનો શ્યામવર્ણ આવી ગયો. માટે હું ગોરી હતી છતાં મેઘશ્યામ શ્યામસુંદર જેવું સ્વરૂપ મને પ્રાપ્ત થઈ ગયું. હવે આપ શ્યામસુંદરને જ પૂછો કે આપ આટલા શ્યામ શા માટે છો ?'

શ્રીયમુનાજીનો પ્રશ્ન રાધેરાણીએ શ્યામસુંદરને પૂછ્યો.

શ્રીઠાકોરજીએ ઉત્તર આપતાં કહ્યું : 'રાધેરાણી, હું તો મીનાક્ષી (મીન એટલે માછલી જેવી ભોળી અને સુંદર અને અક્ષી એટલે આંખ.) જેવી આપની આંખોનું કાજળ થઈને આપના ગૌરવર્ણની નજર ઉતારવા માંગતો હતો તેથી શામળો થયો. અને વળી વિચારો કે જો શ્રીયમુનાજી પણ આપના જેવા ગૌર વર્ણના થયાં હોત તો આપનો ભાવ કોણ પૂછત ? આથી આપનું મહત્વ વધારવા માટે હું અને શ્રીયમુનાજી બંને શ્યામવર્ણનાં થયાં. આપ ગૌર રહ્યાં. ગોરી શી રાધેરાણી, હવે રહી વાત દલમાં રહેવાની. તો શ્રીયમુનાજી તો આપણા બંનેનાં દલમાં છે, કારણ કે તેઓ આપણાં બંનેની સખી છે.'

આટલું સાંભળતાં રાધેરાણીના મુખારવિંદ ઉપર ખીલેલા કમળ જેવું હાસ્ય વ્યાપી ગયું.

સાભાર : પૂર્વી મોદી મલકાન : વૈષ્ણવ પરિવાર - ૨૦૧૧

નાથ તમારો હું સદા, કૃપા કરો યા રીષ,
લાડ લડાવો કે વસો, હું પ્રસન્ન ધરી શીશ
યહ મેરી અભિલાષા હે, પુરો રૂક્ષ્મણીલાલ,
છબિ પર કોટિક વારણે, તન મન પ્રાણ આધાર,

ગોકુલનાથ બડે મહારાજ
માલા તિલકકી રખી લાજ
દિલ્લીપતિ કો પરચો દિય્યો
ભક્ત મનોરથ પૂરણ કીયો.

૭. શ્રીયમુનાજીને જાણીએ

વ્હાલા વૈષ્ણવો ! નીચે આપેલા મુદ્દા દ્વારા શ્રીયમુનામૈયાનો પરિચય આપનાનો નમ્ર પ્રયાસ છે.

(૧) જેમ શ્રીકનૈયાના જશોદામૈયા તેમ વૈષ્ણવોનાં દિવ્ય-દૈવી શ્રી યમુનામૈયા, શ્રીયમુનાજીનાં ત્રણ સ્વરૂપો છે. (૧) આધિભૌતિક : જળ સ્વરૂપ, (૨) આધ્યાત્મિક : પાપો નાશ કરનારૂં સ્વરૂપ. શ્રીયમુનાજી વિશેનાં ધોળ, પદ કીર્તન, અષ્ટક વગેરે ગાવાથી આપણા પાપો નાશ પામે છે. (૩) આધિદૈવિક સ્વરૂપ : ચિત્રજીનાં દર્શન આપતાં હાથમાં કમળની માળા લઈને ઉભેલું સ્વરૂપ.

(૨) શ્રીયમુનાજીનું ઉદ્દ્ભવ સ્થાન હિમાલયનું કલિંદ શિખર છે, તેથી આપ 'કાલિન્દી' તરીકે ઓળખાય છે.

(૩) શ્રીયમુનાજીના પિતા સૂર્યનારાયણ છે. તેમની માતાનું નામ સંજ્ઞા છે અને ભાઈનું નામ યમદેવ છે. યમદેવના નાના બહેન હોવાથી તેમનું નામ યમુના પડ્યું છે.

(૪) ખરેખર તો શ્રીયમુનાજી શ્રીકૃષ્ણના હૃદયમાંથી પ્રગટ થયેલાં છે. તે શ્રીકૃષ્ણના ચતુર્થ પટરાણી છે. તે શ્રીકૃષ્ણપ્રિયા કે ભાનુતનયા તરીકે પણ ઓળખાય છે.

(૫) શ્રીયમુનાજી કલિંદ શિખરથી અલ્હાબાદ (પ્રયાગ) સુધી સ્વતંત્ર વહે છે. અને ત્યાં શ્રી ગંગાજી સાથે જોડાય છે. પ્રયાગમાં ગંગા, યમુના અને સરસ્વતીનો સંગમ (ત્રિવેણી) થાય છે.

(૬) શ્રીયમુનાજીનું પ્રાગટ્ય ચૈત્ર સુદ ૬ ના રોજ થયેલું. આ દિવસે ઘણા વૈષ્ણવો 'યમુનાષ્ટક' ના અખંડ પાઠ કરે છે કે શ્રી યમુનાજીનાં ૪૧ પદોનો પાઠ કરે છે.

(૭) પુષ્ટિમાર્ગમાં શ્રીનાથજી, શ્રીમહાપ્રભુજી અને શ્રીયમુનાજી - ત્રણેય એક સ્વરૂપ છે. શ્રીયમુનાજી ભક્તિનું દાન કરીને વૈષ્ણવોને શ્રીઠાકોરજી સમક્ષ લઈ જાય છે. કોઈ જીવ 'બ્રમ્હસંબંધ' લે છે, ત્યારે શ્રીયયમુનાજીને ખૂબ જ આનંદ થાય છે અને તે દોડીને પ્રભુ સન્મુખ જઈ આ વધાઈના સમાચાર આપે છે.

(૮) શ્રીયમુનાજી આપણી બધી મુસીબતો દૂર કરી આપણને આઠ પ્રકારની સિધ્ધિ આપે છે.

(૯) માનલીલામાં શ્રીયમુનાજીએ મોર મુગુટ અને કટિ કાછનીનો શણગાર ધારણ કર્યો છે.

(૧૦) મથુરા અને ગોકુલ શ્રીયમુનાજીને કિનારે વસેલાં છે તેથી તે પવિત્ર ગણાય છે.

(૧૧) શ્રીયમુનાજી અને શ્રીકૃષ્ણમાં એક સમાન ગુણો છે એટલે કે તે બંન્ને 'સમાનધર્મા' છે.

(૧૨) શ્રીયમુનાજી વૈષ્ણવોને તનુનવત્વની પ્રાપ્તિ કરાવે છે - એટલે કે સેવોપયોગી દેહ આપે છે.

(૧૩) શ્રીકૃષ્ણ ભગવાને આપની બધી લીલાઓ શ્રીયમુનાજીના કિનારા પર જ કરી હતી. શ્રીયમુનાજીએ ગોપીજનોને રાસલીલાનું દાન કર્યું હતું. વ્રજ પ્રદેશમાં વહેતાં શ્રીયમુનાજી જ પવિત્ર છે. દિલ્હી કે આગ્રામાં વહેતાં યમુનાજી વ્રજપ્રદેશ જેટલાં પવિત્ર મનાતાં નથીં.

(૧૪) શ્રીમહાપ્રભુજીએ સંવત ૧૫૪૯ માં ગોકુળમાં શ્રીયમુનાજીનાં કિનારે બેસી 'શ્રીયમુનાષ્ટક' ની રચના કરી હતી.

(૧૫) જો કોઈ 'યમુનાષ્ટક' નો સદા (હંમેશા) અને મુદા (આનંદપૂર્વક) પાઠ કરે તો તેના બધા પાપો નાશ પામે છે અને શ્રીકૃષ્ણ પ્રભુ પ્રસન્ન થાય છે.

સાભાર : શાંતિલાલ મો.શાહ : સત્સંગ વર્ષ ૬૩

૮. શ્રીયમુનોત્સવ - ચૈત્રસુદ - ૬

પુષ્ટિ ચૈત્ર સુદ છઠ્ઠનો દિવસ શ્રીયમુનાજીના પ્રાગટ્ય ઉત્સવ તરીકે મનાવવામાં આવે છે. આ દિવસે શ્રીમહારાણીના આધિદૈવિક સ્વરૂપનું પ્રાગટ્ય ગોલોકધામમાં, નિકુંજમાં (ભૂતલ પર નહિ) પરમાત્માની વામ (ડાબી) ભૂજામાંથી થયું.

ગોકોલધામ, નિકુંજનું વર્ણન પ.ભ.શ્રીગોપાલદાસભાઈ વલ્લભાખ્યાન પહેલાની તૂક આઠથી ચૌદમાં કરે છે. તે મુજબ અહી વૃંદાવન, શરદચંદ્ર(શશિ), શરદની રાત્રી, વનદેવી, સરિતા, મણીના ઢગલાઓ, રત્નો, વિવિધ પ્રકારના પુષ્પો જેવા કે માલતી, મલ્લિકા, સુવર્ણવલી વગેરેની સુવાસ (મકરંદ) પ્રસરી રહી છે. ત્રિવિધ પ્રકારનો વાયુ (શીતલ મંદ સુગંધ) વાઈ રહ્યો છે. અહીં રત્નજટીત શ્રીગોવર્ધન પર્વત છે, વિવિધ પ્રકારના પક્ષીઓ કલરવ કરે છે, જુદા જુદા યુથોમાં અનેક શ્યામાઓ અનેક યુથો રચી રાસમંડળમાં ભગવાન સાથે ખેલી રહી છે. (કમલ નયન, કમનીય, મનોહર, શ્યામા શતદલ નયન સુંદરી) જ્યાં ભગવાન આવા અનેક યુથોમાં રાસમંડળમાં રમી રહ્યાં છે તેવું આ ગોલોકધામ, નિકુંજ છે.

ભગવાન રસ સ્વરૂપ છે, પૂર્ણાનંદ સ્વરૂપ છે, રસના ભંડાર છે, પોતે એકલા જ હોય તો રસનિષ્પતિ થાય નહીં, તેથી ભગવાને ગોલોકધામમાં, નિકુંજમાં રસલીલા અને રાસસૃષ્ટિ પ્રકટ કરી. તેથી અન્ય લીલાસૃષ્ટિ સાથે પોતાના (૧) હૃદય પ્રદેશમાંથી ગીરીરાજ પર્વત અને (૨) વામસ્કંધ (ડાબી ભૂજા) માંથી શ્રીયમુનાજી પ્રકટ કર્યાં. ગોલોકધામ નિકુંજમાં આ શ્રીયમુનાજીનું પ્રાગટ્ય થયું તે ચૈત્ર સુદ છઠ્ઠનો દિવસ હતો. માટે પુષ્ટિભક્તો ચૈત્ર સુદ છઠ્ઠના દિવસને 'શ્રીયમુનોત્સવ', 'મહારાણીમાના પ્રાગટ્ય દિન' તરીકે ઉજવે છે. આ આધિદૈવિક સ્વરૂપા એવા શ્રીયમુનાજી.

આવા શ્રીયમુનાજીનું મહાત્મ્ય પુષ્ટિમાર્ગમાં એવું મહાન છે કે સ્વયં શ્રીમહાપ્રભુજી ષોડષગ્રંથો માંહેનો પ્રથમ ગ્રંથ 'શ્રીયમુનાષ્યકમ્' શ્રીયમુનાજીના સ્વરૂપની સ્તુતિગ્રંથ તરીકે પ્રકટ કરતાં **'નમામિ યમુનામહં'** કહી શ્રીયમુનાજીને વંદન કરે છે. યમુનાષ્ટકમમાં આગળ ચાલતાં શ્રીમહાપ્રભુજીને શ્રીયમુનાજીનું સ્વરૂપ અતિ અદ્‌ભૂત લાગે છે. આપશ્રી તેમને, આધ્યાત્મિક સ્વરૂપને નમોસ્તુ

કહી દેવી સ્વરૂપે નમન કરી દે છે, કારણ કે મહારાણીમાના જળનું સ્નાનપાન, પયપાન કરનાર જીવની ગતિ સામાન્ય જીવ કરતાં જુદા જ પ્રકારની છે. આવા ભક્તને યમયાતનામાંથી મુક્તિ મળે છે. આગળ ચાલતાં 'શ્રીયમુનાષ્ટકમમાં' આપશ્રી ભૂતળ પરનાં પુષ્ટિભક્તોને શ્રીયમુનાજીના આધિભૌતિક જળ સ્વરૂપ (સરિતા સ્વરૂપ) ને **'નમત કૃષ્ણ તૂર્યપ્રિયાં'** કહી નમન કરવા આજ્ઞા કરે છે. આવા આધિદૈવિક સ્વરૂપ શ્રીયમુનાજીનું પ્રાકટ્ય ગોલોકધામ,નિકુંજમાં ભગવાનનાં વામસ્કંધમાંથી ચૈત્ર સુદ છઠ્ઠના રોજ થયું તે આ 'શ્રીયમુનોત્સવ' નો દિવસ.

સર્વ લક્ષણ સંપન્ના શ્રી યમુનાજી : કલીન્દ પર્વત પર ગોલોકધામમાંથી ઉતરાણ કરીને વ્રજમંડલ તરફ વહેતા થયેલા શ્રીયમુનાજી પૃથ્વી પર છે **'સર્વલક્ષણ સંપન્ના'**. આ સર્વલક્ષણ સંપન્ના સ્વરૂપે શ્રીયમુનાજી નીજભક્તોને માત્ર (૧) ઈચ્છીત કે (૨) અભીષ્ટ (ભક્તના હિતકારક) જ નહીં પરંતુ (૩) **'નીખીલેષ્ટદઃ'** ફળનું દાન કરનારા છે, કારણ કે યમુનાજળનું સ્નાન-પાન, પયપાન કરનાર જીવની ગતિ નિશ્ચિતપણે ગોલોકધામની જ છે. પોતાના ભક્તોને શ્રીમહારાણીમા પુષ્ટિ સાયુજ્ય નહીં પરંતુ ભજનાનંદ, સ્વરૂપાનંદ, તનુનવત્વનું દાન કરે છે, સ્વતંત્ર ભક્તિનું દાન કરે છે. શ્રીયમુનાજીના ભક્તની ગતિ, મતિ અને રતિ શ્રીકૃષ્ણ તરફી જ રહે છે - **કૃષ્ણ એવ ગતિ ર્મમ** (કૃષ્ણાશ્રય સ્તોત્ર)

રેણુ, પત્ર, વૃક્ષ કૃષ્ણમય : શ્રીયમુના તટ પર રાસરસિક ભગવાન સર્વવ્યાપિ સ્વરૂપે બીરાજમાન છે. શ્રીમહાપ્રભુજી સંતદાસજીને આજ્ઞા કરે છે અહીં, **વૃક્ષે વૃક્ષે વેણુધારી અને પર્ણે પર્ણે ચતુર્ભુજ સ્વરૂપ** બીરાજે છે તેથી મેંડ મર્યાદા મુજબ અપરશ સ્નાનની આવશ્યકતા નથી. આવું અનુપમ મહાત્મ્ય ભૂતળ પર અવતરણ કરેલ શ્રીયમુનાજીનું છે. માટે તો ભક્ત ગાય છે -

"મેરે મુખ મેં તુલસીદલ હો, અરૂ યમુનાજીકા તટ હો
મેરા સાંવરા નિકટ હો, જબ પ્રાન તન સે નીકલે"

અહીં રમણ રેતીમાં ભક્તો લોટે છે અને યમુનાજળના રસબિંદુઓ **'કેલીરસવાહીની'** સ્વરૂપે ભક્તને લીલારસનો અનુભવ કરાવે છે.

રૂષિરૂપા-શ્રુતિરૂપાઓને અભિષ્ટદાન : સારસ્વતકલ્પ : ત્રેતા યુગના ઋષિઓ જે સારસ્વત કલ્પના દ્વાપર યુગમાં કુમારીકાઓ સ્વરૂપે પ્રકટ થયા

હતા અને વ્રજમાં નન્દબાવાના ગૃહે લાલાની સેવામાં હતા તેમને પણ લાલાને પતિ સ્વરૂપે પામવા મનમાં મનોરથ હતો. હેમન્ત ઋતુની શીત પ્રભાતે તેમણે અન્ય કોઈ મર્યાદા દેવી નહીં પરંતુ કાત્યાયીની સ્વરૂપા, પુષ્ટિ સ્વરૂપા શ્રીયમુનાજીની આરાધના કરી -

કત્યાયીની મહાભાગા મહા યોગીની અધીશ્વરી નન્દગોપ સુતં દેવી પતિ મે કુરુ તે નમઃ

આ રૂષિરૂપાઓએ ભગવાનને પતિ સ્વરૂપે મેળવવા કાત્યાયીની સ્વરૂપા શ્રીયમુનાજીની આરાધના કરી અને ભગવાને તત્કાલ પ્રકટ થઈ વચન આપ્યું -

"કરી હોં પૂરણ કામ સબૈ શરદ સમે શશીરાતકો"

તેવી જ રીતે સ્વામિનીજી પણ ગોકુલની ગલીઓમાં વહુજીનું પદ પામ્યા, મદનમોહનજી તેમને વશ થયા, સખીઓ પૂછે છે -

"કૌન ગોર તેં પૂજી રાધે,
વૃંદાવન ગોકુલ ગલીયન મેં"
સબ કોઉ કહત વહુજી,
મદનમોહન કો મન હર લીનો,
કૌન બુધ્ધિ તાહી સૂઝી

સ્વામિનીજી સખીઓને જવાબ આપે છે આ તૂર્યપ્રીયા શ્રીયમુનાજીની કૃપા છે -

"યમુને ગોર મેં પૂજી, હો સખીયાં યમુને ગોર મેં પૂજી."

કલીયુગમાં : શ્રીયમુનાજી, શ્રીગોવર્ધનનાથજી, શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી ચારે સ્વરૂપો કૃપાસાગર સ્વરૂપે પુષ્ટિભક્તિનો ઉધ્ધાર કરવા કલીયુગમાં પ્રકટ થયા છે.

શ્રીગોવર્ધનનાથજી ગીરીકંદરામાં પ્રકટ થયાં. શ્રીમહાપ્રભુજીને પૃથ્વી પરિક્રમામાં હતાં ત્યાં આજ્ઞા કરી મારૂં મહાત્મ્ય પ્રકટ કરો.

સ્વપ્નમાં આજ્ઞા કરી જીવોને 'બ્રહ્મસંબંધ', મારો સંબંધ કરાવો. સંવત ૧૫૪૯ શ્રાવણ સુદ ૧૧ની મધ્ય રાત્રીએ શ્રીમહાપ્રભુજી ગોવિંદઘાટ પર ઠાડા છે, દ્વિધામાં છે, 'ક્યો ગોવિંદ ઘાટ, ક્યો ઠકુરાણીઘાટ', તરત જ કૃપાસાગર

શ્રીયમુનાજી ગુજરાતી ષોડષી સુંદરીના સ્વરૂપે તેજના લીસોટા સાથે પ્રકટ થયા. 'વલ્લભ, તમે ઠાડા છો તે ગોવિંદઘાટ અને સામે ઠકુરાણીઘાટ'. તરત જ પોતાનું અધિદૈવિક સ્વરૂપ તેજપુંજ સ્વરૂપે આધિભૌતિક શ્રીયમુનાજળમાં પધરાવ્યું અને ત્યારથી શ્રીમહારાણીમાએ ભૂતળ પર નિત્યવાસ સ્વીકાર્યો.

"ભક્ત પર કરી કૃપા જુ ઐસી,
છાંડી નીજ ધામ, વિશ્રામ ભૂતળ કીયો
પ્રકટ લીલા દીખાઈ જુ તૈસી." (પદ ૧૭મું - નંદદાસજી)

આવા શ્રીયમુનાજીના મર્યાદાફળ અને પુષ્ટિફળ બન્નેનું દાન કરાવવાળા છે.

"મર્યાદીક કહે, મર્યાદા સુખ લહે
પુષ્ટિકો પુષ્ટિ ફળ નીકો માનો" (પદ ૨૧ સુરદાસજી)

પુષ્ટિ માર્ગ પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ છે, વિરહાત્મક તાપકલેશનો માર્ગ છે. તેમ જણાવતા સુરદાસજી આગળ કહે છે -

"અનુભવી બીના અનભવ કહા જાનહી
જાકો પીયા નહિ ચીત્ત ચોરે
પ્રેમ કે સીધુંકો મરમ જાણ્યો નહિ,
સુર કહે કહા ભયો દેહ બોરે (પદ ૨૨ શ્રી સુરદાસજી)

આ કળીયુગમાં ચારે કૃપાસાગર સ્વરૂપો (૧) શ્રીયમુનાજી (૨) શ્રીમહાપ્રભુજી (૩) શ્રીગોવર્ધનનાથજી અને (૪) શ્રીગુંસાઈજી ભક્તો પર કૃપા કરી એકસંપી કરી પ્રકટ થયા છે.

(૧) શ્રીયમુને, અરૂ (૨) પ્રાણપતિ (૩) પ્રાણ અરૂ (૪) પ્રાણ સુત
યહુ જન જીવ પર દયા વિચારી પ્રિત કે લીયે યહ સંગધારી (પદ ૧૧)
જય જમુના, શ્રી ગોવર્ધનનાથ, મહાપ્રભુ, શ્રીવિઠ્ઠલનાથ.

આવા કૃપાસાગર યમુનાજીના આધિદૈવિક સ્વરૂપનું પ્રાકટ્ય ગોલોકધામમાં ભગવાનના વામસ્કંધમાંથી ચૈત્રી સુદ છઠના દિવસે થયું તે 'શ્રીયમુનોત્સવ.'

સાભાર : શ્રી પ્રતાપરાય એસ. મહેતા (ભાવનગર)

- સત્સંગ વર્ષ ૬૩ અંક ૬

૯. શ્રીયમુનાજી અને ઠાકોરજીના સમાન ગુણો

અનન્ત ગુણ ભૂષિતે શિવ વિરંચી દેવ સ્તુતે
ઘનાઘનનિભે સદા ધ્રુવ પરાશરાભિષ્ટદે ॥
વિશુધ્ધ મુથરા તટે સકલગોપગોપીવૃતે
કૃપા જલધિ સંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ॥
(શ્રીયમુનાષ્ટકમ્ શ્લોક-૪)

ગોવિંદઘાટ પર શ્રીમહારાણીમાંના દર્શન કરી રહેલા શ્રીમહાપ્રભુજીને શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજીનું સ્વરૂપ એકરૂપ લાગે છે. જાણે કે **"પ્રાણ એક વધુ હોય"** ભગવાનને સારસ્વત કલ્પમાં વિરૂધ્ધ ધર્માશ્રયી લીલા કરવી હતી. ધર્મ સંસ્થાપન અને દુષ્ટોના નાશ ઉપરાંત ભાવાત્મક નિર્ગુણ ભક્તોના ભાવનું પોષણ કરવાનું હતું. સામર્થ્યથી દુષ્ટોનો વધ થાય તો સામર્થ્યનું જ્ઞાન ભાવાત્મક નિર્ગુણ ભકતોને થાય તો આ ભક્તોના "પ્રેમ" તત્વનું પોષણ થાય. બંન્ને ક્રિયાઓ વિરુધ્ધ ધર્મશ્રયી હતી. જેથી ભૂતળ પર અવતરણ કરતા સમયે ભગવાને પોતાના સામર્થ્યરૂપ છ એ ધર્મો - ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી જ્ઞાન અને વૈરાગ્ય સાથેનું "ધર્મી" સ્વરૂપ શ્રીયમુનાજીને સુપ્રત કર્યું. ભૂતળ પર પધારેલા શ્રીયમુનાજી આ સાતે ગુણો સાથે પ્રગટ થયા તે **ભૂવં ભૂવન પાવની** સ્વરૂપે તેનું નિરૂપણ શ્રીયમુનાષ્ટકમ્‌ના ત્રીજા શ્લોકમાં થયું.

આ ચોથા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીને શ્રીયમુનાજીના ભગવાન સાથેના એકરૂપ ગુણોના દર્શન થયા તેનું વર્ણન કરતા આપશ્રી મહારાણીમાને વિનંતી કરે છે કે આપ **મમ મનઃ સુખં ભાવય** - મારા મનને આનંદ પમાડો. આપ ચોથા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજી તથા ઠાકોરજીના સમાન ગુણોનું નિરૂપણ કરે છે.

(૧) અનન્ત ગુણ ભૂષિતે - ઐશ્વર્ય :

ભગવાનના ગુણો અનંત, દિવ્ય, અલૌકિક છે. આવાજ અનન્ત, દિવ્ય, અલૌકિક ગુણો શ્રીયમુનાજીના પણ છે. બંન્ને સ્વરૂપો અનાદિ છે, અનંત છે. ભગવાન દિવ્ય સ્વરૂપે વ્રજમાં અવતર્યા અને નિત્ય વ્રજમાં જ રહ્યા.

અક્રુરજી સાથે મથુરા પધાર્યું તે "પ્રભાવાત્મક" સ્વરૂપ ભાવાત્મક સ્વરૂપ વ્રજ ગોકુલ-વૃન્દાવનમાં નિત્ય છે. આજ પણ છે. તેજ રીતે શ્રીયમુનાજીનું પ્રાકટ્ય ગોલોકધામમાં ભગવાનની ડાબી ભૂજામાંથી થયું, ભૂતળ પર કલિન્દ પર્વત પર પધારી વ્રજમાં પધાર્યા અને નિત્ય વ્રજચોરાસી કોસમાં જ વહે છે. અન્ય નદીઓની માફક તેમનો સમુદ્ર સંગમ નથી માટે તે અનંત છે.

આમ **"અનાદિ"** અને **"અનંત"** બંન્ને ગુણો શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજીમાં સમાન છે તે ઐશ્વર્ય ગુણ.

(૨) શિવ વિરંચી દેવ સ્તુતે - વીર્ય :

બ્રહ્માજી, શંકર વગેરે દેવો પણ શ્રીયમુનાજીની સ્તુતિ કરે છે. સ્તુતિ શક્તિમાન સ્વરૂપની થાય, નિર્બળની થાય નહિ. બ્રહ્મા, શિવ જેવા દેવો પણ જેની સ્તુતિ કરતા હોય તે સ્વરૂપ મહાસામર્થ્યવાન, વીર્યવાન કહેવાય. ભૂતળ પર જ્યારે ભાર વધ્યો ત્યારે દેવોએ પરમાત્માની સ્તુતિ કરી તેથી પરમાત્મા વીર્યવાન - સામર્થ્યવાન કહેવાયા. તેજ રીતે શીવ, બુધ વગેરે દેવો પણ શ્રીયમુનાજીની સ્તુતિ કરે છે. માટે શ્રીયમુનાજી પણ ઠાકુરજી જેવા જ સામર્થ્યવાન, વીર્યવાન છે. આમ દેવો દ્વારા સ્તુતિ થવી તે ભગવાન અને શ્રીયમુનાજી બન્નેનો સમાનધર્મ, વીર્યધર્મ છે.

(૩) ઘનાઘનનિભે સદા - યશ :

મહારાણીમાંનો વર્ણ **"મેઘશ્યામ"** કહેતા જળયુક્ત વાદળ જેવો છે. જળયુક્ત વાદળ પૃથ્વી પર જળ વૃષ્ટિ કરે. જળનું દાન કરે. દાનીનો યશ ચોતરફ ફેલાય. આમ જળયુક્ત વાદળ જેવો ઘનશ્યામ વર્ણ તે શ્રીમહારાણીમાના "યશ" ના ગુણની અભિવ્યક્તિ છે. શ્રીઠાકુરજીનો વર્ણ પણ શ્રીમહારાણીમાના વર્ણ જેવો "ઘનશ્યામ" છે. ૪૧ પદોમાં દર્શન થાય છે.

(૧) શ્યામ સંગ શ્યામ વ્હે રહી શ્રી યમુને
(૨) કૃષ્ણતન વર્ણ, ગુણધર્મ શ્રીકૃષ્ણ કે કૃષ્ણલીલા મયી કૃષ્ણ સુખ કંદની (પદ ૪૧મું)

આમ શ્રીઠાકુરજી અને શ્રીયમુનાજી બન્નેના વર્ણ, ગુણધર્મ વગેરે

એક સરખા "મેઘશ્યામ" છે. સમાન છે, તે સમતા "યશ" ગુણની અભિવ્યક્તિછે.

(૪) ધ્રુવ પરાશરા ભિષ્ટદે - શ્રી :

શ્રી એટલે શોભા-ભક્તોની શોભા શ્રીયમુના તટે વાંછિત ફળની પ્રાપ્તિ માટે તપ કરવાથી વધી છે. અપરમાંથી દુઃખ પામેલા ધ્રુવજીને તપ કરવા જતા રસ્તામાં નાદરજી દ્વારા ઉપદેશ મળ્યો. **"ગચ્છ વત્સ યમુનાતટે"** હે વત્સ તું રમણિય એવા યમુના કિનારે જઈને તપ કર ત્યાં શુક (મોર), મૂની તપસ્વીઓના સાનિધ્યમાં તને ફળપ્રાપ્તિ થશે. મહર્ષિ પરાશરને પણ ફળ પ્રાપ્તિ યમુના તટે થઈ, કિશોરીબાઈને શ્રીયમુનાજી દ્વારા સ્વાનુભવ થયો. નારાયણદાસ બ્રહ્મચારીને પણ ગોપીજનોને પણ ભગવાનના પુનઃ દર્શન યમુના તટે ગોપીગીત દ્વારા ગુણગાન કરવાથી થયું. ભગવાનનો પણ આ "શ્રી" નો ગુણ યમુનાના તટે જ ઉજાગર થયો. આમ આ "શ્રી" શોભા સુંદરતાનો સમાન ગુણ શ્રીઠાકુરજી તથા શ્રીયમુનાજીનો છે.

(૫) વિશુધ્ધ મથુરા તટે - જ્ઞાન :

મથુરાનો કિનારો - કાંઠો - તટ ઘણો જ શુધ્ધ છે. મથુરાને ઠાકુરજી તથા શ્રીયમુનાજી બન્નેનું સાનિધ્ય છે. ભગવાન મથુરામાં પ્રકટ થયા અને ત્યારબાદ ગોકુલગમન કર્યું. શ્રીયમુનાજી પણ વિશ્રામ ઘાટે મથુરામાં બીરાજી તેમના સંબંધમાં આવતા જીવોના તમામ પાપો દૂર કરે છે. આવું આધ્યાત્મિક મહાત્મ્ય શ્રીયમુનાજીનું પણ છે. મથુરા નગરી પોતે જ ઠાકુરજી અને યમુનાજીના સંપર્કમાં આવી દોષ રહિત થઈ છે. આ મોક્ષના દાનનું ચતુર્થ પુરૂષાર્થના દાનનું જ્ઞાન મથુરાનગરીમાં થાય છે. તેથી જ્ઞાનનું દાન તે પણ ભગાવન અને મહારાણીમાનો સમાન ગુણ છે. સમાન સામર્થ્ય છે - તે જ્ઞાન.

(૬) સકલ ગોપગોપી વૃતે - વૈરાગ્ય :

શ્રીયમુનાજી કૃપા સાગર છે. કૃપાના સમુદ્ર છે. સમુદ્ર પૂર્ણ સ્વરૂપ છે. તેના જળનો ગમે તેટલો વિનિયોગ થાય છતાં ખૂટે નહિ. ટાંકીમાં ભરેલું પાણી વપરાશ કરતાં ખૂટી જાય, સમુદ્રનું જળ ખૂટે નહિ. આવા કૃપા સાગર શ્રીયમુનાજી છે. યમુનાજીનો પણ સ્વકીયજનો ઉપર અગાધ પ્રમે છે. **યમયતિ**

ભક્તાન ભગવદ સમીપે ઈતિ યમુના કહેતા શ્રીયમુનાજી ભક્તોને પોતાના કંથનું દાન કરે છે.

"દેત પતિ પંથ પ્રિય કંથ સન્મુખ કરત"

"અતુલ કરૂણામયી, નાથ અંગઅર્ધાની" (પદ ૪૧મું)

આમ પોતાના પતિને પણ ભક્તોની સન્મુખ કરી તેમનો વિરહ મટાડે તે શ્રીયમુનાજીનો "વૈરાગ્ય" ધર્મ છે. ઠાકુરજી પણ આવાજ કૃપાસાગર છે. યમુના તો નિત્ય પોતાના સ્વકીયજનો, ગોપ ગોપીઓથી વીંટળાયેલા રહે છે. ભગવાન નારદજીને કહે છે **મમ ભક્તાઃ યત્ર ગાયન્તિ તત્ર તિષ્ઠામિ નારદ** નારદ હું વૈકુંઠમાં કે યોગીઓના હૃદયમાં નહિ પરંતુ મારા ભક્તો વચ્ચે રહું છું. શ્રીહરિરાય મહાપ્રભુજીએ શ્રીજીબાવાને મધરાતે ગુણગાન કરતા ભક્તોની વચ્ચે નાચતા જોયા અને ગાઈ ઉઠ્યા. **"મેરે તન કા કરૂ બીછોના, હોં વારી ઈન વલભીયન પર"** સ્વીકય ભક્તોની વચ્ચે તેમનાથી વીંટાયેલા રહેવું તે શ્રીઠાકુરજી અને શ્રીયમુનાજીનો સમાન વૈરાગ્ય ધર્મ છે.

(૭) કૃપા જલધિ સંશ્રીતે - ધર્મી :

ઉપર જણાવેલ છએ સમાન ધર્મો સાથેના શ્રીઠાકુરજી અને શ્રીયમુનાજી "કૃપાજલધિ" કૃપાના દયાસાગર રૂપ ધર્મી સ્વરૂપે છે. ભગવાનનું "ધર્મ" સ્વરૂપ મથુરામાં પ્રકટ થઈ ગોકુલમાં ધર્મી સ્વરૂપમાં આવિર્ભૂત થયું. વ્રજમાં જ નિત્ય રહ્યું. અક્રુરજી સાથે મથુરા ગયું નથી. શ્રીયમુનાજી પણ નિત્ય વ્રજમાં જ વહે છે. ગોવિંદઘાટ પર આધિદૈવિક સ્વરૂપ પ્રકટ થયું. આધિભૌતિક જલ સ્વરૂપમાં આવીર્ભૂત થયું અને નિત્ય વ્રજમાં રહ્યું અને નદીઓ માફક શ્રીયમુનાજીનો સમુદ્ર સંગમ નથી. "અનંત" છે. આવો અનાદિ-અનંત સમાન ગુણ શ્રીઠાકુરજી તથા શ્રીયમુનાજીનો "ધર્મી" સ્વરૂપે છે.

શ્રીમહાપ્રભુજીને ગોવિંદઘાટ ઉપર આવા શ્રીમહારાણીમાના તથા શ્રીગોકુલચંદ્રમા - પ્રિયા પ્રિતમના દર્શન થાય છે. તેના દર્શન કરી ગદ્ ગદ્ કંઠે વિનંતી કરે છે. **મમ મનઃ સુખં ભાવય,** હે શ્રીઠાકુરજી - યમુનાજી આવા યુગલ સ્વરૂપે આપ મારા મનને અલૌકિક આનંદથી તરબોળ કરો, પલ્લવિત કરો, સુખ પમાડો.

સ્વકીયાને તૂર્ય પ્રિયા મળતા કેટલો આનંદ થયો ! અલૌકિક આનંદ :

સારસ્વત કલ્પની રાસલીલાનો અલૌકિક આનંદ અહી ગોવિંદઘાટ પર પુનઃ પ્રકટ થયો.

શ્રીવલ્લભ સ્વામિનીજીનું સ્વરૂપ સ્વકીય છે. શ્રીયમુનાજી તૂર્ય કહેતા ચતુર્થ પ્રીયા (નિર્ગુણયુથ) છે અને શ્રીગોકુલચંદ્રજી રાસલીલાનું શ્રી રસેન્દુ સ્વરૂપ છે. અહી સ્વકીયા તૂર્ય પ્રિયા અને ઠાકોરજી વચ્ચેનો રસપ્રદ વાર્તાલાપ છે.

શ્રીવલ્લભ દૈવોધ્ધાર પ્રયત્નામા છે. શ્રીયમુનાજી દૈવીજીવોને ભગવાનની સન્મુખ કરવા 'તનુનવત્વ' પ્રદાન કરે છે. 'ભજનાનંદ' ને યોગ્ય બનાવે છે. શ્રીઠાકોરજીને પણ ગોલોકધામથી બીછુડેલા પોતાના 'અંગસૃષ્ટિ' રૂપ પુષ્ટિ જીવોનો વિરહ છે. તે ગોવિંદઘાટ પર શ્રાવણ સુદ ૧૨ ને દિવસે લલિતાજી સ્વરૂપ શ્રીહરસાનીજીને પ્રથમ બ્રહ્મસંબંધ દીક્ષા આપી દૂર કરે છે. **(હેત પતિ પંથ, પ્રિય કંથ સન્મુખ કરત)**

આમ આ ચારે સ્વરૂપો (૧) શ્રી ઠાકુરજી (૨) શ્રીસ્વામિનીજી (૩) શ્રીયમુનાજી (૪) શ્રી લલીતાજી જે સારસ્વત કલ્પની રાસલીલાના સ્વરૂપો છે. તે પ્રકટ થઈ જીજ્ઞાસુ વૈષ્ણવોને રાસલીલાના આનંદની પ્રતિતી કરાવે છે. તે છે આ પ્રસંગનો "અલૌકિક આનંદ" 'હરિરસ વૃંદાવન તે આયો.'

સાભાર : શ્રી પ્રતાપરાય એસ. મહેતા

(વૈષ્ણવ સૃષ્ટિ - ૨૦૧૧)

વિઠ્ઠલસુત ગોકુલપતિ ભજ સિધ્ધાંત સુખ માત
એતન માર્ગી અન્ય ભજન તજનો કઠીન નિદાન
પ્રભુકૃપા તે પાઈએ મહદ ભકત કો સંગ
ભાવ અલૌકિક નિત બઢે શ્રી ગોકુલેશ સું રંગ
મહેદ પંથ જો ભુલે તો, પડે અંધારે કુપ
નાગરપ્રાપ્તિ તેહને, ન હોય ગોકુલભુપ.

૧૦. શ્રી સર્વોત્તમ સ્તોત્ર તથા શ્રીયમુનાષ્ટકમ્

પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીયમુનાજી બન્ને સ્વરૂપો કૃપાસાગર, કરૂણાસાગર સ્વરૂપો છે. ગોલોકધામથી બીછુડેલા જીવોને પુનઃ ભગવાન સન્મુખ કરવા સંવત ૧૫૪૯ શ્રાવણ સુદ-૧૧ મધરાતે સ્વયં પરમાત્માએ શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી તો તે જ રાત્રે શ્રીમહાપ્રભુજી સમક્ષ ગુજરાતી સોડષી સુંદરીના સ્વરૂપે શ્રીયમુનાજી પ્રકટ થયા અને શ્રીમહાપ્રભુજીની દ્વિધાનું નિવારણ કર્યુ, ક્યો ગોવિંદઘાટ અને ક્યો ઠકુરાણીઘાટ. તે જ સમયે સ્વયં પરબ્રહ્મ શ્રીગોકુલચંદ્રમાજી સ્વરૂપે પ્રકટ થયા, ચિંતા છોડી જીવોને બ્રહ્મસંબંધ દીક્ષા આપવા આજ્ઞા કરી. "મધુરાષ્ટકમ્" અષ્ટકથી શ્રીગોકુલચંદ્રમાજી ની સ્તુતી કરી. અહીંથી દૈવીજીવોના (૧) સર્વદોષ નિવૃત્તિ, (૨) દૂરીત ક્ષયો અને (૩) શ્રીકૃષ્ણાધરામૃતના સ્વાદનો માર્ગ સરળ થયો.

શ્રીગુંસાઈજીએ શ્રીમહાપ્રભુજીના આવા કૃપાસાગર સ્વરૂપનું વર્ણન સર્વોત્તમ સ્તોત્રમાં નામલીલા સ્વરૂપે કર્યુ છે. સર્વોત્તમસ્તોત્ર તે શ્રીગુંસાઈજીએ કરેલ શ્રીમહાપ્રભુજીના લીલાત્મક સ્વરૂપ "વસ્તુતઃ શ્રીકૃષ્ણ એવ" નું સ્તવન છે. શ્રીગુંસાઈજી આ સ્તવનના પ્રારંભમાં નિરૂપણ કરે છે કે -

વિનિયોગ ભક્તિયોગ પ્રતિબંધવિનાશને ।

કૃષ્ણાધરામૃતાસ્વાદ સિધ્ધિઃ અત્ર ન સંશયઃ ॥

એટલે કે આ શ્રી સર્વોત્તમ સ્તોત્રનો પાઠ કરવાથી (૧) દૈવીજીવના ભક્તિયોગમાં પ્રવૃત્ત થવાના તમામ પ્રતિબંધો દૂર થાય છે અને (૨) તેને શ્રીકૃષ્ણાધરામૃતના સ્વાદનો અનુભવ થાય છે.

જીવોનો દુષ્ટ સ્વભાવ :

કલિયુગના પ્રચંડ પ્રભાવને લીધે સંસારી જીવોના સ્વભાવમાં પરિવર્તન આવી ગયું છે તેથી શ્રીમહાપ્રભુજી બાલબોધ ગ્રંથ (ષોડશ ગ્રંથ-૨) ના શ્લોક ૧૬માં નિરૂપણ કરે છે -

જીવાઃ સ્વભાવતઃ દુષ્ટા દોષભાવાય સર્વદા

આવા વિષમ કામને લીધે ભગવદીય જીવો પર કૃપા કરી, તેઓના

મૂળ સ્વરૂપનું જ્ઞાન આપી તેમને પુષ્ટિમોક્ષનું દાન અને જ્ઞાન આપવું આવશ્યક બન્યું. તેથી આપશ્રીએ (૧) વેદો (૨) ગીતાજી (૩) શ્રીમદ્ ભાગવત અને (૪) વ્યાસસૂત્રોને પ્રમાણ ચતુષ્ટય ગણી મોક્ષનું પુષ્ટિસ્વરૂપ સમજાવ્યું. પ્રમાણ ચતુષ્ટયમાં આપેલ બોધ દુર્બોધ કહેતા કઠીન ન પડે માટે તે સરળ-સુબોધ રીતે શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીના સ્વરૂપની નામલીલા સ્વરૂપે ૧૦૮ નામોથી સમજાવ્યું. શ્રીગુંસાઈજી કહે છે જે ભક્તો આ સર્વોત્તમ સ્તોત્રનો પાઠ કરે તેના (૧) ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત થવા આડેના તમામ પ્રતિબંધો નાશ પામે અને (૨) તેને કૃષ્ણાધરામૃતના સ્વાદનો અનુભવ થાય. ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત થવા આડે આવતા પ્રતિંબધોનું વિશ્લેષણ શ્રીમહાપ્રભુજીએ સેવાફલ ગ્રંથ (ષોડશ ગ્રંથ-૧૪)માં સવિસ્તાર કર્યું છે.

કૃષ્ણધરામૃતની પ્રાપ્તિ દૈવીજીવો માટે સુલભ નથી કારણકે ભગવાનના અધરામૃતપાન બારોબાર કરવાનો અધિકાર માત્ર સ્વકીયા સ્વામિની રાધાજીને જ છે, અન્ય કોઈને નહિ. માટે તો શ્રીજીબાવાની હડપચી પર જે ચીબુક (હીરલો) છે તે શ્રીચંદ્રાવલીજી સ્વરૂપે છે. આમ ભૂતળ પર દૈવીજીવોને જ અપ્રાપ્ય છે તેનો અનુભવ શ્રીમહાપ્રભુજી આડકતરી રીતે શ્રી સર્વોત્તમ સ્તોત્રના પાઠથી કરાવે છે. આવા કૃપા સાગર શ્રીમહાપ્રભુજીએ જીવોને (૧) પ્રતિબંધોનો નાશ તથા (૨) ભગવાનના અધરામૃતની પ્રાપ્તિ બ્રહ્મસંબંધ દીક્ષા આપી, સ્વરૂપ સેવા પધરાવી કરાવી. સિધ્ધાત રહસ્ય ગ્રંથમાં આપ શ્રી કહે છે - **નિવેદીભીઃ સમપ્યૈવ સર્વ કુર્યાત ઈતિ સ્થિતિઃ ।** - સેવ્ય સ્વરૂપને પધરાવી તેનું જ સેવન, અસમર્પિતનો ત્યાગ તે એક આવશ્યક આચારસંહિતા આપી આપશ્રીએ નિત્ય કૃષ્ણધરામૃતની પ્રાપ્તિ દૈવીજીવોને કરાવી.

શ્રીયમુનાજી :

શ્રીમહાપ્રભુજી જેવા જ કૃપાસાગર શ્રીયમુનાજી છે. શ્રીમહાપ્રભુજીની દ્વિધા દૂર કરવા ગોવિંદઘાટ પર પધારેલા દિવ્ય સ્વરૂપા શ્રીયમુનાજીએ તે જ સમયે પોતાનું આધિદૈવીક સ્વરૂપ શ્રીયમુનાજીના આધિભૌતિક જળ સ્વરૂપમાં પધરાવ્યું. શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાષ્ટકમ્ સ્તોત્ર દ્વારા શ્રીયમુનાજીની સ્તુતિ કરી પ્રથમ આઠ શ્લોકોમાં શ્રીમહારણીમાના આઠ ઐશ્વર્યોના દર્શન કરાવ્યા

અને નવમા શ્લોકમાં સ્તોત્ર પઠનનું ફળ કહ્યું અને સ્તોત્ર પાઠથી ભક્તને પ્રાપ્ત થતી પાંચ સિધ્ધિઓ (૧) સમસ્ત પ્રતિબંધોનો નાશ (૨) મુકુન્દભગવાનમાં પ્રીતિ (૩) સકલ સિધ્ધિઓની પ્રાપ્તિ (૪) મુરારી ભગવાનની પ્રસન્નતા અને (૫) સ્વ સ્વભાવ પર વિજય (સ્વભાવદોષનું નિવારણ) પ્રાપ્ત થાય છે તેમ જણાવ્યું. ત્યારથી - "ભક્ત જીવના ભાગ્ય વિસ્તર્યા (વલ્લભાખ્યાન ૧ તૂક ૨૩) શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય થયું (સંવત ૧૫૩૫) અને સંવત ૧૫૪૯માં સ્વયં શ્રીયમુનાજી આધિદૈવિક સ્વરૂપે ભૂતળ પર પ્રકટ થયા, જીવોના બ્રહ્મસંબંધ દીક્ષાનો પ્રકાર શરૂ થયો.

ઉપર જણાવ્યું તેમ શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાષ્ટકમ્ સ્તોત્રમાં શ્રીમહારાણીમાના આઠ ઐશ્વર્યાનું નિરૂપણ કરેલ છે. આ આઠ પૈકીના બે ઐશ્વર્યો (૧) ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત થવા આડેના પ્રતિબધો અને (૨) શ્રીકૃષ્ણાધરામૃતની પ્રાપ્તિનું વિવેચન આ લેખમાં હવે કરશું.

(૧) **પ્રતિબંધ વિનાશ :**

(અ) શ્રીયમુનાષ્ટકમ્ સ્તોત્રના નવમા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી નિરૂપણ કરે છે -

ત્યાષ્ટકં ઈદમ્ મુદા પઠતિ સુરસુતે સદા સમસ્ત દુરિતક્ષયો ॥

એટલે કે શ્રીયમુનાષ્ટકમ્ સ્તોત્રનો પાઠ કરવાથી ભક્તના ભક્તિયોગ આડેના તમામ પ્રતિબંધોનો નાશ થાય.

(ક) શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં પણ શ્રીગુંસાઈજી કહે છે -

વિનિયોગ : ભક્તિયોગ પ્રતિબંધ વિનાશને (સર્વોત્તમ સ્તોત્ર - ૬)

એટલે કે શ્રી સર્વોત્તમ સ્તોત્રનો પાઠ કરવાથી ભક્તના ભક્તિયોગ આડેના તમામ પ્રતિબંધો દૂર થાય છે.

(૨) **શ્રીકૃષ્ણાધરામૃત સ્વાદ :**

(અ) શ્રીયમુનાષ્ટકમ્ ના આઠમા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી કહે છે -

ઈયં તવ કથાધિકા સકલ ગોપિકા સંગમ
સ્મરશ્રમ જલાણુ ભિઃસકલ ગાત્ર જૈ સંગમઃ ।

શ્રીયમુનાજીની સ્તુતિ કરવા કોઈ સમર્થ નથી. શ્રીયમુનાજીનું સ્નાન-પાન કરનારને સ્વયં ભગવાને ગોપીજનો સાથે સારસ્વતકલ્પમાં રાસલીલા બાદ શ્રીયમુનાજીમાં જલવિહાર કર્યો તે સમયનનું સ્મરશ્રમજલ કહેતા આનંદરસના બિંદુઓની પ્રાપ્તિ થાય છે. તે જ શ્રીકૃષ્ણાધરામૃત.

કેલીરસ વાહીની :

સારસ્વત કલ્પમાં ભગવાને ગોપીજનો સાથે શ્રીયમુના જળમાં વિહાર કર્યો ત્યારે ભગવાન તથા ગોપીજનોના તન પરના જે સ્મરબિંદુઓ, કેલીરસ, રાસલીલાનો નીતરતો આનંદ રસ (કારણકે આ જળવિહાર સમયે ભગવાન તથા ગોપીજનો આનંદરસથી તરબોળ નીતરતા હતા) તે આજે પણ શ્રીયમુનાજીમાં વિદ્યમાન છે અને સ્નાન-પાન કરનાર જીવને પ્રાપ્ત થાય છે. આમ આજના ભક્તોને અપ્રાપ્ય શ્રીકૃષ્ણધરામૃત યમુનાજળના સ્નાન-પાનથી પ્રાપ્ત થાય તેવા કૃપાસાગર, કરૂણાસાગર શ્રીયમુનાજી છે.

(બ) સર્વોત્તમ સ્તોત્રમાં શ્રીગુંસાઈજી શ્રીમહાપ્રભુજીની નામલીલા સ્વરૂપ આ સ્તોત્રનો પાઠ કરવાથી -

કૃષ્ણાધરામૃતાસ્વાદ સિધ્ધિઃ। (સર્વોત્તમસ્તોત્ર - ૬)

શ્રી ભક્તને શ્રીકૃષ્ણાધરામૃતની પ્રાપ્તિ થાય છે તેમ જણાવે છે.

આમ શ્રીમહાપ્રભુજી તથા શ્રીયમુનાજી બંને સ્વરૂપો કૃપાસાગર, કરૂણાસાગર, કૃપાનિધિ સ્વરૂપ છે. બંને સ્વરૂપોએ આ વિષય કલિયુગમાં પ્રકટ થઈ ભક્તોના (૧) ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત થવા આડેના પ્રતિબંધો દૂર કર્યા અને (૨) ભૂતળ પર અપ્રાપ્ય એવા શ્રીકૃષ્ણાધરામૃતની પ્રાપ્તિ કરાવી, દુર્લભ હતું તે સુલભ કરાવ્યું.

તેથી પુષ્ટિમાર્ગીય નિવેદીત ભક્તે સેવામાં પ્રવૃત્ત થયા પહેલાં નિત્ય (સદા) અને પ્રસન્નમનથી (મુદ્દા) (૧) શ્રી સર્વોત્તમ સ્તોત્ર તથા (૨) શ્રીયમુનાષ્ટકમનો પાઠ કરવો આવશ્યક છે. - આ પુષ્ટિમાર્ગની આચારસંહિતા છે (૩) નિત્ય પુષ્ટિ સ્વરૂપસેવા પણ આવશ્યકતા - આચારસંહિતા છે.

સાભાર : શ્રી પ્રતાપરાય એસ. મહેતા

(વૈષ્ણવ સૃષ્ટિ - ૨૦૧૧)

૧૧. મહારાણી

શ્રીરાધાજી ભગવાનનાં મુખ્ય પ્રિયા એટલે રાધારાણી કહેવાય છે. શ્રીયમુનાજી પ્રભુના ચતુર્થ પ્રિયા છે, છતાં શ્રીયમુનાજી મહારાણી કહેવાય છે.શ્રીરાધાજીને કૃષ્ણ જેવા પતિ મલ્યા એટલે સખીઓ પુછે છે : "લાડલી આપે એવાં કયા વ્રત કર્યા છે કે તમને શ્રીકૃષ્ણ જેવા પતિ મલ્યાં."

રાધે ! કૌન ગોર તે પૂજી
વૃંદાવન ગોકુલ ગલિયનમેં
સબ કોઉ કહત વહુજી
મદનગોપાલકો મન હર લીનો
કોન બાત તોહી સૂજી
'પરમાનંદદાસ' કો ઠાકુર
તોસી પ્રિયા નહિં દૂજી.

ત્યારે શ્રી રાધાજી કહે છે કે :-

ગૌરિ મેં શ્રીયમુનાજી પૂજી
મેં મનમેં યહ નિશ્ચય કીનો
એસી ઓર નહિ દૂજી
ભાગ્ય સૌભાગ્ય સબે ફલદાતા
ચરન કમલ અરૂજી
શ્યામસુંદર વર યાહિતેં પાયો
સબ કોઉ કહત હે વહુજી
કરત કૃપા વો મો પર એસી
જીન વલ્લભ પદ સૂજી
શ્રીવિઠ્ઠલ ગિરિધરન લાલ પિય
મનકી આશા પૂજી

શ્રીરાધાજીની મનોકામના પણ જેની કૃપાથી પૂર્ણ થઈ છે એવા શ્રીવૃંદાવનમાં બીરાજતાં શ્રીયમુનામૈયાને આપણા કોટાનકોટિ વંદન.

૧૨. કૃષ્ણપ્રિયા શ્રીયમુનાજી

સર્વલોકસ્ય જનની દેવી ત્વં પાપનાશિની।
આવાહ્યામિ યમુને ત્વં શ્રીકૃષ્ણ ભામિની ॥

જે સર્વલોકની માતા છે, દેવી છે, પાપનાશિની છે, ભક્તિ આપનાર છે તેવી દેવી યમુના તે કૃષ્ણ ભામિની છે. પરંતુ પુષ્ટિજીવોને માટે દેવી યમુના તો તીર્થદેવી કરતાં પણ વધુ મહારાણી છે અને મહારાણી હોવાની સાથે વ્રજસ્વામિની પણ છે. આવી વ્રજસ્વામિની શ્રીયમુનાજીનાં પ્રાગટ્ય અંગે પુરાણોમાં અનેક કથાઓ પ્રચલિત છે. આ કથાઓ અનુસાર શ્રીયમુનાજીનું પ્રાગટ્ય આધિદૈવિક અને આધિભૌતિક સ્વરૂપે થયું છે. પુષ્ટિ ઈતિહાસમાં શ્રીયમુનાજીનાં પ્રાગટ્ય અંગે જણાવતાં કહ્યું છે કે એક સમયે ગોલોક ધામમાં શ્રીહરિ અને રાધિકાજી પ્રસન્નતાથી બિરાજી રહ્યાં હતાં. પ્રભુની પ્રસન્નતા જોઈ શ્રીરાધિકાજીએ કહ્યું, "પ્રભુ, આપને આનંદ કરાવવા માટે હું પર્યાપ્ત છું, પરંતુ મારી ઈચ્છા આપને વધુ આનંદિત કરાવવાની અને સ્વયં પણ આનંદ મેળવવાની છે. માટે આપ અમને એક સુંદર સ્થાન સિદ્ધ કરાવી આપો, જેની એક બાજુએ વિશાળ પર્વત,સઘન કંદરાઓ, સુંદર વનસ્થળી હોય, આજુબાજુ કુંજ-નિકુંજો અને વન-ઉપવનો હોય. તેમાં વિવિધ કિટકો ને સુંદર પંખીઓ હોય, સુંદર પુષ્પોથી આચ્છાદિત ઉદ્યાન હોય, પર્વત પરથી સુંદર ઝરણા હસતાં ખેલતાં નીચે આવતાં હોય, જેનો વિશાળ પ્રવાહ હોય અને તેના તે વિશાળ પ્રવાહમાં મત્સ્ય, કાચબા નિરંતર રહીને આપની સદાય સ્તુતિ કરી રહ્યાં હોય. જેનાં પાલવમાં સદાય કમળો ને કુમદ ખિલેલા રહેતા હોય, જેના નેત્ર કમળમાં સદાય આપનું સુખ જ વસેલું હોય, જેનાં સંગમાં અમે જ્યારે હોઈએ ત્યારે અમને અમારી સખીઓની ગેરહાજરીને એ પુરી કરી આપીને તે સ્વયં અમારી સખી-સ્વરૂપા પણ બની જાય. આવું કોઈ સ્થાન હોય તો હું આપને વિશેષ આનંદ આપી શકું."

શ્રીઠાકોરજીએ શ્રીસ્વામિનીજીની વાત સાંભળી પોતાના હૃદયમાં રહેલ પ્રેમરસને ધોધમાર વહેવડાવ્યો. આ વહેવડાવેલા પ્રેમરસનું રસાત્મક ઘનીભૂત સ્વરૂપ તે શ્રીગિરિરાજજીના નામથી ઓળખાયું અને રસાત્મક પ્રવાહરૂપ સ્વરૂપ તે શ્રી યમુનાજીનાં નામથી ઓળખાયું. શ્રીયમુનાજીના આગમનથી શ્રીસ્વામિનીજીને અત્યંત હર્ષ થયો. શ્રીસ્વામિનીજીને હર્ષિત

થયેલા જોઈને શ્રીઠાકોરજીને પણ અતિ પ્રસન્નતા થઈ. આ સમયે શ્રીઠાકોરજીના હર્ષિત થયેલા શ્રીઅંગમાંથી મનમોહક ષોડ્શીય કન્યા સ્વરૂપે શ્રીયમુનાજીનાં બીજા સ્વરૂપનું પ્રાગટ્ય થયું. તેઓ શ્યામવર્ણિય ઘનશ્યામ પ્રભુનાં હૃદયમંડલમાંથી પ્રભુની વિરહ ભાવનાને લઈ પ્રગટ થયા હોય શ્યામ સરીખા શ્યામા છે. શ્યામા શ્રીયમુનાજીનું મુખારવિંદ મધુર છે. તેમનાં અધરોષ્ઠ પરવાળા શા સુંદર ને નેત્રો કમળ જેવા અતિ વિશાળ અને નાજુક છે. તેમનાં વિપુલ કેશરાશિ વાસુકિની જેમ લહેરાઈ રહ્યાં છે. સુંદર સાડી-ચોળીનો શૃંગાર ધારણ કરેલો છે. કટીમાં કટીમેખલા શોભી રહી છે. હિરા-માણેક-પન્ના અને રત્નોના આભૂષણોથી જેઓ શોભાયમાન છે. શ્યામ સખી શ્રી શ્યામા જ્યારે પ્રગટ થયાં ત્યારે એ જ ભાવને લઈને પ્રગટ થયાં કે હું શ્યામસુંદરની છું. અને શ્યામસુંદર મારા છે તેથી જ મારું પ્રાગટ્ય શ્રી શ્યામ-શ્યામાની (શ્રીરાધાજી) સેવા કાજે થયું છે. શ્યામ-શ્યામાની પ્રસન્નતા વધુ ને વધુ થાય તેમાં મારૂં પણ સુખ રહેલું છે.

શ્રીયમુનાજીની આવી સુંદર ભાવના જોઈ શ્રીઠાકોરજીને અત્યંત પ્રસન્નતા થઈ. આ પ્રસન્નતાને લઈને તેમણે શ્રીયમુનાજીનાં હૃદયકુંજમાં પોતાના ૬ ગુણો સહિત (શ્રીઠાકોરજીના ૬ ગુણો : ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રીધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિતનાં) એક સ્વરૂપને સદાને માટે સ્થાપિત કરી દીધું. મહર્ષિ વેદવ્યાસજી કહે છે કે, "કૃષ્ણપ્રિયા શ્રીયમુનાજીના અંગમાં શ્યામસુંદરની શામળતા સમાઈ ગઈ તેથી યમુનાજી શ્યામવર્ણના થયાં." ગર્ગપુરાણના મતે જ્યારે રાસલીલા પૂર્ણ થઈ ત્યારે શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીનું જે શ્રમિત પરંતુ રસરૂપ જલબિંદુ વહ્યું તે શ્રીયમુનાજી છે, જે પ્રવાહી સ્વરૂપ છે. અર્થાત્ તે સરિતા, સરયૂ કે જલસ્વરૂપ છે. પરંતુ આધિદૈવિક રસાત્મક સ્વરૂપ તે મહારાણી અને ચતુર્યા વ્રજસ્વામિની સ્વરૂપ છે. જ્યારે બ્રહ્મવૈવર્તક પુરાણમાં શ્રીયમુનાજીનું વર્ણન કરતાં કહ્યું છે કે શ્રીયમુનાજીનું પ્રાગટ્ય સ્વામિનીજી શ્રીરાધા અને શ્રીઠાકોરજીનાં શ્રીઅંગમાંથી થયું છે. પગનાં નખથી કટિ સુધીનો ભાગ તે શ્રીરાધાજીનાં શ્રીઅંગમાંથી પ્રગટ થયો છે અને કટિથી મસ્તક સુધીનો ભાગ તે શ્રીઠાકોરજીનાં શ્રીઅંગમાંથી પ્રગટ થયો છે. શ્રીયમુનાજીનું પ્રાગટ્ય શ્રી સ્વામિ અને શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ શ્રીરાધાજીમાંથી થયેલું હોઈ, ગોલોકધામમાં તેઓ બે સ્વરૂપે બિરાજે છે : (૧) સરિતા - સરયૂ સ્વરૂપે (જલ સ્વરૂપે) (૨) ષોડ્શીય કન્યાશ્રીસ્વામિનીજી સ્વરૂપે.

જ્યારે શ્રીઠાકોરજી પોતાની સમગ્ર લીલાસૃષ્ટિ સાથે ગોલોકધામથી પૃથ્વી ઉપર પધાર્યા ત્યારે શ્રીયમુનાજી પણ આ બંને સ્વરૂપે તેમની સાથે પૃથ્વી પર આવ્યાં. પુરાણોએ ભગવાન શ્રીકૃષ્ણની જેમ શ્રીયમુનાજીનાં પણ સહસ્ર નામો કહ્યાં છે. શ્રીયમુનાજીનું પ્રાગટ્ય લૌકિક સૂર્યોશ્વર શ્રીઆદિત્યનાં ગૃહમાંથી પ્રગટ થયેલા હોઈ, તેઓ સૂર્યસૂતા શ્રીયમુનાજી તરીકે ઓળખાયા, તેઓ મુકુંદ ભગવાનમાં રતિ વધારનારા હોવાથી મુકુંદી તરીકે પણ ઓળખાયા. ય - યમ અને ઉના - નાના, યમરાજાનાં નાના બહેન હોવાથી યમુના તરીકે ઓળખાયા. કૃષ્ણ સ્વરૂપે હોવાથી કૃષ્ણા, શ્યામ વર્ણના હોવાથી શ્યામા તરીકે પણ ઓળખાય છે. અલૌકિક એવા શ્રીગિરિવર ગિરિરાજજીનાં બહેન હોવાથી ગિરિજા તરીકે પણ ઓળખાય છે. વ્રજનાં જમનાવતાં ગામનાં ભાનુગોપને ત્યાં પ્રગટ થઈ તેઓ "ભાનુ સુતયા" બન્યા છે. વ્રજભૂમિમાં શ્રીયમુનાજી પ્રભુના ચતુર્ય પ્રિયા ચતુર્યા રૂપે બિરાજ્યાં. તેમના જલ સ્વરૂપનું લૌકિક પ્રાગટ્ય ભૂતલ પર કલિંદ પર્વત પરથી થયું હોઈ તેઓ કાલિંદી તરીકે ઓળખાય છે.

કલિન્દ પર્વતની પુત્રી કાલિંદીજી અર્થાત્ શ્રીયમુનાજીનાં ત્રણ સ્વરૂપનું વર્ણન વેદોએ કર્યું છે. પ્રથમ સ્વરૂપ તે આધિભૌતિક સ્વરૂપ. આ આધિભૌતિક સ્વરૂપે તેમણે કલિંદ પર્વત પરથી કાલિંદી બનીને અવતાર ધારણ કર્યો. વેદોમાં કાલિંદીનો અર્થ બતાવતાં કહ્યું છે કે, **"કલિં ધતિ ખંડયતિ ઈતિ કાલિન્દી"** જે કલિના દોષોને દૂર કરે છે તે કાલિન્દીજી છે. આ જ કાલિન્દીજી જ્યારે ભૌતિક સ્વરૂપે વહેતા વહેતા મથુરામાં પ્રવેશ્યા ત્યારે આધ્યાત્મિક સ્વરૂપ તેમનામાં બિરાજી ગયું અને મથુરાથી તેઓ "શ્રીયમુના મહારાણીજી" તરીક ઓળખાયા.શ્રીયમુના મહારાણીજીનું જ આ આધ્યાત્મિક સ્વરૂપ જ્યારે વ્રજમંડળમાં પધાર્યું ત્યારે તેમનામાં શ્રીઠાકોરજી અને શ્રીરાધાજીનું આધિદૈવિક સ્વરૂપ બિરાજી ગયું અને વ્રજમંડળમાં તેઓએ શ્રીરાધાજીની જેમ શ્રીસ્વામિનીજીના સ્વરૂપને ધારણ કર્યું છે.

પ્રથમ આધિભૌતિક સ્વરૂપે તેઓ સરયૂ સ્વરૂપા છે. આ સ્વરૂપે શ્રીકાલિન્દીજી(યમુનાજી) જીવોને જલ આપીને તેમની જરૂરિયાતો પૂર્ણ કરે છે, યમુનાજીનું બીજું સ્વરૂપ તે તીર્થરૂપા છે. આ યમુના તીર્થની વ્યાખ્યા કરતાં વેદોમાં કહ્યું છે કે, **"યમુનાતીર્થમંતરિત પાપાદિકં યસ્માત્"** અર્થાત્ યમુનાતીર્થમાં સ્નાન કરવાથી જીવો પાપથી તરત જ મૂક્ત થઈ જાય છે અને પાપથી મુક્ત થતાં તે જીવોને શ્રીયમુનાજી સંસારની સમસ્ત સિધ્ધિઓની પ્રાપ્તિ કરાવે છે. મર્યાદા સૃષ્ટિ અને મિશ્ર સૃષ્ટિમાં શ્રીયમુનાજી અને શ્રીકાલિન્દીજી

એમ બન્ને નામ પ્રચલિત એવા શ્રીયમુનાજીનાં ત્રીજા સ્વરૂપનું વર્ણન કરતાં વેદોમાં કહ્યું છે કે :

કૃષ્ણભક્તિપ્રદા મહારાની યમને ભુવિ ચ ગીયતે।

કૃષ્ણરુપા હિ સા યમુને લોકનિસ્તારકારિણી॥

કૃષ્ણ સમાન રૂપવાળા શ્રીયમુનાજીનાં પાન, વંદન, દર્શન, મનન, ચિંતન અને સ્મરણ બાદ જીવ પાપથી મુક્ત થઈ જતાં તે જીવોને યમુનાજી કૃષ્ણની નજીક લઈ જાય છે. કૃષ્ણરૂપા શ્રીયમુના મહારાણી જીવોનાં યુગયુગાંતરનાં પાપોથી મુક્ત કરીને તેને ભક્તિનું દાન કરે છે. આથી શ્રીગુંસાઈજી પ્રભુચરણ કહે છે કે, શ્રીહરિપ્રિયા આ ભૂતલ પર પધારી છે, કારણ કે તેઓને પોતાના સર્વ જીવોને અને વૈષ્ણવોને પોતાના શરણમાં લઈ પોતાના પ્રિય એવા ઠાકોરજી પાસે દોરી લઈ જઈ પુષ્ટિમાર્ગના ફળને તેમના હૃદયમાં સ્થાપન કરવું છે. વેદોમાં કહ્યું છે કે, જગતજનની શ્રીયમુનાજી તરફ જે દ્રષ્ટિએ જોશો તે જ રીતે શ્રીયમુનાજી ફલ આપે છે. જો નદી સ્વરૂપે જોશો તો એ પાણી આપીને આપની તરસ મટાડશે. જો તીર્થ રૂપે જોશો કો તીર્થનું ફલ આપશે. માતૃરૂપે જોશો તો પિતા શ્રીઠાકોરજી સુધી એ આપની આંગળી દોરીને લઈ જશે અને શ્રીહરિપ્રિયા સ્વરૂપે જોશો તો એ આપને ભક્તિ આપશે. શ્રીહરિરાય મહાપ્રભુજી ભાવપ્રકાશમાં કહે છે કે, આપણી પ્રાણવલ્લભા અને ચતુર્થ સ્વામિની શ્રીયમુનાજી પોતાના ગોલોકધામમાંથી શ્રીવલ્લભની કાનીથી આપણી ગૃહ સેવામાં પધારી છે, જેથી એ પોતાના સર્વે વૈષ્ણવોને સદાયે પોતાની નિકટ રાખી શકે અને વૈષ્ણવો સ્વયં પોતે પણ શ્રીયમુનાજીની નિકટ રહી શકે. જેથી કરીને એમ કહી શકાય કે જે ગૃહમાં શ્રીવલ્લભની કાનીથી અને શ્રીવલ્લભની કૃપાથી શ્રીઠાકારજીની સાથે શ્રીયમુનાજી પણ પધારીને વસેલા છે તે સ્થળ અને તે ગૃહ આપમેળે વૃંદાવનમાં ફેરવાઈ જાય છે.

ગોલોકધામથી પધારી રે શ્યામ પ્યારી રે,
વૃંજવૃંદાને પધારી રે શ્યામા મહારાણી રે
આજે મોતીડાના ચોક પુરાવું અપરંપરા રે......
શ્યામા પ્યારી રે.
ને આજે કદલીના સ્તંભ રોપાવું ચારેકોર રે,
હે.... મારે હૈયે આનંદ ઉમંગ ન માય રે
ગોલોકધામથી વૃંદાવને પધારી રે.....
શ્યામા પ્યારી રે.....

સાભાર : પૂર્વી મોદી - સત્સંગ વર્ષ ૬૫

૧૩. ભક્તોધ્ધારક શ્રી યમુનામૈયા

કૃષ્ણાં કૃષ્ણસમાં કૃષ્ણરુપાં કૃષ્ણ રસાત્મિકાં
કૃષ્ણલીલામૃતજલાં કૃષ્ણસંબંધ કારિણીમ્

કૃષ્ણરૂપા, કૃષ્ણસમા, કૃષ્ણપ્રિયા, કૃષ્ણ રસાત્મિકા કૃષ્ણા એવા શ્રીયમુનામૈયા પ્રેમ ભક્તિ સ્વરૂપ છે અને પુષ્ટિપુરુષોત્તમ પ્રભુ સાથે સંબંધ કરાવનારા છે. પુષ્ટિમાર્ગમાં ભક્તિ રસનું ઘનીભૂત રસાત્મક સ્વરૂપ શ્રીગિરિરાજજીનું છે અને દ્રવિભૂત રસાત્મક સ્વરૂપ શ્રીયમુનાજીનું છે. શ્રીયમુનાજી જીવનું પ્રતિપાલન કરી શ્રીઠાકોરજીમાં રસરૂપ પ્રીતિની વૃદ્ધિ કરે છે. જીવને શ્રીજીના માર્ગે દોરે છે અને પ્રભુ સન્મુખ કરી અનુપમ કરુણા કરે છે.દીન અને નિઃસાધન ભક્તો ઉપર દયા કરી સર્વ દોષો દૂર કરે છે અને ભક્તિદાન કરી સંસાર સાગરમાંથી પાર ઉતારી પ્રભુની પ્રાપ્તિ કરાવે છે. જીવને પુષ્ટિફલનું દાન કરવાનો અધિકાર શ્રીયમુનાજીનો છે. માટે જીવ જો મહારાણીજીનું સ્મરણ કરે તો મૈયા તરત જ કૃપા કરે છે.જે જીવ શ્રીયમુનામાનું સ્મરણ, દર્શન કે ચિંતન કરે એવા જીવની પાછળ શ્રીઠાકોરજી ડોલતા ફરે છે. જીવોને સુખ આપી દુઃખ દૂર કરવાની શ્રીયમુનાજીની પ્રતિજ્ઞા છે. માટે ભગવદીયોએ નિરંતર એમનાં ગુણગાન કરવાં, જેથી શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થશે. શ્રીયમુનાજીનું નામસ્મરણ જ્યાં થાય છે, ત્યાં ભક્તોની વચ્ચે સુખનાં ધામરૂપ શ્યામસુંદર અવશ્ય પધારે છે.

સાભાર : સત્સંગ વર્ષ ૪૨

શ્રી વલ્લભ કુલકે વંશમેં, સબહી વલ્લભ રૂપ
જેસે લઘુ અરૂ દીર્ઘ હે, ગિરી કો સ્વરૂપ.

પ્રેમ જયોતિ શ્રી રાધિકા, પ્રેમ બરણ શ્રીનંદનંદ
પ્રેમ વાટિકા કે યે દોઉ, માલી માલિન દુઃખદવંદ
મન પંખી તન પાંખ કરી, ઉડ જાવો વહ દેશ
શ્રી ગોકુલ ગામ સુહાવનો, જહાં બસત શ્રીગોકુલેશ.

૧૪. શ્રીમહાપ્રભુજી અને શ્રીમહારાણીજી

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોના હૃદયમાં સામાન્ય રીતે એવો ભાવ હોય છે કે શ્રીમહાપ્રભુજી અમારા પિતા સમાન છે. શ્રીઠાકોરજી અમારા પ્રિયતમ છે અને શ્રીમહારાણીજી અમારાં માતા સમાન છે. શ્રીવલ્લભને આપણે શ્રીમહાપ્રભુજી કહીએ છીએ, તો શ્રીયમુનાજીને આપણે શ્રીમહારાણીજી કહીએ છીએ. આ બંને સ્વરૂપોમાં ગુણ અને લીલાની દૃષ્ટિએ અદ્ભૂત સામ્ય છે, તેથી એમ કહી શકાય કે **'વપુ દો પ્રાણ એક.'** બીજા શબ્દોમાં કહીએ તો શ્રીમહાપ્રભુજી અને શ્રીમહારાણીજી મૂળભૂત રીતે એક જ સ્વરૂપ છે.

શાસ્ત્રોમાં ભગવાનની વિવિધ શક્તિઓનું નિરૂપણ છે. તેમાં બે શક્તિ મુખ્ય છે : ઈચ્છાશક્તિ અને કૃપાશક્તિ. ઈચ્છાશક્તિ દ્વારા પ્રભુ આનંદમય લીલાવિહાર કરે છે. અને કૃપાશક્તિ દ્વારા જીવોનો ઉદ્ધાર કરી, તે જીવોને પોતાનાં ચરણકમળમાં રાખે છે. શ્રીરાધિકાજી, જેમને આપણે શ્રીસ્વામિનીજી પણ કહીએ છીએ, તેઓ ભગવાનની અલૌકિક ઈચ્છાશક્તિનું સ્વરૂપ છે. જ્યારે શ્રીયમુનાજી ભગવાનની કૃપાશક્તિનું સ્વરૂપ છે. ઈચ્છાશક્તિને પણ પ્રભુની પ્રસન્નતા માટે કૃપાશક્તિની સહાય લેવી પડે છે. માટે શ્રીસ્વામિનીજી સહિત સર્વ વ્રજભક્તો શ્રી યમુનાજીની કૃપા પામવા માટે અહર્નિશ અભિલાષા રાખે છે. ઋષિરૂપા વ્રજભક્તએ તો પ્રભુની પ્રાપ્તિ માટે શ્રીયમુનાજીના કાત્યાયની સ્વરૂપનું એક માસનું વ્રત પણ કર્યું હતું.

વ્રજલીલામાં શ્રીઠાકોરજીનાં મુખ્ય ચાર સ્વામિની છે : શ્રીરાધાજી, શ્રીચંદ્રાવલિજી, શ્રીરાધાસહચરીજી અને શ્રીયમુનાજી, શ્રીરાધાજી મુખ્ય સ્વામિની છે, જ્યારે શ્રીયમુનાજી પ્રભુનાં પટરાણી અથવા મહારાણી કહેવાય છે. જેમ શ્રીયમુનાજી કૃપાશક્તિનું સ્વરૂપ છે, તેમ શ્રીમહાપ્રભુજી પણ કૃપાશક્તિનું સ્વરૂપ છે. શ્રીયમુનાજીનું પ્રાગટ્ય નિત્યલીલામાં પ્રભુના ડાબા હૃદય-કમળમાંથી થયું છે, તો શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય પ્રભુના મુખકમળમાંથી થયું છે.શ્રીમહાપ્રભુજીને લીલાપરિકર 'શ્રી વલ્લભ' નામથી જાણે છે. તો શ્રીયમુનાજીને **'કૃષ્ણ-વલ્લભા'** તરીકે જાણે છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીયમુનાજી બંનેના શ્રીઅંગેનો વર્ણ શ્રીઠાકોરજીના શ્રીઅંગના વર્ણની સમાન મેઘશ્યામ છે.બંને સ્વરૂપો અલૌકિક આનંદમય ભગવદ્-સ્વરૂપો છે. દરેક તત્વનાં ત્રણ સ્વરૂપો શાસ્ત્રોએ બતાવ્યા છે : આધિભૌતિક સ્વરૂપ, આધ્યાત્મિક

સ્વરૂપ અને આધિદૈવિક સ્વરૂપ, શ્રીયમુનાજીનું જળ સ્વરૂપ આધિભૌતિક સ્વરૂપ છે. યમયાતના આદિની નિવૃત્તિ કરવાનું સામર્થ્ય એમનું આધ્યાત્મિક સ્વરૂપ છે. અને પ્રભુનાં પટરાણીનું સ્વરૂપ એમનું આધિદૈવિક સ્વરૂપ છે. તેવી રીતે ભૂતળમાં બિરાજતું આચાર્ય સ્વરૂપ શ્રીમહાપ્રભુજીનું આધિભૌતિક સ્વરૂપ છે. ગ્રંથોમાં બિરાજતું આપનું વાણી સ્વરૂપ આધ્યાત્મિક સ્વરૂપ છે અને લીલામાં સાક્ષી સ્વરૂપ આપુનું આધિદૈવિક સ્વરૂપ છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીમહારાણીજી એ બંને લીલામાં સાક્ષી સ્વરૂપે બિરાજે છે. શરણે આવેલા નિજજનોને પ્રભુનું સુખ સંપાદન કરી આપવામાં બંને એકસરખી પ્રસન્નતા અનુભવે છે.

જેમ શ્રીયમુનાજી નિત્યલીલાના જીવો પર કૃપા કરી તેમનો ઉદ્ધાર કરે છે અર્થાત્ પ્રભુ સાથે તેમનો સંયોગ કરાવે છે, તેમ શ્રીમહાપ્રભુજી લીલામાંથી ભૂતળ ઉપર આવી પડેલા પુષ્ટિજીવોનો ઉદ્ધાર કરી તેમનો પ્રભુ સાથે સંયોગ કરાવી આપે છે. આ બંન્ને સ્વરૂપો કૃપાશક્તિનાં સ્વરૂપ હોવાથી જીવ દુષ્ટ સાધન હોય, સુસાધન હોય કે નિઃસાધન હોય, તો એનો વિચાર કરતાં નથી. જીવના ગુણદોષ પણ ધ્યાનમાં લેતાં નથી. માત્ર પ્રભુનો પુષ્ટિજીવ છે એટલું જ વિચારી, તેના પર ભારોભાર કૃપા કરે છે. આમ, બંને સ્વરૂપોનો સ્વભાવ જીવ પર કૃપા કરવાનો અને જીવનો ઉદ્ધાર કરવાનો છે.

નિત્યલીલામાં પણ આ બંને સ્વરૂપો લીલા પરિકરના ભક્તોને પ્રભુ સાથે રાસવિલાસનું સંયોગ-સુખ અપાવવા સદાસર્વદા તત્પર રહે છે. પ્રભુની રાસલીલા આદિ રસમય લીલાઓમાં સાક્ષી ભાવથી બિરાજે છે. પ્રભુની પ્રસન્નતા અને ભક્તોની પ્રસન્નતાને પોતાની પ્રસન્નતા માને છે. માટે બંને સ્વરૂપો મહોદાર ચરિત્રવાન છે.

શ્રીયમુનાજીમાં અલૌકિક અષ્ટસિદ્ધિ છે, જે શ્રીગુંસાઈજીએ શ્રીયમુનાષ્ટકના પ્રથમ શ્લોકની ટીકામાં બતાવી છે. અલૌકિક આઠ સિદ્ધિઓમાં ચાર સંયોગાત્મક સિદ્ધિઓ છે, જે ભક્ત તેની આંખો અને શરીરથી અનુભવે છે. જ્યારે તે જ ચાર સિદ્ધિઓ વિપ્રયોગાત્મક બને છે : ત્યારે તેનો અનુભવ ભક્ત તેના અંતઃકરણ - હૃદયથી કરે છે. આ સિદ્ધિઓ નીચે પ્રમાણ છે : (૧) સાક્ષાત્ ભગવત્ સેવોપયોગી દેહની પ્રાપ્તિ અથવા તનુનવત્વ, (૨) ભગવદ લીલાનું અવલોકન, (૩) ભગવદ્રસનો અનુભવ, (૪) સર્વાત્મ ભાવની પ્રાપ્તિ.

જેમ આ ચારેય સિદ્ધિઓ શ્રીયમુનાજી આપે છે તેમ શ્રીમહાપ્રભુજી પણ આપે છે. આ બંને સ્વરૂપો ભક્તોને આ અલૌકિક સિદ્ધિઓ આપવા સરખાં સમર્થ છે. શ્રીઠાકોરજીમાં છ અલૌકિક ગુણધર્મો રહેલાં છે. એ જ છ અલૌકિક ગુણધર્મો શ્રીમહાપ્રભુજીમાં અને શ્રીયમુનાજીમાં પણ રહેલાં છે. શ્રીયમુનાજીના અને શ્રીઠાકોરજીના સમાન ગુણોનું નિરૂપણ શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાષ્ટકમાં કરેલું છે. એ જ ગુણો શ્રીમહાપ્રભુજીમાં પણ બિરાજે છે. જે નીચે પ્રમાણે છે :

ગુણો	શ્રી ઠાકોરજીના ગુણો	શ્રીયમુનાજી અને શ્રીમહાપ્રભુજીનાં ગુણો
ઐશ્વર્ય	અલૌકિક સામર્થ	અનંત ગુણો
વીર્ય	લીલા માટેનું દિવ્ય બવ	દેવો વગેરે દ્વારા થતી સ્તુતિ
યશ	ભક્તોનો યશ-વિસ્તાર	ભગવદીયોને મહાન બનાવવા
શ્રી	લીલોપયોગી અલૌકિક સંપત્તિ	સદા વ્રજભક્તોરૂપી સંપત્તિથી વીટળાયેલા રહેવું.
જ્ઞાન	લીલાનું દિવ્ય જ્ઞાન	લીલાનું દિવ્ય જ્ઞાન
વૈરાગ્ય	ભક્તો માટે સ્વસુખનો ત્યાગ	ભક્તો માટે સ્વસુખનો ત્યાગ
ધર્મી સ્વરૂપ	કૃપાસાગર સ્વરૂપ	કૃપાસાગર સ્વરૂપ

જેમ શ્રીયમુનાજીનાં આઠ ઐશ્વર્યોનું નિરૂપણ શ્રીયમુનાષ્ટકમાં કરવામાં આવ્યું છે, એ જ આઠ અલૌકિક ઐશ્વર્યો શ્રીમહાપ્રભુજીમાં પણ બિરાજમાન છે. જે નીચે પ્રમાણે છે.

(૧) સકલ અલૌકિક સિદ્ધિઓનું દાન કરવાનું સામર્થ્ય (૨) મુકુંદ ભગવાનમાં પ્રીતિ વધારવાનું સામર્થ્ય (૩) જીવ અને ભગવાન વચ્ચેનો સંબંધ જોડવામાં નડતાં પ્રતિબંધોને દૂર કરવાનું સામર્થ્ય (૪) કૃપા વરસાવવાનું સામર્થ્ય (૫) ભગવાનને પ્રિય ભક્તોના દોષોનું નિવારણ કરવાનું સામર્થ્ય (૬) ભગવદીયોનો ઉત્કર્ષ કરવાનું સામર્થ્ય (૭) તનુનવત્વ આપવાનું સામર્થ્ય (૮) પ્રભુનાં સ્મર-શ્રમ જલબિંદુઓ પ્રાપ્ત કરાવવાનું સામર્થ્ય. આ આઠે અલૌકિક ઐશ્વર્યો છે. તેની પ્રાપ્તિ થતાં જીવ પ્રભુ સાથે લીલાનો અધિકારી બને છે. જેમ શ્રીયમુનાજીના સાંનિધ્યમાં રહેવાથી, તેમનાં ગુણગાન કરવાથી

અને પયપાન કરવાથી જીવ શ્રીયમુનાજીની કૃપાથી આઠ અલૌકિક ઐશ્વર્યો પામે છે, તેમ શ્રીમહાપ્રભુજીના શરણે જવાથી, શ્રી મહાપ્રભુજીની વાણીનું રસપાન કરવાથી અને શ્રી મહાપ્રભુજીની આજ્ઞાના પાલનની સેવા કરવાથી જીવ આ ઐશ્વર્યો પ્રાપ્ત કરે છે.

શ્રી યમુનાજી જીવને નીચેનાં અલૌકિક ફળો આપનારાં છે. (૧) જીવના સર્વ દોષ અને અપરાધો દૂર કરી, જીવને શુદ્ધ અને પવિત્ર બનાવે છે. (૨)ભગવાનમાં પ્રીતિ (ભક્તિ) વધારે છે. (૩) અલૌકિક સિદ્ધિઓનું દાન કરે છે. (૪) જીવ ઉપર પ્રભુને પ્રસન્ન થવા વિનંતી કરે છે અને પ્રભુને પ્રસન્ન કરે છે. (૫) જીવના લૌકિક સ્વભાવને અલૌકિક બનાવે છે. આ પાંચેય અલૌકિક ફળ શ્રીમહાપ્રભુજી પણ પોતાનાં સેવકોને આપનારા છે.

શ્રીમહાપ્રભુજી અને શ્રીમહારાણીજીમાં આવી સ્વરૂપની એકરૂપતા હોવાનો અનુભવ ભૂતળ ઉપરના ભક્તોને શ્રીમહાપ્રભુજીએ ગોકુળમાં કરાવ્યો હતો.

આપ જ્યારે ૧૪ વર્ષની વયે સૌ પ્રથમ વખત ગોકુળ પધાર્યા, ત્યારે ગોવિંદઘાટ પર શ્રીયમુનાજી શ્રીવલ્લભને મળવા પ્રગટ થયાં હતાં. બંને સ્વરૂપોનું આ પ્રથમ મિલન હતું, જે સૂચવે છે કે આ બંને સ્વરૂપો અલગ-અલગ રૂપે દર્શન આપતાં હોવા છતાં મૂળમાં એક જ સ્વરૂપ છે, જે બે પ્રકારે ભક્તોને રસાનુભવ કરાવે છે. શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીનું વિપ્રયોગાત્મક સ્વરૂપ છે, જ્યારે શ્રીયમુનાજી શ્રીઠાકોરજીનું સંયોગાત્મક સ્વરૂપ છે. સંયોગ અને વિપ્રયોગ એક સિક્કાની બે બાજુઓ જેવાં છે. માટે શ્રીમહાપ્રભુજી અને શ્રીમહારાણીજી મૂળમાં એક જ સ્વરૂપ છે.

આથી, આ બે સ્વરૂપમાં કયું સ્વરૂપ મોટું, તેવો વિચાર વૈષ્ણવોએ કદી કરવો નહિ. વૈષ્ણવોએ બંને સ્વરૂપનું દીનતા અને પ્રેમપૂર્વક ગુણગાન અને આરાધન કરવું જોઈએ. શ્રીયમુનાજીના ગુણગાન માટે જેમ શ્રીયમુનાષ્ટક છે તેમ શ્રીમહાપ્રભુજીના ગુણગાન માટે શ્રીસર્વોત્તમ સ્તોત્ર છે. એટલે વૈષ્ણવોએ તેમનાં નિત્યક્રમમાં આ બંને સ્તોત્રના બને તેટલા વધુ પાઠ અવશ્ય કરવા જોઈએ.જ્યાં શ્રી મહાપ્રભુજી બિરાજે છે, ત્યાં હંમેશા શ્રીમહારાણીજી ઝારીજી સ્વરૂપે બિરાજે છે, તે વાત પણ ભૂલવી જોઈએ નહિં. આપણે શ્રીમહાપ્રભુજી અને શ્રીમહારાણીજીને સાષ્ટાંગ દંડવત્ કરીએ.

સાભાર : ૧૯૯૨ - એપ્રિલ - વૈષ્ણવ પરિવાર

૧૫. કમળ ભાવના

કમલ,કુમુદ નાના અલિ સુંદર કરે ત્યાં ગાન.

ગોપાલદાસજી શ્રીયમુનાજીમાં બે વસ્તુ જુએ છે : કમલ અને કુમુદ - કમલ દિવસે ઉગે અને કુમુદ રાત્રિએ ઉગે. શ્રીયમુનાજીનું જલ તો વહેતું હોય. વહેતા જલમાં કદી કમલ ખીલે નહિં, બંધિયાર જળ હોય એમાં કમલ ખીલે. કુમુગિની પણ એમાં જ ખીલે. અહીં તો શ્રીયમુનાજી વહી રહ્યાં છે, છતાં ગોપાલદાસજી કમલ અને કુમુદનાં દર્શન કરે છે. કુમુદ સફેદ હોય, કમળ લાલ હોય.

તો આ બંનેના દર્શન એકસાથે કેવી રીતે થયા ? એનું કારણ એ છે કે આ શ્રીયમુનાજીનો તટ, એ તટ છે જ્યાં શ્રીઠાકોરજી નિત્ય રાસ કરે છે. તે સમયે શ્રીયમુનાજીના જળમાં અનેક સફેદ કમળ ખીલી જાય છે. શ્રીગુંસાઈજી કહે છે કે આ હજારો કુમુદ ખીલે એ બીજું કાંઈ નહિં પણ શ્રીયમુનાજીનાં નેત્રો છે.

શ્રીયમુનાજી વિચારે છે કે આ પ્રભુનાં દર્શન માટે મને બે નેત્રો બહુ ઓછાં લાગે છે, તેથી પ્રભુ જ્યારે એમના તટ ઉપર રાસ કરે, ત્યારે તેઓ અનેક નેત્રો ધારણ કરે છે, જેથી પ્રભુ ઉપર અને બધાં ગોપીજનો ઉપર તેમની દૃષ્ટિ રહે. અનેક નેત્ર ધારણ કરી આખી રાત્રિ શ્રીયમુનાજી પ્રભુનાં રાસનાં દર્શન કરે છે. આખી રાત આપ પ્રભુના રાસનાં દર્શન કરતાં રહે તેથી એ નેત્ર લાલ થાય છે. અને લાલ રંગના કમળ ખીલે છે. આમ લાલ કમળ એ શ્રીયમુનાજીનાં અરૂણ થયેલાં નેત્રો છે. એટલાં માટે કહ્યું : **કમલ કુમુદ નાના અલિ સુંદર મધુપ કરે ત્યાં ગાન.**

શ્રીયમુનાજીના ઘાટ અનેક મણિથી આભૂષિત છે, જળમાં રાત્રે કુમુદ અને દિવસે કમળ ખીલે છે. ત્યાં અનેક મધુપસ રસનાં લોભી ભ્રમરો આવીને સદા સુંદર ગાન કરે છે, **મધુપ એટલે ભ્રમર. ભ્રમર એ કે જેને છ પગ હોય.આ છ પગવાળા ભ્રમર એ બીજું કોઈ નહિં પણ ષડ્ શાસ્ત્રના પારંગત મોટા મોટા ઋષિમુનિઓ છે,** એ આવીને યમુનાજીના તટ ઉપર વિનંતી કરે છે કે અમારા સાધનથી, અમારા પ્રભુ નહિ મળે, જો પ્રભુ મળે તો શ્રીયમુનાજીની કૃપાથી

મળે. વેદોમાં, શાસ્ત્રોમાં પ્રભુને શોધવાનો તેમણે પ્રયત્ન કર્યો પણ ન મળ્યા, મળ્યા તો શ્રીયમુનાજીના તટ ઉપર મળ્યા.

શ્રીયમુનાજીનું સ્વરૂપ કેવું છે ? સર્વ ગોપીજનો સદા સર્વદા શ્રીયમુનાજીને ઘેરીને રહે છે. સકલ ગોપ-ગોપીવૃત્તે-કેમ? પ્રભુ તો સ્વતંત્ર છે, આજે મળ્યા-કાલે ન પણ મળે, પણ શ્રીયમુનાજીનું સ્વરૂપ એવું છે, જેને છોડીને શ્રીઠાકોરજી ક્યાંય પધારતા નથી. આવા શ્રીયમુનાજીનાં દર્શન અહીં શ્રીગોપાલદાસજીએ કરાવ્યાં પ્રભુની લીલામાં, ગોલોકધામમાં પ્રવેશ કરાવનારાં શ્રીયમુનાજીનાં દર્શન કરાવ્યાં. શ્રીયમુનાજીની કૃપા વિના પ્રભુ કૃપા ન કરે. એટલા માટે કહ્યું છે : **મદનમોહનજુકી ખરી એ પ્યારી.** યમુનાજીનું સ્વરૂપ એવું છે કે શ્રીઠાકોરજી, શ્રીસ્વામીનિજી, ચંદ્રાવલીજી કે લલિતાજીની આગળ ખોટું બોલી શકે પણ જેવા શ્રીયમુનાજીની પાસે આવે કે બધું સત્ય પ્રગટ થવા લાગે - માટે **પટરાની જુ કહાવે.**

સાભાર : શ્રી વલ્લભાખ્યાન રસપાન
(ભાગ - ૧) - વૈષ્ણવ પરિવાર

શ્રી વલ્લભ પદકુ નમન કરી, ઉર ધરી વલ્લભ રૂપ
વલ્લભ નૈનન નિરખીએ, પરમાનન્દ સ્વરૂપ
શ્રી વલ્લભપર રૂચી નહી, નહીં વૈષ્ણવપર સ્નેહ
તાકો જન્મ વૃથા ગયો, જયોં ફાગુનકો મેહ
ઉંચે જો ગિરધર બસે, જો નીચે ઘર હોય
બીના બુલાયે બોલીયે, નૈન નિરખ સુખ હોય
પ્રીતમ બસત પહાડ પેં, મેં બસાંત યમુનાકે તીર
અબકે મિલનો કઠીન હૈ, પાયન પરી હૈ જંજીર
મુક્તિ માધો સો કહે, મેરી મુક્ત બતાય
જો વ્રજરજ લગે મસ્તક પે, તો મુક્તિ મુક્ત હો જાય.

●

શ્રી વલ્લભ ફલ ના ચખ્યો, ગહયો ના ચરણ સરોજ
ધીક્ ધીક્ ઉન જનન કો, ધરણી વૃથા ઉઠાયો બોજ.

હૃષ્ટમાનસાય નમઃ।

૧૬. શ્રીયમુનાજીના કૃપા પ્રસંગો

A. શ્રી ગુંસાઈજીની સેવક કિશોરીબાઈ

એક પિતાની બે પુત્રીઓ. નાની દીકરી રૂપ,ગુણ અને સ્વભાવે સરસ. એનું નામ કિશોરી પાડેલું. પિતાને તેના પર વિશેષ વ્હાલ. પિતા નાનકડી કિશોરીને ખૂબ લાડ લડાવે પોતાની સાથે સેવા કરવાને પણ બેસાડે તેમજ યમુનાષ્ટકમના પાઠ પણ બોલાવે. શ્રી યમુનાજી પર પિતાને ઘણો ભાવ હતો. માતા તો એને નાની મૂકીને જ મરી ગયેલી માટે તો પિતાને વિશેષ મહત્વ હતું. કિશોરી નવેક વર્ષની થઈ ત્યાં તો એ જમાનાના રિવાજ મુજબ કોઈ નાનકડા મૂરતિયા સાથે એના લગ્ન કરી દેવામાં આવ્યા. એ જમાનામાં રોગોનો ઉપદ્રવ ઘણો રહેતો. બાળમરણનું પ્રમાણ ઘણું મોટું હતું. છોકરાને કોઈ જ ન સમજી શકાય એવું દર્દ થયું ને થોડા સમયમાં એ ગુજરી ગયો.નવ જ વર્ષની બાલિકા વિધવા થઈ. આટલી નાની બાલિકા ને તે પણ વિધવા એ પણ વિધિની ક્રુરતા જ કહેવાય.

સમય જતાં કિશોરી મટી એ યુવતી બની. એ જ સમયે ઘરમાં શિરછત્રરૂપ વડિલ પિતાજી પણ પ્રભુચરણમાં પહોચ્યાં. વિધવા અને તે પણ યૌવનને આંગણે ઉભેલી. નવયૌવના પિતાની ઓથ જતાં સાવ નિરાધાર બની ગઈ. એકલી પડી.હવેએક ઓથ હતી. માત્ર મોટી બહેનની. પણ એ તો સાસરે રહે. એ સાસરેથી આવી કોઈવાર ખબર અંતર પૂછી જાય.એટલી જ રાહત રહેતી.હવે કિશોરી વીસ વર્ષની સ્ત્રી બની. કહેવાય છે કે દુઃખ આવે ત્યારે ઉપરા-ઉપરી આવે છે. કિશોરીને શીતળા નીકળ્યા. એ સમયે શીતળાની રસી કે ઈલાજ શોધાયો ન હતો. એ વખતે બીજા રોગનો કોઈ ઈલાજ પણ ન હતો. ભયંકર રોગ. અનેક લોકો એ રોગથી મરી જતાં કે અગર આંખો ગુમાવી દેતા. કાળા ડાઘથી મોં અને શરીર કુરૂપ બની જતાં. તેમાં સ્ત્રી માટે તો એ રોગ ભયાનક જ ગણાતો હતો.આખરે કિશોરીની પણ રોગના કારણે એવી દશા થઈ. સગામાં સગી હતી એક મોટી બહેન, તે દિવસમાં એકવાર આવે અને જેમ તેમ રાંધીને ખવડાવે અને સાસરે ચાલી જાય. લાગણી કે લોકલાજની શરમે આટલી પણ સંભાળ રાખે. હવે તો રોજનું રહ્યું એટલે સમય વિતતા એ પણ કંટાળી જાય છે, તે છણકો કરી બહેનને ગમે તેમ સંભળાવે છે. ઓશીયાળી

બહેનને એ સાંભળીને પારાવાર દુઃખ થાય છે. મનમાં ઘણું થાય કે પ્રભુ મને બોલાવી લે તો સારૂં. પણ માનવીનું આયખું કઈ તાતણો છે કે તોડી નખાય ? છતાં એ જીવે છે. જીવન દુઃખથી ભારે ભારે બની ગયું છે. પણ પિતાની આપેલી એક શ્રદ્ધાનાં તંતુથી જીવન ટકી રહ્યું છે. કિશોરીને શ્રી યમુનાષ્ટકનો પૂરો પાઠ તો આવા દુઃખમાં યાદ ક્યાંથી હોય ? પણ એમાંની બે પંક્તિઓ યાદ રહી ગઈ છે.

"વિશુદ્ધ મથુરા તટે સકલ ગોપ ગોપીવૃત્તે ।
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ॥"

(આજે પણ વૈષ્ણવોના જીવનમાં મુસીબતો આપત્તિ આવે છે. ત્યારે આ બે પંક્તિઓનો સંપુટી પાઠ કરી શ્રી યમુનાજીની કૃપા દ્વારા વિઘ્નમાંથી મુક્તિ આવે છે.)

બસ રાત અને દિવસ એનું જ રટણ કર્યા કરે છે. એનો અંતરાત્મા ઉંડે ઉંડેથી કહી રહ્યો છે કોઈ દિવસ પણ મહારાણીમાં મારા પર કૃપા કરશે અને મારૂં દુઃખ દૂર કરશે. દિવસો પસાર થતાં મોટીબહેન કંટાળીને છેવટનાં શબ્દો બોલી ગઈ કે તારે જીવવું હોય તો જીવ ને મરવું હોય તો મર, મારાથી બે ઘરનું (બહેનનું ને સાસરાનું) વૈતરું થતું નથી. કિશોરી માટે આ આઘાત અસહ્ય હતો.તે દિવસે એ ભૂખી તરસી પડી રહી. એનું હૃદય પ્રાર્થનામય બની ગયું એ આર્તિની પરાકાષ્ઠામાં શ્રી યમુનાજીનું સ્મરણ થયા કર્યું. બીજો કોઈ આશ્રય તો એને હતો જ નહીં. દિવસ અને રાત એણે સતત રડયા કર્યું. તે રડતા રડતા બોલ્યા કરે છે "વિશુદ્ધ મથુરા તટે...."

બીજે દિવસે રોજને વખતે એની બહેન તો આવી નહીં. પણ કોઈ બીજી સ્ત્રીને આવેલી જોઈ. રૂપરૂપના અંબાર સમી હતી. મીઠી મધુરવાણીમાં એ કહેવા લાગી. કિશોરી મનેતો હમણાં જ ખબર પડી. હું દૂર દૂર ગોકુલ ગામમાં રહું છું. તારા પિતાની સગી થાઉં છું. મારૂ નામ યમુના, તારી વાત સાંભળીને અહીં તને મદદ કરવા આવી છું. બેન,હવે હું અહીંજ રહીશ અને તારી ચાકરી કરીશ. કિશોરીને નવાઈ લાગી. જગતમાં આવા પરોપકારી જીવો પણ હોય છે ને ! ચાલ સારું થયું. દિવસો પસાર થતાં યમુના સાથે કિશોરીને ફાવી ગયું છે ને આનંદ પણ આવે છે. મનમાં થાય છે કે મોટીબેન તો " આ બાજુ ફરકતીયે નથી. **સંસારી સગાનો શું ભરોશો ? સાચા સગા તો એક શ્રીનાથજી જ છે ને ?"**

હવે એક દિવસ પ્રભુચરણ શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી ગુંસાઈજી) એ ગામમાં પધાર્યા. વાત નીકળતા કોઈ વૈષ્ણવે આપશ્રીને વિનંતી કરી અહીં એક વૈષ્ણવ બાઈ છે બિચારી ઘણી દુઃખી છે તે સાવ અપંગ છે. તેના પિતા પરમ ભગવદીય હતા. આપશ્રીના દર્શનથી એ જીવ પર કૃપા થશે ને તેને ઘણો આનંદ થશે. એ સાંભળીને શ્રી ગુસાંઈજીએ કહ્યું, **"જરૂર એને ઘેર જઈશું"** સાંજે પોતે કિશોરીને ઘેર પધાર્યા. ત્યાં જઈને જુએ છે તો શ્રી યમુનાજી લૌકિક રૂપ ધરીને એને સુખ આપી રહ્યા છે. આપશ્રી પધારતા જ, શ્રી યમુનાજીએ સોળ શણગાર સહિત, અલૌકિક સ્વરૂપે દર્શન આપ્યાં. કિશોરીને પણ એ દર્શન થયાં. તે તો એ જોઈને આશ્ચર્યચકિત થઈ ગઈ. એને ઘણો તાપ થયો. "અરે મારે માટે શ્રી યમુનાજીએ આટલો બધો શ્રમ લીધો." શ્રી ગુંસાઈજીએ પણ એને અલૌકિક સ્વરૂપે ઝાંખી આપી. શ્રી યમુનાજીએ એના અંગ પર શ્રી હસ્ત ફેરવ્યો. શ્રી ગુંસાઈજીએ કૃપાપૂર્વક દ્રષ્ટિ કરી, ત્યાં તો ચમત્કાર થયો અને કિશોરીના અંગે અંગ સારા થઈ ગયા. હાથ પગ પણ સારા થઈ ગયાં. મુખની અને દેહની કુરૂપતા જતી રહી અને પહેલાનાં જેવી જ નવયૌવના બની ગઈ. મહારાણી મા એ નૂતન તનુનત્વ અર્પણ કર્યું. એ યમુનામાની કૃપા નહીં તો શું ?

કિશોરીની આંખમાં આનંદના આંસુ આવી ગયા. તરત જ બન્નેના ચરણોમાં ઢળી પડી અને ચરણસ્પર્શ કર્યા. ગદ્‌ગદ્ સ્વરે વિનંતી કરી "મારા જેવા પામર માટે આપે **આટલો** શ્રમ લીધો ? શ્રીગુંસાઈજીએ આજ્ઞા કરી.""કિશોરી ચિંતા કરીશ નહિં." શ્રીયમુનાજીના **સ્મરણથી** અને એની કૃપાથી તારા પૂર્વજન્મના બધા દોષો નિવૃત્ત થયા છે. શ્રી યમુનાષ્ટકના પાઠનું પરમફળ પ્રાપ્ત થયું છે. પ્રભુમાં પ્રીતિ થશે અને તને સકળ સિદ્ધિઓ પ્રાપ્ત થશે. હવે તું ભગવત્સેવા કર."

કિશોરીએ એ સાંભળીને વિનંતી કરી " કૃપાનાથ, મને હવે સ્વરૂપ પધરાવી આપો." આપશ્રીએ આજ્ઞા કરી કે "તારું કાર્ય શ્રી યમુનાજી દ્વારા સિધ્ધ થયું માટે શ્રી યમુનાજીની સેવા કર."આપશ્રીએ શ્રી યમુનાજીની વાલુકા (રેતી) એક બંટામાં ભરીને પધરાવી આપી અને આજ્ઞા કરી કે **"શ્રી યમુના જલ સ્વરૂપાત્મક છે તેમ આ રજ પણ એવી જ છે એ કોઈ સામાન્ય ચીજ નથી."**

કિશોરીએ અભિલાષા વ્યક્ત કરી કે "તમારી રજ હે યમુનાજી હું ક્યારે અંગેઅંગમાં લગાવી કૃતાર્થ થઈશ ?"

હવે કિશોરી સેવા કરે છે, શ્રી ઠાકોરજી એના સ્નેહને વશ થઈ સાક્ષાત અનુભવ કરાવે છે કોઈવાર શ્રીજી સ્વરૂપે, તો કોઈવાર નવનીત પ્રિયાજી સ્વરૂપે, ગાદી પર બિરાજી દર્શન આપે છે અને સુખ આપે છે. કિશોરીના જીવનના આ અદ્ભુત પરિવર્તનની વાત વૈષ્ણવોમાં પ્રસરી જાય છે. સૌના આશ્ચર્યનો પાર રહેતો નથી. કર્ણાપકર્ણ એની મોટી બહેનને પણ જાણ થાય છે એ આવીને જુએ છે એને પણ નવાઈ લાગે છે. અને પૂછે છે " કિશોરી આ બધુ શું છે ?મોટી બહેન ! આ તો શ્રી મહારાણીમાની કૃપા અને બીજું કહું તો તારો પણ ઉપકાર. તે,તે દિવસે આવા કડવા શબ્દો કહ્યા ન હોત તો આ પરમ સુખ ક્યાંથી પામી શખત ?" "આમ વાત કરતાં બંન્ને બહેનોની આંખોમાં હર્ષના આંસું આવી ગયાં."

એકવાર કિશોરીબાઈ શ્રીનાથજીના દર્શન કરવા શ્રી ગિરિરાજ આવ્યા ત્યારે તેમણે તેમના અંગે સુગંધિ લગાડીને પ્રભુ સન્મુખ થયાં. ત્યારે શ્રીનાથજીબાવાએ તેમની સામે જોઈને મધુર હાસ્ય કર્યું.કિશોરીબાઈએ પણ વળતું હાસ્ય કર્યું. રામદાસ મુખિયાજી આ લીલા જોઈ ગયા. એમણે પ્રભુચરણ શ્રી ગુંસાઈજીને આ અંગેનો ભેદ પૂછ્યો. "**કૃપાનાથ આ કોણ જીવ છે ?**" આ હાસ્યનું રહસ્ય શું છે તે કૃપા કરી જણાવશો."

શ્રી પ્રભુચરણે હાસ્યના લીલા રહસ્યનો ભેદ કહ્યો.

આ કિશોરીબાઈ લીલાનો જીવ છે. કુમારિકા યૂથમાં છે ત્યાં પણ તેમનું નામ કિશોરી છે. 'કમોદિની' ના સાત્વિક ભાવથી એમનું પ્રાગટ્ય છે. શ્રી નંદરાયજીના મહેલમાં તેઓ શ્રી ઠાકોરજીની ટહેલ (સેવામાં) કરતાં. અંગે સોંધો (સુગંધિ) લગાવીને સેવામાં પહોંચતાં. જેથી શ્રી ઠાકોરજીને સુખ પ્રાપ્ત થાય. તેઓએ શ્રીઠાકોરજીને પ્રિય માખણ ખૂબ આરોગાવ્યું છે. એક વખત ઉતાવળમાં ભૂલભૂલથી એંઠા જૂઠા વાસણ શ્રી યમુનાજીમાં ધોયા આ દોષને કારણે લૌકિકમાં આટલું કષ્ટ વેઠવું પડ્યું. શ્રી યમુનાજી સાક્ષાત રસાત્મક છે. આપનું જલ પણ રસરૂપ છે. આપના જલથી કેવળ શ્રી ઠાકોરજીના ઝારી જ ભરાય. એવા જલમાં કોઈ લૌકિક કરીને જો કોઈ રસોઈ કરે, વાસણ માંજે, કપડાં ધોવે, કોગળા કરે તો તેની આવીજ ગતિ થાય.

હવે કિશોરીબાઈના ગૌપ્ય ભેદને શ્રી પ્રભુચરણે એકવાર પોતાના નિજ અંતરંગ સેવક, પરમ ભગવદીય વૈષ્ણવ ચાચા હરિવંશજી પાસે ખોલ્યો.

એકવાર કિશોરીબાઈ શ્રી પ્રભુચરણને દંડવત કરી પોતાના આવાસે

પાછા ફરી રહ્યા હતા ત્યારે આપે એમના માથે નિજ હસ્ત ધરીને સ્નેહપૂર્વક આશીર્વાદ દીધા. આ ચાચા હરિવંશજીની નજરથી છાનુ ન રહ્યું. એમણે આ મર્મ જાણવા માંગ્યો ત્યારે શ્રી પ્રભુચરણે ગૌપ્ય વાતનો ઘટસ્ફોટ કર્યો : "શ્રી યમુનાજી અને શ્રીનાથજીની પરમ કૃપા પ્રાપ્ત કર્યા પછી હવે કિશોરીબાઈનો આ દેહ છૂટવાનો છે. બહુ જલદી એમનો પૂર્નજન્મ ફરીથી ભૂતલ ઉપર થશે અને તે સમયે તેઓ અમારા પુત્રવધૂ બનીને અમારા કૂળમાં આવશે. તેઓ અમારા ચતુર્થ લાલજી શ્રી વલ્લભના (શ્રી ગોકુલનાથજી) વહુજી બનવાના છે."

ચાચા હરિવંશજીએ શ્રી ગુસાંઈજીને વિનંતી કરી પૂછ્યું "કૃપાનાથ ! કિશોરીબાઈ પર આટલી બધી કૃપા કેમ થઈ ?" શ્રી ગુંસાઈજીએ આજ્ઞા કરી કે "ચાચાજી એ શ્રી યમુનાષ્ટકના પાઠનું ફળ છે. તાતચરણ શ્રીમહાપ્રભુજીએ **"ત્વાષ્ટક મિંદ મુદા"** એ શ્લોકમાં બતાવેલી ફલશ્રુતિ સાચી છે.બે લીટીના વિરહાર્તિપૂર્વક પાઠ કર્યા તેને આટલી ફળ પ્રાપ્તિ થઈ તો સમગ્ર શ્રી યમુનાષ્ટકનો ભાવપૂર્વક પાઠ કર્યા કરે તે તે ફલ સિધ્ધ થાય. તેમાં શું નવાઈ જેવું છે ? "કિશોરી જેવી અનન્ય શ્રધ્ધા જોઈએ **શ્રી વલ્લભની વાણી સદા સત્ય છે જ**".

શ્રી યમુનાજીના પુનિત નામનો મહિમા એવો છે કે જે જીવ જેવા ભાવથી તેમના નામનું સ્મરણ કરે છે, તેને આપશ્રી તે પ્રકારનું ફલ આપે છે. મર્યાદા અથવા પ્રવાહી જીવ, લૌકિક ફળ સિદ્ધિ માટે નામ સ્મરણ કરે, તો તેમને તે પ્રકારનું ફળ પણ આપે છે. પણ પુષ્ટિભક્તને સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ સાથે વિલાસનું પુષ્ટિ માર્ગીય ઉત્તમોત્તમ સુખ આપે છે, એમ ચોક્કસ માનવું.જે તે શ્રી યમુનાજીના ફલ સ્વરૂપનું જ્ઞાન થયું છે, તેને જ પુષ્ટિફલ ફલિત થાય છે. જેને શ્રી યમુનાજીના પુષ્ટિ સ્વરૂપની ઝાંખી થઈ નથી અથવા એમના મહોદર સ્વરૂપનું જ્ઞાન નથી, જેઓએ આ સ્વરૂપનો મહિમા સાંભળ્યો નથી, અથવા તેનું જ્ઞાન નથી તેની વાત કેવી રીતે માની શકાય ? શ્રી યમુનાજીના અલૌકિક સ્વરૂપનું વર્ણન એના અધિકારી જીવો આગળ જ કરવું.

B. શ્રી ગુંસાઈજીના સેવક નંદદાસજી :

શ્રી ગુંસાઈજીના બીજા એક સેવક થઈ ગયા નંદદાસજી. નંદદાસજી એક લૌકિક સ્ત્રીના રૂપમાં આસક્ત હતા. તેની પાછળ પાછળ તેઓ ગોકુલ સુધી આવેલા. ત્યાં શ્રી યમુનાજીનાં દર્શન થતાં જ તેમના સ્વભાવનું પરિવર્તન

થઈ ગયું. તેમની લૌકિક આસક્તિ છૂટી ગઈ. તેમનું હૃદય શુદ્ધ થતાં, શ્રી યમુનાજીની કૃપાથી, શ્રી ગુંસાઈજી દ્વારા તેમને પુષ્ટિભક્તિનું દાન પ્રાપ્ત થયું.

C. શ્રી ગોવિંદસ્વામીનો પ્રસંગ

એક વખત શ્રીગોપાલલાલ (પંચમપુત્ર શ્રી રઘુનાથજીના બીજાલાલજી) ની ઈચ્છાથી ગોવિંદ સ્વામી તેઓશ્રીને ખેલાવવા (રમાડવા)માટે શ્રીમદ્ ગોકુલના ઠકુરાણી ઘાટ ઉપર પધરાવી ગયા. સંગમાં શ્રીવલ્લભકુળના બીજા અગિયાર બાળકો પણ હતા. બધા બાળકો શ્રીયમુનાપાન કરીને સ્નાન કરવા લાગ્યા.રમતા રમતા (ખેલતા ખેલતા)શ્રીગોપાલલાલે ગોવિંદસ્વામીનો હાથ પકડી અગાધ જલમાં ડૂબકી મારી અને તેમને શ્રીયમુનાજીના નિજધામમાં લઈ ગયા.

લગભગ ચાર ઘડી વીતી જવા છતાં ઉપર આવતાં ન જોયા. એટલે કિનારા ઉપર છીછરા જલમાં ખેલતાં (રમતા) બીજા બોળકોને થયું કે : "બેઉ જણા જલમાં ડૂબી ગયા લાગે છે. હવે વડીલોને શો જબાબ દઈશું (આપીશુ)? આમ વિચારતા મહાચિંતામાં ડૂબી ગયા હતા, ત્યાં તો ગોવિંદ સ્વામીનો હાથ પકડીને શ્રી ગોપાલલાલ જલ ઉપર આવ્યા ! બધા ને આશ્ચર્ય સાથે ઘણો જ આનંદ થયો."

બાળકોએ મંદિરે આવીને બધી વાત કરી, એટલે શ્રીગિરિધરજી, શ્રીગોવિંદરાયજી અને શ્રીગોકુલનાથજીએ ગોવિંદસ્વામીને એકાંતમાં બોલાવીને આજના બનાવ વિષે પૂછ્યું.

ગોવિંદ સ્વામીએ કહ્યું કે મહારાજ ! શ્રીગોપાલલાલની કૃપાથી મને મણિમય મહેલમાં આધિદૈવિક સ્વરૂપે બિરાજતાં શ્રીયમુના મહારાણીજીના દર્શન થયાં. આમ કહીને બનેલી વાત વિગતવાર કહી સંભળાવી.

આ રહસ્ય લીલાનો અનુભવ થયા પછી ગોવિંદ સ્વામી કોઈ દિવસ શ્રીયમુનાજીમાં પગ દેતા નહીં. શ્રીયમુનાજીને સાક્ષાત્ શ્રીસ્વામિનીજી અષ્ટસિદ્ધિના દાતા છે એમ જાણતા. જેવું સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાષ્ટકમાં વર્ણવ્યું છે તેવું શ્રીગુંસાઈજીની કૃપાથી ગોવિંદસ્વામી જાણતા હતા. તેથી શ્રીયમુનાજીમાં પગ મૂકતા નહીં. શ્રીયમુનાજીના દર્શન કરી દંડવત

કરતા અને પાન કરતાં.

શ્રીયમુનાજીનું સ્નેહ સ્વરૂપ છે. શ્રીયમુનાજીના વહન તે પ્રેમરસના વહન છે. તેમાં સ્નાન અને પાન કરવાથી અંતર અને બહાર સ્નેહની વૃદ્ધિ થાય છે. શ્રીયમુના સ્નાન અને શ્રીયમુના પાન એટલે સ્નેહમાં સ્નાન અને સ્નેહનું પાન છે. જે જેમાં ન્હાય અને પીએ તેનામાં તે આવે તે આવે તે સ્વાભાવિક છે. શ્રીયમુનાજીમાં અવશ્ય ન્હાવું.

આજકાલના વૈષ્ણવ કહે છે કે ગોવિંદ સ્વામી તો બિલકુલ પગ બોળતા નહીં. પરંતુ ગોવિંદ સ્વામીને તો શ્રીયમુનાજીનાં સાક્ષાત દર્શન થતાં, તેવી રીતે જો સાક્ષાત દર્શન થતા હોય તો ન ન્હાવું.

સાભાર : "શ્રીયમુનાશ્રય"

D. માધવદાસનો પ્રસંગ

માધવદાસની આગ્રામાં કાપડની બહુ મોટી દુકાન હતી. તેઓ ભારે કીમતી કાપડનો મોટો વેપાર કરતા. ગામગામથી કીમતી કાપડ મંગાવતા દુકાન ધમધોકાર ચાલતી તેમનું બહુ મોટું નામ હતું.

એક દિવસ શ્રીગુંસાઈજી આગ્રા પધાર્યા દુકાન પાસેથી શ્રીગુંસાઈજી પધારતા હતા, ત્યારે દુકાનમાં ગાદીતકીયે બેઠેલા માધવદાસની નજર શ્રીગુંસાઈજી ઉપર પડી. નજર પડતાં જ મનમાં નિશ્ચય થયો કે મારે તેમના સેવક થવું જોઈએ. તેઓ તરત દુકાન પરથી નીચે ઊતર્યા. પણ ત્યાં સુધી તો શ્રીગુંસાઈજી આગળ પધારી ચૂક્યા હતા. પાછળ પાછળ માધવદાસ પણ ઉતાવળા પગે ચાલ્યા. રૂપચંદ નંદના ઘેર આવ્યા શ્રીગુંસાઈજીનો ત્યાં મુકામ હતો.

માધવદાસે શ્રીગુંસાઈજીને વિનંતી કરી સેવક કરવા કાલાવાલા કર્યા. શ્રી ગુંસાઈજીએ તેમને દૈવી જીવ જાણી, બીજે દિવસે બ્રહ્મસંબંધ કરાવ્યું અને આજ્ઞા કરી : તમે રૂપચંદ નંદાનો સત્સંગ કરજો, તેનાથી તમારું કલ્યાણ થશે.

માધવદાસ રોજ રૂપચંદ નંદાના ત્યાં ભગવદ્વાર્તા સાંભળવા આવતા.તેમને શ્રીગુંસાઈજીના સ્વરૂપમાં સ્નેહ વધવા લાગ્યો. તેમના મનમાં મનોરથ જાગ્યો કે શ્રીગુંસાઈજી અને તેમના પૂરા પરિવારને ઉત્તમમાં ઉત્તમ

વસ્ત્રો અંગીકાર કરાવું મારી દુકાનમાં દેશદેશાવરથી ઉત્તમ વસ્ત્રો આવે છે, ગુજરાતથી કિનખાબ આવે છે, કાશીથી જરીનાં વસ્ત્રો આવે છે. એ બધાં શ્રીગુંસાઈજીને લાયક છે. શ્રીગુંસાઈજી તે અંગીકાર કરે તો મારું દ્રવ્ય સાર્થક થાય.આવો વિચાર કરી માધવદાસે જરી, કિનખાબ અને રેશમનાં ઉત્તમમાં ઉત્તમ વસ્ત્રોના તાકા અલગ કાઢવા માંડ્યા. તેમાં પુરુષોને માટેનાં વસ્ત્રો બને એવા તાકાનું અલગ પોટલું બાંધ્યું. બીજું પોટલું સ્ત્રીઓ માટેનાં વસ્ત્રોનું બાંધ્યું. બંને પોટલાં લઈ તેઓ ગોકુળ જવા નીકળ્યા.

તેઓ ગોકુળ પહોંચ્યા ત્યારે શ્રીગુંસાઈજી ગાદીતકિયા પર બિરાજતા હતા. તેમણે શ્રીગુંસાઈજીને દંડવત કર્યા અને વિનંતી કરી : મહારાજ, ઘણા દિવસથી આપના દર્શન કરવાનો મનોરથ હતો, તે આજે પૂરો થયો છે. એક બીજો મનોરથ છે, આપને અને આપના પરીવારને ઉત્તમ વસ્ત્ર અંગીકાર કરાવવાને હું લઈ આવ્યો છું.આપ કૃપા કરી અંગીકાર કરો. શ્રીગુંસાઈજીએ વસ્ત્રો મંગાવ્યા. બંન્ને પોટલાં છોડાવ્યા. ઉત્તમમાં ઉત્તમ વસ્ત્રો જોઈ શ્રીગુંસાઈજી પ્રસન્ન થયા અને આજ્ઞા કરી માધવદાસ, આ બધા વસ્ત્રો શ્રીસ્વામિનીજી અને શ્રીઠાકોરજીને લાયક છે.માટે તમે આ બંને પોટલાં શ્રીયમુનાજીની મધ્યધારામાં પધરાવી દો.

માધવદાસ શ્રીગુંસાઈજી સામે કશું બોલી શક્યા નહીં, પણ મનમાં વિચાર થયો કે મારો મનોરથ તો મનમાં જ રહી ગયો. મારો એવો શો અપરાધ હશે કે શ્રીગુંસાઈજીએ તે અંગીકાર ન કર્યો ? જેવી ભગવાનની ઈચ્છા.

આમ વિચારી તેઓ શ્રીઠકુરાણીઘાટ ગયા. ત્યાં શ્રીયમુનાજીની મધ્યધારામાં જઈ બંને પોટલા તેમાં પધરાવી દીધાં. મનમાં ક્લેશ બહુ રહ્યો. ન પ્રસાદ લીધો કે ન જળ પીધુ. ભૂખ્યા-તરસ્યા જ ઘાટ ઉપર એકાંતમાં પડ્યા રહ્યાં.

શ્રીગુંસાઈજી તો અંતર્યામી છે અને પરમ દયાળુ પણ છે. ભક્તવત્સલ છે અને કરુણાસિંધુ પણ છે. તેથી તેઓ માધવદાસનો તાપક્લેશ સહન ન કરી શક્યા. અડધી રાતે આપ શય્યામાંથી ઊઠ્યા. સ્નાન કરી, લીલા મેવાનો ડબરો સિદ્ધ કરી બહાર પધાર્યા. ત્યાં સૂઈ ગયેલા વૈષ્ણવને પૂછ્યું : આગ્રાથી માધવદાસ ક્ષત્રિય વૈષ્ણવ આવ્યા છે, તે ક્યાં છે ? મહારાજાધિરાજ, એ તો બહુ દુઃખી છે,

ખાનપાન કર્યું નથી. ક્યાંક પડ્યા હશે ! જાઓ જલદી તેમને શોધીને લઈ આવો.

તે વૈષ્ણવ માધવદાસને શોધીને લઈ આવ્યા. શ્રીગુંસાઈજીએ આજ્ઞા કરી "મશાલ સળગાવી લાવો." વૈષ્ણવે મશાલ સળગાવી. શ્રીગુંસાઈજીએ ફરી આજ્ઞા કરી "આ મશાલ માધવદાસને આપો" માધવદાસ, તમે મારી સાથે ઠકુરાણીઘાટ ચાલો.

માધવદાસ આગળ ચાલ્યા. શ્રીગુંસાઈજી મશાલના અજવાળે ચાલ્યા પેલા વૈષ્ણવ સાથે જવા લાગ્યા. શ્રીગુંસાઈજીએ ના પાડી : કોઈએ સાથે આવવાનું નથી. (અધિકાર - વગર લીલા ના દર્શન સંભવ નથી જ !!!)

શ્રીગુંસાઈ માધવદાસને લઈ, ઠકુરાણીઘાટ પધાર્યા. આપે માધવદાસને આજ્ઞા કરી : માધવદાસ, જુઓ તમારાં વસ્ત્રો શ્રીસ્વામિનીજીએ અને શ્રીઠાકોરજીએ અંગીકાર કર્યા છે.

શ્રીયમુનાજીના જળની ભીતર માધવદાસને શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજીનાં દર્શન થયાં બંનેએ વસ્ત્રો ધર્યા હતા. માધવદાસ દર્શન કરવામાં મગ્ન થઈ ગયા. શ્રીગુંસાઈજી નિકુંજે પધાર્યા અને યુગલસ્વરૂપને લીલામેવાનો ભોગ ધર્યો. યુગલ સ્વરૂપ ભોગ આરોગ્યા પછી નૃત્ય કરવા લાગ્યા. એ નૃત્યનાં દર્શન માધવદાસને થયાં. તેઓ પ્રસન્ન ચિત્તે વિચાર કરવા લાગ્યા કે મારાં અહોભાગ્ય છે, શ્રીગુંસાઈજીની કૃપાથી શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીએ મારાં વસ્ત્ર અંગીકાર કર્યા. આપશ્રીની કૃપાથી મને રાસલીલાનાં દર્શન પણ થયાં.

શ્રીગુંસાઈજી પાછા પધાર્યા ત્યારે માધવદાસે દંડવત કરી, વિનંતી કરી : મહારાજ, આપના વિના મારા પર આવી કૃપા કોણ કરે ?

સાભાર : "જયતિ શ્રી યમુને"

મોર મુકુટ શિરપર ધર્યો, મુખ મોરલી ઘનઘોર
વૃંદાવનકી કુંજમેં જય જય જુગલ કિશોર
નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી
હાથી દિયો ઘોડા દિયો ઓર દિયો પાલખી.

E. શ્રી યમુનાજીના સ્વરૂપનો અનુભવ

"કરિ પ્રણામ જમના જલ લહિયે, શ્રીવલ્લભ પદ રજ પ્રતાપતેં શ્રી યમુના ગુણ કહીયે."

શ્રી આચાર્યજી પોતે સ્નાન કરી છોંકરના વૃક્ષની નીચે પોતાની બેઠકમાં બિરાજ્યાં હતા. ત્યારે બધા વૈષ્ણવ પરમાનંદદાસ સહિત સ્નાન કરી શ્રી મહાપ્રભુજીની પાસે બેઠા હતા.પછી શ્રી આચાર્યજીએ પરમાનંદદાસને શ્રી યમુનાજીના પદ યશ-વર્ણન કરવા આજ્ઞા કરી પરંતુ પરમાનંદદાસજીને શ્રી યમુનાજીના સ્વરૂપનો અનુભવ-સ્ફૂરાયમાન ન થયું.ત્યારે શ્રી મહાપ્રભુજીએ શ્રી યમુનાષ્ટક - પરમાનંદદાસને શિખવ્યું.

ત્યારે પરમાનંદદાસના હૃદયમાં શ્રી યમુનાજીનું સ્વરૂપ સ્ફૂર્યું. શ્રી વલ્લભ પદ રજ પ્રતાપતેં શ્રી યમુના મુખ કહિયે. એટલે શ્રી યમુનાજીના યશ વર્ણન કર્યો. તે પદ :-

શ્રીયમુનાજી યહ પ્રસાદ હો પાઉં ।

તુમારે નિકટ રહોં નિસવાસર રામકૃષ્ણ ગુણ ગાઉં ॥૧॥
મજ્જન કરો વિમલ જલ પાવન, ચિંતા ક્લેસ બહાઉં,
તિહારી કૃપાતેં ભાનુકી તનયા, હરિપ્રદ પ્રીતિ બઢાઉં ॥૨॥
બિનતી કરો યહી વર માંગો, અધમન સંગ વિસરાઉં,
પરમાનંદ પ્રભુ સબસુખ દાતા, મદન ગોપાલ લડાઉં ॥૩॥

જેમ શ્રીજી ના દર્શન થાય છે તેમ સ્વરૂપાત્મક-સંયોગાત્મક-બાહ્યદર્શન શ્રીયમુનાજીના સામાન્યતઃ થતા નથી, તેથી શ્રીયમુનેની કૃપાવાત્સલ્યતા સમજવામાં જીવને અશક્ય બને છે.પરંતુ જ્યારે શ્રી વલ્લભની અમિદ્રષ્ટિ - કૃપાદષ્ટિ થાય છે ત્યારે આ દશા બદલાઈ જાય છે અને શ્રીયમુનાજીનું કૃપા વાત્સલ્યથી ભરપૂર સ્વરૂપ અંતરમાં પ્રકટ થાય છે.

દીન જાન મોહે દીજેં શ્રીયમુનાજી,
નંદકુમાર સદા વર માંગે,
ગોપિનકી દાસી મોહે કીજેં. ॥૧॥

તુમતો પરમ ઉદાર કૃપા નિધિ,
ચરણ શરણ સુખકારી,
તિહારે વશ સદા લાડિલી વર ॥૨॥
તવ તટ ક્રીડત ગિરિધારી.
સબ બ્રજજન વિહરત સંગ મિલ,
અદભુત રાસ વિલાસી,
તુમારે પુલિન નિકટ કુંજનદ્રુમ,
કોમલ શશી સુવાસી. ॥૩॥
જ્યોં મંડલમેં ચંદ બિરાજત,
ભરભર છિરકત નારી,
શ્રમજલ હસત ન્હાત અતિ રસભર,
જલ ક્રીડા સુખકારી. ॥૪॥
રાનીજીકે મંદિરમેં નિત્ય ઉઠ,
પાય લાગ ભુવન કાજ સબ કીજેં,
પરમાનંદ દાસ દાસી વ્હે,
નંદનંદન સુખ દીજે. ॥૫॥

શ્રી યમુનાજીનું કૃપા વાત્સલ્ય ભરપૂર સ્વરૂપ અંતરમાં પ્રકટ થતાંજ, એવાં પદ પરમાનંદદાસે શ્રી આચાર્યજીના આગળ શ્રી યમુનાજીના તટ ઉપર ગાયાં. ત્યારે શ્રી આચાર્યજીએ પોતે પ્રસન્ન થઈને પરમાનંદદાસજીને શ્રી ગોકુલની બાલલીલાનાં દર્શન કરાવ્યાં. (પરમાનંદદાસના હૃદયમાં શ્રીયમુનાજીનું સ્વરૂપ-સ્ફૂરણા અને શ્રી વલ્લભની કૃપાથી એમને વ્રજ લીલા ના દર્શન થયાં)...ત્યારે બાલલીલા વિશિષ્ટ પરમાનંદદાસને એવા દર્શન થયાં કે વ્રજભક્ત શ્રીયમુનાજલ ભરે છે. અને શ્રી ઠાકોરજી આપ વ્રજભક્તો સાથે નાના પ્રકારની લીલા કરે છે ત્યારે પરમાનંદદાસે લીલાંનાં દર્શન કરી એવાં જ પદ શ્રી આચાર્યજીની આગળ ગાયાં.

સાભાર : પુસ્તક - "જયતિ શ્રીયમુને" માંથી

F. શ્રીયમુનાજીનું મહાત્મ્ય - પ્રસંગ

એક વખત દ્વારકાજીમાં શ્રી ઠાકુરજી શ્રી રૂક્ષ્મનીજી સાથે વ્રજલીલાની વાત કરતા હતા. તે વખતે પરમેસુરી નામની સખી કંઈ કામ માટે ત્યાં આવી તેણે દૂરથી બધી વાત શ્રી ઠાકુરજીના શ્રી મુખે સાંભળી, ત્યારે તેના મનમાં થયું કે હું વ્રજલીલાનો અનુભવ કરૂં એવું મારૂં ભાગ્ય ક્યારે થશે ? અને તેને બહુ જ આર્તી થઈ, તેથી બધુ ખાનપાન છૂટી ગયું. ચિત્તમાં રાત દિવસ ખેદ રહે, ક્યાંય સુહાતું ન્હોતું. કોઈ કાર્યમાં મન લાગે નહિં. શ્રીઠાકોરજી તો આપ અંતર્યામી છે તેથી તે સખીના મનની વાત જાણી ત્યારે શ્રી ઠાકોરજીએ પરમેસુરીને બોલાવી આજ્ઞા કરી કે તૂં ખેદ કેમ કરે છે. શ્રીયમુનાજીનું ધ્યાન કર, કેમકે શ્રી યમુનાજી વ્રજલીલાના અધિષ્ઠાત્રી છે, વ્રજલીલાનું સૌભાગ્ય તો એમની જ કૃપાથી પ્રાપ્ત થાય છે, તેથી તું એમનું સ્મરણ કર, તારો મનોરથ સિદ્ધ થશે.

આ પ્રકારે શ્રી ઠાકોરજી એને વરદાન દઈને શ્રી રૂક્ષ્મનીજી પાસે પધાર્યા અને પછી પરમેસુરી વિરહ-તાપ કરીને, શ્રી યમુનાજીનું સ્મરણ કરવા લાગી. થોડા દિવસમાં શ્રી યમુનાજી પ્રસન્ન થઈ તેને દર્શન આપ્યા એ કહ્યું કે તું માંગ, હું તારા ઉપર પ્રસન્ન છું.

ત્યારે પરમેસુરીએ હાથ જોડીને વિનંતી કરી કે અહો ! શ્રી મહારાણીજી જેવી રીતે આપે શ્રી કુમારિકાઓનો મનોરથ પૂર્ણ કર્યો તેવી રીતે મારો પણ મનોરથ છે તો કૃપા કરી પૂર્ણ કરો, હું આપને શરણે છું.

ત્યારે શ્રીયમુનાજીએ કૃપા કરી તેને પૂછ્યું કે તારો શું મનોરથ છે !

ત્યારે પરમેસુરીએ કહ્યું કે અહો મહારાણીજી ! આપ વ્રજની અધિષ્ઠાત્રી છો એવું શ્રી ઠાકોરજી એ મને કહ્યું છે તેથી આપ, હું દીન ઉપર એવી કૃપા કરો કે, મારો વ્રજલીલામાં અંગીકાર થાય. બીજી મારી કાંઈ જ ઈચ્છા નથી.

ત્યારે શ્રી યમુનાજીએ પ્રસન્ન થઈ આજ્ઞા કરી કે તથાત્સુ ! એમ જ થશે.

સખીતરા ગામની ગુજરી :- આ પ્રકારે શ્રી યમુનાજી તેના ઉપર કૃપા કરીને અંતર્ધાન થયા અને પછી થોડા દિવસમાં વ્રજમાં સખીતરા ગામમાં એક

ગુજરને ત્યાં જન્મી અને બાર વરસની થઈ ત્યારે તેનો વિવાહ વ્રજવાસીના છોકરા સાથે થયો, તે પણ ગુજર હતો. તે કુટુંબ સહિત શ્રી ગુંસાઈજી પાસે નામ પામ્યો હતો. આ વ્રજવાસી અન્યોરમાં રહેતા હતા ત્યાં તેમના ઘેર આવી અને શ્રીગુંસાઈજી પાસે નામ પામી અને શ્રી ગુંસાઈજીની સેવક થઈ, તે દિવસથી તે વહુ હંમેશાં શ્રી ગોવર્ધનનાથજીના દર્શને જતી એવી શ્રી ગોવર્ધનનાથજીમાં આસક્ત થઈ કે શ્રી ગોવર્ધનનાથજીના દર્શન કર્યા વિના અન્ન-જલ ન લે એવી એની ટેક હતી. તે બહુ મોટી ભગવદીયા થઈ અને શ્રી ગોવર્ધનનાથજી તેને આધીન થઈને રહેતા અને તેના બધા મનોરથ પૂર્ણ કરતાં. એમ શ્રીયમુનેની કૃપાથી એને વ્રજવાસ અને પ્રભુની લીલાનો આનંદ પ્રાપ્ત થયો.

આભાર : પુસ્તક "જયતિ શ્રીયમુને"માંથી

G. પ્રભુ લીલાનો અનુભવ

રાજા આશકરણે યમુનાજીમાં સ્નાન કર્યા પછી શ્રી નવનીતપ્રિયાજી સન્મુખ શ્રી ગુંસાઈજીએ એમને બ્રહ્મસંબંધ કરાવ્યું. એના પછીજ રાજા આશકરણને પ્રભુ લીલાનો અનુભવ થવા લાગ્યો. પ્રભુએ પ્રસન્ન થઈ, તેમને વ્રજભક્તો સાથે, પ્રભુ હોળી ખેલી રહ્યા છે - તે ગોકુલ - નંદાલયની લીલાંના દર્શન થયાં.

એક સમય હોળીના દિવસો હતા. રાજા આશકરણ "ગોપકુવા" થી "જશોદાઘાટ" નહાવા માટે આવતા હતા. શ્રી ઠાકોરજીએ રમણરેતીમાં મોરલી વગાડી. તે મોરલીનો નાદ રાજા આશકરણે સાંભળ્યો. સાંભળતા જ તેઓ તો "રમણરેતી" ગયા. ત્યાં જઈને જુએ છે, તો અલૌકિક - ગોકુળ - નંદાલયની લીલાનાં દર્શન થયાં. વ્રજભક્તો શ્રી ઠાકોરજી સાથે હોળી ખેલવા આવ્યા છે. શ્રી ઠાકોરજી પોતાના સખાઓને લઈને ઉભા છે. સ્વામિનીજી પોતાની સખીઓ સાથે ઉભા છે. પરસ્પર હોળી ખેલી રહ્યા છે. ચાર રસ્તાઓ છે અને એ ચારે રસ્તાઓ પરથી બધાજ નંદાલયના પરિકર આવી રહ્યા છે. આ રીતનું લીલાસહિત દર્શન રાજા આશકરણને થયું. હૃદયમાં તો આનંદનો પાર ન રહ્યો. ત્યારે આ ધમાર રાજા આશકરણે ગાઈ.

રાગ ધનાશ્રી

યા ગોકુલકે ચૌંહટે રંગરાચી ગ્વાલિ.
મોહન ખેલે ફાગ, નૈન સલોન રી,... રંગરાચી ગ્વાલ.
નરનારી આનંદ ભયો, સાંવલકે અનુરાગ નૈન સલોન રી... રંગરાચી ગ્વાલ.

સાભાર : પુસ્તક "જયતિ શ્રીયમુને"માંથી

H. "શ્રી યમુનાજી પતિત પાવન કરે"

રૂપમુરારિદાસ બાદશાહના નોકર હતા અને એમના માટે શિકાર કરવા જતા અને શિકાર કર્યા પછી થાક મટાડવા માટે યમુનાજીમાં દેહકૃત્ય, સ્નાન આદિ કરતા એક દિવસ તે શિકાર કરતા કરતા ગોવર્ધન - માનસીગંગા થતા પુંછરી તરફ ગયા ત્યાં એમને શિકાર માર્યા પછી પાછા વળતામાં ગોવિંદ કુંડ પાસે આવ્યા તે સમય શ્રી ગુંસાઈજી ગોવિંદકુંડ પાસેથી પધારતા હતા ત્યાં તેમને આપશ્રીનાં દર્શન થયાં. શ્રી ગુંસાઈના અલૌકિક દર્શન કરી તે પ્રભાવિત થયા અને પોતાના શિકારી પહેરવેશ લોહી લાગેલા વસ્ત્રો સહિત શ્રી ગુંસાઈજીને દંડવત કર્યા અને કહ્યું મહારાજ મારી તો આવી અવસ્થા છે હું આપને શરણે આવ્યો છું. આપ મારો અંગીકાર કરો. આપશ્રીએ તેમને સ્નાન કરી આવવાની આજ્ઞા કરી મુરારિદાસે સ્નાન કરી બીજા વસ્ત્રો પહેરી શ્રી ગુંસાઈજીની સન્મુખ આવ્યા. શ્રી ગુંસાઈજીએ શ્રીજી સન્મુખ એમને શરણે લીધા અને રૂપમુરારિદાસની દેહ જ્યાં સુધી રહી ત્યાં સુધી રોજ પ્રસાદી પાતલમાંથી એક કણીકા લઈ બીજો પ્રસાદ લેતાં. શ્રી યમુનાજીમાં થાક મટાડવા માટેનું સ્નાન એમને શ્રી યમુનાજીની કૃપા દ્વારા અલૌકિક દેહમાં લઈ આવ્યો. આવી કૃપાસાગરી શ્રી યમુને પોતાના ભક્તોનું ધ્યાન રાખે છે.....

શ્રી યમુનાજી પતિત પાવન કરે.....
પ્રથમ હી જબ દિયો દર્શન, સમલ પાતક હરે...
જલ તરંગન પરસ કર, પય પાન સોં મુખ ભરે...
નામ સ્મરત, ગઈ દુર્મતિ, કૃષ્ણ યશ વિસ્તર...
ગોપ કન્યા કિયો મજ્જન લાલ ગિરધરવર વરે....
સૂર શ્રી ગોપાલ સ્મરત સકલ કાર્ય સરે...

સાભાર : પુસ્તક - "જયતિ શ્રીયમુને" માંથી

I. શ્રીયમુનાજીના કૃપા પ્રસંગ

સો વર્ષ પહેલાનો પ્રસંગ

સો વર્ષ પહેલાંનો પ્રસંગ છે. એક આધેડ વૈષ્ણવ બહેન વ્રજપરિક્રમા કરવા ગયા. બેલવનમાં મુકામ-મરડો થઈ ગયો. તેમાં છોવાયેલાં થયાં. ભૂખ-તરસ-અશક્તિ. યાત્રા નાવમાં શ્રીયમુનાજી પાર કરે. તેઓ અશુદ્ધ નાવમાં બેસાય નહીં. ગાડાની પાછળ ચાલવા .ગ્યાં હૈયે-હોઠે યમુના નામ. અશક્તિ એટલી કે બેભાન થઈ, રસ્તામાં પડ્યા. એક ગોવાલણીના સ્વરૂપમાં શ્રીયમુનાજીએ પધારી, તે બેનને ઉઠાડી, અલૌકિક સામર્થ્યથી તેમના પાલ (તંબુ) પાસે મૂકી દીધાં !

J. દસકાનો પ્રસંગ

આ દસકાનો એક પ્રસંગ. યુવાન દીકરી. શ્રીયમુનાજીમાં અઢળક શ્રદ્ધા. ઘણું ભણેલી. "શ્રીયમુનાષ્ટક" રટે. પરદેશ-રોમ-જવાનું થયું. ત્યાં સાવ એકલી. ત્યાંની ભાષા આવડે નહીં. એરપોર્ટથી મુકામે પહોંચવાને બદલે પંદર કિલોમીટર દૂર અજાણ્યા સ્થળે પહોંચી ગઈ. કોઈ તેની અંગ્રેજી ભાષા સમજે નહીં. મુકામનું સ્થળ બતાવે નહીં. વાહન મળે નહીં. રસ્તા વચ્ચે સામાન મૂકી, થાકીહારી રડતી જાય ને મનોમન શ્રીયમુનાષ્ટક રટતી જાય. એક પાકિસ્તાની યુવાન ક્યાંકથી આવ્યો આ દીકરીની વાત જાણી, તેને મુકામ પર પહોંચાડી. ન પૈસા લીધાં, ન આભારનો શબ્દ સાંભળવા ઉભો રહ્યો. શ્રીયમુનાજીએ જ એની રક્ષા કરી.

K. તાજેતરનો પ્રસંગ

તાજેતરનો પ્રસંગ વડોદરાના એક ભગવદીય પરિવારનો પૌત્ર વીસ-બાવીસ વર્ષના "શ્રીયમુનાષ્ટક"માં પ્રીતિ કે કાર ચલાવીને જતો હતો. ગાડીને ભયંકર અકસ્માત થયો. આખી ગાડી તૂટી ગઈ. ગેરેજવાળો કહે : આ ચલાવનાર બૂરા હાલે મર્યો હશે. પણ શ્રીયમુનાજીએ એનો વાળ પણ વાંકો થવા ન દીધો ! "સરન પ્રતિપાલ ગોપાલ રતિવર્ધિની."

"જો ઈનકી સરન જાત હૈ દોરિ કે,
તાહિ કો તિહિ છિનુ કરત સનાથા."

જે મનુષ્ય જે ભાવથી શ્રીયમુનાજીનું નામ રટે, તેને શ્રીયમુનાજી તેવું ફળ આપે છે. ગીતાજીમાં ભગવાને પણ આવી જ આજ્ઞા કરી : મને જે મનુષ્ય જે ભાવથી ભજે, તેને હું તે ભાવે મળું છું. આથી શ્રીસુરદાસજી કહે છે : જેઓ શ્રીયમુનાજીને દેવી સ્વરૂપ જાણી, મર્યાદા ભાવથી રટે છે, તેમને શ્રીયમુનાજી લૌકિક સુખ આપે છે. જેઓ શ્રીયમુનાજીનું પુષ્ટિ સ્વરૂપ જાણી, પુષ્ટિભાવથી - નિષ્કામ ભાવથી રટે છે તેમને શ્રીયમુનાજી અવશ્ય પુષ્ટિફળ આપે છે.

"નામ મહિમા ઐસી જા જાનૌ,
મર્યાદાદિક કહે, લૌકિક સુખ લહે,
પુષ્ટિ કો પુષ્ટિ - પથ, નિશ્ચે જુ બાનો."

સાભાર : "ચિત્તમેં શ્રી જમુના નિસદિન રાખો" પુસ્તકમાંથી
લેખક : શ્રીરમેશભાઈ પરીખ

L. અનન્ય ટેક-પ્રસંગ

પુષ્ટિમાર્ગમાં શ્રીયમુના મહારાણીજીનું સ્વરૂપ સાક્ષાત અલૌકિક સ્વરૂપ છે. આધિ-ભૌતિક રૂપે ભલે જળરૂપે બિરાજતા હોય, પણ આપનું આધિદૈવિક સ્વરૂપ દિવ્ય અને અલૌકિક છે. શ્રીયમુનાજી પ્રભુ શ્રીકૃષ્ણના ચતુર્થ પટરાણીજી છે. આપ ઘણા જ કૃપાળુ છે. જીવને પ્રભુ સાનિધ્ય કરાવવા માટે શ્રીયમુનાજી સહાયક છે. આવા કૃપાળુ શ્રીયમુનામૈયાની એક જીવ ઉપર લૌકિકમાં થયેલી કૃપાનો પ્રસંગ જોઈએ.

કોટા શહેરમાં એક પરિવાર રહે છે. આ પરિવારમાં એક બહેન પરણીને નવાસવા આવેલા. આ બહેનને કોટાવાળા ગોસ્વામી બાલકનું બ્રહ્મસંબંધ હતું.બ્રહ્મસંબંધ દિક્ષા લીધા પછી આ બહેન ફક્ત એક જ પતિ શ્રીકૃષ્ણ છે. એ ભાવના રાખી બધા દેવી-દેવતા ઉપરાંત કુળની પરંપરા અનુસાર સેવાતા કુળદેવી બધાને છોડી એક પ્રભુમાં દૃઢ આશ્રય રાખી શ્રીની સેવા કરતા. આથી ઘરના લોકો બધા તેમના ઉપર ખૂબ જ નારાજ રહેતા. અવારનવાર આ બહેનને મેણાં-ટોણાં મારતાં પણ આ બહેન તેના ઉપર ધ્યાન આપતા નહિ.

પ્રભુએ ઘણા ભક્તોની કસોટી કરી છે.આ બહેનના જીવનમાં પણ કસોટી આવી. એક દિવસ આ બહેનના પતિ બહાર કોઈ કામ માટે સાયકલ ઉપર જતા હતા, તે વખતે રસ્તામાં અચાનક સાયકલ અને સામેથી આવતા ટ્રકનો જોરદાર અકસ્માત થયો. આ ભાઈ રસ્તા ઉપર ફેંકાઈ ગયા.તેમનું માથું ફૂટી ગયું. લોહી વહેવા લાગ્યું. લોકો ભેગા થઈ ગયા અને માથા ઉપર કપડું બાંધી તાત્કાલિક આ ભાઈને હોસ્પિટલ પહોંચાડ્યા. ખીસામાંથી તેમના ઘરનું સરનામાનું કાર્ડ મળ્યું. તે ઉપરથી તેમના ઘેર ખબર પહોંચાડી.આ બાજુ આ ભાઈની સારવાર ચાલુ થઈ ગઈ. તાત્કાલિક માથાનું ઓપરેશન કર્યું.ત્યારબાદ તેમને ઈમરજન્સી વોર્ડમાં રાખ્યા.

જે સમયે આ સમાચાર તેમના ઘેર પહોંચ્યા ત્યારે બહેન સેવામાં હતા. એમણે શાંતિથી બધી વાત સાંભળીને જરાપણ ગભરાટ કે રોકકળ કર્યા વગર કહ્યું : હુ સેવાથી પહોંચીને હમણાં આવું છું.

ઘરના બધા સભ્યો બહેનની આ વાત સાંભળીને અવાક રહી ગયા. પછી તો સાસરીયા એમના ઉપર તૂટી પડ્યા. તારા લીધે જ અમારા દિકરાના આ હાલ થયા છે. તે આપણા દેવી-દેવતાઓનો તિરસ્કાર કર્યો છે. તેનું આ ફળ છે. હવે ચાલ, માફી માગ અને સારા જ્યોતિષી પાસે જઈને જાણીએ કે તારા ભાગ્યમાં શું લખેલું છે !

પેલા બહેને કહ્યું : તમારે જે કરવું હોય તે કરો. મારે કયાંય જવું નથી. મારા કુળદેવી શ્રીયમુનાજી મારા ઘરમાં બીરાજે છે. એ પરમ કૃપાળુ છે. એઓ જેમ કરવું હશે તેમ કરશે. તેઓ પોતાના બાળકનું કદિ અહિત નહિ કરે. આમ કહી તે બહેન સેવામાં પરોવાઈ ગયા.

બધા હોસ્પીટલ પહોંચ્યા. વળી કોઈ જ્યોતિષ પાસે ગયું. આ બહેન સેવામાંથી પરવારી એક ડાબામાં શ્રીઠાકોરજીનો પ્રસાદ અને ઝારીજીનું જળ લઈ હોસ્પીટલ પહોંચ્યા. તેમના પતિ ઈમરજન્સી વોર્ડમાં બેહોશ પડ્યા હતા.અંદર કોઈને જવા મળે નહિ. આ બહેને ડોક્ટરને મળીને બધી વાત જાણી. ભાઈની સ્થિતિ ગંભીર હતી. ડોક્ટરે કહ્યું : ૨૪ કલાક કાઢે તો બચવાની થોડી શક્યતા છે. કદાચ બચી જશે તો પણ તેમની સ્મરણશક્તિ જતી રહેશે. ઉપરાંત હાથે-પગે અપંગ થઈ જશે. બહેને કહ્યું. જેવી પ્રભુની ઈચ્છા. પણ મને એકવાર મારા પતિને મળવા અંદર જવા દેશો ? ડોક્ટરે સાફ ના પાડી. પેલી બહેને ફરી પ્રેમથી-નમ્રતાથી વિનંતી કરી. ડોક્ટરે કહ્યુ : ભલે જાવ,

મળી આવો. પણ સાથે આ શું લઈને જાવ છો ? એટલે તે બહેને કહ્યું : 'આ જળ અને પ્રસાદ મારા પતિ માટે લઈ જાવ છું.' અરે, આ શું કહો છો ? જળ તો અત્યારે એના માટે ઝેર બની જશે. અને ખાવા પણ કંઈ નહિં અપાય. ડોક્ટરે તાકીદ કરી. પેલી બહેને હસતાં હસતાં કહ્યું : આ જળ તો અમૃત છે. ડોક્ટર સાહેબ ! આનું મહત્વ તમો શું જાણો ? બહેને જીદ કરી. આમેય મારા પતિ મૃત્યુની નજીક છે. તો તેમને પ્રસાદની કણિકા અને જળ આપીશ તો મારા મનને શાંતિ થશે. બહેનની જીદ પાસે ડોક્ટરનું કંઈ ન ચાલ્યું. શ્રીયમુનાજીનું સ્મરણ અને યમુનાષ્ટકના રટણ સાથે બહેન રૂમમાં દાખલ થયા. તેમના પતિને પલંગમાં ચાદર ઓઢાડીને સુવડાવેલા. તેઓ નિશ્ચેતન સ્થિતિમાં સુતા હતાં.

આ બહેને શ્રીયમુના મહારાણીજીનું સ્મરણ કરી પતિના શરીર ઉપર હાથ ફેરવ્યો. પછી ઝારીજીનું જળ એક ચમચી મોઢામાં આપ્યું. પ્રસાદી કણિકા પણ મોઢામાં મુકી. પછી પાસે બેસીને સતત શ્રીયમુનાજીનું સ્મરણ તથા રટણ કરવા લાગ્યા. કલાક બે કલાક થયાં ત્યાં તો આ ભાઈના શરીરમાં સળવળાટ થયો. અને ધીરે ધીરે તેઓ ભાનમાં આવ્યા.

ડોક્ટરોને ખબર પડી. તેઓ સૌ નવાઈ પામ્યા.જ્યાં આશાની એક કિરણ પણ દેખાતી ન હતી ત્યાં વળી આ શું ચમત્કાર થયો ? ધીરે ધીરે ભાઈ સંપૂર્ણ ભાનમાં આવ્યા. બહેન તો નામ સ્મરણમાં મગ્ન હતા.

આ ભાઈ જેટલા દિવસ હોસ્પિટલમાં રહ્યા તે દરમિયાન આ બહેને પોતાની સેવા-સ્મરણની ટેક ન છોડી. ઘેર આવ્યા પછી રોજ શ્રીયમુનાજીનું સ્મરણ કરતા કરતા તડકામાં હાથ પકડી પતિને ફેરવતી, શરીરે માલીશ કરતી, નાના બાળકની જેમ પતિની કાળજી રાખી ખૂબ તન-મનથી સેવા કરી. આશરો અને વિશ્વાસ એક જ શ્રીયમુનાજીનો. મનમાં એક જ ભાવના-શ્રીયમુનાજી જે કરશે તે મારા હિતમાં જ કરશે.

પ્રભુની કસોટીમાંથી લગભગ છ મહિને આ બહેન પાર ઉતર્યા. આ સત્ય ઘટના છે. આજે આ વાતને ત્રણ વર્ષ થયા છે. આ બહેનના પતિને જોઈ કોઈ કહી ન શકે કે આ ભાઈનું આવો ભયંકર એકસ્માત થયો હશે ! પહેલાં જેવાં જ તંદુરસ્ત. આજે એમને બચાવનાર કોણ ? કલિકાલમાં પણ આવા અનુભવ થાય છે.

સાભાર : પ.ભ.કમલાબેન આશર, રાયપુર
"સત્સંગ" વર્ષ ૪૭, અંક ૯

M. સ્નાનયાત્રા

કલિન્દ પર્વતના શિખર પર રાજા અર્ક (સૂર્ય) ની આણ ફરતી હતી. કલિન્દના શીખરો, શશી અને નદીનાં આકર્ષણો વધે જતાં હતા. રાત પડી. આભમાં તારલાઓ ચમકતા હતા. ઉનાળાનો સુમધુર સમીર આવી રહ્યો હતો. ચોમાસાના દિવસો પાસે આવતા હોવાથી આકાશમાં કાળી વાદળીઓ દોડી રહી હતી. પૃથ્વી ઉપર વર્ષાની તૈયારી થવા લાગી.

સૂર્યમંડળમાં વિરાજીત નારાયણના હૃદયમાંથી પ્રગટ થઈ શ્રીયમુનાજી પૃથ્વી ઉપર પધાર્યા. શ્રીપ્રભુએ તેમનો સર્વ રીતે નિરંતર અંગીકાર કરેલો છે. ને પુષ્ટિસ્થ છે. શ્રીયમુનાજી ભૂતલ ઉપર પધારી ભક્તોને ભગવદ્દ્ભાવ સંપાદન કરાવે છે. શ્રીપ્રભુના ચતુર્થપ્રિયા શ્રીયમુનાજી છે.**ભુવં ભુવનપાવનીમ્** (શ્રીયમુનાષ્ટક સ્તોત્ર ઉજું)

જેઠ માસનો બફારો હતો. જેઠની પૂર્ણિમાનો શુભ દિવસ અને જેષ્ઠાનક્ષત્ર હતું. સદાય ધીર ગંભીર વહેતાં જળનો વેગ આજે રોજ કરતાં જુદો જ હતો. શ્રીયમુનાજીને શ્રીજી મિલન માટેની ઉત્સુકતા વધી ગઈ હતી. શ્રીયમુનાજીનો હર્ષ સમાતો નહતો. આભમાં ચંદ્ર પણ મસ્ત બની બટમોગરાની જેમ પોતાની સોળે પાંખડીઓ ખોલ્યે જતો હતો.

સ્નાનયાત્રા સમયે નાથદ્વારામાં શ્રીજીને વેદોચ્ચાર સાથે સ્નાન કરાવતાં અદ્ભૂત દર્શન થાય છે. ત્યારે પથ્થરની દિવાલોમાંથી આજે પણ શ્રીયમુના મહારાણીજી પ્રગટ થાય છે.દિવાલોમાંથી જળની ધારારૂપે શ્રીમહારાણીજીનાં અલૌકિક દર્શન થાય છે.

પૌરાણિક એક કાવ્યમય કથા છે. પૃથ્વી પર પ્રાચિન કાળમાં સપ્ત ઋષિઓ ફરતા ફરતાં પૂનમના દિવસે શ્રીયમુનાતટે આવ્યા.જેષ્ઠાનક્ષત્ર હતું. ઋષિઓએ જમુનાજળનુ પાન કર્યું. સ્નાનયાત્રા હતી. જમુનાતટે ચૌદશે ભીડ વધતી જાય, અને પૂનમે તો પૂછવું જ શું ?

શ્રીયમુનાજી ધીરે ધીમાં ચાલે છે. પણ એ ધીમો પ્રવાહ એક કાંઠેથી બીજે કાંઠે ઘણીવાર બદલે છે. અને તે એટલા માટે કે બન્ને કીનારે માનવો સરખી સેવા કરી શકે. ચોમાસામાં પથરાએલાં લીલાછમ ખેતરો, તેમાં પડેલી

પગદંડીઓ, કલ્લોલ કરતાં પંખીઓ, ઝુલતાં વૃક્ષો-વેલ-પુષ્પો અને ક્યાંક સુરભી - વચ્છ ચારતા (ગાયો ચારતા) ઘેલા આહીર ગ્લાલ, ગોપ તેમજ મીઠો સમીર એ બધુ યમુનાતટે, અલૌકિક લાગે છે. દિલને ત્યાં ઘણું ગમી જાય છે. ગોઠી જાય છે. જીવનના ઝંઝાવાતોમાંથી છૂટી, વ્રજમાં જતાં ઘણી શાંતિ મળે છે.

ભાવિકો ઠકરાણી ઘાટે જળ આગળ બેસી જળ-તરંગનું સંગીત સાંભળી મુગ્ધ બને છે. ઉનાળો હોય તો પણ યમુનાકાંઠે તાપ લાગતો જ નથી. ઉંચે આભ અને તારા, નીચે યમુનાના બે કીનારા, આભ અને અવનિ ક્ષિતિજ પર મળી જતાં દેખાય, પણ કદી તે મળે શાના ? જમનાના બે તટ દૂર દૂર એક થઈ જતા લાગે, તો પણ રહે છે સદાય નિરાળા.

પવિત્ર પૃથ્વી અને દયાળુ શ્રીયમુનાજીના ઉપકારો મહાન છે. શ્રીયમુનાજીના ચરણે એવો કયો મનુષ્ય હશે કે જે આદરથી પોતાનું મસ્તક ન નમાવે ? **"ધન્ય શ્રીયમુના ! કૃપા કરી શ્રીગોકુળ વ્રજ સુખ આપજો."**

સાભાર : "સત્સંગ"માંથી

N. ઠકરાણીઘાટનો સત્ય ઘટનાનો પ્રસંગ

કલ્યાણ-ચંપારણ્ય નિવાસી એક વૈષ્ણવ ઠકુરાણી ત્રીજની પોતાની ૭૧મી વર્ષગાંઠ પ્રસંગે વ્રજમાં ગયા. સાથે તેમના ધર્મપત્ની પણ હતાં. સં.૨૦૫૩ શ્રાવણ સુદ-૧ સવારના મથુરામાં મુકામ કર્યો. શ્રાવણ સુદ ઠકરાણી ત્રીજના શુભ દિવસે શ્રીમદ્ ગોકુલમાં શ્રી ઠકુરાણી ઘાટ પર શ્રી યમુનાજીને કુનવારો આરોગાવવાનો તેમનો મનોરથ હતો. પ્રાથમિક તૈયારી માટે તેઓ બપોરના ગોકુલ ગયા. ચોમાસાની ઋતુ હોવાં છતાં આ સમયમાં જલવર્ષાને બદલે ધૂપવર્ષા અકળાવી રહી હતી. વ્રજમાં સર્વત્ર લગભગ જલવર્ષાની રાહ જોવાઈ રહ્યાનું સંભળાતું હતું.મનોરથી વૈષ્ણવ, ગોકુલમાં બીરાજમાન, પૂ.ગો.શ્રી ચીમનલાલજી મહારાજશ્રીને કુનવારાના મનોરથની આજ્ઞા માટે વિનંતી કરી. સહર્ષ આજ્ઞા મળી. આ સમયમાં શ્રી ઠકુરાણી ઘાટથી ઘણા જ લાંબા અંતરે સામે પાર શ્રી યમુનાજીનો શાંત ગંભીર પ્રવાહ હતો. ઘાટના વિશાળ પ્રાંગણપટમાં રેતરજના દર્શન થતાં હતા. મનોરથી વૈષ્ણવની. ત્યાંના

સ્થાનિક કાર્યકરો સાથે કુનવારાના સામગ્રી ભોગનીસજાવટ વિષે ચર્ચા થતા, છેવટે નિર્ણય લેવાયો કે : શ્રી મહાપ્રભુજીના બેઠકજીમાં ઘાટની ચોકી સુધી સામગ્રીની સજાવટ કરવી અને રેતીની પેલે પાર મંડપ જેવું બાંધીને સામગ્રીની અમુક ટોકરી કિનારા પર શ્રી યમુનાજીને ભોગ ધરવા વિ. નિર્ણય થયો.

એકમની સાંજ થવાની તૈયારી હતી. તૈયારી માટે સમય ઓછો પડતો હતો. દરમ્યાન મંદિરોમાંથી ભીતરીયાજી વિ.સહાયકોની ગોઠવણ થઈ ગઈ. લીસ્ટ મુજબ બજારમાંથી કાચી સામગ્રી પધરાવી આપી. રાત્રીના મનોરથી વૈષ્ણવ પાછા મથુરા આવ્યા. બીજને દિવસે સામગ્રી સિધ્ધ થઈ દરમ્યાન મોડી રાત્રે મથુરામાં ખબર મળ્યા કે "ગોકુલમાં શ્રી ઠકરાણીઘાટ પર શ્રી યમુનાજી ભરપુર પધાર્યા છે. ઘાટના બે પગથીયા પણ દેખાતા નથી. ઘાટ સુધી નાવ ચાલે છે. ત્રીજના વહેલી સવારે મનોરથી વૈષ્ણવ, મથુરાથી ગોકુલ આવ્યા. ઝરમર વરસાદ ચાલુ થયો હતો. ઘાટ સુધી શ્રી યમુનાજી ભરપુર બીરાજમાન હતા. પૂ.ગો.શ્રી ચીમનલાલજી મહારાજશ્રી ભોગ ધરવા તથા આરતી માટે પધાર્યા હતા. ઉપસ્થિત કીર્તનીયા મંડળીએ મધુર સ્વરમાં સુંદરકીર્તનો કર્યા. અન્ય યાત્રાળુઓ પણ ઘણા જ હતા. પ્રસંગાનુસાર ગોકુલવાસીઓ તેમજ અન્ય યાત્રાળુ વૈષ્ણવો પણ, ઘણા જ પ્રભાવિત થઈ વિસ્મયતાને પામ્યાં સર્વત્ર આનંદ છવાઈ ગયો. **"જગતમેં શ્રી યમુનાજી પરમ કૃપાલ ! બિનતી કરત તુરત સુન લીની ભયે મોયેં દયાલ"** શ્રી યમુનાષ્ટકનો પ્રાકટ્ય કાલ સં.૧૫૪૯ શ્રાવણ સુદ - ૩ (ઠકુરાણી ત્રીજ) (સત્સંગના સૌજન્યથી)"

શ્રી ગોકુલનાથ શ્રી ગોકુલપતિ પ્રગટ્યા ભક્તને કાજ
પધાર્યા તે પ્રેમેભર્યા સાથે રસનો લેઈ સાજ
રસભર્યું પ્રાગટ્ય એહ તણુ રસભરી લીલા અનુપ
અંગવદ સૃષ્ટિ રસભરી ન્યારી કે જુકત
મોહન નયનની પુતલી મોહન નયન સુજાણ
મોહન ને મલાવા તણી, દાઝ તે કેમ ભુલાય
તીસ જો લાગી તીસકું, તીસ બીન રહ્યો ન જાય
તીસ મિલાવે તીસકો, તીસ મીલે તીસ જાય.

૧૭. પિય સંગ રંગ ભરી કરિ કલોલે (રસલીલા)

શ્રીયમુનાજી સ્વામિની સ્વરૂપે નિકુંજેશ્વરી અને રાસેશ્વરી છે, નિર્ગુણભાવનાં સ્વામિની છે. શ્રીઠાકોરજી માટે તેમના હૃદયમાં તત્સુખનો નિષ્કામભાવ સદા પ્રગટ છે. આથી તેઓ સદા નિકુંજલીલામાં શ્રીઠાકોરજીની સાથે બિરાજે છે. રાસલીલામાં પણ તેઓ સદા શ્રીઠાકોરજીની સાથે રાસવિલાસ કરે છે. તેમના કિનારા પર રાસલીલા થાય છે અને રાસલીલાના અંતે તેમના જળમાં જ જલવિહારની લીલા પણ થાય છે. શ્રીયમુનાજી વિના શ્રીઠાકોરજી એક ઘડી પણ રહી શકતા નથી.

શ્રીયમુનાજીની અનેક લીલાઓ છે. જે નીચે પ્રમાણે છે.

શ્રી ઠાકોરજીએ જ્યારે પહેલી વખત શરદપૂર્ણિમાની રાતે આદિવૃંદાવન પરાસોલીમાં રાસ કરવાનો મનોરથ કર્યો અને વેણુનાદ કરી ભક્તોને બોલાવ્યાં ત્યારે શ્રીઠાકોરજીએ પ્રશ્ન કર્યો કે રાસ એવી લીલા છે, જે સરખેસરખાં વચ્ચે સંભવે. મોટા અને નાનાનો ભેદ પ્રકટ હોય, ત્યારે રાસનો આનંદ આવે નહીં. મારામાં અલૌકિક ઐશ્વર્ય પ્રકટ છે, ત્યાં સુધી તમને - ભક્તોને રાસનું સાચું સુખ મળશે નહીં. મારું અલૌકિક ઐશ્વર્ય મારાં વસ્ત્રઆભૂષણોમાં રહેલું છે. રાસ પૂર્વે એ વસ્ત્રઆભૂષણ મારે અલગ કરવાં પડે. તે અલૌકિક ઐશ્વર્યયુક્ત હોવાથી ભૂમિ ઉપર મૂકાય નહીં. તમારામાંથી કોઈક તે પોતાની પાસે રાખી સાચવે, તો જ હું રાસમાં જોડાઈને તમને મારા સ્વરૂપાનંદનું દાન કરી શકું.

આમ આજ્ઞા કરીને શ્રીઠાકોરજી એવું શોધવા માગતા હતા કે કોઈ એવો ભક્ત છે, જે પોતાના સુખનો વિચાર છોડીને શ્રીઠાકોરજીના અને બીજા ભક્તોના સુખ માટે પોતાનું સુખ જતું કરવા સ્વેચ્છાએ તૈયાર હોય ? બધાં ભક્તો વિચારમાં પડી ગયા, કારણકે આ અલૌકિક ક્ષણની તો તેઓ વર્ષોથી રાહ જોતા હતાં. ઘણા દિવસોનો ભૂખ્યો માણસ મોઢે આવેલો કોળિયો કેમ જતો કરે ? સૌ ભક્તો એકબીજાની સામે જોવા લાગ્યાં. કોઈએ શ્રીઠાકોરજીનાં વસ્ત્રઆભૂષણો સાચવવાની તૈયાર બતાવી નહીં.

શ્રીયમુનાજીએ વિચાર કર્યો કે સાચું સુખ જાતે ભોગવવામાં નથી. શ્રીઠાકોરજીને અને ભક્તોને સુખ મળે તેમ તેમની સેવા કરવામાં સાચું સુખ

છે, એ જ સાચો ભક્ત છે. તેથી શ્રીયમુનાજી આગળ આવ્યાં. તેમણે શ્રીઠાકોરજીને વિનંતી કરી : **'આપનાં વસ્ત્રઆભૂષણ હું સાચવીશ, આપ રાસમાં પધારો. આપ રાસનું સુખ લો અને બધાં ભક્તોને પણ આપના સ્વરૂપાનંદનું દાન કરો. આપ સૌનું સુખ, એ જ મારો આનંદ.'**

શ્રીઠાકોરજી અને બધાં ભક્તો શ્રીયમુનાજી ઉપર બહુ પ્રસન્ન થયાં. શ્રીઠાકોરજીએ તેમને પોતાના વસ્ત્રઆભૂષણનો શૃંગાર સ્વહસ્તે ધરાવ્યો. તેમના અલૌકિક નૂતન શૃંગારસ્વરૂપનાં દર્શન કરી, શ્રીઠાકોરજી ઘણા પ્રસન્ન થયા. શ્રીયમુનાજી જાણે સાક્ષાત શ્રીઠાકોરજીનું જ બીજું સ્વરૂપ હોય એવાં શોભવાં લાગ્યાં ! શ્રીઠાકોરજીએ રાસલીલા કરી, **ભક્તોને સુખદાન** આપ્યું. આમ શ્રીયમુનાજીએ શ્રીઠાકોરજી અને ભક્તોના સુખ માટે પોતાના સુખને જતું કરવાની ખૂબ જ ઉદાર લીલા કરી.

ગોપાળદાસભાઈએ 'શ્રીવલ્લભાખ્યાન' માં સમજાવ્યા પ્રમાણે **'આપ સેવા કરી શીખવે શ્રીહરિ, ભક્તિ પક્ષ વૈભવ સુદ્રઢ કીધો.'** શ્રીયમુનાજીએ પણ એક માતા તરીકે પોતાના સંતાનો જેવાં પુષ્ટિજીવોને પ્રેમલક્ષણા ભક્તિનું સ્વરૂપ અને પુષ્ટિજીવોનું કર્તવ્ય સમજાવવા માટે જ આ **તત્સુખની લાલી** પોતે કરી બતાવી.

માનલીલા :

શ્રીયમુનાજીની એક બીજી વિશેષ લીલા પણ ભગવાદીયો બતાવે છે. એક દિવસ શ્રીરાધાજીએ શ્રીઠાકોરજીને વિનંતી કરી : 'હું રોજ માન કરું છું અને આપ મને મનાવો છો. આજે મને એવો મનોરથ થયો કે આપ માન કરો અને હું આપને મનાવું.' ત્યારે શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી : માન કરવું એ સ્ત્રી સ્વભાવ છે. પુરૂષ સ્વભાવ માન છોડવવાનો છે. પુરૂષને માન કરતાં આવડે નહીં. કદાચ પુરૂષ માન કરી બેસે, તો તે છોડાવવું અતિ મુશ્કેલ બને, માટે તમે આવો મનોરથ ન કરો.

શ્રીરાધાજી તો વૃષભાન રાજાનાં કુંવરી છે. રાજહઠ અને સ્ત્રીહઠ બંને ભેગા થયાં. તેમણે શ્રીઠાકોરજીને માન કરવા માટેનો આગ્રહ છોડ્યો નહીં. આખરે શ્રીઠાકોરજી શ્રીસ્વામિનીજીની ઈચ્છા મુજબ માન કરી, શ્રીયમુના કિનારાની એક નિકુંજમાં પધારીને બિરાજ્યા. શ્રીરાધાજીએ શ્રીઠાકોરજીનું માન છોડાવવા થાય તેટલા બધા પ્રયાસ કર્યા, પરંતુ સફળતા ન મળી. તેઓ

હાર્યા - થાક્યાં. મનમાં એવો વિચાર પણ થયો કે મારે આવી હઠ કરવી જોઈતી ન હતી. શ્રીઠાકોરજીની આજ્ઞા ન માની, તેનું પરિણામ ભોગવું છું. ઘણા ઉપાય કર્યા, પણ કોઈ ફાયદો ન થયો.

શ્રીયમુનાજી શ્રી રાધાજીને પાસે પધાર્યા. શ્રીરાધાજીએ તેમને આજ્ઞા કરી. 'આપ કોઈક માર્ગ કાઢો.' શ્રીયમુનાજીએ વિનંતી કરી : 'મને એક માર્ગ દેખાય છે. તે માટે મારે શ્રીઠાકોરજીના જેવો શૃંગાર ધરવો પડે. તે ધરીને હું શ્રીઠાકોરજી પાસે જઉં, તો શ્રીઠાકોરજી રીઝીને માન છોડે.' શ્રીરાધાજી એ આજ્ઞા કરી : 'પ્રથમ રાસ વખતે આપે શ્રીઠાકોરજીના વસ્ત્ર આભૂષણ ધર્યા હતાં, તે આજે ફરીથી હું આપને મારા સ્વહસ્તે ધરાવું.' શ્રીરાધાજીએ **શ્રીયમુનાજીને સૂથન, કાછની, પટકા અને મુકુટનો શૃંગાર ધરાવ્યો.** તે ધરીને શ્રીયમુનાજી શ્રીઠાકોરજીની પાસે પધાર્યા. નિકુંજમાં પ્રવેશ કરતાં જ સામે બિરાજતા શ્રીઠાકોરજી શ્રીયમુનાજીને પોતાના જેવા સ્વરૂપમા જોઈ પ્રસન્ન થયાં. શ્રીઠાકોરજીનું મુખારવિંદ હસી ઉઠયું. શ્રીયમુનાજી પાસે પધાર્યા ત્યારે શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી : **'મેં તમારી સાથે માન કર્યું નથી. હું તો સદૈવ તમારા ઉપર પ્રસન્ન છું'** **શ્રીયમુનાજીએ વિનંતી કરી : 'હવે આપ માન છોડો.** શ્રીરાધાજી આપના વિના ઘણાં દુઃખી છે, તેમને ઘણો પરિશ્રમ થયો છે. હવે તેમનું મન ફરીથી રાજી થાય એવું કરવાની કૃપા કરો. કોઈ ભક્તનું મુખ અને દિલ દુઃખી થયેલું હું જોઈ શકતી નથી.'

શ્રીઠાકોરજીએ શ્રીયમુનાજીની વિનંતી સ્વીકારી. તેઓ શ્રીયમુનાજીને સાથે લઈને શ્રીરાધાજીની નિકુંજમાં પધાર્યા. ત્યાં યુગલસ્વરૂપનો માનમિલાપ થયો. સકલ લીલાપરિકર પ્રસન્ન થયો. શ્રીરાધાજીએ પ્રસન્ન થઈને શ્રીયમુનાજીએ આજ્ઞા કરી. **'આજથી આ શૃંગાર આપ નિત્ય ધારણ કરો.'** આમ, શ્રીયમુનાજીએ ભક્તોનું દુઃખ દુર કરવા સદા લીલા કરી છે. શ્રીઠાકોરજીને રીઝવ્યા છે. ભક્તો અને ભગવાન વચ્ચે માનમિલાપ કરાવ્યો છે. આવી અલૌકિક લીલાઓ શ્રીયમુનાજીની છે.

સુખદાન અને રસદાન :

શ્રીઠાકોરજીએ પણ શ્રીયમુનાજીને સુખદાન અને રસદાન કરવામાં કોઈ કમી રાખી નથી. એક વખત શ્રીયમુનાજી બપોરે તેમની નિકુંજમાં સખીઓ

સાથે બિરાજતાં હતાં. શ્રીઠાકોરજીની લીલાઓ વિષે આનંદ-વિનોદ સહિત વાર્તાલાપ થઈ રહ્યો હતો. ત્યારે અદ્‌ભૂત લીલા દ્વારા શ્રીયમુનાજીને રસદાન કરવા શ્રીઠાકોરજી કૃપા કરીને નિકંજુના પાછલા દ્વારેથી ચૂપચાપ નિકુંજમાં પધાર્યા. શ્રીઠાકોરજી તરફ શ્રીયમુનાજી પીઠ હતી, એટલે શ્રીયમુનાજીને શ્રીઠાકોરજીના પધારવાની ખબર પડી નહીં, પરંતુ સખીજનોએ શ્રીઠાકોરજીને પધરાતા જોયા. શ્રીઠાકોરજીએ નાસિકા ઉપર જમણા હસ્તની તર્જની આંગળી ધરી, મૌન રહેવા ઈશારો કર્યો. અતિ કોમળ ચરણથી તેઓ શ્રીયમુનાજીની બરાબોર પાછળ પધાર્યા. બે કોમળ હસ્તથી શ્રીયમુનાજીનાં નેત્રો દાબ્યાં. અચાનક નેત્રો દબાતાં શ્રીયમુનાજી ચમક્યાં. શ્રીયમુનાજીએ રઘવાટભર્યા સ્વરે પૂછયું : 'કોણ છે, કોણ છે ?' શ્રીઠાકોરજીએ અદ્‌ભુત લીલાનો રસાનુભવ કરાવવા બીજા બે શ્રીહસ્ત ધારણ કર્યા. તે બે હસ્થી વેણુ અધર પર ધરીને, વેણુના મધુર સ્વરોમાં કહ્યું : **'હું શ્યામ છું.'** ચતુર્ભુજ બનેલા શ્રીઠાકોરજીની આ અલૌકિક લીલાથી શ્રીયમુનાજી અતિ પ્રસન્ન થયાં. તેમણે શ્રીઠાકોરજીને **આલિંગન આપ્યું, જેનાં ચિહ્નો શ્રીઠાકોરજીની ચાર ભૂજાઓ ઉપર અંકિત થયાં. જે શંખ, ચક્ર, ગદા અને પદ્મના રૂપે સદા પ્રકટ છે.** શ્રીયમુનાજીની નિકુંજમાં પધારી, તેમને આવું રસદાન કર્યુ, તેથી શ્રીઠાકોરજી **"શ્રીદ્વારકાધીશ"** કહેવાયા. **ક એટલે જલ, દ્વાર એટલે બારણું. જળસ્વરૂપ શ્રીયમુનાજીની નિકુંજ એટલે દ્વારકા.** તેના અધિપતિ - સ્વામી માટે શ્રીદ્વારકાધીશ. શ્રીદ્વારકાધીશની આ લીલા શ્રીયમુનાજીએ અનુભવી છે. તેથી શ્રીયમુનાજી શ્રીદ્વારકાધીશના સ્વામિની છે.

રાસલીલાનું દાન :

શ્રીઠાકોરજીની રાસલીલાનું દાન શ્રીરાધાજીને હાથ છે. નિત્યલીલાનાં જે ભક્તોને આ દાન નહોતું મળ્યું તેમને તેનો ઉત્કટ તાપ હતો. એ ભક્તોએ શ્રીયમુનાજીને વિનંતી કરી : **"આપ કૃપા કરો તો અમને રાસલીલાનું સુખ મળે,** અન્યથા સંભવ નથી." પરમ કારુણિક શ્રીયમુનાજીએ શ્રીઠાકોરજીને વિનંતી કરી. શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી : **"શ્રીરાધાજીની ઈચ્છા વિના એ અસંભવ છે."** શ્રીયમુનાજીએ અસંભવને સંભવ બનાવવા માટેનો આગ્રહ જારી રાખ્યો. શ્રીયમુનાજીના વિશુદ્ધ પ્રેમને પરવશ શ્રીઠાકોરજી એ ભક્તો સાથે રાસ કરવા તત્પર થયા.

યમુનાપુલિન પર રાસ રચાયો. શ્રીરાધાજી શ્રીઠાકોરજીને શોધતાં

પધાર્યા. શ્રીયમુનાજીએ વિચાર કર્યો : હવે શું કરવું ? શ્રી રાધાજી ખિજાઈને આ ભક્તનો શાપ આપશે. તત્કાલ શ્રીયમુનાજીએ તે ભક્તોને કમળ બનાવી દીધાં. એમની માળા ગૂંથી શ્રીહસ્તમાં ધારણ કરી. શ્રીયમુનાજીના શ્રીહસ્તમાં જે કમળની માળાનાં દર્નશ થાય છે, તે આ ભક્તો રૂપી કમળની માળા છે. શ્રીયમુનાજી આવા ભક્તવત્સલ અને ભક્તરક્ષક છે.

સાભાર : ચિત્તમેં શ્રીજમુના નિસદિન રાખો" પુસ્તકમાંથી

લેખક : શ્રી રમેશભાઈ વિ. પરિખ

૧૮. શ્રી હરિરાયજીનું પદ ભાવાર્થ સાથે

શ્રી હરિરાય મહાપ્રભુ એક પદમાં શ્રીયમુનાજીનું સ્વરૂપ જણાવે છે તે વિચારવા જેવું છે.

"રસના એક ગુન કહાં લોં બખાનોં ?"
સપ્ત સમુદ્ર કલ્પદ્રુમલેખન,
પત્ર ભૂમિ તિહું લોક હી આનો,
શ્રી વલ્લભ, વ્રજવલ્લભ,
જનવલ્લભ, સકલ સુખ સાનો,
મેં મતિમંદ કહાં લોં બરનોં,
'રસિકદાસકો દાસ હી જાનો'

- જિહવા એક જ છે. એક જ જિહવાથી અગણિત ગુણો ના વખાણ કેટલાં થાય !
- સાત સમુદ્રના જળથી શાહી બનાવી, કૃલ્પવૃક્ષની કલમ બનાવી આકાશ -પાતાળ અને પૃથ્વી એ ત્રણે લોકની ભૂમિનો પત્ર બનાવું તો પણ,
- હે શ્રી યમુને ! તમારા ગુણ લખાય નહિ.
- અર્થાત તમે શ્રી સ્વામિનીજીને પ્રિય છો, શ્રી વલ્લભને પ્રિય છો, સકલ વ્રજને પ્રિય છો, સર્વજનને પ્રિય છો, સકલ સુખ આપનારાં છો.
- હું "રસિકદાસ" મંદ મતિનો છું. તમારા ગુણોનું શું વર્ણન કરું !
- મને તમે દાસ જાણજો.

— શ્રી હરિરાય મહાપ્રભુ

૧૯. આ એ જ શ્રીયમુનાજી છે...

- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમણે શ્રીમદ્ ગોકુલના તટ પર આવેલા પોતાના ઠાકુરાણી ઘાટ પર બીરાજીને ચૌદ વર્ષના શ્રીવલ્લભાચાર્યજી પાસે શ્રીમદ્ ભાગવતનું એક સપ્તાહ પારાયણ સાંભળ્યું હતું.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના જલમાં સ્નાન કરતી વખતે શ્રીવલ્લભાચાર્યજી (અથવા તો એમના પૂર્વજોમાંથી કોઈક) ને પોતાની જનોઈમાં શ્રી હસ્ત લપેટેલા શ્રી મુકુંદરાયજી પ્રભુનું નાનકડું સ્વરૂપ પ્રાપ્ત થયું હતું. (હાલ ઉત્તર પ્રદેશના કાશી શહેરમાં શ્રી ગોપાલ મંદિરમાં બિરાજે છે.) આજ સ્વરૂપ પધરાવીને શ્રીમહાપ્રભુજીએ પોતાના પ્રથમ ભારત યાત્રા કરી હતી. આ જ મુકુંદરાયજી સમક્ષ જ ગોકુલમાં, દામોદરદાસ હરસાનીજી, કૃષ્ણદાસ મેઘન, માધવ ભટ્ટ કાશ્મિરી વગેરે સેવકોને શ્રીયમુનાજીને તિરે પહેલ વહેલી બ્રહ્મસંબંધ દીક્ષા પ્રદાન કરી હતી.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના કર્ણાવલ ગાના તટ પરની ભેખડ તોડીને શ્રી મથુરેશજી પ્રભુનું વિશાળકાય સ્વરૂપ પ્રકટ થયું હતું અને શ્રીવલ્લભાચાર્યજીની વિનંતીથી નાનુ બની જઈ ગોદમાં બિરાજ્યું હતું. આ સ્વરૂપ રાજસ્થાનમાં આવેલ કોટા શહેરમાં શ્રી બડે મથુરેશજી મંદિરમાં બિરાજે છે. એ જ સ્વરૂપ શ્રી મહાપ્રભુજીએ કનોજના પદ્મનાભદાસને શિરે સેવા અર્થે પધારવી દીધું હતું.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના મહાવન (ગોકુલ પાસે) ગામેથી વહેતા જલમાંથી ત્યાંની એક ભદ્રા નામની ક્ષત્રાણીને બ્રહ્માંડ ઘાટેથી જલ ભરતી વેળા, શ્રીનવનીતપ્રિયાજી, શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીલાડીલેશજી અને શ્રીલલિતત્રિભંગીજી પ્રભુ આવાં ચાર સ્વરૂપો પ્રાપ્ત થયા હતાં. આ ચારેય ભગવદ્ સ્વરૂપો ભદ્રા ક્ષત્રાણીએ મહાવનના નારાયણદાસ બ્રહ્મચારીને ઘરે જ્યારે શ્રીમહાપ્રભુજી મથુરાથી પધાર્યા ત્યારે એમને સોંપી દીધા હતાં.

- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના આગ્રા ગામના ગજ્જન શ્રી યમુનાજીના કિનારે બેઠા રહેતા અને શ્રીયમુનાજીના સ્વરૂપનું સતત ધ્યાન કર્યા કરતા. આ ધ્યાન ધરવામાં એક જિયદાસ સૂરિ નામના સ્થાનિક ક્ષત્રિય મિત્રનો સથવારો મળી ગયો, તેમને અનીતિ દ્વારા કમાઈ લીધેલા દ્રવ્યને કારણે કોઢ ફૂટી નિકળ્યો હતો. જેથી એ વાતનું ભાન થતાં એમને પણ વૈરાગ્ય પ્રાપ્ત થયો હતો. અનેક વર્ષો સુધી શ્રી યમુનાજીના સ્વરૂપનું બંનેએ જ અવિરત ધ્યાન ધર્યું હતું. એના ફલ સ્વરૂપે શ્રીમહાપ્રભુજીએ, ભદ્રા ક્ષત્રાણીને શ્રીયમુનાજીમાંથી પ્રાપ્ત થયેલું શ્રી નવનીતપ્રિયાજીનું સ્વરૂપ ગજ્જનને શિરે અને શ્રી લાડિલેશજી પ્રભુનું સ્વરૂપ જિયદાસ સૂરિને શિરે એવા અર્થે પધરાવી દીધું હતું.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના બાલવૈરાગી નારાયણદાસ બ્રહ્મચારીને, ૪૦ વર્ષની વય થઈ ત્યાં સુધી શ્રીયમુનાજીના સ્વરૂપનું સતત ધ્યાન કર્યા કરતાં તેના ફલ સ્વરૂપે શ્રી મહાપ્રભુજીએ, મહાવનના ભદ્રા ક્ષત્રાણીને શ્રી યમુનાજીમાંથી પ્રાપ્ત થયેલું, શ્રી ગોકુલચંદ્રમાજીનું સ્વરૂપ સેવા અર્થે પધરાવી દીધું હતું અને શ્રી લલિતત્રિભંગીજીનું સ્વરૂપ કડાના દેવાકપૂરને શિરે સેવા અર્થે પધરાવી દીધું હતું.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના આગ્રા ગામે શ્રી વલ્લભના શરણે વિષ્ણુદાસ છીપા નામના એક દૈવી જીવ શરણે આવ્યા હતા.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના આગ્રાના વૈષ્ણવ ગજ્જન ધાવન, અવસ્થાને કારણે મહાપ્રભુજીએ પધરાવી દીધેલા શ્રી નવનીતપ્રિયાજી શ્રી મહાપ્રભુજીને ત્યાં પાછા પધરાવી ગયા. પછી અડેલ આવીને શ્રી યમુનાજીના તીરે વસ્યા.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના તટે વસેલા રુનકતા ગામ પાસેના ગૌઘાટ પર શ્રીસૂરદાસજી શ્રીવલ્લભાચાર્યજીને શરણે આવેલા.
- આ એ જ શ્રીયમુનાજી છે કે કે જેમના તટ પર અડેલમાં શ્રી મહાપ્રભુજી

કુલ ૪૯ વર્ષ અને ચરણાટ ગામમાં આશરે ૯ વર્ષ સુધી હંગામી નિવાસ કર્યો હતો.

- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના જલમાં સ્નાન કરતી વખતે શ્રીવલ્લભાચાર્યજીને પોતાની જનોઈમાં શ્રી હસ્ત લપેટેલા શ્રી બાલકૃષ્ણલાલજીનું નાનકડું સ્વરૂપ પ્રાપ્ત થયું જેને પોતાના ઘરે બિરાજતા અન્ય સ્વરૂપો સાથે પધરાવ્યું. જે હાલમાં સુરત શહેરમાં આવેલા મોટા મંદિરમાં બિરાજે છે.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના અડેલ ગામના જલમાં ચાલુ નાવમાંથી ઠેકડો મારીને પરમાનંદ સ્વામી કૂદી પડ્યા હતા અને શ્રીવલ્લભાચાર્યજીને શરણે આવ્યા હતાં.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના તટ પર વસેલા મથુરાની બજારમાં થઈને શ્રી યમુનાજીના વિશ્રામઘાટ પર શ્રીવલ્લભાચાર્યજી પધારી રહ્યા હતાં. બજારમાંથી એક દુકાનમાં વેચવા રાખેલી ભગવદ્ સ્વરૂપોની મૂર્તિઓ શ્રી મહાપ્રભુજીની દ્રષ્ટિ સંમોહનથી સચેત થઈ ગઈ અને આપશ્રીની પાછળ પાછળ ચાલવા લાગી અને આપશ્રીને ઘરે પધારવાની હઠ કરી, જેથી દુકાનદારને સવાસો રૂપિયા ચૂકવીને આપશ્રી વિશ્રામઘાટે પધાર્યા અને સર્વ સ્વરૂપોને પંચામૃત સ્નાન કરાવી, યમુનાજલમાં સ્નાન કરાવી આપશ્રી અડેલ પધાર્યા અને શ્રી નવનીતપ્રિયાજીના પ્રસાદી રસોઈ ઘરમાં સૌ સ્વરૂપોને પધરાવ્યાં.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના જલમાંથી નાવ દ્વારા કનોજ ગામેથી રાજાધિરાજ શ્રી દ્વારકાધીશજી, શ્રીવલ્લભાચાર્યજીને ગૃહે પધાર્યા હતા.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના તટ ઉપર વસેલું અડેલ ગામ છે કે જ્યાં એકવાર કનોજ ગામેથી અડેલ ગામે પદ્મનાભદાસજી દ્વારા સેવાયેલ શ્રી મુથરેશજી પોતાના પરિવાર સાથે પધાર્યા હતા અને થોડા જ સમયમાં કનોજ પાછા ફર્યા હતા.

- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના તટે આવેલા અડેલ ગામે ૫૨ વર્ષના શ્રી વલ્લભાચાર્યજીને નિજધામ પધારવા માટે તૃતિય અને અંતિમ ભગવદ્ આજ્ઞા થઈ હતી.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના તટે આવેલા અડેલ ગામે ૫૨ વર્ષના શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી માધવેન્દ્ર યતિજી દ્વારા સન્યાસ ગ્રહણ કર્યો અને "પૂર્ણાનંદ" નામ ધારણ કર્યું. આ સન્યાસ શ્રી યમુનાજીના તટે જ ગ્રહણ કર્યો.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના ગોકુલ ગામના તટ પર બનેલા શ્રી ગુંસાઈજીના હંગામી આવાસમાં મથુરાના છીતુ ચોબે સડેલા નારિયેળ અને ખોટા રૂપિયાના સિક્કા સાથે શ્રી ગુંસાઈજીના શરણે આવ્યા હતાં.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના ગોકુલ ગામના તટ પર બનેલા એક ઘાટ પર આંતરી ગામના ગોવિંદસ્વામી શ્રી ગુંસાઈજીએ શ્રી હરિને કેવી રીતે વશ કરી રાખ્યા છે એ જોવા આવ્યા હતા અને થોડી ચર્ચાને અંતે શ્રી ગુંસાઈજીને શરણે થઈ ગયા હતાં.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના ગોકુલ ગામ સ્થિતના ભૌતિક સૌદર્યનાં દર્શન કરતાંવેંત નંદદાસજીના કંઠમાંથી શ્રીયમુના સ્તુતીની સરવાણીઓ ફુટી નીકળી હતી અને પછીથી શ્રી ગુંસાઈજીએ મોકલાવેલી નાવમાં બેસીને આ પાર ગોકુલ આવી શ્રી ગુંસાઈજીને શરણે આવ્યા હતા.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના મથુરાના તટ પર 'સતઘરા' ગૃહમાં શ્રી ગુંસાઈજી સપરિવાર સવા પાંચ વર્ષ સુધી બિરાજ્યા હતા અને એ જ સતઘરામાં શ્રીનાથજી પોણા ત્રણ મહિના સુધી બિરાજીને હોલી ખેલ ખેલ્યા હતા.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના મથુરા સ્થિત જલમાં એક વેરાન ટાપુ પર ફસાયેલા બ્રાહ્મણ સેવકને શ્રી યમુનાજીએ પોતાના જલમાં

આઠ મોટા મોટા કમલ ખીલવીને સેતુ બનાવી બહાર કિનારા સુધી પહોંચાડ્યા હતા.

- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના શ્રી મથુરા સ્થિત જલમાં શ્રી ગુંસાઈજીએ પૂર્વના એક ક્ષત્રી સેવકનુ દક્ષિણમાં કમાયેલું અઢળક દ્રવ્ય પધરાવી દેવડાવ્યું હતું. આ દ્રવ્ય ભગવદ્ વિનિયોગ અર્થે શ્રી ગુંસાઈજી પાસે લઈ આવ્યા હતા. આ સમયે શ્રી ગુંસાઈજી શ્રી ગોવર્ધનનાથજીના સેવાશણગાર કરી રહ્યા હતા. કોઈ સેવકે અઢળક ભેટ આવ્યાની ખબર મોટેથી બોલીને શ્રી ગુંસાઈજીને કરી, જેથી આપ નારાજ થયા. વૈષ્ણવે આ દ્રવ્ય આપને ભેટ કર્યું ત્યારે આપે કહ્યું 'આ સર્વ કંઈ શ્રી યમુનાજીમાં પધરાવી દો' પછી તે સર્વે દ્રવ્ય વૈષ્ણવે મથુરા આવી યમુનાજીમાં પધરાવી દીધું.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના જલમાં અકબર બાદશાહની બેગમ તાજબીબી ગોકુલ ગામના ઘાટ પર શ્રી વિઠ્ઠલનાથજીને શરણે આવી હતી અને પિતને વશ કરવાના મંત્રનું દાન પામી હતી.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના ગોકુલ સ્થિત જલમાંથી શ્રી વિઠ્ઠલનાથજીએ અકબર બાદશાહના એક રત્નના બદલામાં ખોબો ભરીને અનેક રત્નો કાઢ્યા હતા, જે જોઈ અકબર બાદશાહ છોભીલા પડી ગયા હતા.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના ગોકુલ ગામના તટ પર કાયમી આવાસ બંધાવી શ્રી વિઠ્ઠલનાથજીએ સપરિવાર ૧૪ વર્ષ સુધી નિવાસ કર્યો અને ત્યાર પછી એમના સાતેય પુત્રો સહિત સર્વ વંશજોએ બીજા ૮૩ વર્ષ ત્યાં વિતાવ્યા હતાં.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના ગોકુલ ગામના તટ પર ઠકુરાણી ઘાટ ઉપર બિરાજી રહેલા શ્રીવિઠ્ઠલનાથજીએ ગુજરાતના રાજા ભીમસેનને તેમના પૂર્વ જન્મનું પ્રતિબિંબ શ્રી યમુનાજીના વહેતા જલમાં બતાવ્યું. રાજા સંતોષ પામ્યા અને આપને શરણે આવ્યા અને એ જ સ્થળે બ્રહ્મસંબંધ દીક્ષા દીધી.

- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમના ગોકુલ ગામના તટ પર ૬૬ વર્ષના શ્રી વિઠ્ઠલનાથજીએ પોતાના સાતેય પુત્રોને પોતાની અલૌકિક સંપત્તિરૂપ સાત ભગવદ્ સ્વરૂપો વહેંચી દીધા હતા અને વિ.સં. ૧૬૩૮ ના શ્રાવણ વદ-૭ના શુભ દિને આપે શ્રીયમુનાજીના સાન્નિધ્યમાં ગોકુલમાં આ સાતેય સ્વરૂપો માટે વેગળા ઘરોમાં નિર્માણનો આરંભ કરાવ્યો હતો.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જે વિ.સં.૧૭૨૫ ના આસો સુદ ૧૫ની રાતે શ્રીનાથજી વ્રજ છોડીને મેવાડ પધાર્યા પછીથી, પોતાના તટો પરના ગામોમાંથી ક્રમશઃ અન્ય સર્વ ભગવદ્ સ્વરૂપો પણ સ્થળાંતર કરી જતાં, ભૌતિક રીતે સાવ સૂના થઈ ગયા હતાં.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જે શ્રીનાથજીની જલની સેવાર્થે કોટાના વનપ્રદેશમાં પ્રગટ થયા હતા. વ્રજમાંથી શ્રીનાથજી મેવાડ પધાર્યા ત્યારે માર્ગમાં કોટા શહેરથી ૧૭ કિલોમીટર દૂર ગાઢ વનમાં ચરણચોકી છે. તેની પાછળ થોડે દુર એક ઝરણું વહી રહ્યું છે. આ ઝરણા વિશે કોઈને જાણકારી નથી. શ્રી યમુનાજી ત્યાં ગુપ્ત રીતે જ બિરાજવા માંગતા હશે !
- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમણે મેવાડથી પધારેલા ૮૩ વર્ષ ઉપરાંતના શ્રી હરિરાયજીને જેસલમેર શહેરમાં કર ભર્યા વગર જ્યારે પ્રવેશ નહોતો મળી રહ્યો ત્યારે શહેરની બહાર આવેલ સુકા ભઠ તળાવને શ્રી હરિરાયજીની તકલીફ નિવારવા જલથી લહેરાતું કરી દીધું હતું.
- આ એ જ શ્રીયમુનાજી છે કે જે વારંવાર નાથદ્વારાના શ્રીનાથજીના મંદિરમાં અનેક વર્ષો સુધી પ્રતિવર્ષ બે અવસરો પર, જેઠ માસની જલયાત્રાને દિવસે અને જન્માષ્ટમીને દિવસે, જલ રૂપે પ્રગટ થતા રહ્યા હતા. પાણી ઝરવાનું કારણ શ્રીકૃષ્ણ ભગવાનના સ્નાન માટે આ બે દિવસોએ શ્રી યમુના મૈયા પોતાનું જલ અદ્રશ્ય માર્ગે મોકલાવે છે.

- આ એ જ શ્રીયમુનાજી છે કે જેમણે મધ્ય મુંબઈના એક ભાવિક વૈષ્ણવ બહેન પર અસીમ કૃપા વરસાવી હતી. શ્રી ઠાકોરજીએ (શ્રી બાલકૃષ્ણલાલજી) કરામત કરી, કબાટ જેવા મંદિરમાંથી અવિરત ગતિએ જલની સરવાણીઓ કબાટની બહાર અને સિંહાસન પરના ગાદીજી અને ટેરા સહિત અન્ય વસ્ત્રો પર વહેલા લાગી, આ સતત વહેતા જલથી કોઈ નુકસાની થઈ નહિ અને મંદિરના અંદરથી પ્રગટ થતા જલના ઉદ્‌ગમ સ્થળની કે કારણની કોઈને ખબર ન પડી ! ઘણા વૈષ્ણવો આ ચમત્કાર (પ્રતાપ)નાં દર્શન કરવા આવવા લાગ્યા. બસ પછી પ્રગટ પ્રતાપ સંકેલાઈ ગયો. જલપ્રવાહ તિરોહિત થઈ ગયો. શ્રી યમુનાજી તથા શ્રી બાલકૃષ્ણલાલજી વિવિધ પ્રકારે સાનુભવ જતાવવા લાગ્યા.

આ વૈષ્ણવ બહેનની નાની પુત્રીએ પોતાના લગ્ન પ્રસંગે કરિયાવરમાં ફક્ત એ મંદિર અને શ્રી ઠાકોરજી માંગ્યા. જમાઈએ પણ પેલા શ્રી ઠાકોરજી જ માગ્યા. માતાએ હસતે મુખે દીકરી-જમાઈની માંગણીને સંતોષી. ખોળામાં શ્રી ઠાકોરજી અને પડખામાં મંદિર લઈને નવપરિણીતા દીકરીએ વિદાસ લીધી. આવી અદ્‌ભુત કૃપા વરસાવનાર શ્રી યમુનાજીને કોઈ શા માટે ન ભજે ? આજના સમયમાં પણ શ્રી યમુનાજીની કૃપા અવિરત વહી રહી છે !

સાભાર : "શ્રીયમુનાજી ચરિત્રામૃત વિસ્તૃત ગ્રંથ"
લેખક : નંદકિશોર અં. ખંધડીયા, (પ્રકરણ -૭ માંથી ટૂંકાવીને)

શ્રી નાથજીસો પ્રીત રાખી આચાર્ય રીત રાખી હે
ધર્મકી પ્રતી રાખી, રાજ રીત રાખી હે,
કુલકી મરજાદ રાખી, ભકતનકી લાજ રાખી
ભકત સિંધુ પે પેજ બાંધી, ટેક દ્રઢ રાખી હે
કહત ગહેર ગોપાલ ખાખી, મુખ ધુળ નાખી
આખી ભૂમ જાકી વાહ વાહ ભાખી
ચારોં વેદ સાખી શુકે પુરાનન ભાખી
તુલસીકી માલા શ્રી ગોકુલેશને રાખી હે.

૨૦. શ્રીયમુનાજી - યશસ્વરૂપ શ્રીગોકુલેશ

શ્રીગુંસાઈજીના સાત લાલાજીઓમાં શ્રીગોકુલેશ યશ સ્વરૂપ છે યશ કે રસ શ્રીયમુનાજીનું સ્વરૂપ છે. આખી વ્રજલીલામાં જે યશ કે રસ પ્રેમ શ્રીયમુનાજીનું સ્વરૂપ છે. આખી વર્જલીલામાં જે યશ કે રસ પ્રેમ વ્યાપી રહ્યો છે; તે ગોકુલેશ સ્વરૂપ છે. આમ હોવાથી આખા પુષ્ટિમાર્ગીય સાહિત્યની ભાષા કે વ્રજભાષાના સાહિત્યના ઉત્પાદક પોતે છે. આપ શ્રીયમુનાજીને શ્રીઠાકોરજીનું યુગલ સ્વરૂપ પણ છે. આમ હોવાથી આપ શ્રીગોકુલેશ અને એ ઘરની સૃષ્ટિ તથા ચતુર્થ પીઠપર બીરાજમાન આચાર્યશ્રીઓ શ્રીયમુનાજીની તટની ભાવનામાં છુટું તિલક કરે છે. પ્રસંગ એવો છે કે એક વાર ઉતાળવમાં શ્રીગોકુલેશ સુવર્ણની સળી વડે દંડાકાર તિલક કરી તેને નીચેથી બાંધવાનું ભૂલી ગયા; ને એકદમ ઉતાવળે સેવામાં પધાર્યા આ પ્રમાણે બાંધ્યા વગરનું નીચેથી છુટું દંડાકાર તિલક જોઈ શ્રીઠાકોરજી હસી પડ્યા, એટલે શ્રીગોકુલેશે વિનંતી કરી કે આપ શું હસ્યા ? એટલે શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી કે દર્પણમાં દેખો. શ્રીગોકુલેશે દર્પણમાં જોયું તો તિલક દંડાકાર છુટું દીઠું; એટલે બાંધવાનો વિચાર કરવા લાગ્યા, ત્યારે શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી કે તમારે અને તમારા ઘરની સૃષ્ટિએ છુટું આવું દંડાકાર તિલક કરવું. આવી આજ્ઞાનું કારણ શ્રીગોકુલેશ લીલાત્મક શ્રીયમુનાજીનું સ્વરૂપ હોવાનું અનુભવાયછે.

આ પ્રમાણે શ્રીગોકુલેશ આખી વ્રજલીલામાં રમણાત્મક શ્રીયમુનાજી પ્રેમ કે રસ સ્વરૂપે સર્વવ્યાપી બિરાજમાન છે; તેથી આપ ભક્તમાત્રના લીલાત્મક સ્વરૂપને જાણ છે ને પોતે વેદવ્યાસની પેઠે અનુભવાત્મક અને જ્ઞાનાત્મક લીલાનું સ્વરૂપ હોવાથી આપે બસોબાવન, ચોરાસીની વાર્તા તથા નિજવાર્તા તથા ઘરૂ વાર્તા તેમજ અન્ય વીસ હજાર જેટલાં રસાત્મક વચનામૃતો ભક્તો પાસે ખુલ્લા દીલે ઈશ્વરીદષ્ટિએ કહ્યાં છે. જેમ વેદવ્યાસ રાસાદિક લીલામાં પ્રત્યક્ષ નિરખનાર હતા નહિ, તેમ શ્રી ભાગવતની લીલાઓ બીજી પણ પ્રત્યક્ષ નિરખી નથી, પણ પોતે તે સર્વાત્મભાવી જ્ઞાનસ્વરૂપ ભગવદવતાર હોવાથી શ્રી ભાગવતજીમાં અક્ષરશઃ પ્રકટ કરી છે. તેમ શ્રીગોકુલેશમાં પણ શ્રીમહાપ્રભુજી, શ્રીયમુનાજી વિપ્રયોગ સંયોગ સ્વરૂપે બિરાજમાન હોવાથી તે તે સ્વરૂપોના આખાં જીવનચરિત્રો સંબંધી અને ભક્તો સંબંધી લીલાઓની

વાર્તાઓ પ્રકટ કરી. ભાવસિંધુ જેવી વાર્તાઓમાં તોભાવનો સિંધું એટલે મહાસાગર ઉછળી રહ્યો છે. તેની યોજના અને સમજાવટ એટલી સ્પષ્ટ છે કે એકવાર વાંચતાં જ દૈવીજીવનાં ચક્ષુ ખુલી જાય.

શ્રીગોકુલેશ આમ લીલાત્મક સર્વજ્ઞ સ્વરૂપ હોવાથી શ્રીગુંસાઈજીએ પોતાની પાછળ શ્રીકંઠની માળા શ્રીગોકુલેશના કંઠમાં પોતે જ પહેરાવી હતી, અને એ રીતે આખાય સંપ્રદાયનું સુકાન આ મહાન સુકાનીના હાથમાં મુક્યું હતું કે જે સુકાન એટલું સુંદર રીતે સાચવ્યું કે આખો સંપ્રદાય એ મહાપુરૂષથી દીપી ઉઠ્યો.

એક ભગવદીયના અનુભવની વાર્તા અહીં આપીશ તો તે સંબંધમાં કંઈક વધુ સ્પષ્ટીકરણ થશે.

એક ભગવદીયને શ્રીમહાપ્રભુજીએ ગુંસાઈજીના સ્વરૂપનો અનુભવ હતો; તેમ શ્રીયમુનાજીના સ્વરૂપનો અનુભવ હોઈ શ્રીયમુનાજીની અતુલ કૃપા હતી, આમ છતાં શ્રીગોકુલેશના સ્વરૂપના અનુભવ માટે તેને તાલાવેલી થતી. આથી તેને અનુભવમાં જણાયું કે શ્રીયમુનાજી અને શ્રીગોકુલેશ એક સ્વરૂપ છે; એટલે શ્રીયમુનાજીના સ્વરૂપનો અનુભવ અને કૃપા તે શ્રીગોકુલેશનીજ કૃપા અને અનુભવ છે. આ પ્રમાણે શ્રીયમુનાજીનું જ સ્વરૂપ શ્રીગોકુલેશ હોવાથી તે પીઠનાશ્રી ગોસ્વામી બાળકો અને વૈષ્ણવો છુટું તિલક તટથી ભાવનાથી કરે છે; કે જે વાત પાછળ આવી ગઈ છે. વળી આમાં વિશેષ આજ્ઞા તરીકે શ્રીઠાકોરજીની આજ્ઞા પણ કારણભૂત છે.

અહીં એક શંકા ઉદ્ભવશે. તે એ કે છઠ્ઠાલાલજી શ્રીયદુનાથજી પણ શ્રીયમુનાજીનું સ્વરૂપ છે તેથી તેમને ગુંસાઈજી મહારાજજી (મહારાણીજી ન કહેવાય કારણ કે પુરૂષ સ્વરૂપે પ્રાકટ્ય હોવાથી) કહેતા તો આ શ્રીયમુનાજીનાં બે સ્વરૂપ સાથે શી રીતે ? તેનો જવાબ એટલો જ કે શ્રી યદુનાથજીનાં લીલાનાં તટસ્થ હોઈ વ્રજલીલાને નિરખનાર સ્વરૂપ છે. શ્રી ગોકુલેશ આખી વ્રજલીલામાં સર્વ વ્યાપી પ્રેમ કે રસ સ્વરૂપે રમણાત્મક સ્વરૂપ છે. સ્પષ્ટ રીતે કહીએ તો આખી વ્રજની સર્વ પ્રકારની લીલાઓનો રસ આપશ્રીનાં અંગો અંગમાં ભર્યો છે. કે જે રસે આખા પુષ્ટિ ભક્તિમાર્ગને એ દિવ્ય રસે છલકાવી તરબોળ બનાવી દીધો કે જેમાં એવા દિવ્ય ભગવદ્રસિકો શ્રવણપાન કરી કૃતકૃત્ય થાય છે.

સાભાર : "શ્રીયમુનાજી" પુસ્તકમાંથી પાન ૧૧૫ થી ૧૧૭

૨૧. શ્રી યમુના મહારાણીજી

શ્રી યમુનાજીને તુરીય પ્રિયા કહે છે. તુરીય પ્રિયા એટલે પ્રભુનાં ચોથા મહારાણી. તે આ પ્રકારે સમજી શકાશે. પ્રભુની લીલા અલગ અલગ છે. જેમકે વ્રજલીલા, રાજલીલા, આદિ, કેટલાક ભક્તોનો અંગીકાર માત્ર રાજલીલામાં જ છે, જેમકે વસુદેવજી વિગેરેનો કુમારિકાઓનો અંગીકાર બંન્ને લીલાઓમાં છે. વ્રજમાં પણ અંગીકાર છે અને તે પછી દ્વારિકામાં રાજલીલામાં પણ છે. દશમસ્કંધના ઉત્તરાર્ધના શ્રી સુબોધિનીજીમાં બીજા પુરાણોની સંમતિ બતાવીને શ્રીમહાપ્રભુજીએ સિદ્ધ કર્યું છે કે, વ્રજના કુમારિકાઓ દ્વારિકામાં પણ આવ્યા છે. તેથી જ ગોપીચંદન થયું. જ્યારે કુમારિકાઓને દ્વારિકામાં પધરાવ્યા ત્યારે જ ગોપીચંદન થયું. (દ્વારિકા પાસે ગોપીતળાવ છે અને ત્યાં ગોપીચંદન થાય છે.) શ્રીયમુના મહારાણીનો અંગીકાર પણ બંન્ને લીલામાં છે. દ્વારિકામાં આઠ પટરાણીમાં ચોથા કાલિંદીજી છે. કલિંદગિરિના પુત્રી માટે કાલિંદી કહેવાયા. આ તો થયો રાજલીલામાં અંગીકાર. વ્રજલીલામાં પણ શ્રીયમુનાજીરૂપે અંગીકાર છે. એમ બંન્ને લીલાથી યુક્ત છે. વ્રજલીલામાં ચાર યુથ છે. (૧) નિત્યસિદ્ધાનું યુથ (૨) શ્રુતિરૂપાનું યુથ (૩) કુમારિકાનું યુથ અને (૪) શ્રીયમુનાજીનું યુથ. આ ચાર યુથ છે. આ હિસાબથી શ્રયમુનાજી ચોથા એટલે છેલ્લા છે એમ સમજવું નહિ. આ ચારે યુથમાં સહુથી પહેલાં શ્રીયમુના મહારાણીજીનો અંગીકાર છે. શ્રૃતિરૂપા અને કુમારિકાનો અંગીકાર પહેલા નથી. શ્રીમહારાણીજી તો વ્યાપિવૈકુંઠમાં બિરાજેછે. સારસ્વતકલ્પમાં પ્રભુ જ્યારે પ્રકટ થયા ત્યારે સર્વ લીલાપયોગી પરિકરમાં શ્રીમહારાણીજી પણ વ્રજમાં પધાર્યા છે. એ જ શ્રીમહારાણીજીના રેણુનાં પ્રતિનિધિરૂપ કાત્યાયની દેવીનું પૂજન જ્યારે કુમારિકાઓએ કર્યું ત્યારે તેમનો અંગીકાર થયો. શ્રુતિરૂપાઓને પણ જ્યારે પ્રથમ દર્શન થયું ત્યારે વર્ણન છે કે, જે નિત્યલીલામાં સ્વચ્છ નિર્મલ જલવાળા અને સર્વ નદીઓમાં ઉત્તમોત્તમ શ્રીયમુનાજી બિરાજે છે. એટલે કે શ્રીયમુનાજીનો અંગીકાર પહેલા છે.અને શ્રુતિરૂપાઓ અને કુમારિકાઓનો તે પછી અંગીકાર છે. વળી પ્રભુએ શ્રીયમુનાજીને આઠ સિદ્ધિઓનું દાન કર્યું છે, તે આ પ્રકાર છે : -

(૧) સાક્ષાત્સેવોપયોગી દેવ (૨) તલ્લીલાવલોકન (૩) તદ્રસાનુભવ (૪) સર્વાત્મભાવ (૫) ભગવદ્વશીકરણત્વ (૬) ભગવત્તાત્પર્યજ્ઞત્વ (૭) ભગવદ્રસ પોષકત્વ (૮) વિરહાવસ્થામાં પણ સર્વાત્મ ભાવની સિધ્ધિ.

ઉપરની આઠે સિદ્ધિઓ શ્રીયમુનાજીમાં બિરાજે છે. શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાષ્ટકમના આઠ શ્લોકમાં અનુક્રમે એકએક શ્લોકમાં એકએક સિદ્ધિનું સ્પષ્ટીકરણ કરેલું છે. આ આઠ સિદ્ધિઓ તે શ્રીમહારાણીજીના આઠ ઐશ્વર્યરૂપ છે. આ આઠ ઐશ્વર્યના માલિક પણ શ્રીમહારાણીજી છે અને તેના દાતા પણ પોતેજ છે. શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાષ્ટકમમાં મહારાણીજીને 'સકલસિદ્ધિહેતુ' એમ વર્ણવે છે. એટલે કે આઠે ઐશ્વર્યનું દાન કરનારા એવો અર્થ સમજવો. તે આઠ સિદ્ધિઓ શ્રીયમુનાષ્ટકમાં વર્ણવી છે.

પહેલા શ્લોકમાં મહારાણીજીનાં ચમકી રહેલા રેણુંનું સ્વરૂપ બતાવ્યું છે. આ ઉપરથી એમ સમજવું કે, બડભાગી દૈવી જીવને અલૌકિક દેહનું દાન શ્રીમહારાણીજી આ રેણુથી કરે છે, એટલે કે એ અલૌકિક દેહ રેણુંનો જ બને છે. (તેથી જ યમુનાજીની રેતીમાં બધા આળોટે છે.) બીજા શ્લોકમાં કલિંદગિરિથી ઉતરતાં પોતે વ્રજમાં પધારે છે. પ્રભુની લીલાનું અવલોકન પોતે કરે છે. એ પોતાનું બીજું ઐશ્વર્ય છે. ત્રીજા શ્લોકમાં મહારાણીજીને તુરીય પ્રિયારૂપે વર્ણવ્યા, તેથી પ્રભુરસનો અનુભવ કરવારૂપ ઐશ્વર્ય સિદ્ધ થાય છે. ચોથા શ્લોકમાં પ્રભુના જેવાજ ધર્મો શ્રીમહારાણીજીમાં છે એમ કહ્યું, તેથી સર્વાત્મભાવ સિદ્ધ થયો. પાંચમા શ્લોકમાં વર્ણવ્યું છે કે, શ્રીયમુનાજલના સમાગમથી ગંગાજી પણ પ્રભુને પ્રિય બન્યાં, એટલે પ્રભુને વશ કરવાનું સામર્થ્ય મહારાણીજીમાં જ છે એમ સ્પષ્ટ થાય છે. છઠ્ઠા શ્લોકમાં એમ વર્ણન છે કે, યમુનાજલના પાનમાત્રથી યમયાતના કદાપી ભોગવવી પડતી નથી, તેમજ શ્રીયમુનાજીના સેવનથી જીવ પ્રભુને વહાલો લાગે છે. આ ઉપરથી જણાય છે કે પ્રભુનો અભિપ્રાય સમજીને જ શ્રીયમુનાજી આવું દાન જીવને કરે છે. આ મહારાણીજીનું ભક્તિદાણાપણું, આ જ સાતમું ઐશ્વર્ય છે.

આઠમા શ્લોકમાં પ્રભુના શ્રમજળનો સંગમ શ્રીમહારાણીજી કરાવે છે. એથી સમજાય છે કે શ્રીયમુનાજી ભગવદ્ રસનાં પોષણ કરનારાં છે. ઐશ્વર્ય છ જ હોય. છ ધર્મો ભગવાનમાં છે. અહીં જ ધર્મથી યુક્ત ધર્મીસ્વરૂપ

'અનંતગુણભુષિતે' એ શ્લોકમાં કહ્યું છે. શ્રીમહારાણીજીનાં જલપાનથી યમ યાતના મટી જાય અને રેણુથી દિવ્ય દેહની પ્રાપ્તિ થાય, એટલે જલ કરતાં રેણુની અધિકતા થઈ. આ બન્ને કરતાં પ્રભુના શ્રીઅંગના શ્રમજલનો સંબંધ કરનારા જળની અત્યંત અધિકતા જાણવી. કહ્યું છે કે **'જલ કરતાં જ્યાં રજ પવિત્ર છે અને રજ કરતાં જ્યાં જલ પવિત્ર છે, જ્યાં સાક્ષાત વૃંદાવન જ છે, ત્યાં શ્રી યમુનાજીનાં નહાવાની કે ન નહાવાની વાતજ કેવી ?'**

ઉપર પ્રમાણે આઠ ઐશ્વર્ય પ્રભુએ શ્રીમહારાણીજીને દાન કર્યા, એટલું જ નહિ પણ શ્રીમહારાણીજી આ ઐશ્વર્યનું દાન બીજાને પણ કરી શકે છે. પહેલાં ગંગાજીમાં એવું સામર્થ્ય હતું કે, જે કોઈ 'દર્શન' કરે તેના બ્રહ્મહત્યાદિક પાપોની નિવૃત્તિ થતી હતી. કારણકે ગંગાજી પ્રભુનાં ચરણસ્પર્શ કરીને વહ્યા કરે છે, પણ અહીં તો દુર રહીને પણ જીવ માત્ર શ્રીયમુનાજીનું સ્મરણ કરે તો તેને મહાપાપથી છોડાવી દેવાનું સામર્થ્ય શ્રીયમુનાજીમાં છે. ગંગાજી એ રીતે મહારાણીજીના સંગમથી પ્રભુને પ્રિય થયાં. તેથી શ્રીમહારાણીજી સકલસિદ્ધિદાતા પણ બન્યાં.

શ્રીમહાપ્રભુએ શ્રીમહારાણીજીનાં આભરણો પણ અલૌકિક જ કહ્યાં છે. 'શ્રીહસ્તના કંકણ એજ તરંગો છે. નિતંબ ઉપર મોતીની સેર છે તે વાલુકા (રેતી) છે, ઈત્યાદી.' શ્રીયમુનાજીનું સ્વરૂપ શ્યામ છે. શૃંગાર રસનું અધિદૈવિક સ્વરૂપ પણ શ્યામ જ છે. તેથી શ્રીયમુનાજી શ્યામ સ્વરૂપ છે. આપનું યુથ અલગ છે, જેમ વાસુદેવવ્યુહના મુલરૂપ પ્રભુ કૃષ્ણ છે, તેમ કાલિંદીના (દ્વારિકાના ચોથા પટરાણીના) મુલસ્વરૂપ શ્રીયમુનાજી છે.

સાભાર : 'સત્સંગ' વર્ષ ૬૭ અંક -૪

જય જય જય મંગલ નિધિ, જય જય મહા મંગલ રુપ
જય કૃપા રસવશ પ્રગટ, ગોકુલેશ દ્વિજ ભુપ
કરુણાવંત દયાનિધિ, નિરહેતુક ઉધ્ધાર
વસુધા બડભાગી ભઈ, ગોકુલનાથ પધાર
ક્ષીણ પુણ્ય સુર લોકતે, પરમ મરત જગમાંહી
અજર અમર માહ જીય, ભજ ગોકુલ કે રાઈ.

૨૨. શ્રીયમુના ગોકુલાધીશો સમન્વય

(૧) સ્તુતિં તવ કરોતિકઃ કમલજા સપત્નિ પ્રિયે

હે હરિના પ્રિય શ્રીયમુનાજી ! તમારી સ્તુતિ કરવામાં કોણ સમર્થ છે ? કારણકે લક્ષ્મીજી આપના સપત્ની છે. તેવી રીતે શ્રીગોકુલેશની સ્તુતિ કરવામાં કોણ સમર્થ છે ? કારણકે આપ લક્ષ્મીપતિથી ઉત્કૃષ્ટ છો.

(૨) હરેર્યદનું સેવયા ભવતિ સૌખ્યમા મોક્ષતઃ

જે ભક્તો પહેલાં શ્રીહરિની સેવા કરીને પછી લક્ષ્મીજીની સેવા કરે છે. તેમને ભોગ અને મોક્ષ મળે છે. શ્રીયમુનાજી તેમજ શ્રીગોકુલાધીશ પ્રભુની સેવા કરવાથી ભોગ, મુક્ત ને મુક્તિને ભક્તિ સર્વ પદાર્થો ભક્તને પ્રાપ્ત થાય છે.

(૩) ઈયં તવ કથાધિકા, સકલ ગોપિકા સંગમઃ
સ્મર શ્રમ જલાણુભિઃ, સકલ ગાત્ર જૈઃ સંગમઃ

હે યમુનાજી ! તમારી આ કથા અધિક છે. રાસ લીલા પછી ભગવાને બધા ગોપીજનો સાથે તમારા જળમાં જલવિહાર કર્યો હતો. તે જલક્રીડાથી ભગવાનને શ્રમ થયેલો. તે શ્રમથી ભગવાનના શ્રીઅંગ પર જલકણો પ્રગટ થયેલા. તે જલકણો આપના જળમાં મળી ગયાં. તેવી જ રીતે ગોકુલેશ પ્રભુની આ કથા અધિક છે કે શ્રી યમુનાજીના યુગલભાવ રસાત્મક ભાવથી ભરેલું સ્વરૂપ શ્રીગોકુલેશ પ્રભુ છે.

(૪) તવાષ્ટક મિદં મુદા, પઠતિ સૂર સૂતે સદા,[૨]
સમસ્ત દુરિતક્ષયો, ભવતિ વૈ મુકુંદે રતિઃ ।[૩]
તયા સકલ સિદ્ધયો, મુરરિપુશ્ચ સંતુષ્યતિ,[૪]
સ્વભાવ વિજયો ભવેત્, વદતિ વલ્લભઃ શ્રી હરેઃ ।[૫]

હે સૂર્યના પુત્રી યમુનાજી ! તમારા આ અષ્ટકનો પાઠ જેઓ દરરોજ આનંદપૂર્વ કરે છે. (૧) તેમના બધા પાપ નાશ પામે છે. (૨) તેમનો મુકુંદ ભગવાનમાં ચોક્કસ પ્રેમ થાય છે. (૨) તેમને બધી સિદ્ધિઓ મળે છે. (૪) તેમના પર ભગવાન મુરારિ પ્રસન્ન થાય છે. (૫) તેમના સ્વભાવનો વિજય થાય છે.

આ પ્રકારે શ્રી હરિના વ્હાલા એવા વલ્લભ આજ્ઞા કરે છે. તેવી જ રીતે શ્રીગોકુલેશ પ્રભુ શ્રીયમુનાજીના ભાવાત્મક અષ્ટકનું ફલ છે.

॥ યમુના ગોકુલાધીશો સમન્વયસુધાકરં વિરલં
વિવૃતં તેન ગોવિંદે હિ પ્રસીદતુ ॥

સાભાર : "શ્રીયમુનાશ્રય" પુસ્તક પાન-૭૭ માંથી

૨૩. શ્રીકૃષ્ણ સ્વરૂપે શ્રીયમુનાજી...

ભગવાન શ્રીકૃષ્ણે વ્રજભૂમિ ઉપર પધારી શ્રીયમુનાજીના તટ પર અનેક લીલાઓ કરી. શ્રીયમુનાજી પ્રભુને ખૂબ પ્રિય છે. તેઓ આપણા માતા સમાન પણ છે. અદ્‌ભુત ચરિત્રવાળા શ્રીયમુનાજી યમરાજાના બહેન છે. આથી શ્રીયમુનાષ્ટક સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજી લખે છે : "જો આપણે ભક્તિભાવથી શ્રીયમુનાજીના જળનું પાન કરીએ તો આપણે ગમે તેટલા દુષ્ટ હોઈએ તો પણ યમરાજાનો ભય આપણને નથી રહેતો. કારણકે યમરાજા કાંઈ પોતાની બહેનના પુત્રોને હેરાન કરે ? ન કરે. આવા દયાળુ શ્રીયમુનાજી જો આપણા પર કૃપા વિચારે તો એમના સેવન અને સ્મરણથી, વ્રજના ગોપ-ગોપી જેમ પ્રભુને પ્રિય થયા તેમ આપણે પણ પ્રભુના પ્રિય થઈ શકીએ."

આપણે શ્રીયમુનાજીના ચિત્રજીમાં જોઈએ છીએ. તેમાં શ્રીયમુના મહારાણીજી સુંદર રીતે જમણા શ્રીહસ્તમાં કમળની માળા ધારણ કરી પધારી રહ્યા છે. આવા શ્રીયમુનાજી મહારાણીજી સૌ ભક્તોના મનને હરી લે છે. શ્રીયમુનાજીનું આવુ સ્વરૂપ એ કોઈ કલ્પનાની વાત નથી, નરી વાસ્તવિકતા છે. શ્યામ સુંદર શ્રીયમુનાજી શ્રીકૃષ્ણનાં વસ્ત્રાભૂષણો પહેરી આપણને એ રૂપે સદૈવ દર્શન દે છે. શ્રીયમુનાજીનાં એ રૂપદર્શનથી આપણે એટલા બધા ટેવાઈ ગયા છીએ કે શ્રીયમુનાજીનું એ જ સ્વરૂપ સદૈવ આપણી આંખો સામે આવે છે અને આપણા અંતરમાં એક આનંદની લહેર પ્રસરાવે છે.

શ્રીયમુના મહારાણી અતિ દયાળુ છે. તે પોતાના ભક્તોને પોતાના પ્રિયમત શ્રીઠાકોરજી સાથે મેળાપ કરાવી આપે છે.

શ્રીયમુનાજી તો શ્રીકૃષ્ણના તુર્યપ્રિયા – ચતુર્થપ્રિયાઃ ચોથા સ્વામિનીજી છે.

સાચે જ શું તેઓએ પોતાના સ્વામી શ્રીકૃષ્ણનાં વસ્ત્રાભૂષણો ધારણ કર્યા હતાં ? હા નિઃસંદેહ. તો પછી એવું ક્યારે બન્યું હતું, કે શ્રીઠાકોરજીનાં વસ્ત્રાભૂણો શ્રીયમુનાજીને ધારણ કરવા પડ્યાં ! કોઈ રહસ્ય તો હશેને ? હા, એ રહસ્ય કથા છે. જો કે રહસ્ય પ્રગટ ન કરી શકાય પરંતુ પરમ દયાળુ શ્રીગુસાંજીએ નિજ સેવકગણ પાસે, ખાસ કરીને પ.ભ. શ્રી છિતસ્વામીને

વિશ્રામ ઘાટનીએ રહસ્યલીલા કહી બતાવી ત્યારે એ રહસ્ય પ્રગટ થઈ ગયું હતું.

એ પ્રસંગ આ પ્રમાણે બન્યો હતો.

ચોરાસી કોસ વ્રજયાત્રાનો પ્રથમ દરવાજો. એટલે શ્રીયમુનાજીનો મથુરામાં આવેલ વિશ્રામ ઘાટ ત્યાં શ્રીસ્વામિનીજી રાધાજીની નિકુંજ છે. એક દિવસ એવું બન્યું કે પરમઆનંદ સ્વરૂપ શ્રીસ્વામિનજીએ પરમ આનંદમાં આવી જઈ પોતાના પ્રિયમત શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહ્યું, 'પ્રિય ! હું ઘણી વખત માન કરું છું, રીસાઈ જાઉં છું અને આપ મારા પર કૃપા કરીને મારૂં તે માન છોડવો છો. અરે, એક વખત તો આપે પ.ભ. રસખાનજીને 'બેઠયો પલોટત રાધા કે પાયન' એ સ્વરૂપે દર્શન આપ્યા હતાં. હુ માન કરૂ અને આપ તે છોડાવો – એ આપની કૃપા છે. આજે મારા મનમાં એવો મનોરથ ઉપજ્યો છે કે આપ માન કરો અને હું તે માન છોડાવું, મારો એ મનોરથ પૂર્ણ કરો, મારા સ્વામી.'

શ્યામસુંદર શ્રીકૃષ્ણ ! આ સાંભળી હસી પડ્યાં. અને કહ્યું, 'વાહ રાધે ! મનોરથ તો સુંદર ઉપજ્યો છે. પરંતુ પ્યારી ! અમે, પુરૂષો માન કરતા નથી. જો માન કરીએ તો તે છોડાવવું ઘણું કઠીન થઈ પડે છે. માટે એ વાત રહેવા દો.'

શ્રીસ્વામિનીજીએ કહ્યું, 'હું મારા સ્વામીનું માન જરૂર છોડાવીશ. મારા સ્વામીને હું સારી રીતે ઓળખું છું. આપ માન કરો. હું તે સહેજમાં છોડાવીશ.'

વ્યાપી વૈકુંઠમાં ચાલતી નિત્ય લીલાઓમાં આ એક નવી લીલા થશે એમ માની સ્વામી શ્રીકૃષ્ણ સંમત થાય, અને કહ્યું કે, 'તમારા મનોરથો પૂર્ણ કરવા તમારો આ શ્યામ સદા તૈયાર છે. કરો પ્રયત્ન મારૂ માન છોડવવાનો.'

પછી તો શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીને પોતાનાં વસ્ત્રો તથા શૃંગાર સજાવ્યાં. પોતે શ્રીઠાકોરજીના વસ્ત્રો અને શણગાર ધારણ કર્યા. કૃષ્ણ શ્યામરંગ રાધા બન્યા. રાધા ગૌરરંગી કૃષ્ણ બન્યા. અને નવા જ પ્રકારની માનલીલા શરૂ થઈ.

શ્રીઠાકોરજી શ્યામરંગી રાધા રૂપમાં માન કરી નિકુંજમાં બિરાજ્યા. ગૌરરંગી કૃષ્ણ રૂપે સ્વામિનીજી તેમને મનાવવા લાગ્યા. તેમણે પોતાની બધી વક્રચાતુરી વાપરી. એક રીત કૃષ્ણને મનાવ્યા, પણ કૃષ્ણ ન માન્યા. ઘણો સમય થઈ ગયો. પણ કૃષ્ણ ન માન્યા. ક્યાંથી માને ? આ કંઈ જેવું તેવું માન ન હતું. ગાઢ માન હતું ! બધા પ્રયત્નો વ્યર્થ ! આજીજી, કાલાવાલા, પ્રેમચેષ્ટાઓ, સેવા, વાક્ચાચુરી બધું જ નિષ્ફળ ! સ્વામી ન જ માન્યા. ગાઢ માન કરી બેસી રહ્યા.

હવે શ્રી રાધાજી ગભરાયાં. સ્વામી ન માને તો ? આ તો સામે ચાલીને વિરહ માગી લીધો. રાધાજી અત્યંત દુઃખી થઈ ગયા. નિત્યલીલામાં ઉપસ્થિત સખીઓને તેમણે કહ્યું, 'સ્વામીને તમે સમજાવો. બોલવાની વાત તો બાજુ પણ રહી, પણ તેઓ તો મારી સામે પણ જોતા નથી.'

ચંદ્રાવલી સખીએ કહ્યું, 'પ્યારીજી, શ્રીઠાકોરજી તો તારે આધીન છે. તારા કહેવાથી જો તે ન મનાય તો અમારી તેશી વિસાત ! તે તેમને માન કરવા કહ્યું અને તેમણે માન કર્યું. હવે તારે જ એ માન છોડાવવું રહ્યું. તારી વિનંતીથી કરેલું માન છોડાવવાની શક્તિ અમારીમાં નથી.'

સ્વામિનીજી તો સાવ નિરાશ થઈ ગયા. ને કહ્યું, 'પ્યારી સખીઓ, તમારી વાત સાચી છે. મે જ આ વિરહ વેદના સામે ચાલીને નોતરી છે. તમે માન ન મુકાવી શકો તો ભલે, પરંતુ મારા સ્વામી માન છોડે એવો કોઈ ઉપાય તો બતાવો. મારી બુદ્ધિ તો કુંઠિત થઈ ગઈ છે. સ્વામી વિરહમાં મને કંઈ સૂઝતું નથી.'

લલિતા સખીએ કહ્યું : 'શ્રીયમુનાજી શ્રીઠાકોરજીના પ્રિયા છે. કદાચ તેઓ શ્રીઠાકોરજીનું માન મુકાવી શકે. તેમના સિવાય બીજું કોઈ આ દુઃખમાંથી આપને છોડાવી શકે એમ લાગતું નથી.' શ્રીસ્વામિનીજીને અંધારી રાતમાં આશાનું એક કિરણ દેખાયું. કદાચ યમુનાજી શ્રીઠાકોરજીને મનાવી શકે.

તેઓ તરત જ શ્રીયમુનાજીની નિકુંજમાં ગયા. શ્રીયમુનાજીએ દૂરથી ગૌરરૂપ કૃષ્ણને આવતા જોયા. આશ્ચર્ય થયું. શ્રીકૃષ્ણનો રંગ બદલાયો કે શું ? પરંતુ નિકટ આવતા ઓળખાયા. અરે ! આ તો શ્રીરાધેપ્યારી ! સ્વામિનીજીની

નિકુંજમાં જરૂર કોઈ અદ્‌ભુત લીલા ચાલતી હશે. આવો વિચાર મનોમન થયો. ત્યાં શ્રીરાધાજી આવતા જ યમુનાજીએ તેમને પૂછ્યું, 'અરે ! પ્યારી, આ શી લીલા છે ? કૃષ્ણ ગોરા હોત તો બિલકુલ આપના જેવા જ હોત.'

સ્વામિનીજીએ બનેલી બધી જ બીના વિસ્તારપૂર્વક સંભળાવી. સવારથી માન આરંભાયું છે. સાંજ પડી. છતાં સ્વામી માન છોડતા નથી. મે જ તેમને માન કરવા કહ્યું હતું.મારાથી તેમનું માન ન છોડાવી શકાયું. મારી સખીઓમાં પણ તેમ કરવાની શક્તિ નથી. હે પ્યારી યમુને ! હવે તો ડૂબતાનો એક માત્ર આધાર તમે જ છો. તમે શ્રીકૃષ્ણને પ્રિય છો. તમે આવો અને એ નટખટ શ્યામ સુંદરને મનાવો.'

શ્રીયમુનાજીએ કહ્યું, 'પ્યારી રાધા, તમારી આજ્ઞા હું જરૂર પાળીશ. મારીથી બનતો પ્રયત્ન કરીશ. પરંતુ માન ઉતારનાર વ્યક્તિ પુરૂષરૂપે હોવો જોઈએ એવી પરિપાટી છે. અને હા, આપ મારા પર જરાપણ ગુસ્સો ન લાવતા.'

શ્રીરાધાજીએ શરત કબૂલ રાખી અને તરત જ સ્વામી શ્રીકૃષ્ણનાં વસ્ત્રાલકારો અને બીજા શણગારો સ્વહસ્તે યમુનાજીને પહેરાવ્યાં. પછી સ્વામીના કંઠમાં પહેરાવવા, યમુનાજીએ પોતાના શ્રીહસ્તમાં કમળની માળા લીધી. પોતે સ્વામિનીજીની નિકુંજ તરફ ચાલી નીકળ્યા.

શ્રીયમુનાજીનો રંગ તો શ્રીકૃષ્ણના રંગ જેવો ઘનશ્યામ મનોહર હતો જ. તેણાં કૃષ્ણના શણગાર સજ્યા. પછી તો શું પૂછવું ! ઉપરાંત, તેમનું સૌંદર્ય અવર્ણનીય, જાણે સાક્ષાત શ્રીકૃષ્ણ જ હોય તેવા લાગતાં હતાં.

શ્રીસ્વામિનીજીને નિકુંજના દ્વાર પર ઉભા રાખી, જાણે, પોતાના સ્વામીના ગળામાં વરમાળા પહેરાવવાની હોય એ રીતે, હાથમાં કમળની માળા ધરી શ્રીયમુનાજી ધીમા પગલે ચાલતાં ચાલતાં નિકુંજમાં પ્રવેશ્યાં.

તિરછી આંખે સ્વામી શ્રીકૃષ્ણે જોયું. વાહ યમુને ! આપ ઊઠયા, દોડ્યા અને શ્રીયમુનાજીને ભેટી પડ્યા અને કહ્યું, 'અરે પ્રિયે, મારે તો શ્રીસ્વામિનીજી સાથે માન હતું. તમારી સાથે નહિ.' શ્રીકૃષ્ણ સાથે ગાઢ આલિંગનમાં રહેલ શ્રીયમુનાજી દેહભાન ભૂલી ગયાં. કમળની માળા તો હાથમાં જ રહી ગઈ અને અંતરમાં તો પરમ આનંદ વ્યાપિ ગયો.

એ સ્વરૂપે સ્વામી શ્રીકૃષ્ણ અને પ્રિયા શ્રીયમુનાજી બહાર આવ્યા. આ તો યુગલ કૃષ્ણ-કૃષ્ણ રૂપ શ્રીયમુના અને રાધા રૂપ શ્રીકૃષ્ણ ! એ જોઈ શ્રીસ્વામિનીજી અતિ આનંદ પામ્યા. સ્વામી મનાયા તો ખરા ! એ રીતે મનોમન હર્ષ પામ્યાં.

શ્રીયમુનાજી કૃષ્ણનો શણગાર ઉતારવા લાગ્યા ત્યારે સ્વામિનીજીએ કહ્યું, 'અરી યમુને પ્યારી, તમે તો કોઈથી ન બને તેવું મારૂં કાર્ય કર્યું છે. આ બધો શણગાર તમને ખૂબજ શોભે છે. આ શણગાર તમે સદાયે ધારણ કરી રાખો એવી મારી ઈચ્છા છે.' સ્વામી શ્રીકૃષ્ણે પણ કહ્યું, 'હે યમુને ! આપ આ શણગાર સદા ધરી રાખો. આ વસ્ત્રાભૂષણથી આપ અતિ શોભાયમાન લાગો છો અને મને પણ ખૂબ પ્યારા લાગો છો.' આમ શ્રીયમુનાજીએ શ્રીરાધાજી અને સ્વામી શ્રીકૃષ્ણનું માન રાખીને શણગાર સદા ધારણ કરી રાખેલ છે.

અને ત્યારથી આજે પણ આપણે શ્રીયમુનાજીના મુકુટકાછની શૃંગાર ધરેલા સ્વરૂપના દર્શન કરીએ છઈએ. આથી યમુનાજીનાં બધા જ ચિત્રો આ રીતે આલેખાય છે.

શ્રીયમુનાજી તો પરમ કૃપાળુ છે. શ્રીઠાકોરજીના પ્રિય પટરાણી પણ છે. આપણે જો શુદ્ધ હૃદયપૂર્વક સાચા દિલથી જો શ્રીયમુનાજીમાં દ્રઢ વિશ્વાસ રાખી હંમેશા 'યમુનાષ્ટક' નું ગાન કરીએ તો જરૂર શ્રીયમુનાજી આપણા પર પ્રસન્ન થાય અને દર્શન આપે, એમાં કોઈ શંકાને સ્થાન જ નથી.

સાભાર : સત્સંગ, વર્ષ ૪૬, અંક-૮

લેખક : જ્યોત્સના બી. શીંગાળા મહોબતપુર (નવાગામ)

મત જાનો ખ્યાલ શ્રીગોકુલનાથ જુકી માલા હે
વખાની હુ વેદ મરજાદ હુ વખાની હે
ડારે ગુદી બીચ માલા અમૃત રસાલા હે
બુલાયે જહાંગીરને જાય કે જવાબ દીયો
હીંદુકી હદ રાખી શ્રી ગોકુલનાથ પ્રતિ પાલા હે
પ્રાણનાથ કહે બાત સુનો સબ કાન દે
મત જાનો ખ્યાલ શ્રી ગોકુલનાથજુકી માલા હે.

૨૪. શ્રીયમુનાજી-સ્વરૂપ ભાવના

શ્રીગોપીજનોના ચાર યૂથમાં ચોથું યૂથ છે. નિર્ગુણ - ભાવપ્રધાન વ્રજભક્તોનું. તેમનાં સ્વામિની છે. શ્રીયમુનાજી શ્રીયમુનાજીનું પ્રાકટ્ય કોઈ ગોપ કુટુંબમાં, લૌકિક પુત્રીવત થયું નથી. શ્રીયમુનાજીનું પ્રાકટ્ય અલૌકિક રીતે, પ્રભના નિત્ય લીલાભૂમિ શ્રીગોલોકમાં થયું છે અને ત્યાંથી જ આપ સ્વતંત્ર રીતે 'સારસ્વત કલ્પ' માં વ્રજમાં પધાર્યા છે, અને બિરાજ્યા છે.

પૂર્ણપુરૂષોત્તમ પ્રભુએ ગોલોકધામમાં શ્રીસ્વામિનીજી સાથએ રમણ કર્યું ત્યારે ઉભય અલૌકિક પરમાનંદ સ્વરૂપના, દ્રવીભૂત બનેલા હૃદયના એ અલૌકિક રસ, તે જ શ્રીયમુનાજી. એ જ સ્વરૂપ, એ જ અલૌકિક રસ પ્રભુની ઈચ્છાથી સ્વરૂપાત્મક બનતાં શ્રીયમુનાજીનું પ્રાકટ્ય થયું. તેથી શ્રીયમુનાજીનું આધિદૈવિક સ્વરૂપ, આધિદૈવિક સૂર્ય એવા પ્રભુના હૃદયપ્રદેશમાંથી પ્રકટ થયું છે. આ સ્વરૂપ પ્રભુની જેમ મેઘશ્યામ વર્ણનું છે. પ્રભુના જેવા અષ્ટ ગુણથી સુશોભિત છે. શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી બંનેના કૃપાપાત્ર હોવાથી આપ લીલામધ્યપાતી છે. શ્રીસ્વામિનાજી માન કરે છે, ત્યારે માનમિલાપની સેવા શ્રીયમુનાજી જ કરે છે.

'સારસ્વત કલ્પ' માં ગોલોકધામની સર્વ લીલા ભૂતલ પર પ્રકટ કરવા માટે પ્રભુએ આજ્ઞા કરી ત્યારે આધિદૈવિકસ્વરૂપા શ્રીયમુનાજીએ પોતાનું આધ્યાત્મિક સ્વરૂપ સૂર્યમંડળમાં બિરાજતા શ્રીનારાયણના હૃદયમાંથી બહાર પધરાવ્યું અને તેમાં પોતે ગુપ્ત રીતે બિરાજી, ભૂતલ પર, હિમાલયની પર્વતશ્રેણીમાં આવેલ 'કંલિદ' નામના પર્વતશિખર પર આપે આગમન કર્યું. ત્યાંથી અધિભૌતિક જલપ્રવાહ સ્વરૂપે આપ ભૂતલ પર પધાર્યા. તેમાં આપનું આધ્યાત્મિક અને આધિદૈવિક-એ બંને સ્વરૂપો ગુપ્ત રીતે બિરાજ્યાં. કલિંદ પર્વત પરથી પૃથ્વી પર પધાર્યા હોવાથી આપનું બીજું નામ 'શ્રીકાલિંદીજી' પડ્યું.

અહીં એક વાત યાદ રાખવાની ખાસ જરૂર છે. દ્વારિકાલીલામાં પ્રભુના ચતુર્થ પટરાણી કાલિંદીજીથી શ્રીયમુનાજી ભિન્ન છે. શ્રીયમુનાજી વ્રજલીલામાં પ્રભુના ચતુર્થ પ્રિયા સ્વામિની સ્વરૂપે બિરાજે છે. આમ, શ્રીયમુનાજી સૂર્યમંડળ દ્વારા ભૂતલ પર પધાર્યા હોવાથી, આપના અન્ય નામોમાં 'સુરસુતા',

'રવિતનયા' વગેરે નામો પણ પ્રસિદ્ધ છે.

શ્રીયમુનાજી પરમ દયાળુ અને કૃપાળુ છે. જ્યારે કોઈ જીવ પ્રભુના શરણે આવે છે ત્યારે તેઓ સૌથી વધારે પ્રસન્ન થાય છે. જે કોઈ જીવ પ્રેમપૂર્વક હંમેશાં તેમનું સ્મરણ કરે છે, તેના સર્વ પાપો નાશ થાય છે, તેને પ્રભુમાં પ્રેમ થાય છે, તેના સ્વભાવ બદલાય છે અને પ્રભુ તેને પોતાનો ગણી અપનાવે છે. શ્રીયમુનાજીએ પોતાના તટપ્રદેશ પર પ્રભુના વિહાર માટે અનેક નિકુંજો સિદ્ધ કરી, ગોપીજનો સાથે પ્રભુના વિહારનું સુખ સિદ્ધ કરી આપ્યું છે. શ્રીયમુનાજી સૌને અતિ પ્રિય છે. કુમારિકાઓને કાત્યાયની સ્વરૂપે શ્રીયમુનાજીની જ કૃપા ફળી હતી. ગોપાંગનાઓને નવરાત્રિમાં દેવી સ્વરૂપે શ્રી યમુનાજીની કૃપાથી જ શ્રીશ્યામસુંદરની પ્રાપ્તિ થઈ હતી. આવા પરમ દયાળુ શ્રીશ્યામસુંદર શ્રીયમુનાજીના આધિભૌતિક જલપ્રવાહનાં આપણને હંમેશા દર્શન થાય છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે : 'આપણે હંમેશાં શ્રીયમુનાપાન ખૂબ ભાવથી કરવું જોઈએ અને શ્રીયમુનાજીનું સતત સ્મરણ કરવું જોઈએ' ઘણા વૈષ્ણવોના ત્યાં શ્રીયમુનાજીની સેવા પણ થાય છે. ૨૫૨ વૈષ્ણવોમાં કિશોરીબાઈની વાર્તા પ્રસિદ્ધ છે, જેમના પર શ્રીયમુનાજીની પુર્ણ કૃપા થઈ હતી. શ્રીયમુનાજીનું આવું અલૌકિક સ્વરૂપ જાણી તેમના સેવા-સ્મરણ કરવાં. **શ્રીયમુનાજીને કેવળ લૌકિક જલપ્રવાહ સમજવાં નહીં. શ્રીયમુનાજી યમનાં બહેન છે, માટે યમુનાસ્નાન કરવાથી આપણી યમયાતના જશે, એવું ક્ષુલ્લક ફળ વૈષ્ણવોએ વિચારી, સંતોષ નહીં માનતાં તૂર્યપ્રિયા શ્રીયમુનાજીનાં સાક્ષાત દર્શન અને સેવા માટે વિરહતાપ રાખવો જોઈએ.**

સાભાર : લેખક પ.ભ. શ્રીરમેશભાઈ પરીખ, મહેસાણા

શ્રી ગોકુલનાથ રમે જીયમેં કીયો શ્રી વિઠ્ઠલનાથકો નામ ઉજારે
હાલી મવાલી કરે પ્રણામ, શ્રી ગોકુલનાથ નામ સમારો
જહાંગીર કહે જુંબિરાજો વહીં, જહાં આનંદ સ્વરૂપ તિહારો
પ્રાણ આધીન જે વલ્લભકો યાતે ગોકુલ ગામકો પેંડો હી ન્યારો
શાહ કરી સોં તેંન કરી, કરી સો વેદ પુરાનન ભાખી
માલ તિલક જનેઉકે કારણ, એંડન પેંડન નાંખી
શ્રીપત કહે જહાંગીર કે ખાન, જે તે ઉમરાવ તે તે સબ સાખી
શ્રી વિઠ્ઠલનાથ જુ કે શ્રી ગોકુલનાથજું,સબ હીંદુનકી પત રાખી.

૨૫. ભક્તિ સ્વરૂપ શ્રીયમુનાજી

શ્રીયમુનાજી ભક્તિનું સ્વરૂપ છે, ભક્તિના પ્રકાર નવ માન્યા છે. શ્રીયમુનાષ્ટક પણ નવ શ્લોકમાં છે. સ્તુતિના આઠ શ્લોક અને એક શ્લોક ફલશ્રુતિનો એમ મલી નવ શ્લોકો થાય છે. એક એક શ્લોકમાં ઐશ્વર્યનું વર્ણન છે. એમ મળીને ઐશ્વર્યનું વર્ણન કર્યું છે. તે આઠ ઐશ્વર્યથી શ્રીઠાકોરજીએ શ્રીમહારાણીજીને જીવોને આપવા માટે આપ્યાં છે. શ્રીયમુનાજી આ આઠ ઐશ્વર્યો જીવોને આપે છે. તેના ઋણના સ્મરણમાં આઠ શ્લોકથી સ્તુતિ કરી. એક શ્લોકમાં ફલશ્રુતિ વર્ણવી છે.

ભક્તિ એટલે સેવા કરવી. સેવામાં પ્રવૃત્ત થતાં અનેક પ્રકારના વિઘ્નો આવે છે. સ્વભાવમાં પ્રમાદ, વિવાદ, વિષયાસક્તિ આવા અનેક દોષો છે. શ્રીયમુનાજીનો આશ્રય લેવામાં આવે તો આ બધા સ્વભાવગત દોષોની નિવૃત્તિ થાય, તેમજ વિઘ્નોનો નાશ થાય. શ્રીમહાપ્રભુજીએ આવું વિચારીને ષોડ્શ ગ્રંથમાં પ્રથમ ગ્રંથ શ્રીયમુનાષ્ટક સ્તોત્રની રચના કરી.

શ્રીયમુનાષ્ટકનો નિત્ય પાઠ કરવાથી શ્રીકૃષ્ણ સેવામાં રતિ-પ્રીતિની વૃદ્ધ થાય છે. દૂરિત પાપોની નિવૃત્તિ થાય છે. સ્વભાવનો વિજય થાય છે. મુરારિ પ્રસન્ન થાય છે. પરિણામે જીવ સેવાનો અધિકારી બને છે. માનવને પોતાના સ્વભાવ ઉપર કાબુ લાવવો કઠિન ગણાય છે. ઘણા સાધનો કર્યા પછીથી પણ જે સ્વભાવને સુધારી નથી શકતો તે શ્રીયમુનાષ્ટક સ્તોત્રના આરાધનથી સુધારી શકાય. પાઠ કરતાં અવશ્ય એક અનુસંધાન રહે કે "શ્રીયમુનાજી આપ મારા ઉપર કૃપા કરીને મારા સ્વભાવને સુધારો અને મારો સેવામાં વિનિયોગ કરો."

શ્રીયમુનાષ્ટકના પાઠથી કામી ભક્ત બને છે, લોભી સંતોષી બને છે, કૃષ્ણ ઉદાર બને છે, ક્રોધી પ્રેમાળ બને છે, નિંદક ગુણ ચાહક બને છે અને વિષયાસક્ત હરિસેવા પરાયણ બને છે. ચિત્ત સદા પ્રસન્ન રહે છે. માતા જેમ રમકડાંમાં મનવાળા બાળકને બાપ તરફ લઈ જાય છે. તેમ શ્રીયમુનાજી વિષય રમકડામાં રસ લેતાં જીવને હરિચરણમાં લઈ જાય છે.
વસ્ત્ર અને મંજુષાના અધિપતિ શ્રીયમુનાજી છે.

મુંબઈના બડા મંદિરમાં શ્રીબાલકૃષ્ણાજી રજો ક્ષત્રિયાણી માથે બિરાજતા હતા અને આપનું પ્રાકટ્ય શ્રીયમુનાજીમાંથી થયું છે. અરે ન્યોછાવર દઈને જે સ્વરૂપ લીધા હોય તે બધાનું પ્રાકટ્ય પણ શ્રીયમુનાજીમાં જ છે, કારણકે શ્રીયમુનાજીથી સ્નાન કરાવ્યા બાદ જ તે સ્વરૂપ પુષ્ટ બને છે. અરે વસુદેવજીના ટોપલામાં બિરાજતું સ્વરૂપ પણ જ્યારે શ્રીયમુનાજી દ્વારા પુષ્ટ થયું ત્યારપછી જ વ્રજમાં પધારી શક્યું છે.

શ્રીયમુનાજીનું પુષ્ટિ સંપ્રદાયમાં આટલું બધુ માહાત્મ્ય છે. શ્રીયમુનાજી એ શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીનું મન છે. મન હોય તો બધું કાર્ય સિદ્ધ થાય.

ભૂતલ ઉપર અનેક પવિત્ર તીર્થો હોવા છતાં ષોડશ ગ્રંથનો પ્રારંભ કરતા શ્રીમદ્વલ્લભાચાર્યજી માત્ર શ્રીયમુનાજીને જ સર્વ પ્રથમ નમન કેમ કરે છે ?

શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાષ્ટકની પ્રથમ પંક્તિમાં જ એનો ઉત્તર આપે છે કે "સકલ સિદ્ધિ હેતુમ્" શ્રીયમુનાજી સકલ સિદ્ધિના હેતુરૂપ હોવાથી જ થાય છે. ભૂતલ ઉપરના અન્ય તીર્થોમાં આ પુષ્ટિમાર્ગીય અષ્ટસિદ્ધિઓમાંથી એકપણ સિદ્ધિનું દાન કરવાનું સામર્થ્ય નથી.

સાભાર : પુસ્તક "શ્રીયમુનાશ્રય" પાન ૫૧ ૫૨

૨૯. કૃપાવત્સલ શ્રીયમુનાજી

મા, એ વિશ્વનો સૌથી મહાન શબ્દ છે. મા શબ્દ સાંભળતાં જ નજર સમક્ષ એક વાત્સલ્ય ભરેલ કરૂણા મૂર્તિ ખડી થાય છે. લૌકિકમાં પણ અનેક કવિઓએ માતાની મહત્તા ગાયેલી છે.

આજે અહિં આપણે જે માતાની વાત કરવાની છે તે છે આપણી અલૌકિક માતા. પુષ્ટિમાર્ગીય ભક્તોની ભાગ્યદાતા શ્રીયમુનાજીની.

શ્રીયમુનાજીનું સ્વરૂપ અત્યંત દયાલુ છે અને તેથી જ પ્રભુએ પૃથ્વી પર કૃપા કરી તેમને પ્રગટ કર્યા છે. આજે પણ વ્રજમાં શ્રીયમુનાજી સાક્ષાત જલ રૂપે બિરાજી રહ્યા છે.

પુષ્ટિમાર્ગમાં જ્યારે કોઈ પણ જીવને બ્રહ્મસંબંધ થાય છે ત્યારે સૌથી વધારે આનંદ શ્રીયમુનાજીને થાય છે. આપણાથી ક્યારેય કાંઈ ભૂલ યા અપરાધ થયો હોય અને પ્રભુ પાસે ક્ષમા માંગીએ, પ્રભુ કદાચ ક્ષમા કરે ના કરે, પરંતુ શ્રીયમુનાજી પાસે જઈને દીનતા ભાવે માફી માગીએ તો તે ચોક્કસ આપણને માફ કરી દેશે. કેમકે તે માં છે. અત્યંત કરૂણાનું સ્વરૂપ છે. અને મા માફ કરી દેશે તો પિતા એવા શ્રીઠાકોરજી પણ આપણા દોષને માફ કરી દેશે. કેમ કે શ્રીઠાકોરજી પણ શ્રીયમુનાજી જીને વશ છે.

શ્રીયમુનાજીની કૃપા વાત્સલ્યનો એક પ્રસિદ્ધ કિસ્સો છે કિશોરીબાઈનો.

આ કિશોરીબાઈ શ્રીયમુનાજીના ભક્ત હતા. એક સમયે તેના શરીરમાં એક પ્રકારનો રોગ થયો. નજીકના સગા કોઈ હતા નહિ. સંબંધીઓએ પણ થોડો સમય મદદ કરી અને પછી જતા રહ્યા. કિશોરીબાઈ આ અવસ્થામાં તદ્દન એકલા થયા. શરીરની સાથે સાથે મનથી પણ ભાંગી પડ્યા. શ્રીયમુનાષ્ટકના ૯ શ્લોકમાંથી એક શ્લોક યાદ રહ્યો. દીન ભાવથી અને ભાવપૂર્વક રાત દિવસ તેનું સ્મરણ કરવા લાગ્યા માત્ર એક શ્લોકના રટણથી દયાલુ શ્રીયમુનાજી સાક્ષાત ત્યાં પધાર્યા, તેની ચાકરી કરી અને તેનું બધુ દુઃખ દુર થયું. અમા જે ભક્ત શ્રીયમુનાજીના શરણે જાય છે, તેનું પણ બધું દુઃખ શ્રીયમુનાજી અવશ્ય દુર કરે છે.

પુષ્ટિમાર્ગની ભક્તિ આમ તો નિષ્કામ ભક્તિ છે. પુષ્ટિ જીવની પુષ્ટિમાર્ગમાં સાચી ફળસિધ્ધિ તો ત્યારે જ સિદ્ધ થઈ કહેવાય. જ્યારે જીવ તમામ આશા - અપેક્ષાથી મુક્ત થઈ પ્રભુ સેવા કરે. પરંતુ અત્યારે આવા જીવો અલ્પ પ્રમાણમાં જોવા મળે છે.

જ્યારે પુષ્ટિમાર્ગીય જીવને કોઈ સંકટ દોષ એટલે કે કોઈપણ પ્રકારનું લૌકિક દુઃખ હો તો શ્રીયમુનાજીની ભક્તિ દ્વાર એટલે કે શ્રીયમુનાષ્ટકના પાઠ નિત્ય ભાવથી કરવામાં આવે તો લૌકિક સંકટમાંથી પણ શ્રીયમુનાજી આપણને બચાવે છે. અને તેથી જ સુરદાસજી કહે છે કે, 'શ્રીયમુનાજી આપણને ભાગ્ય અને સૌભાગ્ય અને બંને પ્રકારનું ફળ આપવા માટે સમર્થ છે. ભાગ્ય એટલે લૌકિક અને સૌભાગ્ય એટલે અલૌકિક.'

અલૌકિક સુખ એટલે કે પ્રભુને પ્રાપ્ત કરવા હોય તો પણ શ્રીયમુનાજીની કૃપાથી જ તે શક્ય બને છે. શ્રીયમુનાજીમાં એટલું બધું સામર્થ છે કે પ્રભુ જો કોઈ જીવની ઉપેક્ષા કરતા હોય અને તે જીવ શ્રીયમુનાજીની શરણાગતિ સ્વીકારે અને શ્રીયમુનાજી તેના પર કૃપા કરે તો ઉપેક્ષાપાત્ર જીવ પ્રભુ માટે કૃપાપાત્ર બની જાય છે.

આમ શ્રીયમુનાજીના નામ સ્મરણની સાથે સાથે શ્રીયમુના પાન દ્વારા પણ જીવનો ઉદ્ધાર સહેલાઈથી થઈ શકે છે. કેમકે શ્રીયમુનાજી એ યમરાજાના બહેન છે, અને તેથી જ જે જીવ પ્રેમપૂર્વક શ્રીયમુના પાન કરે છે તેને યમ યાતના ભોગવવી પડતી નથી. માત્ર યમુનાપાનથી જીવ યમયાતનામાંથી છુટકારો મેળવી શકતો હોય તો આનાથી મોટી કૃપા બીજી કઈ હોઈ શકે ? એીવ કૃપાનું વર્ણન આપણે શબ્દોમાં શુ કરી શકીએ ? અને જે ભક્ત શ્રીયમુનાજીની સેવા અને સ્મરણ કરે છે તેને તો કેવા કેવા અલૌકિક સુખના અનુભવ થાય છે ! તે તો જ્યારે અનુભવ થાય ત્યારે જ ખબર પડે.

માટે હે વૈષ્ણવો, આપણે આવા દયાલુ શ્રીયમુનાજીના સ્વરૂપને ઓળખી તેમનાં સેવા સ્મરણ કરી આપણું જીવન કૃતાર્થ કરીએ. કેમકે, જીવના મૃત્ય બાદ તેન તનુનતત્વની પ્રાપ્તિ કરાવી તેને નિકુંજમાં લઈ જઈ અને પ્રભુ પ્રાપ્તિ કરાવનાર માત્ર શ્રીયમુનાજી જ છે. તેથી જ શ્રીમહાપ્રભુજીએ ષોડશગ્રંથ રૂપી જે ૧૬ રત્નો વૈષ્ણવોને આપ્યા છે તેમાંના પ્રથમ રત્ન શ્રીયમુનાષ્ટક છે.

માટે હે વાચક મિત્રો ! ઘણા એવું માનતા હોય છે કે ભક્તિ અમુક ઉમરે જ કરવાની હોય છે. પરંતુ એવું નહિ માનતા, કેમકે કાલ રૂપી સર્પ ક્યારે આપણને ગ્રહી જશે તે કોઈ જાણતું નથી, માટે વર્તમાન સમયમાંજ ભગવદ્ નામ લેવું અને પુષ્ટિમાર્ગના આ મુલ્ય રત્નરૂપી શ્રીયમુનાજીની કૃપા પ્રાપ્ત કરવા આપનું ભાવપૂર્વક નામ સ્મરણ કરી અલૌકિક આનંદ પ્રાપ્ત કરીએ. એકવાર આ સિદ્ધિ પ્રાપ્ત થયા બાદ દુનિયાનું તમામ લૌકિક સુખ ફિક્કુ લાગશે.

સાભાર : સત્સંગ વર્ષ-૫૫, અંક-૧૧

લેખક : રીટાબેન એન. રાયપુરા, કેશોદ

૨૭. શ્રી દ્વારકાધીશ પ્રભુના સ્વામિનીજી કોણ

શ્રી દ્વારકાધીસ પ્રભુના સ્વામિનીજી કોણ તે જાણતાં અગાઉ આપણે એ જાણીએ કે શ્રી વેદ વ્યાસજી પાસેથી એ સ્વરૂપ શ્રી મહાપ્રભુજી પાસે કઈ રીતે પધાર્યું.

શ્રી વેદ વ્યાસજીએ શ્રી ઠાકોરજીને વિનંતી કરી હે પ્રભુ દિવસે દિવસે યુગ ધર્મ બદલાતો જાય છે. કલિયુગ આવશે, ધર્મ-તપ-દાય-દાન રહેશે નહીં. આવા સમયે આપની સેવા અને મારો ઋષિ ધર્મ કેવી રીતે નભશે ? શ્રી પ્રભુએ તેમને રાજા યુધિષ્ઠિરને ત્યાં પધરાવી દેવા કહ્યું. રાજા યુધિષ્ઠિર પાસે તે સ્વરૂપ અર્જુન પુત્ર અભિમન્યુના પુત્ર પરિક્ષિતને સેવા કરી શીખવાડી પધરાવી દીધું. રાજા પરિક્ષિતના મહેલમાં સૌર શર્મા બ્રાહ્મણ પુત્રની સેવામાં રહેતા હતાં. સૌર શર્માને પ્રભુએ સ્વપ્નામાં આબુ પર્વત પહોંચવા કહ્યું. જ્યાં તેમનું (પ્રભુનું) પ્રાચિન સ્થાન છે, ત્યાં પધરાવી સેવા કરવા કહ્યું.

ઉત્તર પ્રદેશમાં કનૌજ નામે મોટું શહેર આવેલું છે, ત્યાં નારાયણ નામે દરજી રહેતા હતા. તેઓ વિષ્ણુસ્વામિ સંપ્રદાયના વૈષ્ણવ હતાં. શ્રી દ્વારકાધિશ પ્રભુએ સ્વપ્નામાં નારાયણ દરજીને આબુ પર્વત ઉપરથી તેમને પધરાવી લાવવા કહ્યું અને કહ્યું કે, અમારે ચંપારણ્યમાં પ્રગટ થયેલ શ્રી મહાપ્રભુજીને ત્યાં પધારવું છે. નારાયણ દરજી આબુથી પ્રભુને કનૌજ પધરાવી લાવ્યા. નારાયણના ઘરના સર્વે પ્રભુ સ્વરૂપને નિહાળી પ્રસન્ન થાય. આર્થિક સ્થિતિ સાવ સાધારણ હતી. તેઓ રોજ એક મુઠ્ઠી ભીંજવેલી ચણાની દાળનો ભોગ ધરતા. સમય જતાં શ્રી ધ્વારકાધિશ પ્રભુ શ્રીમહાપ્રભુજી દ્વારા કનૌજના દિવાન અને નગરશેઠ દામોદરદાસ સંભરવાલાને ત્યાં થોડો વર્ષો સુધી વૈભવી સેવા સ્વિકારી શ્રીયમુનાજીના જલમાં નૌકા દ્વારા શ્રી દ્વારાકાધીશ પ્રભુ વૈભવ સહિત અડેલ ગામે શ્રી નિજાચાર્યજીના ઘેર અંદાજે સંવત ૧૫૮૧ માં પધાર્યા હતા. તે જ વખતે પુષ્ટિ સંપ્રદાયમાં મહત્ત્વ ઘટના બની કે શ્રી મહાપ્રભુજીના આદેશથી નાવમાંનો અઢળક વૈભવ શ્રીયમુનાજીના જલ પ્રવાહમાં સમર્પિત કરી દેવામાં આવ્યો. **નિજેચ્છાતઃ કરિસ્યતિ !**

શ્રી મહાપ્રભુજી પાસેથી તેમના બીજા પુત્ર શ્રી ગુંસાઈજી પ્રભુચરણને

એ સ્વરૂપ પ્રાપ્ત થયું. શ્રી ગુંસાઈજી પ્રભુચરણે તેના ભૂતળ પરના અંતિમ વર્ષોમાં સંવત ૧૬૩૮માં પોતાના સાતેય પુત્રોને પોતાની પાસેના ભગવદ્ સ્વરૂપોની વાંટણી કરી ત્યારે તૃતિય પુત્ર શ્રી બાલકૃષ્ણજીના વાંટમામાં શ્રી ધ્વારકાધિશજીનું સ્વરૂપ ગોકુલથી ગુપ્ત રીતે અમદાવાદ રાયપુર બઉઆ પોળ થઈ સંવત ૧૭૨૬માં મેવાડમાં પધાર્યું. મહારાણાજીના મનોરથ અનુસાર આસોટિયા જે હાલનું કાકંરોલી ગામે બિરાજી રહેલ છે.

તૃતિય લાલજી શ્રીબાલકૃષ્ણજીના વાંટામાં શ્રી ધ્વારકાધિશ પ્રભુ પધાર્યા. એક વખત આપશ્રીએ તાતચરણ શ્રી ગુંસાઈજી પ્રભુચરણને વિનંતી કરી, આપ કૃપા કરી મને શ્રી ધ્વારકાધિશ પધરાવી દીધાં છે, પણ મને એવી ઈચ્છા થઈ રહી છે કે, એમની સાથે સ્વામિનીજી પણ બિરાજતા હોય તો શ્રી યુગલ સ્વરૂપની સેવાનો અધિક આનંદ આવે. આપ કૃપા કરીને મારો એ મનોરજ સિધ્ધ ન કરી આપો ? શ્રી પ્રભુચરણે કહ્યું 'અવશ્ય' તમારો એ મનોરથ જરૂરથી પૂર્ણ થશે. શ્રીપ્રભુચરણે તેમની શ્રી સ્વામિનીજીના શ્રીહસ્તના ધરાવવા લાયક બે જડાઉ ચૂડા આપી આજ્ઞા કરી, તેમને જ્યારે શ્રી સ્વામિનીજી પ્રાપ્ત થાય ત્યારે તેમને આ આભરણ ધરાવજો. જો માપસર આવી જાય તો તેમને શ્રી ધ્વારકાધિશજીના શ્રી સ્વામિનીજી સમજો. તદ્ઉપરાંત એમ કહ્યું કે, તમો સતત વ્રજમાં ભ્રમણ કરો બહુ જલ્દી તમારો મનોરથ પૂર્ણ થશે.

શ્રીબાલકૃષ્ણજી રાજભોગ સુધીની સેવા દરરોજ પહોંચી વ્રજમાં ભ્રમણ કરવા નીકળી જતાં. ભ્રમણ કરતાં કરતાં તેઓ એક દિવસ શ્રી યમુના કિનારે આવેલા ગુંજાવનમાં પધાર્યા. ત્યાં શ્રી યમુનાજીના કિનારે ગાઢા વનમાં સંધ્યા કરવા બિરાજ્યા ત્યાં ઝીણી ઝણી ઘુઘરીના નેપૂરનો છૂમ..છૂમ.. મધુર સ્વર આપે સાંભળ્યો. શ્રીયમુનાજીના જલમાંથી લાવણ્યયુક્ત પરમ મનોહર કોટી કંદર્પ શ્યામ સ્વરૂપા સાત વર્ષના કુમારીકા શ્રીયમુનાજી મંદ મંદ હાસ્ય કરતાં. પોતાના હસ્તમાં કમળદલ ફેરવતાં શ્રી બાલકૃષ્ણલાલની સન્મુખ પધારી રહ્યાં હતાં. દર્શન કરતાં જ આપ વ્રજની રજમાં લોટી પડ્યા ને શ્રી યમુનાજીને સાષ્ટાંગ દંડવત્ પ્રમાણ કર્યા અને વિનંતી કરવા લાગ્યા કે મારા ભાગ્યનો આજે પાર નથી. આજનો દિવસ બહુજ શુભ છે. ક્યારથી આપની રાહ જોઉ છું. હવે મારો મનોરથ અવશ્ય બહુ જલદીથી પુરો થવાનો છે. "શ્રી યમુનાજીએ

કહ્યું પહેલાં અમારા આભરણ આપો."

શ્રીબાલકૃષ્ણલાલજીએ તરત શ્રી પ્રભુચરણે આપેલ જડાઉ ચૂડા શ્રી યમુનાજીને ધરાવ્યા. શ્રી યમુનાજીએ બંન્ને ચૂડા વારાફરતી પોતાંના શ્રીહસ્તમાં ધારણ કરી લીધાં. બરાબર માપે બંધબેસતા આવી ગયાં. શ્રી બાલકૃષ્ણલાલજીએ બંન્ને હાથ જોડી વિનંતી કરી "આપ કૃપા કરીને શ્રી ધ્વારકાધીશજીની પાસે પધારો." શ્રી યમુનાજીએ કહ્યું "અમારી ઈચ્છા પણ તમારા ગૃહે પ્રભુની પાસે આવવાની છે."

શ્રી બાલકૃષ્ણલાલજીએ શ્રી પ્રભુચરણને જાણ કરી. સમાચાર સાંભળીને શ્રી પ્રભુચરણ તરત સેવામાં દાખલ થયાં. શ્રી યમુનાજીને શ્રી ધ્વારકાધીશજીના સિંહાસન પર પધરાવ્યા અને શણગાર ધરી વિવિધ ભોગ સાજ્યા અને ગુપ્ત ઉત્સવ મનાવ્યો.

શ્રી ગુંસાઈજીએ શ્રી બાલકૃષ્ણજીને આજ્ઞા કરી, "શ્રી સ્વામીનિજીની સેવા ગુપ્ત રીતે કરજો. રસમય લીલાનું આ ગુઢ સ્વરૂપ છે. જેથી ગૌપ્ય રાખજો." આજે પણ કાંકરોલીમાં શ્રી ધ્વારકાધિશજીના શ્રી સ્વામિનીજીની સેવા ગુપ્ત રીતે જ થાય છે. એમના દર્શનનો લાભ કોઈને મળતો નથી.

શ્રી વલ્લભ નામમાં જ સર્વલીલાધામ

દયરામભાઈએ ગાયું છે કે, "નિશ્રેના મહેલમાં વસે મારો વાલમો, જે જાયે તે ઝાંખી પામે જી." શ્રીવલ્લભના નામમાં જ વિશ્વાસ થતાં આપ શ્રીવલ્લભ, નામમાંથી ભાવાત્મક સ્વરૂપે પ્રકટ થઈને લીલાધામની સમસ્ત લીલાઓનો ભક્તને અનુભવ કરાવે છે. શ્રી વલ્લભ નામરૂપી બીજમાં લીલાધામરૂપ શૃંગાર કલ્પદ્રુમ સૂક્ષ્મ ભાવાત્મક પ્રકારે રહેલું છે. શ્રી વલ્લભનામના સ્વરણરૂપી જલનું સિંચન થતાં જ હૃદયમાં રહેલું બીજ લીલીધામરૂપી કલ્પદ્રુમ બની જાય છે. તેથી શ્રીહરિરાયજીએ ગાયું છે કે :

સબનતેં શ્રી વલ્લભ નામ ભલો.
યાહીમેં ગોકુલ, યાહીમેં વૃંદાવન, યાહીમેં વ્રજમંડલો.
યાહીમેં ગોવર્ધન રાસાદિલીલા, યાહીમેં યમુના આનંદકંદલો
"રસિક પ્રીતમ" શ્રીવલ્લભ ત્યજકે, વૃથા ઈત ઉત ન ચલો.

- સત્સંગ

પુષ્પ - ૬ : ધોળ/કીર્તન

૧. શ્રીનાથજી શ્રીયમુનાજીની જોડી

શ્રીનાથજી શ્રી યમુનાજીની, જોડી સુંદર શોભે રે,
યુગલ સ્વરૂપે દર્શન કરતાં, વૈષ્ણવનાં મન મોહ્યાં રે. ॥ શ્રીનાથજી ॥

ભાઈબીજ કેરો દિન વૈષ્ણવ, યમુનાં પાન કરજો રે,
યમુના પાન કરજો વૈષ્ણવ, ચરણ કલમમાં રહેજો રે. ॥ શ્રીનાથજી ॥

મોર મુગટને કાને કુંડલ, ભાલે ટીલડી શોભે રે,
હસ્તમાં કંકણ ધરીઆ માજી, વૈષ્ણવનાં મન હરખ્યાં રે.॥ શ્રીનાથજી ॥

સુથન કટી કાછનીને, પીળાં પટકાં ધરીયા રે,
આસમાની ચુંદડી ઓઢી, માજી દર્શન દે જો રે. ॥ શ્રીનાથજી ॥

કેડેકટીમેખલાને, બાંહે બાજુ બંધ રે, હડપચી હીરલાં ધરીઆ
માજી ચરણે ઝાંઝરનો ઝમકાર રે ॥ શ્રીનાથજી ॥

સોલે શણગાર સજીયા માજી, નાકે નીરમલ મોતી રે,
હસ્તમાં દર્પણ ધરીયાં માજી, સુંદર મુખડાં જોતાં રે. ॥ શ્રીનાથજી ॥

સેવા કુંજના ગોખ માજી, બંસીબટના ચોકરે,
ચંદ સરોવર તીરે માજી, રાસ રમવા આવો રે. ॥ શ્રીનાથજી ॥

ગોકુલનાથજી ના એ સાચા સેવક, શાહ જહાંગીર નામ રે.
ગજ મુકતાની માલ, શ્રી ગોકુલ નાથજીને આપી રે. ॥ શ્રીનાથજી ॥

ગોકુલનાથજી એ માળા લઈને, જળમાં ધરી દીધી રે,
શાહને મનમાં શંકા આવી પ્રભુ એ આ શું કીધું રે. ॥ શ્રીનાથજી ॥

અમુલ્ય માલ આપી ત્યારે જળમાંધરી દીધી રે,
શાહને લઈને પ્રભુ નાવ બીરાજયા,
રૂપ યમુનાજી માએ ધરીઆ રે ॥ શ્રીનાથજી ॥

મહારાણી માને અર્પણ કરીને, સરવે સુખડાં દીધાં રે,
પ્રત્યક્ષ માલા હાથમાં આપી, શાહનાં મનડાં હરખ્યા રે.॥ શ્રીનાથજી ॥

શાહ તો પ્રભુજીને પાયે પડ્યો, માને ચરણે નમીયો રે,
રંક ઉપર રોષ ના કરશો, મનના દુઃખડા કાપો રે. ॥ શ્રીનાથજી ॥

દીન દયાળુ સાચા સેવક અંતરના ઉમંગીરે,
ભવના બંધન કાપો માજી, જનમ જનમના સંગી રે. ॥ શ્રીનાથજી ॥

દાસ વિનવે કર જોડીને ચરણ કમલમાં રાખો રે
ચરણ કમલ રાખો માજી વ્રજમંડળમાં સ્થાપો રે. ॥ શ્રીનાથજી ॥

૨. જનમધરી શ્રી યમુનાજીમાં નહાઈએ

જનમધરી શ્રી યમુનાજીમાં નહાઈએ
પાપ મૂકી સહેજે પાવન થઈએ ૧

યમનાજી તો જમની પાસે રે આવ્યા
બેની જાણી બાંધવે રે બોલવયા ૨

માંગ માંગ બેની આપું છું વચન
આજ તારા ઉપર થયો છું પ્રસન્ન ૩

યમરાજ જોરે તમારૂં છે ઝાઝુ
માટે તારી પાસે પસલી રે હું માંગું ૪

યમરાજ હસીને બોલ્યા છે વાણી
જેને દિલે અડશે તમારૂં પાણી ૫

તેને ઘેર મારે કદાપિ ન જાવું
ઘણો પાપી હોય તો યે ન બોલવું. ૬

ચાલો સખી જસોદાને મંદિર જઈએ
ઘણો જુલમ કર્યો છે નંદજીના છઈયે ૭

રોતા રોતા જસોદાને મંદિર આવ્યા
ઘાટો પાડી જસોદાજીને બોલાવ્યા ૮

જસોદામાં ઝાઝુશું તમને રે કહીયે
હરીગુણ ગાતા પાવન અમે થઈએ. ૯

એક દહાડો ઓચિંતો અલબેલો આવ્યો
લે લે ગોપી લહેરીઆ સાળુ રે લાવ્યો ૧૦

વાત જાણી કંથે ગોપીને ત્યાં મારી
સામા ઉભા કૃષ્ણ વગાડે છે તાળી ૧૧

જોવા મળિયું નગરનું રે લોક
ગોપી મારી કહીને વાલે મૂકી દોટ ૧૨

સ્વામી કહે છે હાલે ભૂલાવું તારા ચાળા
દાસના સ્વામીએ તરત મેલ્યા અગિયારા ૧૩

મંદિરમાં ઉડે છે રે ફૂવારા
લોક કહેશે એ કૃષ્ણ રહેશે કુંવારા ૧૪

દુરીજનને કહેવું હતુ તે તો કીધું
વાલે મારે ધાર્યું હતું તે થયું. ૧૫

હીંચકે હીચે છે કાન ને રાધા
ગોપી તારે માથે ઓઢયાની રે બાધા ૧૬

ધન્ય ધન્ય યમુનાજીનું ધોળ જે ગાશે
વિમાન બેસીને ગૌલાકમાં રે જાશે. ૧૭

૩. આવોને સાહેલી મળી મંગલ ગાવો રે

આવોને સાહેલી મળી મંગળ ગાવો રે,
શ્રીયમુને મહારાણીજી કો લાડ લડાવો રે.. ટેક.
કુંજ નિકુંજમાં રચ્યો રે સિંહાસન
મખમલની ગાદીને તકિયા બિછાવો રે... આવોને
કેસરી વસ્ત્ર વિવિધ આભૂષણ,
નખશીખ નવલા શિંગાર કરાવો રે... આવોને
ફૂલ ગુલાબી મનોહર માલા,
કમલની માળા શ્રીમહારાણીજી કો ધરાવો રે... આવોને
મધુ મેવા પકવાન મીઠાઈ,
કનક કટોરા ભરી ભોગ લગાવો રે... આવોને
શીતળ જળ ભરી શ્રીયમુનાજીકી ઝારી,
સુગંધ સહિત પાનના બીડલા ધરાવો રે... આવોને
નાચો ગાવો ને મૃદંગ બજાવો,
'રસિક' પ્રીતમ સંગ પ્યારી કો મનાવો રે... આવોને

૪. મનના મંદિરમાં પધારો રે મહારાણીમા

મનના મંદિરમાં પધારો રે મહારાણીમા (૨) મનના
આચાર ન જાણું મા, વિચાર ન જાણું,
ન જાણું માનસી સેવા રે... મહારાણીમા
તનુજા ન જાણું મા વિત્તજા ન જાણું,
ન જાણું સેવાનો ભાવ રે.. મહારાણીમા
ભક્તિ ન જાણું, મા સ્મરણ ન જાણું,
ન જાણું આરતીનો ભાવ રે..મહારાણીમા
પુત્ર કુપુત્ર હોય રે મહારાણી મા,

માતા ન છોડે એના બાળ રે... મહારાણીમા
તમારી ગોદમાં મારે ખેલવાના કોડ,
કોમળ હસ્ત શીર પર ધરો રે.. મહારાણીમા
દીન હીન થઈને યાચું રે મહારાણીમા,
નિકુંજમાં લેજો તમને તાણી રે.. મહારાણીમા
બેઉ કર જોડીને કરું રે વિનંતી મા,
દેજો વ્રજમાં વાસ રે.. મહારાણીમા
રાખો ચરણની પાસ રે મહારાણીમા
દેજો દર્શનના દાન રે મહારાણીમા..મનના

૫. તારો તે રંગ લાગ્યો મહારાણી મા

તારો તે રંગ મને લાગ્યો મહારાણીમા
તારો તે રંગ મને લાગ્યો રે લોલ
સખીઓના સંગમાં આવ્યા મહારાણીમા,
સખીના સંગમાં આવ્યા રે લોલ.
વૃંદાવન બાગ હું તો ગઈ'તી મહારાણીમા,
વૃંદાવન બાગ હું તો ગઈ'તી રે લોલ.
ફૂલડાની છાબ લઈ આવી મહારાણીમા,
ફૂલડાની છાબ લઈ આવી રે લોલ.
ચૈત્ર સુદી છઠ્ઠ રે આવી મહારાણીમા,
ચૈત્ર સુદી છઠ્ઠ આવી રે લોલ.
તારી જયંતી ઉજવાય મહારાણીમા,
તારી જયંતિ ઉજવાય રે લોલ.
ફૂલડાની માળા ધરાવું મહારાણીમા,
ફૂલડાની માળા ધરાવું રે લોલ.
ફૂલડે ફૂલડે ધરાવું મહારાણીમા,
ફૂલડે ફૂલડે વધાવું રે લોલ.

નાથદ્વાર શહેર હું ગઈ'તી મહારાણીમા,
તારે કાજે શણગાર લાવી રે લોલ.
બનારસ શહેર હું તો ગઈ'તી મહારાણીમા,
તારે કાજે શણગાર લાવી રે લોલ.
બનારસ શહેર હું તો ગઈ'તી મહારાણીમા,
બનારસ શહેર હું તો ગઈ'તી રે લોલ.
તારે કાજે અંબર લાવી મહારાણીમા,
તારે કાજે અંબર લાવી રે લોલ.
અંબર પહેરાવું સોળે શણગાર સજાવું,
વારે વારે ઓવારણા લેતી રે લોલ.
બાહે બાજુબંધ કરમાં છે કંકણ,
પાયે ઝાંઝરીયા ઝમકે રે લોલ.
દાસ 'વલ્લભ'ના સ્વામી શામળિયા,
સખીઓને દર્શન આપો રે લોલ.

૬. નાનકડી કિશોરી મારા આંગણીયામાં ડોલે રે

નાનકડી કિશોરી મારા આંગણીયામાં ડોલે રે.
પગમાં ઝાંઝર છમ છમા છમ છમ છમા છમ બોલે રે..
મેં મારા મનથી પૂછ્યું શું છે તમારું નામ રે,
ધીમેથી એ સુંદરી બોલ્યા શ્રી યમુના મારું નામ રે.
નાનકડી કિશોરી...
મેં મારા મનથી પૂછ્યું ક્યું તમારું ગામ રે,
ધીમેથી એ સુંદરી બોલ્યા ગોકુળ મારું ગામ રે.
નાનકડી કિશોરી...
મેં મારા મનથી પૂછ્યું ક્યાં તમારા દેશ રે,
ધીમેથી એ સુંદરી બોલ્યા વ્રજમંડલ મારો દેશ રે.
નાનકડી કિશોરી...

મેં મારા મનથી પૂછયું ક્યો તમારો ઘાટ રે,
ધીમેથી એ સુંદરી બોલ્યા, ઠકુરાણી મારો ઘાટ રે.
નાનકડી કિશોરી...
મેં મારા મનથી પૂછયું શું છે તમારું કામ રે,
જે જન મારે શરણે આવે એને શરણે લેવાનું મારું કામ રે
નાનકડી કિશોરી...
મેં મારા મનથી પૂછયું ક્યો તમારો નાથ રે,
શરમાઈને એ સુંદરી બોલ્યા ગોવર્ધન મારો નાથ રે.
નાનકડી કિશોરી...

૭. શ્રી યમુનાજી તો પ્રીતમના પટરાણી

શ્રીયમુનાજી તો પ્રીતમના પટરાણી,
રમે છે રાસ કુંજમાં રે લોલ,
શ્રી યમુનાજી તો મોહનના મહારાણી, રમે...
શ્રી યમુનાજી તો માધવના મોંઘેરા, રમે...
શ્રી યમુનાજી તો મુકુંદના પટરાણી, રમે...
શ્રી યમુનાજી તો શ્યામવરણ સુકુમારી, રમે...
શ્રીયમુનાજી તો શ્રીનાથજીના સંગે, રમે....
શ્રીનાથજી વ્રજવનિતાને સંગે, રમે...
શ્રીયમુનાજી તો ગોપવનિતાને સંગે રમે....
શ્રીયમુનાજી તો ચુંદડીના ચમકારે, રમે...
શ્રીયમુનાજી તો ઝાંઝરના ઝમકારે, રમે...
શ્રી યમુનાજી તો ઘુઘરીના ઘમરાકે, રમે...
શ્રી યમુનાજી એ સોળે સજ્યા શણગાર રમે...
શ્રી યમુનાજી તો કુંજ-નિકુંજની માંય, રમે...
શ્રી યમુનાજીના માધવદાસ ગુણ ગાય,
રમે છે રાસ કુંજમાં રે લોલ.

૮. મહારાણી યમુનાને કરીએ પ્રણામ

ચાલો સખી કરીએ શ્રી યમુના-રસપાન;
મહારાણી યમુનાને કરીએ પ્રણામ !
ગોકુલ મથુરા વૃંદાવન ધામ,
વ્રજમાં આવીને માએ કર્યો વિશ્રામ,
શાંત શીતળ માનું સુંદર સ્વરૂપ છે,
જોને ગંભીરતા કેવી અનુપ છે !
પાવન થવાય એનું લેતા નામ..મહારાણી
વ્રજની ભૂમિનો માએ મહિમા વધારિયો,
કાલિંદી નામ ધરી કાલિયને તારિયો,
વૈષ્ણવ મંડળની વિનંતી સ્વીકારજો,
યમના રે પાશ થકી માત હૈ ઉગારજો !
મુખ થકી કરીએ આજ તારાં ગુણગાન.. મહારાણી

૯. જમુનાજીનાં નોતરા

આવ્યાં શ્રી જમુનાજીનાં નોતરાને,
મારે જાવું છે વ્રજ પરદેશ રે ।। આજ કોઈ રોકો નહીં ।।
સહેજે સીધાવું હું તો એકલીને,
મારે ધરવો છે સાદો વેષ રે, ।। આજ કોઈ રોકો નહીં ।।
આશા ભરી હું તો ઉપડીને,
મારે વસવા છે ગોકુલ ગામરે, ।। આજ કોઈ રોકો નહીં ।।
આઘો પરદેશ આવી વાટડીને,
કાંઈ આઘો છે ઠકુરાણી ઘાટ રે ।। આજ કોઈ રોકો નહીં ।।
યમુનાજીને કાંઠે ઉભી નાવડીને,
મારો વહાલોજી જુવે છે વાટ રે ।। આજ કોઈ રોકો નહીં ।।

ગંગાજી નહાયા ને નાહયાં, ગોમતી ને,
મારે કરવા છે શ્રીયમુનાનાં પાન રે, ॥ આજ કોઈ રોકો નહીં ॥
દર્શન કરવા શ્રી નાથજીના રે,
મારે પરિક્રમા કરવી ગિરિરાજ રે ॥ આજ કોઈ રોકો નહીં ॥
વધાવિયા શ્રીનાથજી ને,
મારે લેવા છે બ્રહ્મ સંબંધ રે ॥ આજ કોઈ રોકો નહીં ॥
'માધવદાસ' ની, વિનંતી રે,
અમને દે જો શ્રી વૃજમાં વાસ રે ॥ આજ કોઈ રોકો નહીં ॥

૧૦. મેં તો યુગલ સ્વરૂપે જોયા શ્રીયમુનાજી રે

મેં તો યુગલ સ્વરૂપે જોયા શ્રીજમુનાજી રે
મારા ભવના દુઃખડા ખોયા શ્રીજમુનાજી રે
પહેરે ચોળી કસુંબલ સાડી શ્રીજમુનાજી રે
એવા સ્વરૂપ નીરખવાને દોડી શ્રીજમુનાજી રે
નેપુર ઘુઘરી વાગે ચરણે શ્રીજમુનાજી રે
મારું મન તમારે શરણે શ્રીજમુનાજી રે
માજી તમ પાસે મારું મન શ્રીજમુનાજી રે
ઘેર બેઠા તપે મારું મન શ્રીજમુનાજી રે
શોભો નંદકુંવરની સંગ શ્રીજમુનાજી રે
સુંદર રૂપે શ્યામ સ્વરૂપે શ્રીજમુનાજી રે
તમને મોહ્યા છે વૃજના ભૂપ શ્રીજમુનાજી રે
સદા બીરાજો વૃજમાય શ્રીજમુનાજી રે
પુણ્ય ભક્તોની કરવા સહાય શ્રીજમુનાજી રે
શોભા જોઈ કહે 'હરિદાસ' શ્રીજમુનાજી રે
અમને આપજો વૃજમાં વાસ શ્રીજમુનાજી રે
માજી હું તો તમારો દાસ શ્રીજમુનાજી રે
રાખો ચરણ કમલની પાસ શ્રીજમુનાજી રે

૧૧. માને વેદ વખાણે વેદ વાણી રે

માને વેદ વખાણે વેદ વાણી રે, શ્રી યમુના મહારાણી
મા પાવન કરે તારા પાણી રે, શ્રી યમુના મહારાણી
માને કંઠે તે શોભે હાર હીરા રે, શ્રી યમુના મહારાણી
માને યમરાજા સરીખા વીરા રે, શ્રી યમુના મહારાણી
એક પાપીયો નાહીને ચાલ્યો રે, શ્રી યમુના મહારાણી
એના જીવને જમડે ઝાલ્યો રે, શ્રી યમુના મહારાણી
વીરા પાસેથી વરદાન લીધું રે, શ્રી યમુના મહારાણી
પેલા પાપીને વૈકુંઠ દીધું રે, શ્રી યમુના મહારાણી
આ વાતલડી વાહલે મારે જાણી રે, શ્રી યમુના મહારાણી
એ તો પ્રગટ્યા પ્રેમ પટરામી રે, શ્રી યમુના મહારાણી
જે કોઈ વિશ્રામ ઘાટે નાશે રે, શ્રી યમુના મહારાણી
તેના સઘળા પ્રાયશ્ચિત જાશે રે, શ્રી યમુના મહારાણી
વૃજ ભુમિને રજને જાણી રે, શ્રી યમુના મહારાણી
ત્યાં નંદકુંવર રહ્યા મ્હાલી રે, શ્રી યમુના મહારાણી
જે કોઈ શ્રીયમુનાજીમાં નાશે રે, શ્રી યમુના મહારાણી
તેનાથી યમદૂત પણ ત્રાસે રે, શ્રી યમુના મહારાણી
એવા વૈષ્ણવનાં દુખડાં હરતી રે, શ્રી યમુના મહારાણી
મા પતિતને પાવન કરતી રે, શ્રી યમુના મહારાણી
જપે પુરસોતમ નામ તમારાં રે, શ્રી યમુના મહારાણી
મા મંગળ કરજો અમારાં રે, શ્રી યમુના મહારાણી
માને વેદ વખાણે વેદ વાણી રે, શ્રી યમુના મહારાણી

૧૨. આંખ મારી ઉઘડે ત્યાં મહારાણી દેખું

આઁખ મારી ઉઘડે ત્યાં, મહારાણી દેખું,
ધન્ય મારૂં જીવન કૃપાએની લેખું (૨)
મહારાણી મહારાણી રટણ ઉચ્ચારૂં,
શ્રીજીનો આનંદ મારા હૈયામાં આણું,
યમુનાષ્ટક, કૃષ્ણાષ્ટક, મારા અંતરની આંખો,
પ્રભુએ આપી મને ઉડવાની પાંખો.
સર્વોત્તમ અને નવરત્ન મારૂં અઢળક નાણું,
રાતદિવસ ગાવું મારે યમુનાષ્ટકનું ગાણું
બસો બાવન વૈષ્ણવ મારા સગાને સંબંધી,
છુટી ભ્રાંતિ તુટી મારી માયા કેરી ગ્રંથિ
પુષ્ટિ ભક્તિ વધે મારી, પૂર્ણિમા જેવી,
શ્રી વલ્લભ આશીષ આપજો એવી આંખો મારી

•

૧૩. શ્રી યમુને તુમ જાનત હો..

(રાગ - નાથ કેસે ગજ કો બંધ છુડાવે)

શ્રી યમુને તુમ જાનત હો સબ ઘટકી,
હાંહાંરે લાગી દરસ પરસ ચિત્ત ચટકી - શ્રી યમુને-૧
શ્રવણ તપત વચનામૃત કારન,
પ્રેમ સુધારસ ગટકી;
દેહો વાસ તટ નિકટ કુંજ મેં,
આસ હે અંતર ઘટકી - - શ્રી યમુને-૨
પરમાનંદ સ્વરૂપ કૃપાનિધિ
વા મૂરત મન અટકી;

પ્રેમ સુધારસ સિંચે અચાનક;
જ્યોં દ્રુમ વેલી હે તટકી - શ્રી યમુને-૩
વસન સુરંગ સાંવરી શ્રી યમુને;
શ્યામ અલક રહી લટકી;
શ્યામ ગિરિતેં શ્યામ જુ અંગન,
દબ રહી રવિ તન સટકી - શ્રી યમુને-૪
તુમારી કૃપાતે મૈયા ! શ્યામ મિલત હેં,
લીલા બંસી બટકી;
નિજજનકે પ્રભુકી સંયોગિન,
પ્રિય તુમ નાગરનટકી - શ્રી યમુને-૫

મહાનુભાવી શ્રીજશોદા બેટીજીના સેવ્ય સ્વરૂપ શ્રી યમુનાજી હતાં. તેમના રચેલા આ પદમાં શ્રી યમુનાજીના મંગલ મનોહર સ્વરૂપનું આપે સુંદર નિરૂપણ કર્યું છે.

હે શ્રી યમુને ! તમે અમારા મનની બધી વાતો જાણો છો. તમારા દર્શન અને સ્પર્શ માટે અમારું ચિત્ત તાલાવેલી અનુભવે છે. (૧)

પ્રેમામૃતથી સભર આપનાં વચનામૃતનું પાન કરવા આ કાન તલપે છે. અમારા અંતરની તો એ જ ઈચ્છા છે કે તમારા તટ ઉપરની નિકુંજોમાં વાસ આપો. (૨)

આપનું પરમ આનંદમય સ્વરૂપ મારા મનમાં બરોબર વસી ગયું છે. આપના તટ ઉપર વૃક્ષ-વેલીઓ પણ પ્રેમરસ રૂપી અમૃત વરસાવે છે. (૩)

આપે સુરંગ વસ્ત્રો ધારણ કર્યા છે. આપનું સ્વરૂપ શ્યામ સુંદર છે. સૂર્ય પુત્રી રૂપે પ્રગટ થઈ શ્યામ વર્ણનો કલિંદ પર્વત પરથી આપ નીચે પધારો છો. (૪)

હે શ્રી યમુને મૈયા ! તમારી કૃપાથી જ શ્રી શ્યામસુંદર મને મળશે અને બંસી બટની લીલાનું સુખ આપશે. કારણકે આપે પ્રભુને સંયોગ સુખ આપીને એ નટવર નાગરનો પ્રેમ સંપાદન કર્યો છે. (૫)

૧૪. શ્રી ગોકુળિયું મુકીને કંઈ જઈએ નહિ

શ્રી ગોકુળિયું મુકીને કંઈ જઈએ નહિ,
વાસો વસીએ ચરણ કમળની છાંય જો,
શ્રીયમુનાજીના સુંદર તટ રળિયામણા,
ત્યાં મારા વ્હાલાજીના પરમ રમણ સુખ ધામ જો. શ્રી (૧)
શ્રીજશોદાઘાટે આનંદ સાગર ઉલટયો,
સુખ સાગરમાં ઝીલે ભક્ત સમાજ જો,
શ્રી ઠકુરાણીઘાટે બેઠક સુંદર શોભતી,
સદા બિરાજે શ્રીવલ્લભ પરમ ઉદાર જો - શ્રી ગોકુલિયું (૨)
શ્રી ગોકુળીઆંની વૃક્ષલતા સહુ નમી રહી,
ચરણ સ્પર્શવા શ્રીગોકુલપતિ મહારાજ જો,
ગિરિગોવર્ધન રત્નખચિતા સોહે ઘણું,
આદ્ય વૃન્દાવન નિત્યરમણના ઠામ જો - શ્રી ગોકુલિયું (૩)
આનંદ મંગલ મહારસ સિંધુ ઉલટયો
કુંજ કુંજ પ્રતિ ખેલે નંદકુમાર જો
જે નયણે શ્રી ગોકુલિયું નિરખ્યું સહી
તે નયણાનાં ભાગ્ય તણો નહીં પારજો - શ્રી ગોકુલિયું (૪)
શ્રી વલ્લભ ઘાટે પ્રિતમજી બેસે ઘણું
કુંજગલીમાં ભીડ તણો નહીં પારજો
રંગીલી ગલીશ્રી ગોકુલપતિ મંદિર જતાં
પ્રીતમજી ત્યાં વળી વળી લે છે દાન જો - શ્રી ગોકુલિયું (૫)
જગમોહનમાં બેઠક સુંદર શોભતી
મનોરથ પૂરે શ્રી ગોકુલનો નાથ જો
રમણ રેતીમાં રાસમંડલ રચના કરી
હરખી નિરખી જીવ કૃતારથ થાય જો - - શ્રી ગોકુલિયું (૬)

ભેટ પહેરામણી ભાવ સહિત સહું ત્યાં કરે
તેને વાલો આપે વ્રજમાં વાસ જો
ઘેરા જલ અતિ દિસે સુંદર શોભતાં
એવી રીતે કહે છે શ્રી વલ્લભદાસ જો - શ્રી ગોકુલિયું (૭)
બેરબેર શ્રીયમુનાજીસુ વિનંતી કરૂં,
નિત્ય પ્રતિ રાખો ચરણકમળની છાંય જો,
નિજ ભક્તનકી નિજદાસી હું તમતણી
કિંકરી કરે મને આપો વ્રજમાં વાસજો - શ્રી ગોકુલિયું (૮)

૧૫. ધન્ય ધન્ય શ્રી યમુનાજી સુખદાઈ મા

ધન્ય ધન્ય શ્રી યમુનાજી સુખદાઈ મા
સેવક જનને સદા સુહાઈ મા,
સુંદર શ્યામ અંગે અતિ સોહે મા.
નિરખતાં નિજજનનાં મન મોહે મા.
ભાલ વિશાળ કમળ કદ નયન મા.
નાસિકા કિર કોકિલ કલબેન મા.
બિંબથી અધિક અધર અરૂણાઈ મા.
કોલમ ગલ સ્થળ ઝલતાઈ મા.
દાડિમ બીજ દંત અતિ ઓપે મા.
રતિપતિની મર્યાદા લોપે મા.
ભકુટી ધનુષ કામનું રાજે મા,
મસ્તાક કએશ મધુપ સમ છાજે મા.
નખશિખ સુંદર અતિ સુકુમાર મા,
વૈભવ બાઢયો અંગ અપાર મા.
તરિણી તનય તરૂણ છે બાલ મા,
ચંદ્રમુખિ ને રૂપ રસાલ મા.

કૃપા કરી ક્ષિતિ ઉપર પધાર્યા મા,
અનેક પતિત જનને ઉધ્ધાર્યા મા.
કાલિંદીની કીર્તિ જગત વધારી મા,
જળ અતિ શીતળને સુખકારી મા.
અનેક દેશને પાવન કરતાં મા.
ચરણ શ્રીવ્રજમંડલમાં ધરતાં મા
તેણે કરી વૈભવ અતિશે વાધ્યો મા
ભક્તનો સકલ મનોરથ સાધ્યો મા.
બેઉ તટહસ્ત કમલ છબી છાજે મા,
લહેર તે કંકણરૂપ બિરાજે મા.
વાલુકા ચમકે ઝગમગ મોતી મા,
માણેક હીરાની અતિ જ્યોત મા.
અંગ અંગ મુકતાનાં આભરણ મા.
તે તો જળકુહીથી આવરણ માં
સખિજીને સંગે કોકિલાં મોર મા.
સારસહંસ ને કીરચકોર મા,
ત્રિવિધ સમીપે સમીર ચાલે મા.
તે તો ત્રિવિધ તાપને ટાળે મા.
બેઉત્ટ વુક્ષલતા રહ્યાં ફુલી મા,
શાખાઓ જળ ઉપર રહિ ઝુમી મા,
અધિક સમીપે શ્રી વૃન્દાવન મા.
કુંજે કુંજે સૌરભ સહિત સુમન મા,
શિતલ સુગંધ સુખદ વહે નિર મા.
તીર બેસે ઠોર ઠોર આભીર મા,
રાણીજીના સૌભાગ્યનો નહીં પાર મા,
શા શા કહું વૈભવતણા પ્રકાર મા,

પ્રભુજીના ગુઢ રમણ મધ્યે પાતી મા
પ્રીતમસંગસદા મદમાતી મા
સદા નિરંતર વ્રજપતિ ખેલે મા.
રાણીજી સદા નિકટ રંગરેલે મા
દંપતિ શ્રમ જળસહિત વિહાર મા,
જળ મધ્યે ક્રીડત વિવિધ પ્રકાર મા.
તેણે કરી શતગણી શોભા બાઢી મા.
રાણીજીનો મહિમા અતુલ અગાધેમા,
જે જન સેવા ધરે ચિત્ત ધ્યાન માં,
તેહને પુષ્ટિતણું કરે દાન મા.
વ્રજપતિલીલા પ્રગટ દેખાડે મા,
ચરણ કમળ રસ સ્વાદ ચખાડે મા.
અષ્ટમહાસિદ્ધિનું કરે દાન મા,
ભાવે જે કરે અંબુ પાન મા,
દર્શન સકલ આપદા ટાળે મા,
ભક્તાને અભય પદારથ આપે મા,
એવું શ્રી મહારાણીજીનું રૂપ મા.
નખશિખ સુંદર અનુંપ મા,
સદા બિરાજો શ્રી વજની માહે મા.
નિત્યપ્રતિ વિલસો વ્રજપતિ બાંહેમા
પુષ્ટિ ભક્તિ ની કરજો સાર મા
કૃપા કરી ઉતારો ભવપારમાં
વળી વળી એહ જ વિંનતી કીજેજી
દાસી રસિકને ચરણ રજ દીજેજી.

૧૬. ઝાંઝરને ઝમકે

મા !! કલિંદગિરીથી ઉતર્યાં મહારાણી મા ! !
મા ! ! સુંદર બાળેવેષ, ઝાંઝર ઝમકે મા ! ! ૧
આ પ્રાતઃ સમયે જાગતાં, ઠકરાણી મા ! !
નીર ધીમે વ્હેતાં થાય, ઝાંઝર ઝમકે મા ! ! ૨
એ દુહિતા છે, સૂર્યના મહારાણી મા ! !
દૈવી જીવોને કરતી સહાય, ઝાંઝર ઝમકે મા ! ! ૩
આ છોરૂં, બાળક, માનવી ઠકારણી મા ! !
ત્હારી ગોદમાં બેસી ન્હાય, ઝાંઝર ઝમકે મા ! ! ૪
જ્યારે સાંજ પડે રળિયામણી, મહારાણી મા ! !
"માની" આરતી ઘાટે થાય, ઝાંઝર ઝમકે મા ! ! ૫
આ કાચબા, માંકડાં, માછલાં, ઠકરાણી મા ! !
ત્હારા જળમાં ડુબકી ખાય, ઝાંઝર ઝમકે મા ! ! ૬
મા ! ઠકરાણી ઘાટે બિરાજતી મહારાણી મા ! !
તુજ ચરણે આપો વાસ, ઝાંઝર ઝમકે મા ! ! ૭

૧૭. જનનીની જોડ સખી નહીં મળે રે લોલ

જનનીની જોડ સખી નહીં મળે રે લોલ
શ્યામા યમુના સમી બ્રહ્માંડ જો. જનનીની...૧
દેતાં આનંદે સર્વ સિદ્ધિઓ રે લોલ,
ક્રીડન્તા નિત્ય શ્યામ સંગ જો. જનનીની...૨
પ્રભુમાં પ્રેમ ભાવને વધારતાં રે લોલ,
દેતાં પ્રિય કંથનો સંગાથ જો. જનનીની...૩
શુદ્ધિથી યોગ્ય કરે જીવને રે લોલ,
ત્રિભુવન પાવનકારી રૂપ જો. જનનીની...૪
ષડ ધર્મ - ધર્મીરુપ પ્રભુ રસમાં રે લોલ,
દેતાં પ્રભુ સંબંધાનંદ જો. જનનીની...૫

દોષ હરી શુદ્ધ કરે ભાવને રે લોલ,
હરિને પ્રિય નિર્ગુણના રાશિ જો. જનનીની...૬
પયપાને યમ પીડા નાશતાં રે લોલ,
સિદ્ધ કરે પ્રિયતા પ્રભુમાંહિ જો. જનનીની...૭
દુર્લભ પ્રભુ પ્રેમને સુલભ કરે રે લોલ,
દૈને તનુ નૂતન પ્રભુ યોગ્ય જો. જનનીની...૮
આશ્રય અનન્ય રાખી સેવતાં રે લોલ,
તેને રસદાન દે અમાપ જો. જનનીની...૯
સખીભાવ દાન દૈ પ્રિયા કરે રે લોલ,
છે કો બ્રહ્માંડે આવી માત જો. જનનીની...૧૦
'દાસી' કહે આ માને છોડીને રે લોલ,
શાને પકડો છો અવર પાય જો. જનનીની...૧૧

૧૮. રૂડા દીસે યમુના ઘાટ રે...

રૂડા દીસે યમુના ઘાટ રે
જય જય યમુના મહારાણી મા (૨) જય...
યમુનાના પાનનો મહિમા છે મોટો
મહારાણીમાંનો ના મળે જોટો
શ્રીજી બાવા છે તમ સાથે રે... જય...
શ્રીજી બાવા છે તમ સાથ
જુગલ જોડી સુંદર શોભે
દર્શન કરતાં મનડું બોલે
ઊભા રહી જોડી બે હાથ રે... જય...
ચણીયા ચોળીને સુંદર પહેર્યા છે,
શોભે શણગાર માના માથે ધર્યા છે
કમળીની માળા ધરી હાથ... જય...
વિશ્રામ ઘાટે આરતી થાયે

દેવ અને દેવીઓ દર્શને જાયે
ભણે છે નિત્ય પાઠ રે... જય...
સંતો કહે તમે આવો નરનારી
જોવા જેવો છે માનો ઘાટ રે... જય...

૧૯. આજ જમુનાજી પધાર્યા મારે ઘેર રે

આજ જમુનાજી પધાર્યા મારે ઘેર રે
આજ આનંદની લ્હેર (૨)
સોના સુરજ આજ ઉગ્યો આંગણીયે
જમુનાજી પધાર્યા મારી ઉરની લાગણીએ
હાં રે મારા હૈયામાં હરખ ન માય રે... આજ
તોરણ પતાકા મેં તો બાંધ્યા બારણીયે
કુમકુમના ચોક પુર્યા યમુનાજીના કારણે
મેં તો ફૂલડાં વેર્યા છે ઠેર ઠેર રે... આજ
જમુનાજી ને નીરખી મારી આંખો હરખાય છે
ભક્ત મંડળ સૌ કીરતન ગાય છે
વાગે વાગે શરણાઈઓના સુ રે... આજ
સતસંગ ગંગામાં પ્રેમથી આવીયા
જનમો જનમના પાપ જ ટળીયા
મારા મટી ગયા ચોર્યાશીના ફેરા રે... આજ
માખણ મીસરી માને ધરાવશું
જળ રે જમુનાની ઝારી ભરાવશું
આજે વૈષ્ણવો ને થાય લીલા લહેર રે.. આજ
માધવદાસના સ્વામી શામળીયા
પૂર્વ જનમના પૂણ્ય જ ફળીયા
મારા મટી ગયા ચોર્યાસીના ફેરા રે... આજ
અમને આપો શ્રી વ્રજમાં વાસ રે... આજ

૨૦. શ્રી યમુને મહારાણી

શ્રી યમુને મહારાણી મહારાણી
તમે વૈષ્ણવ જનોએ વખાણી રે. શ્રીયમુને-૧

નીર્મળ નીર તારી ધારા અખંડીત
તું તો વેદોના કાળે પુજાણી રે.. શ્રીયમુને-૨.

વૃજની ભુમીમાં તારો મહીમા છે મોટો
તારા અમૃત સરખા પાણી રે. શ્રીયમુને-૩

તારી માટીમાં ખેલ્યો જગનો ખેલાડી
તને કીધી પ્રભુએ પટરાણી રે. શ્રીયમુને-૪

તારા પાણીના સ્પર્શ અતિ દુર્લભ
થાય નાવાથી કલ્યાણ રે. શ્રીયમુને-૫

તારા દર્શનથી દોષ બધા જાય છે
તું તો મોટી થઈને મનાણી રે. શ્રીયમુને-૬

તારા કિનારે પગલા પડ્યા છે શ્યામના
તું તો કાલીન્દ્રા વિશ્વમાં કહેવાણી રે. શ્રીયમુને-૭

યમની તું બેનડી ને સુરજની દીકરી
પાપહારીણી સર્વ શ્રેષ્ઠ શાણી રે. શ્રીયમુને-૮

ગંગા સરસ્વતીના બેનપણા તારે
તું તો મોટા સાગરમાં સમાણી રે. શ્રીયમુને-૯

તારા દર્શનના વૈષ્ણવ છે પ્યાસી
મારી નિર્મળ કરી દેહમાં વાણી રે. શ્રીયમુને-૧૦

૨૧. મહારાણીજીનાં પાન

જુઓ જુઓ મહારાણીનાં રૂપ શ્યામ સંગે શ્યામ બન્યા રે
કરવા ભક્તો તમા ઓધાર શ્યામ સંગે શ્યામ બન્યા રે - જુઓ
માને ચણીયો ચોલીને સાડી અંગે
કુમકુમ કેસર ને ટીલડી નવલે રગે
મોયા મોયા શ્રી મદનમોહન લાલ - શ્યામ સંગે
માના નૈનોમાં નિજ જન શોધી રહ્યાં
માના હસ્તોમાં અભ પદ આપી રહ્યાં
કરવા કૃષ્ણ અધરામૃત પાન - શ્યામ સંગે
માના હસ્તોમાં કંકણ શોભી રહ્યાં
ચરણે અણવટ વીછુવા ને ઘુઘરી ઘમકી રહ્યાં
કંઠે મોતીડાંની માળા સોહાય - શ્યામ સંગે
કૃષ્ણ તુરીયા સખીની સંગે રમે તે
તો ગોપીજનોનાં મનને ગમે
દાસ વલ્લભ એ જશ ગાય - શ્યામ સંગે
જુઓ જુઓ મહારાણીજીનાં રૂપ શ્યામ બન્યાં રે
કરવા ભક્તો તણા ઓધાર - શ્યામ સંગે

> ટેકકી ટેકકી ટેક ટરે, ગિરિ ટેક ટરે તો ટરે ધ્રુવ તારો
> શ્રી વલ્લભનાથ જુ માલા તજે તો શેષ ન શીષ ધરે ભૂભાણુરે.

૨૨. નમન કરૂં શ્રી યમુના માતકે

ગરબી

નમન કરૂં શ્રીયમુના માત કે, મન મોદે ભરી રે લોલ,
સકલ સિદ્ધિનાં હેતુરૂપ કે મુરારિપદરેણુભર્યા રે લોલ - ટેક
તીરે ઊગ્યા નૂતન વન કે વિધવિધ ફૂલો ખીલ્યાં રે લોલ,
વાયુ મંદ સુગંધી વાય કે ફૂલ લઈ જલે ઘરે રે લોલ
પૂજ્યાં સુર-અસૂર જે ભક્ત કે ફૂલડાંનાં હાર વડે રે લોલ
શ્યામસુંદર શ્રીયમુનાજી આપ કે, સ્મૃતિ ધરો શ્યામ રે લોલ ૧

કાલિંદગિરિશિર પડતાં પૂરથી કે શોભો અતિ ઉજળાં રે લોલ
વિલાસગતિએ વ્હેતાં ચાલ્યા કે ગંડશૈલે મ્હાલતાં રે લોલ
વાંકાંચૂકાં ઘોષની સાથે કે ઉત્તમ ડોળી ચઢ્યાં રે લોલ
મુકુંદરતિની વૃદ્ધિ કરવા કે જય હો સૂર્યસુતા રે લોલ ૨

પૃથ્વી પાવન કરવા પધાર્યા કે પક્ષીગણો સખી રે લોલ
કોકિલ મોર પોપટ ને હંસ કે સખીરૂપે સેવા કરે રે લોલ
લ્હેર-તરંગો ભુજકંકણ કે વેણુ એમાં મોતી જડ્યાં રે લોલ
તટનિતંબે શોભો સુંદરી કે ચોથાં પ્રિયા કૃષ્ણનાં રે લોલ ૩

અનંતગુણોએ ભૂષિત આપ કે દેવ શિવ બ્રહ્મા સ્તવે રે લોલ
ધ્રુવ પરાશરને ફળદાતા કે ઓપો ઘનશ્યામશાં રે લોલ
મથુરાતટમાં શુદ્ધ બિરાજો કે, ગોકુલ ગોપગોપી ઘેર્યા રે લોલ
કૃપાસાગર શ્રીકૃષ્ણમાં વિરમ્યા કે, મુજ મન સુખ કરો રે લોલ ૪

આપસંબંધે ચરણપદ્મજા કે મુરારિને પ્રિય બન્યાં રે લોલ
સેવકને સહુ સિદ્ધિદાતા કે પ્રતાપ એ આપનો રે લોલ
આપ બરાબરી કોણ કરે કે કરે કદી પદ્મજા રે લોલ
હરિના પ્રિય એવાં કલિંદજા કે મુજ મને સ્થિતિ કરો રે લોલ ૫

યમુને ચરિત્ર અતિઅદ્‌ભુત કે નમન હો સર્વદા રે લોલ
તુજ પયપાન કરે જે કોઈ તેને યમ દંડ નવ કરે રે લોલ
દુષ્ટ તોય બ્હેનનાં છોરૂ યમ તેને કેમ હણે રે લોલ
રીઝે શ્રીહરિ તુજ સેવનથી કે જેમ બન્યાં ગોપિકા રે લોલ ૬

તુજ સાનિધ્ય પ્રતાપે મારો કે દેહ નૂતન હજો રે લોલ
મુકુંદ પ્રિયે ! જેથી મુરરિપુમાં રતિ ના દુર્લભ રહે રે લોલ
એ માટે આ લાલના ત્હારી કે તુજ સંગે સુરનદી રે લોલ,
ખ્યાતિ પામ્યા ભૂતળ વિષે કે પુષ્ટિ જીવો ન ગણે રે લોલ ૭

શોક્ય લક્ષ્મીનાં ને વળી વ્હાલાં કે, ગુણ કોણ ગાઈ શકે કે લોલ,
લક્ષ્મી પ્રભુ સંગે સેવેથી કે સુખ મોક્ષ સુધી મળે રે લોલ
ગોપીજનોના સહુ અંગેથી કે સ્મરશ્રમજલ ઝર્યા રે લોલ
આપ પ્રવાહે સંબંધ એમનો કે, અધિકતા એ આપની રે લોલ ૮

આનંદ સહ આ અષ્ટક ત્હારૂં કે, સૂર્ય પુત્રિ નિત્ય ભણે રે લોલ,
પાપો સર્વે ક્ષય પામે ને રતિ મુકુંદે ઢળે રે લોલ,
સૌ સિદ્ધિઓ એથી પામે ને મુરારિય નક્કી રીઝે રે લોલ
વિજય સ્વભાવ કરો થાય એ હરિના વલ્લભ કહે રે લોલ ૯

૨૩. ચાલો સખી શ્રી ગોકુલ જઈએ

ચાલો સખી શ્રી ગોકુલ જઈએ, નિર્મળ શ્રી યમુનાજી નાહીએ,
કે અખંડ બ્રજવાસી થઈએ; ચલો....૧

નિત્ય પ્રતિ જસોદાજી ઘાટે, મહા પ્રભુ ઉભા રંગીલી વાટે,
કે પ્રગટ્યા ભક્ત રસિક માટે. ચલો....૨

શ્રી ગોકુલપતિ દાનદીએ ભારી, અંગીકૃતને વૃષ્ટિ કીધી છે ન્યારી
સદા પ્રભુ મહા મંગલકારી, ચલો....૩

પ્રાણજીવન મંદિર રાજે, ભક્ત તણાં મહા દુઃખ ભાજે,
કે આનંદ શ્રી ગોકુલમાં ગાજે. ચલો....૪

નયણાં ભરી પ્રીતમજી નીરખું, જન્ય સ્થળ સફરી પરખું,
વાહાલાજીનાં મુખડાં જોઈ હરખું. ચલો....૫

શ્રીગોકુલ રંગ તણી રેલી, લતા દ્રુમ પુલી રહી વેલી,
નિરખતાં થઈ રહી ઘેલી. ચલો....૬

સ્ફાટિકમણિ શ્રીગોવર્ધન સોહીએ, શ્રીવૃંદાવન જોતા મન મોહીએ,
ક્યા સ્થળ જન્મ જન્મ સોહીએ. ચલો....૭

શ્રી ગોકુલ વસીએ રે હેલી, મહારાણીજી સહાય કરે વહેલી,
ખેલું જઈ પ્રીતમજી પહેલી. ચલો....૮

શ્રી મહારાણીજી ઘેરાં બહુ ભાવે, ભક્ત સહુ દરશને આવે,
માધવદાસ દેખી સુખ પાવે. ચલો....૯

૨૪. કિશોરીબાઈનું કીર્તન

રાગ : ધન્ય શ્રી યમુના

મા શ્રી યમુના કૃપા કરીને, મુજને દર્શન આપજો
મને જાણી બાળ, મારા દોષ જરાય મનમાં ન લાવશો

મને અહંતા મમતાનો પાર નથી, પ્રભુ સેવામાં મારો ભાવ નથી
હું આવી પડ્યો છું પ્રપંચ માંહી, મા શ્રી યમુના કૃપા કરીને

મારા ઘરમાં આશક્તી જાજી, રહુ નિશ દિન એમાં હું રાજી
મને છોડાવો એમાંથી માજી, મા શ્રી યમુના

મારી અવિધાને અળગી કરો, આપનો શ્રી હસ્ત મસ્તકે ધરો
પ્રભુનું યુગલ સ્વરૂપ મારા, હૃદયે ધરો, મા શ્રી યમુના

મા સેવા ને સ્મરણ આપો, પ્રભુ સેવાનું મુજને સુખ આપો
મારા ભવના બંધન સૌ કાપો, મા શ્રી યમુના

મા હરિ લીલામાં દયો આસક્તી, શ્યામ ચરણી દૃઢ ભક્તિ
દયો માનસી સેવામાં અનુરક્તિ, મા શ્રી યમુના

જે યમુના જીના પય પાન કરે, તેને યમુના ફિકન ભય ન રહે
તે તો પ્રભુના ચરણમાં જઈને મળે, મા શ્રી યમુના

મા કિશોરબાઈ પર કૃપા કરી, ચાર દિવસ રસોઈ કરી તેને ધરી
તેના તનની વૃધ્ધિ તમે દૂર કરી, મા શ્રી યમુના

ત્યારે તેને પ્રભુની સેવા કરી, તેની સેવાથી રીઝાયા શ્રી હરિ
લઈ લીલામાં પોતાના કરી, મા શ્રી યમુના

મા તમે એવા અદ્ભુમ ઓધારણ છો, નિજ ભક્તિના સુખનું કારણ છો,
દીન દાસના ભવ-જળ તારણ છો, મા શ્રી યમુના

૨૫. બેની યમુનાને દ્વાર રે

બેની યમુનાને દ્વાર રે યમરાજ જમવાને આવીયા

બેનને આનંદ અપારે, યમરાજ જમવાને આવીયા

વીધ વીધ ભાતનાં ભોજન બનાવ્યા

શાક પાન કીધાં તૈયાર યમરાજ જમવાને આવીયા

સોના બાજોઠીયા ને રૂપલાના થાળમાં

પીરસી દીધાં પકવાન યમરાજ જમવાને આવીયા

ભોજન કરીને ભાઈ હરખાણાં અંત્તરે

માગ માગ બેની વરદાન યમરાજ જમવાને આવીયા

વારણાં લઈને બેની બોલ્યા બોલડાં

વચન આપોને વીરા ચાર યમરાજ જમવાને આવીયા

એકતો જે મારામાં સ્નાન કરે સ્નેહથી

પાપ એના ના રહે લગાર યમરાજ જમવાને આવીયા

બીજો વચન સ્પર્શ કરે મારા નીરને

તે પર રીઝે કીરતાર, યમરાજ જમવાને આવીયા

ત્રીજો વચન દર્શન કરો મારા આંખથી

શુધ્ધ બને તેના વીચાર યમરાજ જમવાને આવીયા

ચોથું વચને જે પાન કરે પ્રેમથી

તેને ન આવે ફરી અવતાર યમરાજ જમવાને આવીયા

અંત કાળે દૂત તારા લેવાને આવે

સુધરે એનો સંસાર યમરાજ જમવાને આવીયા

૨૬. ધન્ય ધન્ય શ્રી ગોકુલગામ

ધન્ય ધન્ય શ્રી ગોકુલધામ અતિ રળિયામણું રે
કોઈ દીઠારે શ્રી પુરૂષોત્તમનાથ જમનાજી ઝીલવા રે
વ્હાલો શરીરે ઉડાડે નીર ગોપીઓને મન ગમતા રે
વાલો બોલે મધુરા બોલ મુખમાંથી મોતીડાં ઝરે રે
વ્હાલો ચાલે ચમકતી લાલ કંકુના પગલાં પડે રે
ધન્ય ધન્ય શ્રી મહારાણીની કુખ જેને કુખ રત્ન જડ્યા રે
એવા નથી કોઈ ના શ્યામ સ્વરૂપ થોડે થોડે કનકે ઘડ્યા રે
એના મુખડા પુનમચંદ દેખી મારા મનડાં ઠર્યા
એમના અણીયારા લોચન ગાલે રડા ગલીયા પડ્યા
વ્હાલે છૂટા મેલ્યા કેશ કેસરી તિલક બન્યા રે
વ્હાલે મોતી કેરો શણગાર પોતાને અંગે ધર્યા રે
મારે રહેવું શ્રી ગોકુલગામ સાસરીયું ખોટું રે
બ્હેની શું કરીએ સંસાર એ મેણું મોટું રે
બલિહારી જાય માધવદાસ શ્રી વિઠ્ઠલ વરન રે
રાખો ચરણ કમલની પાસ દયા કરી નીજ નજને રે

૨૭. મા ! વૃંદા તે વનની

(રાગ - મા, પાવા તે ગઢથી ઊતર્યાં)

મા ! વૃંદા તે વનની કુંજમાં રે, મા શ્રી જમુનાજી !
રંગરસિયો રમે છે રાસ, મા શ્રી જમુનાજી !
મા ! વ્હાલે વગાડી રુડી વાંસળી રે, મા શ્રી જમુનાજી !
પૂરી વ્રજસુંદરીની આશ, મા શ્રી જમુનાજી !
મા ! રાસ રમવાને પધારજો રે, મા શ્રી જમુનાજી !
તમે સોળે સજો શણગાર, મા શ્રી જમુનાજી !

મા ! ચણિયા ચોળી ને ચીર ચૂંદડી રે, મા શ્રી જમુનાજી !
સોહે કંઠે એકાવળ હાર, મા શ્રી જમુનાજી !
મા ! બાંહે બાજુબંધ બેરખા રે, મા શ્રી જમુનાજી !
સોહે કાને ઝૂમખ તણી જોડ, મા શ્રી જમુનાજી !
મા ! કેડયે કંદોરો કટિ મેખલા રે, મા શ્રી જમુનાજી !
સોહે ચરણે ઝાંઝર ઝમકાર, મા શ્રી જમુનાજી !
મા ! ચૂડી કંકણ હાથ સાંકળાં રે, મા શ્રી જમુનાજી !
સોહે નથમાં નાચતો મોર, મા શ્રી જમુનાજી !
મા ! સરખી સાહેલિયોના સાથમાં રે, મા શ્રી જમુનાજી !
સહુ રમજો ગરબા રાસ, મા શ્રી જમુનાજી !
મા ! 'રસિકપ્રિયા' કરે વિનંતી રે, મા શ્રી જમુનાજી !
દેજો અવિચલ વ્રજમાં વાસ, મા શ્રી જમુનાજી !

૨૮. શ્રીજમનાજી તો પ્રીતમનાં

(રાગ - મા તું પાવાની પટરાણી)

શ્રી જમનાજી તો પ્રીતમનાં પટરાણી,
રમે છે રાસ કુંજમાં રે લોલ.
શ્રીજમનાજી તો મોહનનાં મહારાણી - રમે છે રામ. ૧
શ્રી જમનાજી તો શ્યામવરણ સુકુમારી - રમે છે રાસ.
શ્રીજમનાજીએ વશ કીધા ગિરીધારી - રમે છે રાસ. ૨
શ્રીજમનાજીનાં કમલ સરિખાં નેણ - રમે છે રાસ
શ્રીજમનાજી તો ઉચ્ચરે અમૃત વેણ - રમે છે રાસ. ૩
શ્રીજમનાજી તો સોળે સજે શણગાર - રમે છે રાસ
શ્રીજમનાજીને કંઠે એકાવળ હાર - રમે છે રાસ. ૪
શ્રીજમનાજીને ચરણે ઝાંઝર ઝમકાર - રમે છે રામ

શ્રીજમનાજીની શોભા છે અપરંપાર - રમે છે રાસ. ૫

શ્રીજમનાજી તો ચટકે ચુંદડી લાલ - રમે છે રાસ

શ્રીજમનાજી તો ચાલે છે હંસગતિ ચાલ - રમે છે રાસ. ૬

શ્રીજમનાજીનાં ગોપીજન ગુણ ગાયે - રમે છે રાસ

શ્રીજમનાજી તો પ્રેમ સુધારસ પાયે - રમે છે રાસ. ૭

શ્રીજમનાજીને 'રસિકપ્રિયા' પાય લાગે - રમે છે રાસ.

શ્રીજમનાજીની ચરણકલમરજ માગે - રમે છે રાસ. ૮

૨૯. મા વૃંદાવનના ચોકમાં

(રાગ મા પાવા તે ગઢથી ઉતર્યા)

મા વૃંદાવનના ચોકમાં શ્રી યમુનાજી
મા ખેલો રંગીલા રાસ મા શ્રી યમુનાજી
મા શ્યામ સુંદરવર સંગમાં મા શ્રી યમુનાજી
મા કરતાં મધુરું હાસ્ય રે શ્રી યમુનાજી
મા ચણીયો ચોળી ચીર ચુંદડી રે શ્રી યમુનાજી
મા સોળે સજ્યા શણગાર રે શ્રી યમુનાજી
મા નાકે નકવેસર શોભતાં રે શ્રી યમુનાજી
મા ઉપ એકાવન હાર રે શ્રી યમુનાજી
મા તાળી દેતાં હાથમાં રે શ્રી યમુનાજી
મા અમૃતવાણી ઉચ્ચ રે શ્રી યમુનાજી
મા ગાતા ગુણ વૃજનાથ રે શ્રી યમુનાજી
શ્રી કર જોડી કરું વિનંતી રે શ્રી યમુનાજી
મા દેજો વૃજમાં વાસ રે શ્રી યમુનાજી
મા રસિક પ્રિયા કરે વિનંતી રે શ્રી યમુનાજી
મા રાખો ચરણીની પાસે રે શ્રી યમુનાજી

૩૦. હે... યમુના તારા માધવથી મુજને મિલાવ

હે... યમુના તારા (૨) માધવથી મુજને મિલાવ,
મારા મનડાનો મોર મારે આંગણે નચાવ,
હે... મારા કેશમાં મોગરાના ગજવા ગુંથાવ,
મારી સેથીમાં સિંદુર એના હાથે પુરાવ... હે યમુના
હે... કાળા તે રંગની કંચુકી પેરાવ,
મારો કંઠુલો એના રંગનો ચડાવ... હે યમુના
હે... એનું મલપતું મુખ મારી બિન્દીયે ચીતરાવ,
એના નામની છાપેલી મને ઓઢણી ઓઢાવ..હે યમુના
હે.. એના ગીતડાને ગાતો મને ચુડલો પેરાવ,
મારા નાકમાં નથડી એના નામની જડાવ... હે યમુના
હે... એના હાથમાં હાથ મારો તું જ પધરાવ,
તારા શ્રીજીની સંગે મને તું જ પરણાવ... હે યમુના
હે... તું તો શ્રાવણીને શ્રાવણના જળથી ભીંજાવ
મને વૃંદાવન કુંજમાં કૃષ્ણ મિલાવ... હે યમુના

૩૧. ઝાંખી કરતાં જમુનાજીની

(રાગ : ખમાજની લય (ઢાળ : તારો નેડો લાગ્યો મુજને, રાજા રણછોડ રે)

ઝાંખી કરતાં જમુનાજીની, આનંદ ઉર ન સમાય રે;
વારે વારે દર્શન કરવા, મન મારૂં લલચાય રે. - ઝાંખી - ૧
ચંચલ નયન - કમલ અણિયાળા, ખિટલિયાળા કેશ રે;
ચટકીલી ચુંદડીએ શોભે, સુંદર બાળવેશ રે - ઝાંખી - ૨

કર કંકણ પગ નૂપુર સોહે, રૂમઝુમ રૂમઝુમ બાજે રે;
ભાલે ટિલડી કાને કુંડળ, હૈયે હાર બિરાજે રે - ઝાંખી - ૩
સોળે સજ્યા સિંગાર શ્રીઅંગે, હસ્તકમલમાં માલા રે;
રૂપ અનુપમ નિરખી નયણે, મોહ્યા નંદલાલા રે - ઝાંખી - ૪
નવધન - સમ તન શ્યામલ વરણું મંદ મંદ મુસકાય રે;
કૃપા દૃષ્ટિની વૃષ્ટિ કરતાં, ભક્ત હૃદય ભીંજાય રે - ઝાંખી - ૫
યમુના યમુના નામ રટે તો, તનનાં તાપ નસાય રે;
'લાલ' શ્રી યમુના ચરણ શરણથી, વાસો વ્રજમાં થાય રે - ઝાંખી - ૬

૩૨. જમુનાજીનો ગરબો

જે જે જે જમુનાં જુગતારણી, વંદ્રાવનચંદ્રની પટરાણી લાલ
રંગ તુરંગી તે રવિનંદની, પરસે પાવન થાએ પ્રાણી લાલ. જે જે જે...
ભૂતળ ભગની તે ધર્મરાજની, જમકિંકરનું જોર ન ચાલે લાલ. જે જે જે...
જળબિંદુ જેને અંગ અડે, તે તો મોહનચરણે મહાલે લાલ. જે જે જે...
શ્રીગોકુલ આવ્યાં ગૌલોકથી, વિરજા વિશ્રામ વાસે વસીયાં લાલ. જે જે જે...
રત્નમણિયમ ત્રઠ રળિયામણું, જ્યાં ઝીલે ગોપીજન રસિયાં લાલ. જે જે જે...
કુસુમ કમળદળ પ્રેમપાંખડી, મધુકર મોર ચકોર હિલોળે લાલ. જે જે જે...
કૃષ્ણવરણ પ્યારી શ્રીકૃષ્ણની, નહી કોઈ ત્રિભુવનમાં એ તોલે લાલ. જે જે જે....
રાધામાધવ રહે જ્યાં રંગમાં, સખી સહચરી સંગે સોહાગી લાલ. જે જે જે...
નવધન નિર્મલ નીર સોહ્યામણું, 'પ્રીતમ' પરસે તે બડભાગી લાલ.જે જે જે...

(પ્રીતમદાસની વાણી - અંદાજે ૩૬૦ વર્ષ પૂર્વે - માંથી)

●

૩૩. તારૂ રટણ કરે

તારૂ રટણ કરે સુખ થાય... યમુને મહારાણી
સોના વરણી સાડીઓને લીલાવર પાલવ અપાર
સ્નેહભરી આંખડીને વાટાઘાટ છે કેશ અપાર.. યમુને મહારાણી
સેવા કરતા સ્નેહથી ને રોગ રહે ન જરાય
મંત્ર તારો મુખમાં ને મોટા મુનીવર ધરે છે ધ્યાન..યમુને મહારણી
વ્રતજાપ તપ જે કોઈ કરે તે મહીમા કહ્યો ન જાય
મૃત્યુ વખતે માનવી તારૂ પાન કરે મોક્ષ થાય..યમુને મહારાણી
વહાલી કરી લક્ષ્મીએ ને તારી મમતાનો નહીં પાર,
તુજ વિના મારા ભક્તો તને મૂકીને ક્યાંય ન જાય..યમુને મહારાણી

૩૪. આવજો આવજો જમુના ઘાટ પ્રભુ

આવજો આવજો જમુના ઘાટ પ્રભુ ત્યાં મળશું,
હું તો જોઉં તમારી વાટ... જમુના... પ્રભુ
એકલડા આવજો વાલા કોઈને ન લાવજો,
વાતોનો કરશું વિશ્રામ... જમુના.. પ્રભુ
નિશાની આપું છું વાલા કદમ કેરા ઝાડની,
ગૌરી ચરે લીલા ઘાસ... જમુના... પ્રભુ
જમુનાને કાંઠે વાલા જીંડવો જાજેરો,
ઉપર પથરાયેલ સૈયા ખાટ...જમુના...પ્રભુ
પાણીડાની મસે વાલા આવી છું એકલડી,
હૈયામાં મળવાનો ઉલ્લાસ.. જમુના... પ્રભુ
બેડલા અંજવાળશું ને વાર લગાડશું,
સાસુને કેશું બેડે વળગ્યા કાટ.. જમુના... પ્રભુ
'વલ્લભ'ના સ્વામી પ્રભુ હું જમ્યા વગરની જાઉં છું,
ભૂખ્યા જોવું તમારી વાટ.. જમુના... પ્રભુ

૩૫. મૈયા યમુના તમારે હાથ મારી નૌકા છે

મૈયા યમુના તમારે હાથ મારી નૌકા છે. ટેક
એ શ્રી વલ્લભ પ્રભુએ બક્ષી છે, એને વિઠ્ઠલેશ પ્રભુએ રક્ષી છે.
બ્રહ્મસંબંધ કરાવી મને સોંપી છે.. મૈયા.૧
વૈષ્ણવ ચોર્યાશી એમાં બેઠા છે,
બસો બાવન પણ મેં દીઠા છે,
એ સૌને તેં પાર ઉતાર્યા છે... મૈયા.૨
અઠિયોતેર શ્રી ગોકુલેશજીના
એ સૌએ પથિક એ નૌકાના,
તારી કૃપાએ પ્રભુપદ પામ્યા છે... મૈયા.૩
હું પામર છું વિષયોથી ભર્યો,
આવ્યો શરણ તમારે આશાભર્યો
મારા વિષયોને પ્રભુમય કરી દોને... મૈયા. ૪
મારું મલિન હૃદય નિર્મલ કરજો,
મારી કાચા કાયા નૂતન કરજો,
મારી અહંતા મમતા દૂર કરજો.. મૈયા.૫
હું દોષ કદી ના જોઉં કોઈના,
મુખે કરું ન કદી કોઈની નિંદા,
રટે સદા હરિનામ મારી રસના... મૈયા.૬
તમે નિકુંજ નાયકનાં પ્યારાં છો,
વ્રજસુંદરીનાં અતિ વહાલા છો,
નિજ નાથને સદા સુખદાતા છો.. મૈયા.૭
કહે દીનદાસ બેઉ કર જોડી,
મારી બહિર્મુખના નાખો તોડી,
મને પ્રભુ -સન્મુખ રાખો દા'ડા... મૈયા.૮

૩૬. રજ મહિમા

મારૂ મન રહો સદા શ્રીયમુનાજીની રેતમાં,
એમાં ઘનશ્યામનો રંગ દેખાય - પ્રીતમની પ્યારી કલિંદજા -૧
રાધાના કાન્ત ગોપીનાથ વ્હાલાની,
એ રેતીમાં ઝાંખી આજ થાય - પ્રીતમની પ્યારી કલિંદજા -૨
વેણુંના નાદે થઈ ઘેલી વ્રજ ગોપીઓ,
એ વેણુનાદ રેણુંમાં સંભળાય, - પ્રીતમની પ્યારી કલિંદજા -૩
માળા મધુરી રસિક પ્રિયા પ્રીતમની,
એની સુવાસ એમાં સોહાય - પ્રીતમની પ્યારી કલિંદજા -૪
બાળ ક્રીડા પ્યારા નંદકુમારીની,
એનાં ચિત્રોએ રેણુંમાં દેખાય - પ્રીતમની પ્યારી કલિંદજા -૫
પનઘટલીલા રસિક નટવરની,
એ રકઝક એમાં સંભળાય - પ્રીતમની પ્યારી કલિંદજા -૬
નૃત્ય કર્યું કાલિનાગના શિષ પર,
એની યાદ એમાં વર્તાય - પ્રીતમની પ્યારી કલિંદજા - ૭
ગાયોને વાછરાં ચરાવ્યાં પુલિનમાં,
એમના હંભારવ એમાં સંભળાય - પ્રીતમની પ્યારી કલિંદજા -૮
અનેક લીલા એ રસિક વિઠ્ઠલની,
દીનદાસને એમાં દર્શન થાય - પ્રીતમની પ્યારી કલિંદજા -૯

૩૭. હું તો આવી તમારે આશરે (વિનંતી)

હું તો આવી તમારે આશરે મહારાણીજી
મને મિલાવો વ્રજના નાથરે સુખદાનીજી ૧
વ્હાલાં ગોપીજનોના નાથનાં મહારાણીજી,
સહુ લીલાનાં સુખ તમ હાથ રે સુખદાનીજી ૨
તમે વૈકુંઠ ધામથી ઉતર્યાં મહારાણીજી,
પધાર્યાં કલિંદગિરિને શૃંગ રે સુખદાનીજી ૩

હિમગિરિ શિખરે ખેલતાં મહારાણીજી,
પધાર્યા વ્રજ વસવા કાજ રે સુખદાનીજી ૪
વિશુદ્ધ મથુરા શોભે તમ તીર રે મહારાણીજી,
શ્રી ગોકુલ ગોપીની ભીડ રે સુખદાનીજી ૫
તમે તટે વૃંદાવન શોભતું મહારાણીજી,
એમાં કનૈયો ચરાવે ગાય રે સુખદાનીજી ૬
વ્હાણે વેણુ વગાડી રાતમાં મહારાણીજી,
પુલિનમાં રચાવ્યા રાસ રે સુખદાનીજી ૭
તમ જલમાં કર્યા વિહાર રે મહારાણીજી,
એ શ્રમજળ મિશ્રિત નીરે રે સુખદાનીજી ૮
શ્યામસુંદરનું રૂપ તમે ધારતાં મહારાણીજી,
શોભો છો શ્યામલ વાન રે સુખદાનીજી ૯
શ્રીવિઠ્ઠલેશની લીલા તણું મહારાણીજી,
ધો દીનદાસને દર્શનદાન રે સુખદાનીજી ૧૦

૩૮. રટોને ભક્તો મધુરૂ યમુના નામ

રટોને ભક્તો મધુરૂં યમુના નામ

શ્રીયમુના નામ રટો નિશવાસર, પ્રસન્ન થાય ઘનશ્યામ - રટોને ૧
રાધારમણની અતિશે પ્યારી, ભક્તોનાં પૂરે સહૂ કામ - રટોને ૨
નિજધામ સાં વિરજાસ્વરૂપે રાજે. સેવા કરે આઠો યામ - રટોને ૩
ભૂરત પધાર્યા સ્વામી સેવા કાજે, દેવો ભક્તોને વિશ્રામ - રટોને ૪
નંદકુંવર વ્હાલો ગાયોની સંગે, તટપર ખેલે અભિરામ - રટોને ૫
ગાયો ને વાછરાં ચરે પુલિનમાં, આનંદ કરે દિનયામ - રટોને ૬
નૂતન નૂતન રાસક્રીડાઓ, તટપર રચે ઘશન્યામ - રટોને ૭
ગોકુલ મથુરા શોભે છે તટપર, નિજ ભક્તોનાં સુખધામ - રટોને ૮
ગિરિગોવર્ધન નિકટ બિરાજે, પુલિંદીજીનો એ વિશ્રામ - રટોને ૯

ગિરિકંદરાને જળ અર્પીને, કરે સેવા ગુણધામ - રટોને ૧૦
હરિદાસવર્ય એ શ્રેષ્ઠ ભક્તોમાં, ગિરિરાજ ધર્યું શુભનામ - રટોને ૧૧
જ્ઞાન-ગંગા પણ યમુનાની સંગે, બન્યા હરિનાં અભિરામ - રટોને ૧૨
યમભગિનીએ યમદંડથી છોડાવે, જે કોઈ કરે પયપાન - રટોને ૧૩
પુષ્ટિભક્તોનાં સદા ભાવનાં પોષક, સહાયક સેવામાં તમામ - રટોને ૧૪
ભાવધરીનાહ્યાં જે જે જમુના જલમાં, બળી ગયાં પાપ તમામ - રટોને ૧૫
પદરજ પ્રતાપે શ્રીવિઠ્ઠલવરના, દીનદાસ રટે યમુના નામ - રટોને ૧૬

૩૯. શ્રી ગોવર્ધનધારી મારા વ્હાલા

શ્રી ગોવર્ધનધારી મારા વહાલા,
છો વ્રજના અધિકારી મારા વહાલા, વ્રજ મંડળ રળીયામણું રે,
શ્રી યમુનાજી ઝીલવા જઈશું મારા વહાલા.. શ્રી.ગો.૧

યમુનાજીમાં ઝીલતા રે,
તુટ્યા નવરસર હાર મારા વહાલા, મોતી સઘળાં વેરાઈ ગયાં રે,
હીરલો લાગ્યો હાથ મારા વહાલા... શ્રી.ગો.૨

કેમ વીણું ને કેમ સાંભળું રે,
કેમ કરી ઉત્તર દઈશું મારા વહાલા, હાથે વેણુંને કાને સાંભળું રે,
રસમય ઉત્તર દઈશું મારા વહાલા... શ્રી.ગો. ૩

શ્રી કનૈયા લાલજી બિરાજતારે,
શ્રી લક્ષ્મણરાયજીની ગોદ મારા વહાલા
માજી મહારાજની ગોદ મારા વહાલા... શ્રી.ગો. ૪

શ્રી વલ્લભલાલજી બિરાજતા રે,
શ્રી કનૈયાલાલજી ગોદ મારા વહાલા, દાસના દાસની વિનંતી રે,
આપો મુજને ગોકુલ વાસ મારા વહાલા
આપો મુજને વ્રજમાં વાસ મારા વહાલા... શ્રી.ગો. ૫

૪૦. વેદ પુરાણ વિમલ યશ ગાવે

વેદ પુરાણ વિમલયશ ગાવે શ્રી યમુને મહારાણીજી
શ્રી યમુને મહારાણીજી, શ્રી યમુને મહારાણીજી.... વેદ
ગૌ લોકસે ધારા વહી ચલી આવે
મુરખ જાણે પાણી રે.... વેદ
શીવ સનકાદીક ઓર બ્રહ્માદીક
નારદજી આદિ વખાણી રે... વેદ
સૂર કહે યમુનાજીકો મહિમા
ભક્તિ મુક્તિની ખાણ રે... વેદ

૪૧. સકલ સિધ્ધિના દાતા

સકલ સિધ્ધિના દાતા દાતા
યમુના માતા નમો નમો,
અશરણ શરણ સદા સુખ દાતા
યમુના માતા નમો નમો
ભવભય હરણ અભય પદ દાતા,
યમુના માતા નમો નમો
ચિંતા કપટ નિવારણ કરતાં
યમુના માતા નમો નમો.. શકલ
ગોકુલ ગામની વાટે વહેતા
યમુના માતા નમો નમો
જય જગવંદન ભક્ત વિધાતા
યમુના માતા નમો નમો
ગોવિંદના ગુણ ગાતા ગાતા
યમુના માતા નમો નમો
શ્રાવણીના પ્રિય મધુરા માતા
યમુના માતા નમો નમો... સકલ

૪૨. અમી વરસાવતી આંખલડી

અમી વરસાવતી આંખલડીને
આશીષ વરસાવતા કર....
ઝાંઝર ઝમકાવતી ચાલી મહારાણીમા
મળવાને શ્યામ સુંદર વર... અમી
નવરંગી લહેરીયાને ચુંદલડીમાં
કંઠે એ પાવન હાર...
કમળ માળા લઈ ચાલી મહારાણીમા
મળવાને શ્યામ સુંદર વર... અમી
બાંહે બાજુ બંધ કરમાં છે કંકણ
કાને ઝુમખાની જોડ
અતી આનંદમાં ચાલી મહારાણીમા
મળવાને શ્યામ સુંદર વર... અમી
અણવટ વીછીયા મુગટ છે રૂડા
કેરા કર્યા સુંદર
રત્ન જડીચ પોંચી, રૂમઝુમતા નુપુર
કેડે કંદોરાનો શોર
મીઠું રે હસતી ચાલી મહારાણીમાં
મળવાને શ્યામ સુંદર વર... અમી
મધુર ગુણ ગઈ મધુર બોલતી
પ્રિયસંગ રમતી મધુર
ભક્તિના દાન દેતી ચાલી મહારાણીમાં
મળવાને શ્યામ સુંદર વર... અમી
અમી વરસાવતી છબીધર નીતા
તન મન ધનની સાર,
કરુણા કરતી ચાલી મહારાણીમા
મળવાને શ્યામ સુંદર વર... અમી

૪૩. શ્રીયમુનાજીની અસીમ કરૂણા

યમુના દેવી કોન ભલાઈ ॥
નામ રૂપ ગુન લે હરિજુ કો,
ન્યારી આપની ચાલ ચલાઈ ॥૧॥

ઉજર દેશ કીયા ભ્રાતા કો,
તુમ પરસત ઉત કોઉ ન જાઈ ॥
જે તન તજ તેરે તટ આવત,
તાત તરૂન પર ગેલ ચલાઈ ॥૨॥

મુગ્ધ વધુ કો કરે દૂતપનો,
અધમ નરન કોં આનિ મિલાઈ ॥
આપુન શ્યામ આન ઉજવલ કરી,
તાત તપતિ નિજ સીતલતાઈ ॥૩॥

જલ કો છલ કરી, અનલ અધનકોં,
યહ સુનિ કે કોઉ ન પત્યાઈ ॥
યદ્યપિ પક્ષપાત પતિતનકોં,
તદપિ 'ગદાધર' પીય મન ભાઈ ॥૪॥

ચિંતા નિવૃત્તિનો ઉપાય

શ્રીમહાપ્રભુજી જીવની શક્તિનું માપ જાણે છે, કલિકાલની કઠિનતાને પણ સમજે છે. વિષમ કાળમાં જીવને ચિંતા નહિ કરવાનો આદેશ આપેલ છે. કોઈપણ રીતે દ્રઢ વિશ્વાસ રાખી અષ્ટાક્ષર મંત્ર "શ્રીકૃષ્ણઃ શરણં મમ" જપવો. મંત્ર જપતાં : "હે કૃષ્ણ ! હું તમારો છું." એ શબ્દોનું અનુસંધાન રાખવું. અષ્ટાક્ષર મંત્રના સતત પઠનથી સેવામાં ચિત્ત રહેશે. સમસ્ત દુઃખો, પ્રતિબંધો, કલેશો દૂર થશે. સેવાભાવ જાગશે. શ્રીઠાકોરજીનો અનુગ્રહ સિદ્ધ થશે અને મન ભગવન્મય બની જશે.

- સત્સંગ

૪૪. એક અરજ સુણો યમુના માવડી

એક અરજ સુણો યમુના માવડી
માડી દર્શન પયપાનની આશ - શ્રીજમુનાજી માવડી
માડી અનેક જનમ એમ વહી ગયા,
શ્રી વલ્લભ શરણે પામ્યાં સરવે સુખ - શ્રીજમુનાજી માવડી
માડી ઠકરાણી ઘાટ સોહામણા,
જયાં શ્રી વલ્લભના વરના છે વાસ - શ્રીજમુનાજી માવડી
માડી રમણ રેતીમાં લોટાવજો,
સદા રમણ કરે જયાં રાધાશ્યામ - શ્રીજમુનાજી માવડી
માડી તટ પર કુંજ સોહામણી,
કરે કલરવ શુક - પીક - મોર - શ્રીજમુનાજી માવડી
માડી વ્રજ વનિતા કેરા યુથમાં,
નિત્ય ખેલે શ્રીનંદ કિશોર - શ્રીજમુનાજી માવડી
માડી તીરે ગોવર્ધન શોભતા,
ગાયું ચારે ગોવિંદ દિન રાત - શ્રીજમુનાજી માવડી
વન કંદરા જલ ફળ ફુલ છાંયથી,
સદા સેવે શ્રી ગોકુળનાથ - શ્રીજમુનાજી માવડી
જલ ક્રિડા કરે જયાં કાનજી
સંગે વ્રજસુંદર સુખરાસ - શ્રીજમુનાજી માવડી
માડી સરવે વ્રજલીલાનાં સ્વામિની,
તમ કૃપાયેં થાય પ્રવેશ - શ્રીજમુનાજી માવડી
માડી કરો કરુણા ઝાલો બાવડી,
માડી રોકો ચરણની પાસ - શ્રીજમુનાજી માવડી
માડી સૂણો **'શ્રીવ્રજ'** તણી વિનંતી.
આપો કુંજમાં કાંઠડે વાસ - શ્રીજમુનાજી માવડી

- પ.ભ. શ્રી રવજીભાઈ મિસ્ત્રી-વ્રજ ધોરાજી.

૪૫. મા ગોલોકધામથી ઉતર્યા, પટરાણી રે

મા ગોલોકધામથી ઉતર્યા, પટરાણી રે,
મા પરવિરયા વ્રજદેશ, યમુના મહારાણી રે. ૧

મા તૂર્યપ્રિયા શ્રીકૃષ્ણનાં, પટરાણી રે,
મા મુકુટ કાછની વેશ, યમુના મહારાણી રે. ૨

મા શ્યામ સ્વરુપ સોહામણું પટરાણી રે,
મા દેખીને મોહે વ્રજેશ, યમુના મહારાણી રે. ૩

મા માહાત્મય પદ્મપુરાણમાં, પટરાણી રે,
ધરણી પ્રતિ વરણે શેષ, યમુના મહારાણી રે. ૪

મા અધમ અનેક ઉદ્ધારિયા પટરાણી રે,
મા યમ ડર રહ્યો ન લેશ, યમુના મહારાણી રે. ૫

મા સ્નાન -પાન કે ધ્યાન કરે, પટરાણી રે,
વધે વલ્લભમાં વ્હાલ વિશેષ, યમુના મહારણી રે. ૬

મા શરણ ગહે જો આપનું, પટરાણી રે,
રાખો પોતાનો કરી પ્રાણેશ, યમુના મહારાણી રે. ૭

મા સુધિ કરાવો જીવની, પટરાણી રે,
મા આપી શ્યામને સંદેશ, યમુના મહારાણી રે. ૮

મા ગુણ તમારા કેમ કહું, પટરાણી રે,
જયાં હારે શેષ મહેશ, યમુના મહારાણી રે. ૯

મા કૃપા ચાહું એક આપની, પટરાણી રે,
'લાલ' ઈચ્છા જ એ અવશેષ, યમુના મહારાણી રે. ૧૦

૪૬. ગરબે રમવાને ગોરી નીસર્યા રે લોલ

ગરબે રમવાને ગોરી નીસર્યા રે લોલ,
રાધિકા રંગીલી અભિરામ, વ્રજવાસણી રે લોલ,
તાળી દેતાં વાગે ઝાંઝર ઝૂમખા રે લોલ - રાધીકા. ૧
સંગમાં સાહેલી બીજી છે ઘણી રે લોલ,
કાંઈક કહું તેના નામ વ્રજવાસણી રે લોલ,
તાળી દેતાં વાગે ઝાંઝર ઝૂમખા રે લોલ,
ગિડ ગિડ તામ છુમ છુમ, બાજે ઘૂઘરા રે લોલ - તાળી. ૨
ચંદ્રભાગા ને ચંદ્રાવળી રે લોલ,
ચંપકલતા ચારૂ રૂપ, વ્રજવાસણી રે લોલ - તાળી. ૩
લલિતા વિશાખા વ્રજ મંગળા રે લોલ,
માધવી ને માલતી અનૂપ, વ્રજવાસણી રે લોલ - તાળી. ૪
મન્મથ મુદાને મન આતુરી રે લોલ,
હંસા હરસા ને હીરા નામ, વ્રજવાસણી રે લોલ - તાળી.૫
કેતકી પ્રગલ્લભા પ્રેમ મંજરી રે લોલ,
એ આઠે સખી સુખધામ, વ્રજવાસણી રે લોલ - તાળી. ૬
વિવિધ વાજીંત્ર વાજે છંદમાં રે લોલ,
તાલ સ્વરે મળી કરે ગાન, વ્રજવાસણી રે લોલ - તાળી. ૭
બોલ કહેતાં તે અધર અરુણ ઓપતા રે લોલ,
લટકે નમી મેળવે સહુ માન, વ્રજવાસણી રે લોલ - તાળી. ૮
ખેલ મચ્યો તે વૃંદાવનમાં રે લોલ,
બંસીબટ ચોક રસ રૂપ, વ્રજવાસણી રે લોલ - તાળી. ૯
ગરબો જોવાને ગિરધર આવીયા રે લોલ,
મોહ્યા નિરખી શ્યામાનું સ્વરૂપ રે લોલ - તાળી. ૧૦

શ્યામ મોહ્યા તેમ સ્વામિની રે લોલ,

વ્યાપ્યો બેહુ અંગમાં અનંગ, વ્રજવાસણી રે લોલ - તાળી. ૧૧

લલિતા લઈ મેળવ્યા નિકુંજમાં રે લોલ,

રસભર્યા રમાડ્યા રતિ રંગ, વ્રજવાસણી રે લોલ - તાળી. ૧૨

આનંદ સાગર તાંહાં ઉછાળ્યો રે લોલ,

મગ્ન થયાં લાડલીને લાલ, વ્રજવાસણી રે લોલ - તાળી ૧૩

પરમ પવિત્ર એ ચરિત્ર ને લોલ,

દાસ 'દયો' ગાઈ થયો નિહાલ, વ્રજવાસણી રે લોલ- તાળી. ૧૪

૪૭. શ્રી યમુનાજીનો ધ્વનિ

મથુરામાં મહારાણીજી, ગોકુલમાં મહારાણીજી;
સકલ સિદ્ધિનો સાજ સજેલાં શ્રી યમુને મહારાણીજી. ૧

શ્રમ સરિતા મહારાણીજી, રસ ભરિતા મહારાણીજી;
નંદનંદનનો નેહ ભરેલાં, શ્રી યમુને મહારાણીજી. ૨

કુંજ કુંજ મહારાણીજી, પ્રેમ પુંજ મહારાણીજી;
રસ રસીલાં, છેલ છબીલાં, શ્રી યમુને મહારાણીજી. ૩

રસભર શ્રી મહારાણીજી, મદભર શ્રી મહારાણીજી;
કમલ- છડી કરકમલ લીધેલાં, શ્રી યમુને મહારાણીજી. ૪

દુઃખ હર્તા મહારાણીજી, સુખ કર્તા મહારાણીજી;
પ્રાણ-પ્રિતમનું દાન દેનારા, શ્રી યમુને મહારાણીજી. ૫

અતિ દુર્લભ મહારાણીજી, સ્નેહ સુલભ મહારાણીજી;
મદન મનોહર મન મોહનનાં - પ્યારાં, શ્રી મહારાણીજી. ૬

રાસ-રસિક મહારાણીજી, કૃપા અધિક મહારાણીજી;
વ્રજજનના વ્હાલાનાં અતિશે - વ્હાલાં, શ્રી મહારાણીજી. ૭

મનહરણી મહારાણીજી, સુખ કરણી મહારાણીજી;
વૃંદાવનની કુંજે કુંજે - રમતાં, શ્રી મહારાણીજી. ૮

ચપલ-નયન મહારાણીજી, મધુર વચન મહારાણીજી;
કુમારિકાના કામ પુરંતા, શ્રી યમુને મહારાણીજી. ૯

તુર્ય પ્રિયા મહારાણીજી, તરૂણ ત્રિયા મહારાણીજી;
મુકુટ કાછની સાજ સજેલાં, શ્રી યમુને મહારાણીજી. ૧૦

વ્રજેશ - પ્રિય મહારાણીજી, રસેશ-હિય મહારાણીજી;
નિજ 'વ્રજરત્ન' પ્રતિ કરુણાળુ, શ્રી યમુને મહારાણીજી. ૧૧

૪૮. યમુનાનો શ્યામ મને લાગે બહુ વ્હાલો

યમુનાનો શ્યામ મને લાગે બહુ વ્હાલો,

કહેજો કે રાધાનો રાખે સથવારો.

તારા તે નામનો પેર્યો મેં ચુડલો,

ચુંદડીનો રંગ મારી યમુનાના રંગનો.

તુલસીની કંઠી પેરી વાલા તારા નામની... કહેજો રે.

પીળી પીતાંબરીને કેડે કંદોરો,

રૂપ ધરી વરણાગી મનડું લોભાવતો

શ્યામ બની શ્યામ થાવા ઓઢ્યો કાળો કામળો...કહેજો રે

ઘાટે ઘાટે જપતી કરૂં જાપ તારા નામનો,

પત્તે પત્તે પૂછતી કરૂં રાધાનો શ્યામનો,

પ્યાસી બની આંખ લેવા દર્શનનો લ્હાવો.. કહેજો રે

બ્રહ્મસંબંધ બાંધી મેં તો લીધો વલ્લભનો આશરો,

ભવના સાગરમાં મારી નાવ ના ડૂબાડશો.

'વલ્લભ' તારો મારો બન્યો મજીયારો.. કહેજો રે.

૪૯. ધીરે પધારો મહારાણી

ધીરે પધારો મહારાણી,
યમુનાજી વા લા ધીરે પધારો મહારાણી
ગોલોકમાંથી ભૂતળ પધાર્યા,
કરી વ્રજે રસલહાણી - યમુનાજી.
કલિન્દ ગિરિથી નીચે પધાર્યા,
માટે કાલિન્દી કહેવાણી - યમુનાજી.
પદ્મપુરાણે મહિમા છે ભારી,
વેદપુરાણે વખાણી - યમુનાજી.
ગંભીર શીતલ શાંત તમે તો,
ઠાકુરના ઠકરાણી - યમુનાજી.
વિશ્રામઘાટે આરતી ટાણે,
વૈષ્ણવ - ભીડ ભરાણી - યમુનાજી.
પાવન થાયે પાને તમારા,
અધમ ઉદ્ધારમાં શાણી - યમુનાજી.
સજીને સોળે સિંગાર લેતા,
સૌને લીલામાં તાણી - યમુનાજી.
જોડ જડે ના એ મા તારી,
ઉચરે વૈષ્ણવ વાણી - યમુનાજી.
વાસ કરીને વ્રજભૂમિમાં,
બન્યા તમે પટરાણી - યમુનાજી.
કર જોડીને કરુ હું વિનંતી,
લેજો નિકુંજમાં તાણી - યમુનાજી.

૫૦. વ્રજમાં તે વાસ મને આપો શ્રી મહારાણીમા

વ્રજમાં તે વાસ મને આપો શ્રી મહારાણી મા,
વ્રજમાં તે વાસ મને આપો.
ચરણ-કમળમાં રાખો શ્રીમહારાણી મા,
વ્રજમાં તે વાસ મને આપો.
ભવનાં બંધન મારા કાપો શ્રી મહારાણી મા,
વ્રજમાં તે વાસ મને આપો.
હૃદયના આનંદને વધારો શ્રી મહારાણી મા
વ્રજમાં તે વાસ મને આપો.
દયા કરી દર્શન આપો શ્રી મહારાણી મા,
વ્રજમાં તે વાસ મને આપો.
ભક્તિમાં મન મારું રાખો શ્રી મહારાણી મા,
વ્રજમાં તે વાસ મને આપો.
દાસની વિનંતી સ્વીકારો શ્રી મહારાણી મા,
વ્રજમાં તે વાસ મને આપો.
સેવામાં ચિત્ત મારું રાખો શ્રી મહારાણી મા
વ્રજમાં તે વાસ મને આપો.
વ્રજમાં તે વાસ મને આપો શ્રી મહારાણી મા,
વ્રજમાં તે વાસ મને આપો.

૫૧. યમુના રૂપની વણઝાર

યમુના રૂપની વણઝાર, આવી નેણને બજાર... ટેક
એનાં નયનોમાં છે અંજન, એના ગાલોમાં છે ખંજન,
યમુના રૂપ તણો અંબાર, મારા હૃદય તણો ગુલઝાર... ૧

એના નાકે છે નકવેસર, એનો પટકો જાણેકેસર;
યમુના શ્યામ તણો શણગાર, મારા હૈયા કેરો હાર... ૨

એના કરમાં કંકણ રણકે, એના પગમાં ઝાંઝર ઝમકે;
યમુના સ્નેહ તણો ઝણકાર, મારા મનનો રણકે તાર... ૩

એના મુખમાં ગીતો ગૂંજે, એને આનંદની ઉરની કુંજે;
યમુના પ્રીત તણો સ્વીકાર, મારા મનનો હરશે ભાર...૪

એના સુખ છે પૂનમ જ્યોતિ, એના રુપ છે નિર્મળ મોતી;
યમુના ભક્તિ તણો ભંડાર, મુજ પર વરસે અનરાધાર...૫

યમુના 'શ્રાવણી' ને સુખ આપે, યમુના મનના દુઃખડા કાપે;
યમુના સુંદરતાનો સાર, મનડા યમુનાને સંભાર... ૬

૫૨. યમુના ચાલી વ્રજની વાટે

યમુના ચાલી વ્રજની વાટે, રૂમઝૂમ રૂમઝૂમ પાયલિયા,
ધનન ધનન ધન ઘુંઘરું બાજે, મનમાં ગુંજે સાંવરિયા,
ગીત મિલનના ગાતી જાતી, મનમાં મધુર મધુર મલકાતી,
પ્રિયતમની યાદે હરખાતી, ઝાંઝર બાજે યમુના ઘાટે,
રૂમઝુમ રૂમઝૂમ પાયલિયા... ૧

જળના હીચકે હીંચકા લેતી, હૈયે હરખ લઈ લહેરાતી,
વાયુ સંગે વાતો કરતી, ઝાંઝર બાજે યમુના ઘાટે,
રૂમઝુમ રૂમઝૂમ પાયિલાય... ૨

શૈલશ્રૃંગને શતશત દળતી, અવરોધોને ના કંઈ ગણતી,
'શ્રાવણી' ની માડી મન ભરતી, ઝાઁઝર બાજે યમુના ઘાટે,
રૂમઝુમ રૂમઝૂમ પાયિલાય... ૩

૫૩. "મહારાણી યમુનાને કરીએ પ્રણામ"

ચાલ, સખી ! કરીએ શ્રીયમુનાનાં પાન,
મહારાણી યમુનાને કરીએ પ્રણામ.
ગોકુલ મથુરા વૃન્દાવન ધામ,
છોડી નિજ ધામ વ્રજ કર્યો વિશ્રામ,
પાવન કર્યા ચોર્યાસી કોસ........... મહારાણી

શ્યામ સુંદિર રૂપ તમે ધરિયાં રે,
સદા વ્રજનાથ સંગ ફરિયાં રે.
કૃપા કરી સહુ પૂરણ કરો કામ........... મહારાણી

ધન્ય યમુને ! અજ્ઞાન અધ દૂર ભાજે,
ધન્ય યમુને ! સકલ સુખ દેનહારી,
નિર્ધનનાં ધન, આપો અભયદાન........... મહારાણી

પુષ્ટિ-જીવને શરણે લેવાનો,
ભવબંધનથી મુક્ત કરવાનો,
શ્રી યમુનાજીએ કીધો છે નિરધાર .... મહારાણી

યમુને ! દ્રઢ કરો ચરણકલમમાં,
'કૃષ્ણદાસ' નેનન ગિરિધર દિખાવો
મહારાણીમાનો સ્નેહે કરો ગુણગાન........... મહારાણી

(શ્રી યમુનાષ્ટક - રસાનંદ)

ત્યાં તો ડૂબ્યો સર્વથા કીયો અન્ય સંબંધી સાથ
અન્ય સંબંધ સબને બુરો રુઠે શ્રી ગોકુલનાથ
ગોકુલપતિ મુખ સમર કે ઓર નામ ઉચાર
વિઠ્ઠલ સુત જાને નહિ જનમ જનમ ધિક્કાર.

૫૪. ઉત્તમ વ્રત એકાદશી

ઉત્તમ વ્રત એકાદશી સાહેલી રે,
આજ મારે અપવાસ,
જમુનાજી જઈ એ ઝીલવા સાહેલી રે. (૧)

રંગીલી ગલી પળિયામણી સાહેલી રે,
વૈષ્ણવની ભીડાભીડ. જમુનાજી (૨)

સખી સૈયર ટોળે મળી સાહેલી રે,
હૈયે હરખ ન માય. જમુનાજી (૩)

વહુબેટી હીડે મલપતાં સાહેલી રે,
સૌ કોને દર્શન થાય. જમુનાજી. (૪)

સાકર કેરા કરા પડાય્ સાહેલી રે,
દૂધડે વરસ્યા મેહ. જમુનાજી (૫)

ગોકુલ ગામ રળિયામણું સાહેલી રે,
સુંદર શ્રી જમુનાનાં નીર. જમુનાજી (૬)

જમુનાજીમાં ઝીલતાં સાહેલી રે,
છૂટા મેલી કેશ. જમુનાજી (૭)

વ્રજવાસી સામા મળ્યા સાહેલી રે,
હરખે સાહીશું વેશ. જમુનાજી (૮)

પ્રસાદ મેહેલો મેકળા સાહેલી રે,
ઠોર તણો નહીં પાર. જમુનાજી (૯)

માધવદાસની વિનતિ સાહેલી રે,
આપોને વ્રજમાં વાસ. જમુનાજી (૧૦)

વૈષ્ણવે અહંકાર કરવો નહીં. અહંકાર

૫૫. ધન્ય એકાદશી

ધન્ય એકાદશી એકાદશી કરીએ તો વ્રજ સુખ પામીએ
મારે એકાદશીનું વ્રત કરવું છે, એ તો પ્રાણજીવનને પ્યારૂ છે.
એ તો વ્રજમાં લઈ જનારૂં છું. ધન્ય...

મારે ગંગા ઘાટે જાવું છે, મારે જમુના જળમાં ન્હાવું છે,
મારે ભગવસાગર તરી જાવું છે. ધન્ય...

મારે દશ ઈન્દ્રિય વશ કરવી છે, મારે મનમાં સ્થિરતા ધરવી છે.
મારે ચિત્ત શુધ્ધિ આદરવી છે. ધન્ય...

મારે સમયે શરીરને કસવું છે, ઉપવાસે પ્રભુ સંગે વસવું છે.
પરમારથ માંહી ઘસવું છે. ધન્ય...

અંબરીષે વ્રત રસ પીધા છે દંડ દુર્વાસાએ દીધા છે
રક્ષણ રખવાળાએ કીધા છે. ધન્ય...

જેણે એકાદશીના વ્રત દીધા છે પાંચ પદારથ સીધા છે
તેને પ્રભુએ પોતાના કરી લીધા છે. ધન્ય...

મારે પંઢરપુરમાં જાવું છે, મારે ચંદ્રભાગામાં ન્હાવું છે,
મારે વિઠ્ઠલરાયજી નિરખવા છે. ધન્ય...

મારે ગોકુલમાં જાવું છે, મારે યમુનાજીમાં ન્હાવું છે.
મારે ગોકુલનાથજી નિરખવા છે. ધન્ય...

જે કોઈ બારમાસ કરે એકાદશી એના અંતરમાં વસે અવિનાસી
જે નહિ કરે તે રહેશે હાથ ઘસી ધન્ય...

પુષ્પ-૭ આરતી

૧. માનસી સેવા - યમુના જળમાં

યમુના જળમાં કેસર ઘોળી સ્નાન કરાવું શામળા,
હલકે હાથે અંગો ચોળી લાડ લડાવું શામળા,
અંગો લૂછી આપું વસ્ત્રો પીળું પીતાંબર પ્યારમાં,
તેલ સુગંધી નાખી આપું વાંકડિયા તુજ વાળમાં... યમુના જળમાં
કુમ કુમ કેરું તિલક સજાવું ત્રિકમ તારા ભાલમાં,
અલબેલી આંખોમાં આંજુ અંજન મારા વાલમાં... યમુના જળમાં
હસતી જોઉ વાટે ઘાટે નાચી ઊઠું તાલમાં,
નજર ન લાગે શ્યામ સુંદરને ટપકાં કરી દઉં ગાલમાં... યમુના જળમાં
પગમાં ઝાંઝર રુમઝુમ વાગે કરમાં કંકણ વાલમા
કંઠે માલા કાને કુંડળ ચોરે ચિત્તડુ ચાલમાં... યમુના જળમાં
મોર મુકુટ માથે પહેરાવું મુરલી આપુ હાથમાં
કૃષ્ણ કૃપાળુ નીરખી શોભા વારી જાઉં તારા વહાલમાં.. યમુના જળમાં
દૂધ કટોરી ભરીને આપું પીઓને મારા શામળા
ભક્ત મંડળ નીરખી શોભા રાખો ચરણે શામળા.. યમુના જળમાં

૨. ધન્ય શ્રી યમુના

ધન્ય શ્રી યમુના ધન્ય શ્રી યમુના,
કૃપા કરી શ્રી ગોકુળ વૃજ સુખ આપજો.
વૃજની રજમાં વૃજની રજમાં;
અહરનિશ અમને સ્થિર કરીને સ્થાપજો. - ધન્ય ૧
તમે મોટા છો શ્રી મહારાણી, તમે જીવ તણી કરૂણા જાણી;
હમને શરણે લેજો તાણી - ધન્ય ૨

શ્રી વૃંદાવનની વાટમાં, ન્હાવુ શ્રી યમુના ઘાટમાં;
વ્હાલે રાસ રમાડ્યા રાતમાં - ધન્ય ૩
ચાલો તો થઈ એ વૃજવાસી, પરિક્રમા કરવી ચોરાસી;
મ્હારા જન્મ મરણની ટળી ફાંસી - ધન્ય ૪
પધરાવો સપ્ત સ્વરૂપ સેવા, આરોગાવો મીઠામેવા;
વૈષ્ણવને લાભ ઘણો લેવા. - ધન્ય ૫
શ્રીગોકુલ મથુરાની ગલીયોમાં, મહારાજ મુજને ત્યાં મલીયા,
મારા જન્મ મનોરથ સફળ થયા. - ધન્ય ૬
નંદજીનો વહાલો વનમાળી, કાલિન્દ્રિને કાંઠે ધેનું ચારી,
વ્હાલો હસી હસી અમશું લે તાળી. - ધન્ય ૭
ચાલો તો શ્રીયમુનાજી નાહિયે, એવા અખંડ વૃજવાસી થઈએ;
એવી નૌતમ લીલા નિત્ય ગઈએ - ધન્ય ૮
સખી સમરોને સારંગ પાણી, વૈષ્ણવને વહાલી એ વાણી;
એ લીલા હરિદાસે જાણી - ધન્ય ૯

૩. શ્રી યમુનાજીના પાન કરને

શ્રીમહારાણીનાં પાન કરને તું પ્રાણી રે,
એ છે અધમ ઉદ્ધારણ જાણી. શ્રી. ૧
એમનું મહાત્મય છે પદ્મ પુરાણે રે
પૃથ્વીપર શ્રી વરાહજી વખાણે રે,
એ તો વૃજવાસીસુખ માણે. શ્રી ૨
સુંદર મથુરાજી નિકટ બિરાજે રે,
મંદમંદ મહાધુની ગાજે રે,
અમને દર્શનથી દુઃખ ભાગે. શ્રી.૩
વિશ્રામ ઘાટે તે આરતિ થાય રે,
સામા પ્રભુજીના મુગટ બિરાજે રે,
ચોબા હાથીની ગર્જનાયે આવે શ્રી .૪

ત્યાં તો વૈષ્ણવની ભીડ ભરાય રે,
ત્યાં તો આરતિ ધોળ ગવાયરે,
ત્યાં તો જય જય શબ્દ ઉચ્ચારે. શ્રી ૫
એમના સ્મરણથી સુખ થાય રે,
તેનાં પ્રાયશ્ચિત દૂર પળાયરે
જેમ સિહ દેખીને મૃગ નાસે, શ્રી ૬
જો કોઈ પયપાન શ્રીયમુનાજીનાં કરશે રે,
તેને જમ કિકર ભય ટળશે રે,
કહે છે રસિક રાધે વરને વરશે. શ્રી ૭

૪. દર્શન ઘો મા શ્રી યમુનાજી

દર્શન ઘો મા શ્રીયમુનાજી, હું તો બીજા કશાથી નથી રાજી.
દર્શન... ૧
પાન કરાવો અમૃત જળનું, જોર હટાવો માયા દળનું,
રટણ કરાવો શ્રી રાધાવારનું દર્શન... ૨
શરણ પડ્યો છું દુઃખડાં કાપો, પાપ નિવારી સુખડાં આપો;
યુગલ સ્વરૂપ મારે હ્રદયે સ્થાપો. દર્શન... ૩
માયા જાળ ટાળો ઓ મહારાણી, માજી લીલામાં લેજોતાણી;
દેવી જીવતણી કરૂણા જાણી. દર્શન... ૪
હરનિશ સેવામાં દિન ભાગું, કૃષ્ણ કૃપાએ દીનતા માગું;
અવિચલ પદ આપો પાયે લાગું. દર્શન... ૫
છોડાવી ઘો વિષયા શક્તિ, માનસી સેવામાં અનુરક્તિ;
શ્યામ ચરણ ઘોમા દઢ ભક્તિ. દર્શન... ૬
દુર્ગુણ મારા કાઢી નાખો, વાંક હમારો હોય તો સાંખો;
વૃજમાં વાસ મળે એમ મુખ ભાગો. દર્શન... ૭
લીલા લહેરી સેવક તારો, દીન થઈ જાયે અતિ દુખીયારો,
ઉગરવાનો નથી બીજો આરો. દર્શન... ૮

૫. જય જય મહારાણી જમુના

જય જય મહારણી જમુના, જય જય પટરાણી જમુના
સુંદર સતવાદી નાર, તપ કરી પ્રભુને આરાધીયા;
પ્રીતે પરણ્યા મોરાર. જય જય ૧

સૂરજ દેવતાની દીકરી, વેદ પૂરાણે વખાણી;
ભાઈને વ્હાલી રે બ્હેનડી, પસલી આપી છે સાર. જય જય ૨

રૂપે રૂડાં જલ શામલાં, વેગે ચાલે ગંભીર;
તીરે તોરણ ઓપતાં વ્રજ વધ્યો વિસ્તાર. જય જય ૩

ચરણા ચોળીને ચૂંદડી, ઉપર લટકંતો હાર;
કંકણ કુંડલને ટીલડી, સજ્યા માએ સોલે શણગાર. જયં જય ૪

વૃંદાવન વીંટાઈ રહ્યું, મથુરા જલસ્થલ આધાર;
ગોકુળ મહાવન પાસે વસ્યા, વહાલો મારો નંદકુમાર. જય જય ૫

જળ જમુનાનાં ઝીલતાં, તૂટ્યા નવસર હાર;
મોતી સર્વે વેરાઈ ગયાં, હીરલો લાગ્યો છે હાથ. જય જય ૬

રામ ઘાટ શ્યામ ઘાટ, ઠકરાણી ઘાટ, બીજા ઘાટ અપાર,
અજાણે અધર્મી નાહી ગયો તેનો માએ કર્યો રે ઉદ્ધાર. જય જય ૭

અઠ્ઠાવીશ કુંડ ઉજડ થયા, ભાઈનો ભાગ્યો ભણકાર;
પરાક્રમે ગેલ ચલાવીયાં, વૃજમાં કીધો વિસ્તાર. જય જય ૮

નાહ્ય ગાય પયપાન જે કરે, તેને જમનો નહી ભણકાર,
કર જોડી કહે હરીદાસ, ન્હાજો વારંવાર. જય જય ૯

•

૬. જય જય શ્રી યમુના મા

જય જય શ્રી યમુના મા (૨) જોતાં જન્મ સુધાર્યો (૨)
ધન્ય ધન્ય તમે ધન્ય. જય જય. ૧

શામલડી સુરત મુરત માધુરી મા (૨) પ્રેમ સહિત પટરાણી (૨)
પરાક્રમે પુરાં મા. જય જય. ૨

ગહવર વન ચાલ્યાં મા (૨) ગંભીરે ઘેર્યાં મા (૨)
ચુંદડીએ ચટકાળાંમા પહેર્યા ને લહેર્યા. જય જય. ૩

ભુજ કંકણ રૂડાં મા (૨) ગુજરીઓ ચુડીમા (૨)
બાજુ બંધ ને બેરખા, પોંચી રત્ન જડીત. જય જય. ૪

ઝાઁઝરને ઝમકે મા (૨) વિંછીયાને ઠમકે મા (૨)
નેપુરને નાદે મા, ઘુઘરીઓ ઘમકે. જય જય. ૫

સોળે શણગાર સજ્યા મા (૨) નકવેસર મોતી મા (૨)
આભરણમાં ઓપો છો મા, દરપણ મુખ જોતાં. જય જય. ૬

તટ અંતર રૂડાં મા (૨) શોભિત જલ ભરીયાં મા (૨)
મનવાંછિત મોરલીધર, સુંદર વરવરીયાં. જય જય. ૭

લાલ કમળ લપટાણાં મા (૨) જોવાને ગયા તાં મા (૨)
કહે માધવ પરિક્રમા, વૃજની કરવાને ગયાં તાં. જય જય. ૮

જમુના માની આરતિ, મા જે કોઈ ગાશે મા (૨) જે પ્રેમે ગાશે,
તેના જન્મ જન્મના પાપો, સર્વે દૂર થાશે,
તેને યમુના પાન થાશે. જય જય. ૯

જમુના માની આરતી મા વિશ્રામ ઘાટે થાય મા (૨)
લાખો કરોડો વૈષ્ણવ દર્શન કરવા જાય. જય જય. ૧૦

મુકુન્દરતિવર્ધિની શ્રીયમુનાજી

૭. વિનવું રે તમને

રાગ : સાચીરે મારી સતરે ભાવની મા
વિનવું રે તમને ધન્ય રે જમુનાજી મા, કૃપાળુ મહારાણી મા
દાસીને દર્શન દેજો મોરી મા - વિનવું રે...

ધીમે વળી ધીમે રે જમુનાજી મા
ધીમે પગલે ચાલ્યા માં, મધ દરિયે વસિયાણા
દૈવી જીવને કારણ વૃજમાં વસીયા મોરી મા વિનવું રે...

સૂરજ દેવતાની દીકરી રે જમુનાજી મા
યમરાજાની બેની મા વિરાને વચને મા,
અધમ ઓધારણ જીવોને તારવા મોરી મા. વિનવું રે...

કરમાં કમળની માળા રે જમુનાજી મા,
ધીમે પગલે ચાલ્યા મા, ગંભીરે ઘેર્યા મા,
સુંદરને કંઠે શોભાવા ચાલ્યા મોરી મા, વિનવું રે...

કરજોડીને કરૂં વિનંતિ રે જમુનાજી મા
ચરણ કમળમાં રાખોમા
નીલ લીલામાં લ્યોને અમને તાણી મોરી મા. વિનવું રે...

બલિહારી બે સ્વરૂપોની

એક વખતે શ્રીનાથજી ગોવિંદસ્વામી અને કુંભનદાસ સાથે ખેલતા હતા. એટલામાં ઉત્થાપનનો સમય થયો એટલે બેઉ સખા ખેલ અધૂરો મૂકીને ઉઠ્યા. એટલે શ્રીનાથજીએ કહ્યું કે, "ખેલ તો પૂરો કરો." ત્યારે તેઓએ કહ્યું : શ્રીમહાપ્રભુજી અને શ્રીગુંસાઈજીએ જે કાર્ય અમને સોંપ્યું છે એ અમે સંભાળીએ છીએ. એટલે તો આપ અમારી સાથે ખેલો છો. બલિહારી તો એ બંન્ને સ્વરૂપોની" આમ કહી બંને સખા મંદિરમાં કીર્તન સેવામાં પધાર્યા ને શ્રીજીબાવા પણ નિજ મંદિરમાં પોતાના સ્થાને બિરાજમાન થયાં.

- સત્સંગ

પુષ્પ-૮ પ્રકીર્ણ

૧. શ્રી સર્વોત્તમ સ્તોત્રમ્

પ્રાકૃતધર્માનાશ્રય - અપ્રાકૃતનિખિલધર્મરૂપમિતિ
નિગમપ્રતિપાદ્યંયત્ - તચ્છુદ્ધં સાકૃતિ સ્તૌમિ ॥૧॥

કલિકાલતમશ્છન્ન - દષ્ટિત્વાદ્વિદુષામપિ ।
સંપ્રત્યવિષયસ્તસ્ય, માહાત્મ્યં સમભૂદ્ભુવિ ॥૨॥

દયયા નિજમાત્મ્યં, કરિષ્યન્પ્રકટં હરિઃ ।
વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હિ ॥૩॥

તદુકતમપિ દુર્બોધં સુબોધં સ્યાદ્યથા તથા ।
તન્નામાષ્ટોત્તરશતં, પ્રવક્ષ્યામ્યખિલાર્ઘહૃત્ ॥૪॥

ઋષિરગ્નિકુમારસ્તુ, નામ્નાં છંદો જગત્યસૌ ।
શ્રી કૃષ્ણાસ્યં દેવતા ચ, બીજં કારુણિકઃ પ્રભુઃ ॥૫॥

વિનિયોગો ભક્તિયોગ - પ્રતિબંધ વિનાશને ।
કૃષ્ણાધરામૃતાસ્વાદ - સિદ્ધિરત્ર ન સંશયઃ ॥૬॥

આનંદઃ પરમાનંદઃ, શ્રી કૃષ્ણાસ્યં કૃપાનિધિઃ ।
દૈવોદ્વારપ્રયત્નાત્મા, સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ॥૭॥

શ્રી ભાગવતગૂઢાર્થ - પ્રકાશનપરાયણઃ ।
સાકારબ્રહ્મવાદૈક - સ્થાપકો વેદપારગઃ ॥૮॥

માયાવાદનિરાકર્તા સર્વવાદિનિરાસકૃત્ ।
ભક્તિમાર્ગાબ્જમાર્તણ્ડઃ, સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ ॥૯॥

અંગીકૃત્યૈવ ગોપીશ-વલ્લભીકૃતમાનવઃ ।
અંગીકૃતૌ સમર્યાદો, મહાકારુણિકો વિભુઃ ॥૧૦॥

અદેયદાનદક્ષશ્ચ, મહોદારચરિત્રવાન ।
પ્રાકૃતાનુકૃતિવ્યાજ મોહિતાસુર માનુષઃ ॥૧૧॥

વૈશ્વાનરો વલ્લભાખ્યઃ, સદ્રૂપો હિતકૃત્સતામ્ ।
જનશિક્ષાકૃતે કૃષ્ણ ભક્તિકૃન્નિખિલેષ્ટદઃ ॥૧૨॥

સર્વલક્ષણસંપન્નઃ, શ્રી કૃષ્ણજ્ઞાનદો ગુરુઃ ।
સ્વાનંદતું દિલઃ પદ્મદલાયતવિલોચનઃ ॥૧૩॥

કૃપાદગ્વૃષ્ટિસંહૃષ્ટ દાસદાસીપ્રિયઃ પતિઃ ।
રોષદકપાતસંપ્લુષ્ટ ભક્તદ્વિટ્ ભક્તસેવિતઃ ॥૧૪॥

સુખસેવ્યો દુરારાધ્યો, દુર્લભાંઘ્રિસરોરુહઃ ।
ઉગ્રપ્રતાપો વાક્સિંધુ પૂરિતાશેષસેવકઃ ॥૧૫॥

શ્રીભાગવતપીયૂષ સમુદ્રમથનક્ષમઃ ।
તત્સારભૂતરાસસ્ત્રી ભાવ પૂરિત વિગ્રહઃ ॥૧૬॥

સાન્નિધ્યમાત્રદત્ત શ્રી કૃષ્ણપ્રેમા વિમુક્તિદઃ ।
રાસલીલૈક તાત્પર્ય, કૃપયૈતત્કથાપ્રદઃ ॥૧૭॥

વિરહાનુભવૈકાર્થ સર્વત્યાગોપદેશકઃ ।
ભકત્યાચારોપદેષ્ટા ચ, કર્મમાર્ગપ્રવર્તકઃ ॥૧૮॥

યાગાદૌ ભક્તિમાર્ગેક સાધનત્વોપદેશકઃ ।
પૂર્ણાનંદઃ પૂર્ણકામો, વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥૧૯॥

કૃષ્ણનામસહસ્ત્રસ્ય, વક્તા ભક્તપરાયણઃ ।
ભકત્યાચારોપદેશાર્થ, નાનાવાક્યનિરૂપકઃ ॥૨૦॥

સ્વાર્થોજ્ઝિતાખિલપ્રાણ-પ્રિયસ્તાદશવેષ્ટિતઃ ।
સ્વ-દાસાર્થ કૃતાશેષ-સાધન સર્વશક્તિધૃક્ ॥૨૧॥

ભુવિ ભક્તિપ્રચારૈક-કૃતે સ્વાન્વયકૃત્ પિતા ।
સ્વવંશેસ્થાપિતાશેષ - સ્વમાહાત્મ્યઃ સ્મયાપહઃ ॥૨૨॥

પતિવ્રતાપતિઃ પાર-લૌકિકૈહિકદાનકૃત ।
નિગૂઢહૃદયોનન્ય-ભક્તેષુ જ્ઞાપિતાશયઃ ॥૨૩॥

ઉપાસનાદિ માર્ગાતિ મુગ્ધમોહનિવારકઃ ।
ભક્તિમાર્ગે સર્વમાર્ગ વૈલક્ષણ્યાનુભૂતિકૃત્ ॥૨૪॥

પૃથકષરણમાર્ગોપ દેષ્ટા શ્રી કૃષ્ણ હાર્દવિત્ ।
પ્રતિક્ષણનિકુંજસ્થ લીલારસસુપૂરિતઃ ॥૨૫॥

તત્કથાક્ષિપ્તચિત્તસ્તદ્ - વિસ્મૃતાન્યો વ્રજપ્રિયઃ ।
પ્રિય વ્રજસ્થિતિઃ પુષ્ટિ - લીલાકર્તા રહઃપ્રિયઃ ॥૨૬॥

ભક્તેચ્છાપૂરકઃ સર્વા - જ્ઞાતલીલોતિમોહનઃ ।
સર્વાસકતો ભક્તમાત્રા સકતઃ પતિતપાવનઃ ॥૨૭॥

સ્વયશોગાનસંહૃષ્ટ હૃદયાંભોજવિષ્ટરઃ ।
યશઃ પીયૂષલહરી પ્લાવિતાન્યરસઃ પરઃ ॥૨૮॥

લીલામૃતરસાર્દ્રાર્દ્રી કૃતાખિલશરીરભૃત્ ।
ગોવર્ધનસ્થિત્યુત્સાહઃ, તલ્લીલા પ્રેમપૂરિતઃ ॥૨૯॥

યજ્ઞભોક્તા યજ્ઞકર્તા, ચતુર્વર્ગવિશારદઃ ।
સત્યપ્રતિજ્ઞસ્ત્રિગુણા - તીતો નયવિશારદઃ ॥૩૦॥

સ્વકીર્તિવર્ધનસ્તાત્ત્વ સૂત્રભાષ્યપ્રદર્શકઃ ।
માયાવાદાખ્યતૂલાગ્નિ બ્રહ્મવાદનિરુપક ॥૩૧॥

અપ્રાકૃતાખિલાકલ્પ ભૂષિતઃ સહજસ્મિતઃ ।
ત્રિલોકીભૂષણં ભૂમિ-ભાગ્યં સહજસુંદર ॥૩૨॥

અશેષભક્તસંપ્રાર્થ્ય ચરણાબ્જરજોધનઃ ।
ઈત્યાનંદનિધેઃ પ્રોક્તં, નામ્નામષ્ટોત્તરં શતમ્ ॥૩૩॥

શ્રદ્ધાવિશુબુદ્ધિર્યં, પઠત્યનુદિનં જનઃ ।
સતદેકમનાઃ સિદ્ધિ મુક્તાં પ્રાપ્નોત્યસંશયઃ ॥૩૪॥

તદપ્રાપ્તૌ વૃથા મોક્ષ સ્તદાપ્તૌ તદ્ગતાર્થતા ।
અતઃ સર્વોત્તમ સ્તોત્રં, જપ્યં કૃષ્ણરસાર્થિભિ ॥૩૫॥

॥ શ્રી શ્રીમદ્ગ્નિકુમારપ્રોકતં શ્રી સર્વોત્તમસ્તોત્રં સંપૂર્ણમ્ ॥

શ્રીહરિરાય મહાપ્રભુજી

શ્રીહરિરાય મહાપ્રભુજીએ શ્રીગોકુલનાથજી પાસેથી બ્રમ્હસંબંધ લીધું હતું, તેથી શ્રીગોકુલનાથજી તેમના ગુરુ હતા. આપશ્રીને શ્રીગોકુલનાથજી દ્વારા વૈષ્ણવોના સ્વરૂપનું જ્ઞાન થયું હતું. શ્રીગોકુલનાથજીને વૈષ્ણવોમાં અલૌકિક પ્રીતિ હતી.

એકવાર શ્રીગોકુલનાથજી અપરસ કરી સેવામાં પધારતા હતા ત્યાં એક વૈષ્ણવ આપને અડી ગયો,એટલે તેને પૂછ્યું : "ભાઈ, તું કોણ છે ?"

ત્યારે તેણે કહ્યું : "કૃપાનાથ, હું વૈષ્ણવ છું."

આમ ત્રણ વખત પૂછ્યું તો એ જ જવાબ મળ્યો.એટલે આપશ્રી પુનઃ સ્નાન કર્યા વિના સેવામાં પધાર્યા.

શ્રીહરિરાય મહાપ્રભુજીમાં પણ વૈષ્ણવો પ્રતિ આવી જ અલૌકિક ભાવના હતી.

શ્રીહરિરાય મહાપ્રભુજી શ્રીમદ ગોકુલમાં વૈષ્ણવોની મંડળીમાં બિરાજીને નિત્યપ્રતિ ભગવદવાર્તા કરતા ત્યારે રસાવેશમાં આપશ્રી ગાદીથી ઉતરી વૈષ્ણવોમાં સમાન રૂપથી ભળી જતા અને ઉપસ્થિત વૈષ્ણવવૃંદમાં શ્રીગોપીજનોની ભાવનાનો અનુભવ કરતા. વિપ્રયોગના પ્રસંગોના સમયે શ્રીકૃષ્ણના મિલનના ઉપાયો દીનભાવથી તેમને પૂછતાં. જેમ રાસલીલાના પ્રસંગમાં પ્રભુના અંતર્ધ્યાન થયા પછી ગોપીજનો વિરહાવસ્થામાં વૃક્ષાદિને પૂછ્યું હતું તેમ. સંયોગાનુભવ સમયે આપ વૈષ્ણવોને ભેટતા અને તેમની સાથે હાસ્ય-વિનોદ પણ કરતાં. આમ આપ રસાવેશમાં પોતાના આચાર્યત્તવને સહજ વિસરી જતાં.

આવા સત્સંગરસિક - દીનતાસ્વરૂપ શ્રીહરિરાયચરણને કોટિ - કોટિ વંદન.

- સત્સંગ

૨. શ્રી મધુરાષ્ટકમ્

અધરં મધુરં વદનં મધુરં નયનં મધુરં હસિતં મધુરમ્ ।
હૃદયં મધુરં ગમનં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ।।૧।।

વચનં મધુરં ચરિતં મધુરં વસનં મધુરં વલિતં મધુરમ્ ।
ચલિતં મધુરં ભ્રમિતં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ।।૨।।

વેણુર્મધુરઃ રેણુર્મધુરઃ પાણિર્મધુરઃ પાદૌ મધુરૌ ।
નૃત્યં મધુરં સખ્યં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ।।૩।।

ગીતં મધુરં પીતં મધુરં ભુક્તં મધુરં સુપ્તં મધુરમ્ ।
રૂપં મધુરં તિલકં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ।।૪।।

કરણં મધુરં તરણં મધુરં હરણં મધુરં રમણં મધુરમ્ ।
વમિતં મધુરં શમિતં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ।।૫।।

ગુંજા મધુરા માલા મધુરા યમુના મધુરા વિચી મધુરા ।
સલિલં મધુરં કમલં મધુરં મધુરાધિપતેરખિલં મધુરં ।।૬।।

ગોપી મધુરા લીલા મધુરા યુક્તં મધુરં ભુક્તં મધુરમ્ ।
ઈષ્ટં મધુરં શિષ્ટં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ।।૭।।

ગોપા મધુરા ગાવો મધુરા યષ્ટિર્મધુરા સૃષ્ટિર્મધુરા ।
દલિતં મધુરં ફલિતં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ।।૮।।

।। ઇતિ શ્રી વલ્લભાચાર્ય વિરચિતં મધુરાષ્ટકં સંપૂર્ણમ્ ।।

૩. શ્રી ગિરિરાજધાર્યષ્ટકમ્

ભક્તાભિલાષાચરિતાનુસારી દુગ્ધાદિચૌર્યેણ યશોવિસારી
કુમારિતાનન્દિતઘોષનારી, મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ।।૧।।

વ્રજાંગનાવૃન્દસદાવિહારી, અંગૈર્ગૃહાગારતમોપહારી
ક્રીડારસાવેશતમો ભિસારી મમ પ્રભુઃ ગિરિરાજધારી ।।૨।।

વેણુસ્વનાનન્દિતપન્નગારી રસાતલાનૃત્યપદપ્રચારી
ક્રીડન્ વયસ્યાકૃતિદૈત્યમારી મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ।।૩।।

પુલિન્દદારાહિતશમ્બરારી રમાસદોદારદયાપ્રકારી
ગોવર્ધને કન્દફલોપહારી મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ।।૪।।

કલિન્દજાકુલદુકલહારી કુમારિકા કામકલાવિતારી
વૃન્દાવને ગોધનવૃન્દચારી મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ।।૫।।

વ્રજેન્દ્ર સર્વાધિકશર્મકારી મહેન્દ્રગર્વાધિકગર્વહારી
વૃન્દાવનેકન્દ ફલોપહારી મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ।।૬।।

મનઃ કલાનાથતમોવિદારી બંશીરવાકારિતત - કુમારી
રાસોત્સવોદ્વેલ્લરસાબ્ધિસારી મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ।।૭।।

મત્તદ્વિપોદ્દામગતાનુકારી લુંઠત્પ્રસૂ ના પ્રપદીનહારી
રામોરસસ્પર્શકરપ્રસારી મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ।।૮।।

।। ઇતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિતં શ્રીગિરિરાજધાર્યાષ્ટકમ્
સંપૂર્ણમ્ ।।

૪. પુષ્ટિ માર્ગનાં પાંચ તત્ત્વનું ધોળ

પુષ્ટિ માર્ગનાં પાંચ તત્ત્વ નિત્ય ગાયેજી,
તેના જન્મો જન્મનાં પાપ સર્વે જાયેજી. ॥૧॥

પહેલું તત્ત્વ શ્રી શ્રીનવનીતપ્રિયા સુખકારીજી,
સમરો શ્રીમથુરાનાથ કુંજબિહારીજી. ॥૨॥

શ્રી વિઠ્ઠલેશરાય દ્વારકેશરાય ગિરિધારીજી,
શ્રી ગોકુલચંદ્રમાજી શ્રી મદનમોહન પર વારીજી. ॥૩॥

બીજું તત્ત્વ શ્રી વલ્લભ કુળને ભજીએજી,
કુળ લોકલાજ ને કાજ સર્વે તજીએજી. ॥૪॥

ત્રીજું તત્ત્વ શ્રી ગોવર્ધન-ગ્રંથ ગાઈએજી,
ગમતું શ્રીનટવરલાલજીનું થાયેજી. ॥૫॥

ચોથું તત્ત્વ શ્રી યમુનાજીને જાણોજી;
કરો દર્શન ને પય પાન એ સુખ માણોજી. ॥૬॥

પાંચમું તત્ત્વ શ્રી વ્રજ ભૂમિને ગાઈએજી,
નિત્ય ઊઠી વૈષ્ણવ જન પદ રજ લઈએજી. ॥૭॥

પાંચે તત્ત્વનું ધ્યાન નિરંતર ધરીએજી,
તો મન વાંચ્છિત ફલ સરવે પાઈએજી. ॥૮॥

પાંચે તત્ત્વ શિવ-બ્રહ્માદિકને દુર્લભજી,
શ્રી વલ્લભપ્રભુ પ્રગટ્યા પ્રમાણ કીધાં સર્વે સુલભજી. ॥૯॥

એ શોભા જોઈ હરિદાસ જાય બલિહારીજી,
એ લીલા ગાજો નિત્ય નરને નારીજી. ॥૧૦॥

મુકુન્દરતિવર્ધિની શ્રીયમુનાજી

૫. આશ્રયના પદો

રાગ : કેદાર - તાલ : કહેરવા

શ્રી વલ્લભ ભલે બુરે દોઉ તો તેરે ॥
તુમહી હમારી લાજ બડાઈ વિનંતી સુનો પ્રભુ મેરે ॥ ૧ ॥
અન્ય દેવ સહ રંક ભીખારી દેતે બહુત ધને રે ॥
હરિ પ્રતાપ બલ ગિનત ન કાહુ નિડર ભયે સહ ચેરે ॥૨॥
સબ તજ તુમ શરણાગત આયો દ્રઢ કર ચરણ ગહેરે ॥
"સુરદાસ" પ્રભુ તુમ્હારે મિલ તે પાયે સુખજુ ધનેરે ॥૩॥

અનુદાન :

હે શ્રી વલ્લભ, જીવ સ્વભાવથી અમો જેવા છે આપના જ છીએ આપ જ અમારી લાજ રાખો છો, આપ જ અમારી વિનંતી સુનો છો. (આપ દ્વારા પ્રકટિત પુષ્ટિ ભક્તિ માર્ગમાં જે કાંઈ પ્રાપ્ત કરવાનું છે) તે આપવા માટે અન્ય દેવો કે અંશાવતારો સમર્થ નથી. (આદ દુઃખ હર્તા) હરિના પ્રતાપ બલ અગણ્ય છો અને એ કરીને જ આપના નિજજન આ કલિમાં નિડર થયા છે. સર્વ ત્યાગ પૂર્વકની શરણાગતિ કરી આપના ભક્તો, "શ્રી સુરદાસજી" કહે છે હે પ્રભુ આપના દર્શન માત્રથી સુખ પ્રાપ્ત થાય છે. (અને એ પછી કોઈ સુખ પ્રાપ્ત કરવાનું રહેતું નથી.)

રાગ : ચમન - તાલ : ભજનઠેકા

યહ તુમસો માંગો ગિરિરાઈ ॥
જન્મ હી જન્મ તરહટી વસિવો
વ્રજરજ તજી ચિત અનત ન જાઈ ॥૧॥
હરિ સેવા રસપાન કરો ઔર શ્રી ભાગવત રસના મુખગાઈ ॥
"રસિકદાસ" યહ જનકી પ્રતિજ્ઞા
શ્રી વલ્લભકુળ નિત શિરનાઈ ॥૨॥

અનુવાદ :

શ્રી હરિરાયચરણ નિજજનો વતી, વિનંતી કરે છે હે શ્રી ગિરિરાય, જન્મોજન્મ આપતી તરેહટીમાં અમારો નિવાસ રહે, (શ્રીકૃષ્ણચંદ્રના ચરણારવિંદના સંયોગથી રાસાદ્ર થયેલ) વ્રજરજના સિવાય તમારૂ ચિત્ત અન્ય ન જાય. (આપની કંદરામાં નિવાસ કરનાર અને વ્રજભૂમિને પ્લાવિત કરનાર) શ્રી હરિની સતત સેવા અને રસના દ્વારા શ્રીમદ્ ભાગવત્ (ભગવદ્ ગુણગાન) નું ગાન કરી શકીએ. આપ રસેન્દ્રના દાસજનોની આ જ પ્રતિજ્ઞા હોઈ શકે કે અમારા શિર પર સદા શ્રી વલ્લભવિઠ્ઠલના ચરણારવિંદ બિરાજે.

રાગ : ચમન - તાલ : પંજાબી અધ્ધા

યહ માંગો ગોપીજન વલ્લભ ॥
માનુષજન્મ ઔર હરિસેવા
વ્રજવસવો દીજે મોહી સુલભ ॥૧॥
શ્રી વલ્લભકુલકો હો હું ચેરો વૈષ્ણવજનકો દાસ કહાઉ ॥
શ્રી યમુના જલ નીતપ્રતિ ન્હાઉ
મન કર્મ વચન કૃષ્ણ ગુણ ગાઉ ॥૨॥
શ્રી ભાગવત શ્રવણસુનૂનિત ઈનતજચિત્ત કહું અનંત ન જાઉ ॥
"પરમાનંદદાસ" યહ માંગત
નિત નિરખો કબહુ ન અધાઉ ॥૩॥

અનુવાદ :

હે ગોપીજન વલ્લભ, હું આપની પાસે આટલી જ યાચના કરૂં છું કે - મનુષ્ય જન્મધરી મારું જીવન શ્રીહરિની સેવામાં જ વીતાવું, વ્રજમાં વાસ મને સુલભ પ્રાપ્ત થાઓ, (વ્રજભક્તોના ભાવનું મારામાં સ્થાપન કરો.) શ્રી વલ્લભનો નિજ આશ્રિત થઈ આપના ભક્તોનો પણ હું દાસ થાઉં. શ્રી યમુનાજીમાં નિત્યપ્રતિ સ્નાન કરી, મન-ક્રમ-વચનથી શ્રી કૃષ્ણના જ ગુણ ગાઉં. શ્રી ભાગવતનું નિત્ય સ્મરણ કરી આપની લીલા સિવાય અન્ય કોઈ જગ્યાએ મારૂ ચિત્ત ન જાય. પરમાનંદના દાસજનોનું એટલું જ માંગવું છે કે આપના દર્શન કરી અમારી પ્યાસ સદા અતૃપ્ત જ રહે.

રાગ : દરબારી - તાલ : ત્રિતાલ

જિન શ્રી વલ્લભ રૂપ ન જાન્યો ॥
જનની ઉદર આય કહાં કીનો
જન્ય અકારથ માન્યો ॥ ૧॥
સકલ વેદ વિધિ સકલ ધર્મ નિધિ કરત જો વેદ વખાન્યો ॥
કહાં ભયો જો સકલ શાસ્ત્ર પઢયો
નાહક ફાટયો પાન્યો ॥ ૨ ॥
અગ્નિરુપ પ્રભુ સકલ શિરોમણી દેત અભયપદ બન્યો ॥
"રસિકપ્રિતમ" કે ચરણ ભજત જે
તે સકલ પદારથ જાન્યો ॥૩ ॥

અનુવાદ :

જેને શ્રી વલ્લભ રૂપને જાણ્યુ નથી એનો આ જન્મ વૃથા છે. વેદમાં બતાવ્યા પ્રમાણેની સકલ વિધિ અને ધર્મ કર્મો, બધા શાસ્ત્ર ભણ્યા (છતાં શ્રી વલ્લભ ન મળ્યા) તો શું થયું ! એ વ્યર્થ છે. આપ અગ્નિરૂપ શ્રી વલ્લભ, નિજજનોના શિરોમણી, અભયપદનું દાન કરનારા છો. આવા રસિકોના પ્રિતમ શ્રી વલ્લભના ચરણને ભજવાથી સકલ પદારથની પ્રાપ્તિ થાય છે. બાકી બધુ મિથ્યા છે.

રાગ : ભીમપલાસી - તાલ : કહેરવા

સદા મન શ્રી ગોકુલમે રહીયે ॥
ગોવિંદ ઘાટ છોકર કી છૈયા બેઠક દરસન પૈયે ॥૧॥
યમુના પુલીન સુભગ શ્રી વૃન્દાવન ગિરિ ગોવર્ધન જઈએ ॥
ઘર ઘર ભક્તિ ભાગવત સેવા તન મન પ્રાણ બિકૈયે ॥૨॥
શ્રી વિઠ્ઠલનાથ બિરાજત નિશદિન ચરન કમલ ચિત લઈયે ॥
શ્રી વલ્લભ પદ કમલ કૃપાતે ઈનકે દાસ કહૈયે ॥૩॥

અનુવાદ :

મનથી સદા શ્રી ગોકુલમાં વાસ કરીયે. ગોવિંદઘાટ પર છોંકરની છૈયામાં આપશ્રી વલ્લભના બેઠકજી બિરાજે છે ત્યાં દર્શન કરીએ. શ્રી યમુનાજીના સુભગ પુલિન પર વસેલ શ્રી વૃન્દાવન તથા ગિરિગોવર્ધન જઈએ.

જે ઘરે સેવા-ગુણગાન થાય છે ત્યાં તન-મન-પ્રાણથી ન્યોછાવર થઈએ. જ્યાં નિત્ય શ્રી વિઠ્ઠલ (વલ્લભકુલ) બિરાજે છે, ત્યાં વસી આપના ચરણ કમલનું ચિત્તમાં ધ્યાન કરીએ અને શ્રી વલ્લભ પદકમલની કૃપાથી આપના દાસ થઈને રહીએ.

રાગ : બિહાગ - તાલ : ત્રિતાલ

ગુરુ બિન એસી કોન કરે ॥
માલા તિલક મનોહર બાનો લે શિરછત્ર ધરે ॥૧॥
ભવસાગર તે ડુબત રાખે દીપક હાથ ધરે ॥
"સુરશ્યામ" ગુરુ એસૌ સમરથ છીનમે લે ઉદ્ધરે ॥૨॥

અનુવાદ :

જે ગુરુએ જે જીવને બ્રહ્મસસંબંધ આપી માલા અને તિલક સૌભાગ્ય રુપ દાન કર્યા છે, તે જ તેના શરીરનું આભુષણ અને રક્ષણ કર્તા છે. અને એજ ગુરુ સંસાર રૂપી ભવસાગરમાંથી ડુબતા બચાવીને જ્ઞાનરૂપી રોશની તરફ લઈ જાય છે. માટે કહે છે કે એવો સમર્થ ગુરુ જે એક ક્ષણમાં બધુ પાર પાડી દે છે તે ગુરુ તે જીવનો ઉદ્ધાર કરે છે.

રાગ : બિહાગ

દ્રઢ ઈન ચરણન કેરો ભરોસો ॥
શ્રી વલ્લભ નખ ચંદ્ર છટાબીન સબ જુગમાં જ અંધેરો ॥૧ ॥
સાધન ઔર નહી યા કલીમે જાસો હોય નિવેરો ॥
"સુર" કહાં કહે દ્વવિધ આંધરોબીના મોલકો ચેરો ॥૨॥

અનુવાદ :

આ પદમાં સૂરદાસજી કહે છે કે એક શ્રીવલ્લભના જ ચરણારવિંદમાં મારો દ્રઢ આશરો છે. શ્રીમહાપ્રભુજીના નખચંદ્રના પ્રકાશ વગર આખા જગતમાં અંધારૂ છે અને તે ચરણારવિંદના આશ્રય વગર બીજું કોઈ સાધન આ કલીકાલમાં નથી કે જેનાથી કોઈપણ રીતે નિવેરો થઈ શકે. સુરદાસજી કહે છે હું તો બન્ને આંખે અંધ છું બસ એક શ્રી ચરણારવિંદમાં વિના મોલનોદાસ થઈને રહું એવી વિનંતી કરે છે.

૬. આધિદૈવિક અમૂલ્ય ઔષધ

યમુનાષ્ટકના ગહન વિષયમાં મારા જેવા શું સમજે ?
કંઈક સમજે તો શ્રી વલ્લભકુલના સુત સહુ સમજે.

હું તો મારા મનને હરિના નામથી આનંદ આપું છું,
ભક્તો સાથે સાંધું છું, યમુનાજીને પ્રભુથી બાંધું છું.

આવું ભાગ્ય કહો ક્યાંથી જે આપ કૃતિને નિહાળો !
ગ્રન્થનુંયે ભાગ્ય, આપની અમીદ્રષ્ટિ એના પર ઢાળો.

પણ હા, જરા સાચવજો, પરીક્ષામાં નાપાસ ન થઈ જાઉં,
તમારા જ્ઞાન-સાગરમાં યમુનાકૃપાથી હું ડૂબી ન જાઉં.

સંસાર-સર્પથી ડસેલા માટે બતાવું છું ઔષધ,
અનેક ભવ-રોગથી પીડાતાને માટે બતાવું હું ઔષધ.

આંધળાને આંખડી, પાંગળાને લાકડી, નોધારાનો આધાર જે,
ગૂઢમાં ગૂઢ એક જ સાધન, જગમાં જમુનાજીનું નામ જે.

બહુ તીર્થ ધામોમાં ફર્યો, પણ અંતરમાં શાંતિ ન આવી,
વૃદ્ધ થયો ત્યાં સુધી ફાંફાં માર્યા, પણ મળી ન ચાવી.

આની ચાવી આપ છો જ, માડી ! હૃદયનું તાળું ખોલી નાખજો,
જા પર વલ્લભ કૃપા કરે, પ્રભુ ! તા પર રીઝે રહેજો.

(શ્રીયમુનાષ્ટક - રસાનંદ)

પ્રીતિ કાહુસો મતિ કરો, બિના શ્રી વલ્લભ એક,
બાહ્ય ગ્રહે છાંડે નહીં, વાંકી એસી ટેક
ચિદ્રુપ દ્રોહી પ્રગટિયો, તેસે મિલે સહાય,
તાકોમુખ ભંજન કીયો, શ્રી ગોકુલેશ મહારાજ.

૭. (૧) શ્રી ઠાકોરજીના સન્મુખ બોલવાનું

ચરણ કમળ, હૃદય કમળ, નયન કમળ, હસ્ત કમળ, જીભ કમળ, સર્વે કમળને
ધારણ કરવાવાળા શ્રી સ્વામીનીજી સહિત મારા હૃદય કમળમાં બીરાજો.
મારા વ્હાલા દયાળું છો, કૃપાળુ છો, અંતર્યામી છો, દયાના સાગર છો,
તમારી ભક્તિ આપજો. તમારા ચરણ કમલમાં રાખજો.
શ્રી મહાપ્રભુજીએ સોંપેલો આ જીવ છે. પાપી છે, અપરાધી છે, દોષોથી ભરેલો છે.
તમારા ચરણોમાં રાખી મારા અપરાધ ક્ષમા કરજો.
શ્રી ગિરિરાજની પરિક્રમા કરવા બોલાવજો, વ્રજની પરિક્રમા કરવા બોલાવજો
શ્રી યમુના પાન કરાવજો. ક્ષમા કરજો, દયા કરજો, કૃપા કરજો.

૭.(૨) સવારના ઉઠતી વખતે તથા રાતના સૂતી વખતે બોલવાનું :

પ્રભુ તમો છો દિન દયાળ દયા મારી પર લાવો રે
દર્શન દઈ જીવનપ્રાણ તાપ સમાવો રે,
છો અબળાના આધાર ગોવર્ધનધારી રે,
સુનો કરૂણાસિંધુ કૃપાલ વિનંતી હમારી,
છું ચરણકમલની દાસી મને ન કરો અળગી રે,
હું અબળા દીનાનાથ ચરણે વળગી રે

પ્રસાદ જેવી વસ્તુ સોદાની હરગીજ થઈ શકે નહીં. તેમ કરવાથી તેમાંથી પ્રસાદીપણાનો ભાવ નાબુદ થાય છે અને તે વસ્તુ ખોરાકની એક સામાન્ય વસ્તુ બની જાય છે. પ્રસાદની કિંમત નાણાથી થઈ શકે નહીં, તેની કિંમત નાણાથી સાંકળી લેવી એટલે તેને લૌકિક વસ્તુ બનાવી દેવી. આવી દુ:ષિત પ્રથાને નભાવી ન જ લેવાય.

(ગો.વા. મોહનલાલ વિ. ગાંધી કૃત "પુષ્ટિ પ્રવેશ" માંથી સાભાર)

૮. કોઈ કોઈનું નથી

કોઈ કોઈનું નથી રે, કોઈ કોઈનું નથી રે
તમે નકામા સીદ મરો છો મથી મથી રે... કોઈ

મનથી માનેલા કે આ બધાં મારાં
ચેતી જા જીવડા નહિ મારા કે તારા
સ્વાર્થ વિના પ્રીત કોઈ કરતું નથી રે... કોઈ

આ મારો દીકરો ને આ મારો બાપ છે.
આ મારી ઘરવાળી ને આ મારી માત છે.
મુવાની સંગાથે કોઈ જતું નથી રે... કોઈ

જગમાં જનેતાએ જન્મ દીધો
પાળી પોષીને એણે મોટો રે કીધો
પરણ્યા પછી માતા સામુ જોતો નથી... કોઈ

કંઈક ગયાને કંઈક જવાના
અમર નથી કોઈ અહીંયા રહેવાના
ગયા તેના સમાચાર નથી રે... કોઈ

કાયમ કોઈ નથી અહીંયા રહેવાના
માટે જીવલડા તું ફેરો સુધારને
માનવ દેહ, મળ્યો હરિને સંભાળને
સાચો સંગાથી શ્યામ વિના નથી રે... કોઈ

૭. (૧) શ્રી

ચરણ કમળ, હૃ

ધારણ ક

મા

. અંતિમ યાચના

તાં પ્રભુ કોઈની લાજ જતાં નથી જાણી રે

ારા પ્રાણ, યમુનાજી એવું માગુ રે,

ો જનમ તારો સાથે,

યમુનાજી એવું માગું રે - સેવા

તારૂં મુખડું મનોહર હું જોયા કરૂં,

રાત દહાડો હું ગુણ તારા ગાયા કરૂં,

યમુનાજી એવું માગું રે - સેવા

મારી આશા નિરાશા કરશો નહિ,

મારા અવગુણ હૈયામાં ધરશો નહિ,

શ્વાસે શ્વાસે રટું તારૂં નામ,

યમુનાજી એવું માગું રે - સેવા

મારા પાપને તાપ સમાવી દેજો,

તારા દાસને તારો બનાવી લેજે,

દેજો આવીને દર્શન દાન

યમુનાજી એવું માગું રે - સેવા



માલા તિલકના રક્ષણહાર



પ્રાકટ્ય :- સં. ૧૬૦૮ માગશર સુદ-૭ નિત્યલીલા : સં. ૧૬૯૭ મહાવદ-૯

શ્રી ગોકુલ નાથજી

શ્રીગોકુલેશ કે ચરણ બીનું, ઔર નહીં મત ઘ્યાન,
શ્રી ગોકુલેશ કે ઘ્યાનકો, નાગર યહી પ્રમાન



છીતસ્વામીના આયખાનું અંતિમ પદ

વિહરત સાતો રૂપ ધરે.
સદા પ્રગટ શ્રીવલ્લભનંદન,
દ્વિજ કુલ ભક્તિ વરે
શ્રીગિરિધર રાજાધિરાજ,
વ્રજ રાજત ઉદય કરે,
શ્રીગોવિંદ ઈન્દુ જગ કિરનન,
સંચિત સુધા ખરે
શ્રીબાલકૃષ્ણ લોચન વિશાલ,
દેખિ મન્મથ કોટિ ટરે
ગુન લાવન્ય દયા કરૂણાનિધિ,
શ્રી ગોકુલનાથ ભરે
શ્રીરઘુપતિ, જદુપતિ, ઘન સાંવલ
ઘનિ જન સરન પરે
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠલ,
જિહિ ભજ અખિલ તરે...

'જિહિ ભજ અખિલ તરે'ની પંક્તિ સાથેજ છીતસ્વામીની આંખો સદાને માટે બંધ થઈ ગઈ.

Reliable
Art Printery (Ahmedabad) Pvt. Ltd.

01, 3rd Floor, Punit Plaza, B/h, Navgujarat College, Off. Ashram Road, Ahmedabad 380 014 Gujarat
e.: 079 27540243, 27540365, Fax : 079 27541264 e-mail : reliableprintery@yahoo.com

મુકુન્દરતિવર્ધિની - શ્રી યમુનાજી

મુકુન્દરતિવર્ધિની - શ્રી યમુનાજી



કમલ લિયે કર કમલમેં, માલા લીની સંગ,
ચલિ ગિરિવરધર ધરનકોં, મોહિત કોટિ અનંગ.

સૌજન્ય

Prudent
Corporate Advisory Services Ltd.

701, Sears ... Ahmedabad-6,
Ph ... 079) 26463623